શ્રી 'ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ
છાપ્યું. ઠે ખાડીઆ-અમદાવાદ

આર્થિક સહાય.

ગ્રંથમાળાના "ભાવના શુદ્ધિ" ના અનુવાદ પછીથી સં. ૧૯૭૭ અષાડ વદ ૦)) સુધીમાં નીચે મુજબની આર્થિક સહાય ગ્રંથમાળાના ઓટ ફંડ ખાતે આભાર સહિત સ્વીકારવામાં આવી છે.

૫૦૦)	ઝવેરી મણીલાલ ધનજીભાઈ, મુંબાઈ	તા. ૧૭—૮—૨૧
૧૦)	દેસાઈ હરીભાઈ બાપુભાઈ, નડિયાદ	૧૧—૨—૨૧
૧૦)	ડાહ્યાભાઈ લલ્લુભાઈ મોદી, અમદાવાદ	૧૫—૨—૨૧
૧૦)	મનમોહનદાસ બહેરામજી, અહમદનગર	૨—૪—૨૧
૬।।	મોતીભાઈ છગનલાલ, વસો	૧—૧૧—૨૦
૬)	પટેલ સોમાભાઈ ઘેલાભાઈ, કાશીપુરા	૯—૩—૨૧
	જયંતિલાલ નગીનદાસ	૧૫—૪—૨૧
૫)	ઠાકોરલાલ રમણીકલાલ ભટ્ટ, અરુણ	૨૮—૮—૨૧
૫)	કેશવલાલ ...લાલ, ઓલિમ્પિયા	૫—૭—૨૧
૨।।	... દેસાઈ, ખાખરેચી	૩—૧—૨૧
૩)	મણીલાલ ચુનીલાલ, પુના	૭—૧—૨૧
૨)	કેશવલાલ ... , ...	૧૩—૧—૨૧
૨)	ડી સી ... , સુરત	૧૭—૧—૨૧
૮)	... , સુરત	૩—૨—૨૧
૨)	પી. ... , ...	૧૧—૫—૨૧
૧।।	મે... તરફથી, ...	૮—૨—૨૧
૧।।	... , અમદાવાદ	૨૩—૧૧—૨૦
૧)	... વર્મા, ...	૧૮—૧૧—૨૦
૧)	મે... તરફથી ...	૮—૧—૨૧
૧)	મે... તરફથી, ...	૧૪—૩—૨૧
૧)	મે... તરફથી, ...	૧૫—૩—૨૧
૧)	... , ...	૩—૩—૨૧
૧)=।।	...	૧—૧—૨૧

રૂ. ૫૭૮)=।।

અનુક્રમણિકા.

હિન્દી લેખમાળા-ભાગ દૂસરા.

નિવેદન

આ પુસ્તકની શરૂઆતમાં આવેલા પૂર્વ અને પશ્ચિમ અ
મથાળાવાળા લેખનું ભાષાન્તર શ્રીયુત્ વજેશંકર કાનજી પટણી
કરેલું છે; અને બાકીના સર્વ લેખો શ્રીયુત્ રત્નસિંહ દીપસિંહ પર
મારે અનુવાદિત કરેલા છે. આ સંસ્થા તરફનાં કેટલાંક પુસ્તકોના
સંબંધમાં બને છે તેમ આ પુસ્તકને માટે પણ તેમાં અનેક સ્થ
આવી ગએલી બિનજરૂરી સંસ્કૃતમયતા, અસ્પષ્ટ વા કથા સંબ
જવાથી વાક્યરચના, ધાર્મિક શબ્દોની ભૂલો, વગેરેની સુધારણું
યથાશક્ય કરી લઇ તેની ભાષાને સંસ્કારી છતાં સરલ અને સ્પ
બનાવવા પાછળ સમય અને શ્રમનો છુટથી વ્યય કરવો પડ્યો છે
આમ છતાં અનુભવી સજ્જનોને એમાં કોઇ વિશેષ ફેરફાર કરવા
જેવું લાગે તો તેઓ તે કરી મોકલી પુનરાવૃત્તિ પ્રસંગે તેનો સદુપયોગ
કરવા સગવડ આપશે એવી વિજ્ઞપ્તિ છે.

આગળ જણાવ્યું તેમ વિવિધ ગ્રંથમાળાના અગીયારમા વર્ષનું
(સં. ૧૯૭૭ નું) આ છેલ્લું પુસ્તક હોવાથી રિવાજ પ્રમાણે તે
સં. ૧૯૭૮ નું લવાજમ આકારીને વી. પી. થીજ સર્વને મગૈ
જેમણે ગ્રાહક રહેવાની ના લખી હશે તેમને તે સાદા બુક
પોસ્ટથી મળશે.

સં ૧૯૭૮ ના વર્ષનું પહેલું પુસ્તક "સ્વામી વિવેકાનંદ
ભાગ ૯ મો" પણ તૈયાર થઇ ચુક્યું હોવાથી આ વી. પી. ન
ભેગુંજ ગ્રાહકોને મળી જશે.

૧૯૭૭ ના વર્ષ માટે એક સજ્જન તરફથી મળી આવેલ
મુખ્ય આર્થિક સહાયને લીધે લવાજમમાં કોઇપણ વધારો ન કરત
તે વર્ષના વી. પી. ખર્ચ રૂ. રાા અને ૨ કાગજ ભરવા પડવાનું
(૧૯૭૧ ના પુસ્તક) "ભાગના સદાઓ" માં જણાવ્યું

પરંતુ તે વી. પી. મોકલવામાં આવે તે અગાઉ સરકારે પુસ્તકોનું ટપાલ ખર્ચ અને મનીઓર્ડર ખર્ચ બેવડું કરી દેવાથી એ વી. પી. બદલ રૂ. ૩)= અને પાકાં પુંઠાં બદલ રૂ. ૪)= ગ્રાહકોને ભરવા પડયા હતા. આ વિષેનો ખુલાસો તે વી. પી. ના બંડલ ઉપરજ છપાવી મોકલાવ્યો હતો.

કાગળ, છપાઇ વગેરેની મોંઘવારી ચાલુ રહેવાથી હજી પણ લવાજમમાં રૂ. ૧) વધારવાની જરૂર છે; પરંતુ એકી વખતે તેટલો વધારો કરવાનું અઘરૂં માનીને આવતા ૧૯૭૮ ના વર્ષ માટે આઠ આનાજ વધાર્યા છે. આથી સાદા પુંઠાંના ગ્રાહકોને આ વી. પી. બદલ રૂ. ૩॥ અને પાકાં પુંઠાંના ગ્રાહકોને રૂ. ૪॥ તથા મનીઓર્ડર ફીના બન્ને આના વધુ ભરવાના રહેશે. બાકીની ખોટ પુરાવાનો આધાર હંમેશની પેઠે કરકસર તેમજ બહારથી અનાયાસે મળી આવતી મદદ વગેરે ઉપરજ રહે છે.

જણાવતાં આનંદ થાય છે કે લવાજમની બાબતમાં ઉપલો નિર્ણય કરવાના અરસામાંજ   મુમ્બાઈ નિવાસી શ્રીયુત્ મણીલાલ છગનલાલ બક્ષી તરફથી રૂ. પચીસોની રકમ યોગ્ય લાગે તે પ્રકારે વાપરવાની સુચના સાથે મળવાથી તે ધન્યવાદ સાથે સ્વીકારી ગ્રંથમાળાના ખોટ ફંડ ખાતે જમા કરવામાં આવી છે.

સં. ૧૯૭૮ માટે ઠરાવેલા ઉપલા લવાજમથી આ પુસ્તક વી. પી. થી મોકલવા વિષેની સુચના પોસ્ટકાર્ડથી ૧૯૭૭ ના ભાદ-પદ માસમાં પ્રત્યેક ગ્રાહક ઉપર મોકલીને જેમને ગ્રાહકમાંથી નિકળી જવું હોય તેમને તેમ કરવાની તક સવેળા આપ્યા પછીજ આ વી.પી. દીવાળી પછી ગ્રાહકોને મળશે. આમ છતાં જે ગ્રાહકો તેને પાછું વાળશે, તેઓ રિવાજ પ્રમાણે આ પુસ્તક-કે જેના પૈસા ૧૯૭૭ ના લવાજમ ભેગા ભરાઇ ચુકયા છે-તે ગુમાવશે.

ગ્રાહક તરિકે ચાલુ રહેવાની ઇચ્છા છતાં કોઇ અનિવાર્ય કે આકસ્મિક કારણથી અથવા ગફલતથીજ જેમનું વી. પી. પાછું ફર્યું હશે, તેઓ તે મુજબ લખી જણાવીને રદ ગએલા ટપાલ ખર્ચ વગેરે બદલ દશ આના તેમજ ૧૯૭૮ ના વર્ષનું ઉપર જણાવેલું લવાજમ મોકલાવી આપશે તો તેમને આ (૧૯૭૭ નું છેલ્લું) પુસ્તક પણ ખુશીથી મોકલી અપાશે.

નવા વર્ષમાં ગ્રાહક નહિ રહેવું હોય તેમને પણ સંતોષકારક ખુલાસો લખવાથી આ પુસ્તક અપવાદ દાખલ મળી શકશે; પરંતુ તેમણે તેવા ખુલાસાની સાથે રદ ગએલા પોસ્ટેજ તથા નવા લાગનારા રજીસ્ટ્રી ખર્ચ બદલ બાર આનાની રકમ મોકલી આપવી જોઇએ. આવી બાબતમાં ફરીથી વી. પી. મોકલવાનું લખવુ એ નકામું છે, તેમજ રસ્તામા ગુમ થવાના સંભવને લીધે ટપાલની ટીકીટો મોકલવી તે પણ ઠીક છે મનીઓર્ડર અથવા મેઞુસદ્વારાજ આવી બાબતમાં પૈસા મોકલવાનું રાખવુ જોઇએ.

અમદાવાદ, સંવત ૧૯૭૭
ભાદ્રપદ પૂર્ણિમા. } ભિક્ષુ-અખંડાનંદ.





स्वामी विवेकानंद

एमना सदुपदेश

भाग ८ मो.

પૂર્વ અને પશ્ચિમ.

પૃથ્વીના જે વિશાળ પ્રદેશમાં વિશાળ મોટી નદીઓ ભરપૂર વેગથી ઉછળતી વહી રહી છે, તેના તટપર સ્વર્ગના નન્દનવનને શરમાવતાં મનોહર ઉદ્યાનો આવી રહ્યાં છે. આ ઉદ્યાનો વચ્ચે સર્વોત્કૃષ્ટ કારીગીરીથી વિભૂષિત થયેલા આરસના ગગનચુમ્બી સુંદર મહેલો ઊભા રહેલા હોય તેના આગે પડખાંઓમાં, તેમજ પાછળી બાજુએ પડી ગએલી ભીંતોવાળાં અને તૂટેલાં છાપરાવાળાં ઝુંપડાંઓના નાના નાના સમૂહો જોવામાં આવે છે; સર્વત્ર દુર્બળ શરીરવાળાં નાની મોટી ઉમરનાં મનુષ્યો ચીંથરેહાલ દશામાં ભમતાં અને રમતાં જણાય છે; તેઓના મુખપર સૈકાઓજૂની નિરાશા અને ગરીબીની ઊંડી છાપ પડેલી છે; તેઓનું પહેરવેશ-ગામો, નગરો,

ઓએ તેઓને પગતળે કચરીને જીવનહીન કરી નાખેલ છે. ગુલામોની પેઠે તેઓ મજુરીનો અને દુઃખનો બોજો મૂગે મ્હોડે સહ્યા કરે છે. કોઈ પણ પ્રકારનો કાર્યોત્સાહ તેમનામાં રહ્યો નથી. આશાહીન, ભૂત–ભવિષ્યનાં ભાનહીન, ગમે તેવી સ્થિતિમાં પણ પોતાના કંગાલ જીવનને જેમ તેમ કરીને ટકાવી રાખવું એજ તેઓનું લક્ષ રહ્યું છે! બીજાઓની સંપત્તિ તરફ ગુલામોના જેવી અદેખાઈ, આશા, શ્રદ્ધા, વિશ્વાસનો અભાવ, શૃગાલસમ લુચ્ચાઈ, નીચ યુક્તિઓ અને દગાબાજી; એજ તેમનાં આત્મસંરક્ષણનાં આયુધ છે! સ્વાર્થીપણાની મૂર્તિરૂપ તેઓ એક તરફ બળવાનના પગની ધૂળ ચાટે છે અને બીજી તરફ પોતાના કરતાં નબળાંપર પ્રાણઘાતક પ્રહારો કરે છે! નબળાં અને ભવિષ્ય માટે આશા રહિત ચિતોમાં સ્વાભાવિક રીતે પેસી જતા અસંખ્ય કઢંગા રાક્ષસી વહેમોથી તેઓ ભરેલા છે! ચારિત્ર્યના આધારરૂપ કોઇ પણ પ્રકારનું નીતિનું ધોરણ તેઓ જાણતા નથી. આવાં કોહી ગયેલાં દુર્ગંધ મારતાં શબ ઉપર ખદબદતા અસંખ્ય કીડાઓ જેવાં લાગતાં ત્રીશ કરોડ મનુષ્યો હિન્દ ભૂમિપર ખીચોખીચ ભરેલાં જોવામાં આવે છે. અંગ્રેજ અમલદારોની દૃષ્ટિએ આપણું આવુંજ ચિત્ર દેખાય છે.

ઉત્તરોત્તર વધતી જતી સત્તાના નિશાથી ઉન્મત્ત બનેલા, હિતાહિતના વિવેક રહિત, હિંસક પશુસમ ઝનુની, સ્ત્રીજિત, કામોન્મત્ત, મદ્યમાં ડૂબેલા, શીલ શુદ્ધિ કે પવિત્રતાના લેશ પણ ખ્યાલ વિનાના, આચારની સ્વચ્છતા નહિ જાણનારા, જેમના સુધારાનો પાયો માત્ર જડ પ્રકૃતિ અને તેની વિવિધ યોજનાઓ ઉપરજ રચાયેલો છે એવા, કેવળ જડ સૃષ્ટિનેજ માનનારા, છળ બળ અને દગાથી પારકા દેશો અને પરધનનાં અપહરણદ્વારા માત્ર પોતાનીજ વૃદ્ધિ કરવામાં લાગેલા, પરલોકમાં વિશ્વાસહીન, દેહનેજ આત્મા ગણનારા, જેમનું

સમગ્ર જીવન માત્ર ઇન્દ્રિયો અને શારીરિક વિષયભોગોમાં સમાઈ જાય છે એવા, આ પશ્ચિમના લોકો પણ—અમેરિકને હિન્દવાસીની દૃષ્ટિએ સાક્ષાત્ અસુર જેવાજ લાગે છે

આવી વિરૂદ્ધ દૃષ્ટિ બન્ને પક્ષના લોકોની હોવાનું કારણ તેમની સૂક્ષ્મ નિરીક્ષણની ખામી, ઉપરછલી માહીતિ તથા અજ્ઞાનજ છે. યૂરોપીઅનો હિન્દમાં આવી આપણાં શહેરોના તદ્દન સ્વચ્છ નિરોગી વિભાગોમાં, બાદશાહી મકાનોમાં વસે છે અને પછી આપણા દેશી લોકોને રહેવાના સ્થાનોને પોતાના સ્વદેશનાં સ્વચ્છ સુંદર બાંધણીવાળાં શહેરોની તુલનામાં મૂકે છે! તેઓ માત્ર પોતાના હાથ નીચે નોકરી કરનાર વર્ગનાજ પરિચયમાં આવે છે વળી આ પણ ખરૂંજ છે કે, હિન્દ સમાન દુઃખ અને દારિદ્ર બીજે કોઈ સ્થળે જોવામાં આવતાં નથી. હિન્દમાં કચરો અને ગંદકી સ્થળે સ્થળે પડેલાં હોય છે એ પણ નિર્વિવાદ છે યૂરોપીય ચિત્તને આવી મલિનતા, આવી ગુલામી, આવી અધોગતિમાં કંઇ પણ શુભ તત્ત્વ હોઈ શકે એ કલ્પનામાં ઉતરી શકતું નથી.

બીજી તરફ આપણે જોઈએ છીએ કે યૂરોપીઅનો ભક્ષ્યાભક્ષ્ય જે આવે તે ખાય છે આપણા જેવો હાથપગ ધોવાનો કે શૌચ ગયા પછી પાણી લેવાનો આચાર તેમજ આભડછેટનો વિચાર કે જાતિભેદ તેઓ રાખતા નથી એક બીજાની સ્ત્રીઓની સાથે છૂટથી હરે ફરે છે મદ્યપાન કરીને પરસ્ત્રીઓની બગલોમાં હાથ નાખીને બેશરમ નાચે છે આ જોઇ આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ અને આપણા મનમાં પ્રશ્ન ઉભવે છે કે "આવી પ્રજામાં તે શું સારૂં હોઈ શકે ?"

આ બન્ને વિરોધી દૃષ્ટિઓ કેવળ બાહ્ય દેખાવપરથી જ ઉપજેલી છે. આન્તરતત્ત્વોનું નિરીક્ષણ તેમાં નથી. આપણે વિરોધ

લોકોને આપણા સમાજમાં ભળવા દેતા નથી અને તેમને મ્લેચ્છ કહીએ છીએ. તેઓ પણ તેજ પ્રમાણે આપણને નેટીવ અને ગુલામ ગણી ધિક્કારે છે અને નિગર (niggor કાળાલોક) એવું ઉપનામ આપે છે.

આ બન્ને દષ્ટિમાં કંઇક સત્યાંશ તો અવશ્ય હોવો જોઇએ; પરન્તુ એ તો સ્પષ્ટજ છે કે બેમાંથી એક પણ પક્ષે સામાપક્ષનું અંદરનું સત્ય સ્વરૂપ જોયું નથી.

પ્રત્યેક મનુષ્યમાં જેમ એક અન્તર્ગત ભાવના હોય છે અને તેનું બાહ્યસ્વરૂપ તો માત્ર એ ભાવનાના બાહ્ય સ્ફુરણરૂપજ—એ આંતર ભાવનાને વ્યક્ત કરનાર સાધનરૂપજ હોય છે; તેજ પ્રમાણે પ્રત્યેક જાતિને પણ પોતપોતાની જાતીય ભાવના હોય છે. આ ભાવનાજ જગતમાં સર્વ કામ કરે છે અને તેના સંરક્ષણ માટે તે જરૂરની પણ છે. જે ક્ષણે અમુક ભાવના વિશ્વના સંરક્ષણમાં જરૂરીઆત ધરાવતી બંધ પડે છે તેજ ક્ષણે તે ભાવનાને ધારણ કરનારી વ્યક્તિ કે જાતિ નાશ પામે છે.

આપણે હિન્દવાસીઓ આટલાં સૈકાથી આટલાં કષ્ટ, આટલી ગરીબી અને અંદરના તથા બહારના અનેકવિધ જુલમ છતાં આપણી હયાતી જાળવી રહ્યા છીએ; તેનું કારણ એજ છે કે આપણામાં એક એવી જાતીયભાવના રહેલી છે કે જે દુનીઆના સંરક્ષણમાં હજી જરૂરની છે. યૂરોપીઅનોને પણ તેમની પોતાની જાતીયભાવના છે અને તેના વગર દુનીઆ નિભી શકે તેમ નથી. આ કારણથીજ જગતમાં જાતિયભાવના બહુજ પ્રબળ મનાય છે. કોઇપણ મનુષ્ય જો પોતાનું સર્વ બળ ગુમાવી બેસે તો પછી તે એક ક્ષણભર પણ જીવી શકે ! પ્રત્યેક જાતિ પણ તેના પેટામાં આવેલી અનેક માનવવ્યક્તિઓના એકત્ર સમુદાયરૂપજ છે. જો કોઇપણ જાતિમાં

બળ કે ક્રિયાશક્તિ ન રહ્યાં હોય તો શું તે હયાત રહી શકે ? હજાર વર્ષ પર્યન્ત આટલાં બધાં સંકટો અને તોફાનોમાં રગદોળાવા છતાં હિંદુજાતિ હજુ નષ્ટ નથી થઈ તેનું શું કારણ ? જો આપણી રૂઢીઓ અને રીતરિવાજો એટલા બધા ખરાબ છે તો પછી આ પૃથ્વીની સપાટીપરથી આપણું નામ નિશાન અદ્યાપિ લુપ્ત કેમ નથી થઈ ગયું ? શું જુદા જુદા વિદેશીય વિજેતાઓએ આપણને કચરી નાખવાના પ્રયત્નમાં કંઈ બાકી રાખ્યું છે ? તો પછી બીજા સંસ્કૃતિહીન દેશોના લોકો પ્રમાણે હિંદુઓનો પણ સમૂળ ઉચ્છેદ કેમ ન થઈ ગયો ? હિંદુ જાતિનો નાશ થઈ હિંદ ઉજ્જડ—વેરાન કેમ ન બની ગયો ? જો એમ બન્યું હોત તો તો તત્કાલજ વિદેશી ધાડાંઓએ હિંદમાં ઉતરી આવી અચલ નિવાસ કર્યો હોત અને અમેરિકા, ઓસ્ટ્રેલીઆ તથા આફ્રિકા પ્રમાણે તેઓ હિંદની રસાળ જમીનને વિના વિલંબે ખેડવા મંડી પડ્યા હોત ! આ હે વિદેશીય જનો ! તમે પોતાને જે સર્વ કરતાં સમર્થ ધારો છો તે વ્યર્થ કલ્પનામાત્ર છે. પ્રથમથીજ સમજી રાખો કે હિંદમાં પણ બળ છે, તે પણ પોતાનું વાસ્તવ અસ્તિત્વ ધરાવે છે. વળી એ પણ સમજો કે હિંદ હજુ સજીવ છે, કારણ કે વિશ્વની સંસ્કૃતિના સામાન્ય ભંડારમાં હિંદને હજુ પોતા તરફથી ફાળો આપવાનો છે.

આપણા કેટલાએક દેશબંધુઓ જેઓ આચરણ તેમજ વિચાર તથા ભાવનાની શૈલીમાં યૂરોપીઅનરૂપજ બની ગયા છે અને નિરંતર અશ્રુ સારતા, રુદન કરતા કરગર્યા કરે છે કે; "અમે અધોગતિમાં પડ્યા છીએ, પશુની પંક્તિમાં આવી ગયા છીએ, હે યૂરોપીઅન લોકો ! તમે અમારા ઉદ્ધારક છો, અમારાપર દયા લાવો અને આ અધમ સ્થિતિમાંથી અમારો ઉદ્ધાર કરો." તેઓએ પણ આ વાત બરાબર લક્ષમાં લેવી જોઈએ; તેમજ ખ્રિસ્તી પંથના પ્રશંસકો,

તમારે પણ આ સમજવું જોઈએ. તને (To Deums આદિ) ખ્રિસ્તી પ્રાર્થનાઓનું ગાન કરતા 'હિંદમાં ઇસસ પધાર્યો છે' એવા પોકારો કર્યા કરો છો અને બાઇબલના દિવ્ય આદેશ પ્રમાણે જગતનો સમય પૂર્ણ થઈ ગયો હૈયો છે; પરંતુ હે ભાઈ! અહીં તો નથી આવ્યો ઇસસ કે નથી આવ્યો જેહોવા (Jehovah)! તેમ તેઓ આવવાના પણ નથી. તેઓ તો પોતાનાજ ઘર તથા આમિસુર્નુંજ (ખ્રિસ્તી કહેવાતા રૈગાર્નુંજ) રક્ષણ કરવામાં રોકાઈ ગયા છે. તેઓને અહીં અમારા દેશમાં આવવાનો અવકાશજ નથી. અહીં તો તેજ પુરાતન શિવ પ્રથમ પ્રમાણે આસનસ્થિત છે; રક્તપ્રિય માતા કાલી તેજ ઠાઠમાઠથી વિધિપૂર્વક પૂજાય છે; વનવાસી મનુષ્યમૂર્તિ ગોપાલ શ્રીકૃષ્ણ બંસી બજાવી રહ્યો છે. એક વખત હિંદમાંથી એ વૃષભવાહન પુરાતન શિવ, એક તરફ સુમાત્રા, બોર્નિઓ, સેલિબિસ, ઑસ્ટ્રેલીઆ અને ઠેઠ અમેરિકાના કિનારા સુધી પોતાનું ડમરૂ બજાવતો ફર્યા કરતો અને બીજી તરફ તિબેટ, ચીન, જાપાન અને ઠેઠ સૈબીરિઆ સુધી પોતાના મદમસ્ત નંદીને ચરાવતો! હજી પણ એ ચરાવ્યા કરે છે. માતા કાલીય ચીન, જાપાનમાં હજુ પણ પૂજાયા કરે છે. ખ્રિસ્તીઓ કુમારી મેરીનેરૂપે ઇસસ ક્રાઈસ્ટની માતા તરીકે તેનેજ પૂજે છે. હિમાલય તરફ દૃષ્ટિ કરો. તેની ઉત્તરે પુરાતન શિવનું મુખ્ય નિવાસ સ્થાન કૈલાસ છે. એ સ્થાનને દશ મસ્તકવાળો, વીસ હાથવાળો ભગવાન્ રાવણ પણ ચળાવી શક્યો ન હતો; તો પછી ખ્રિસ્તી ધર્મ ફેલાવનારા પાદરીઓ માટે તો એ પ્રયત્ન કેવો હાસ્યજનક છે? અહીં હિંદમાંજ એજ પુરાતન ડમરૂ બજાવનાર શિવ, એજ પ્રાણીબલિદાનથી પૂજાતી માતા કાલી અને એજ બંસી બજાવતો કમનીય શ્રી કૃષ્ણ એ સદૈવ રહેવાનાં! તેઓ હિમાલય જેવા અચળ છે. ખ્રિસ્તી કે બીજા કોઈપણ ધર્મ

તેઓને ધર્મ એટલે છે. અહીં ધર્મ શબ્દ મિમાંસકોના અર્થમાં વપરાએલો છે અને એ અર્થમાં ધર્મ શું છે? તે ધર્મ એ છે કે જે મનુષ્યને આલોકના અથવા પરલોકના સુખો મેળવવા માટે પ્રેરે છે, તે ધર્મનો પાયો કર્મ ઉપર અને તેનાં ફળ ભોગોમાં તેમજ પરલોકમાં ભોગવવાની લાલચ ઉપર સ્થિત છે અને લાલચ—ને વશીભૂત થઈને તમને વિષયસુખ માટે કર્મો કરવા પ્રેર્યા કરે છે.

હવે મુક્તિ શું છે? મુક્તિ એ છે કે જે મનુષ્યને એવું શીખવે છે કે—આ લોક તેમજ પરલોકનું સુખ કેવળ પરતંત્ર ગુલામગીરીરૂપ છે. કારણ કે આલોક અથવા તો પરલોક, પ્રકૃતિના નિયમોથી પર નથી. આલોક અને પરલોકના પરતંત્રતા વચ્ચે ભેદ માત્ર લોઢાની અને સોનાની બેડી જેટલોજ છે. વળી સુખ, પછી તે આલોકનું હો કે પરલોકનું, પરન્તુ પ્રકૃતિના નિયમોને આધીન હોવાથી નાશવંત છે, નિત્ય નથી. માટે એ પરાધીન અને નાશવંત વસ્તુસ્થિતિઓથી અને તેને લગતી લાલસાઓથી મુક્ત થઇ, એ સર્વથી પર એવી જે સત્-ચિત્-આનંદમયી અનુપમ, અમાપ, અટલ મોક્ષ દશા તેનોજ મનુષ્યને અભિલાષ હોવો જોઇએ અને તે સિદ્ધ કરવા માટે પ્રકૃતિ તથા શરીરરૂપ બંધનોથી તેનું છુટા થવું જોઇએ. આ મોક્ષમાર્ગનો આદર્શ કેવળ હિંદમાંજ છે, અન્યત્ર નથી. તેથીજ વારંવાર એમ કહેવામાં આવે છે કે હિંદ મુક્ત આત્માઓની લીલા ભૂમિ છે અને એ સત્ય પણ છે; પરન્તુ તેજ પ્રમાણે એ પણ સત્ય છે કે, ભવિષ્યમાં અન્ય દેશોમાં પણ મુક્ત આત્માઓ થશે. આ પણ પૃથ્વી થવા જેવું છે. એક વખત એવા દનો કે જ્યારે હિંદમાં મુક્તિ સાથે ધર્મના પણ ઉપાસના હતી. વ્યાસ, શુક અને જનક જેવા મુક્તિપરાયણ પુરૂષો સાથે યુધિષ્ઠિર, અર્જુન, દુર્યોધન, ભીષ્મ અને કર્ણ જેવા ધર્મના ઉપાસકો પણ હતા; પરંતુ બૌદ્ધ પંથનો

પ્રમાણ થતા ધર્મને તદ્દન વિસારી મૂકવામાં યા ગૌણ બનાવી દેવામાં આવ્યો અને કેવળ મોક્ષમાર્ગજ સર્વોપરિ બન્યો; તેથીજ અગ્નિ-પુરાણમાં રૂપકમય ભાષામાં એવું લખેલું જોવામાં આવે છે કે, દૈત્ય ગયાસુરે–અર્થાત્ બુદ્ધે સર્વને મોક્ષમાર્ગનો ઉપદેશ કરી તે દ્વારા સૃષ્ટિનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો અને એટલા માટે દેવોએ એકત્ર થઈ વિચાર કરી એક યુક્તિવડે તેને સદાને માટે શાન્ત બનાવી દીધો. તાત્પર્ય એ છે કે, સર્વત્ર ચચાઇ રહેલી આપણા દેશની અધોગતિ આ ધર્મનો તદ્દન લોપ થવાને લીધેજ થએલી છે. જો આખી પ્રજા મોક્ષમાર્ગને અનુસરે તો તે બહુજ ઠીક છે, પણ શું એ બની શકે એવું છે? ભોગ વિના તેની નશ્વરતા અને દુઃખરૂપતાનું ખરૂં ભાન અને ત્યાગ કદી આવી શકતાજ નથી. પ્રથમ ભોગને ભોગવી શકશો તે પછીજ તમે તેને તજી શકશો. એમ ન કરતાં જો આખી પ્રજા એકદમ સન્યાસ ગ્રહણ કરે તો તે પોતાના ઇષ્ટ મોક્ષને તો નજ મેળવી શકે, પરન્તુ તેને માટે પ્રાપ્ત ભોગોને પણ ગુમાવી બેસે, હાથમનું પણ ઉડી જાય અને જાળામાં રહેલું પણ પકડી શકાય નહિ. ચોએ છબ્બે બનતેક બે તો ઉલટે દુબ્બે બનીને આવે, એવુંજ થાય! જે સમયે બૌદ્ધ મત, અહીં પૂર જોસમાં સર્વો-પરિ સત્તા ભોગવતો રહ્યો હતો અને ઉપર જણાવ્યા જેવી ત્યાગની યોગ્યતા વિનાજ મોટા મોટા મઠો અને ગુફાઓમાં લાખો બૌદ્ધ ત્યાગીઓ નિવાસ કરી રહ્યા હતા, તેજ સમયે આ દેશની દુર્દશાનો આરંભ થઈ ચુક્યો હતો. બૌદ્ધ લોકો, ખ્રિસ્તીઓ, મુસલમાનો અને જૈનો પ્રમાણે સર્વ માટે એકજ માર્ગ અને એકજ નિયમ ફરમાવે છે તે મોટામાં મોટી ભૂલ છે. રિવાજો, રીતરિવાજો, કાયદાઓ અને નિયમો એ સર્વ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તેમજ જાતિઓને માટે તેમની ભિન્ન ભિન્ન પ્રકૃતિ અનુસાર ભિન્ન ભિન્ન પ્રકારનાંજ હોવાં

જોઇએ.' એ સર્વને પરાણે સમાન બનાવવાનો પ્રયત્ન કરવાથી પરાભવજ ફળ આવે છે. બાદો કહેવા લાગ્યા કે જીવનમાં મોક્ષ એજ પરમ પુરૂષાર્થ છે. ગમે તે કોઇપણ આવો, સર્વ આવો અને મોક્ષ મેળવો. હું પુછું કે શું એ કદી શક્ય છે? હિંદુ શાસ્ત્રો તો એમજ કહે છે કે; 'તમે તમારા ગુણકર્મ સ્વભાવથી જેવી યોગ્યતા ધરાવો છો–જે આશ્રમમાં છો તે આશ્રમના ધર્મ સિવાય બીજી બાજુને તરફ તમારે બહુ લક્ષ આપવાની જરૂર નથી. તને તમારા સ્વધર્મ આચરો' અને એજ બરાબર છે. જે એક પગલું પણ કુદી શકે તેમ નથી તેવા બાળકને એક છલંગે આખો સમુદ્ર ઉલ્લંઘી સંકામાં પહોંચી જવું હોય તો એ શું બુદ્ધિયુક્ત વાત છે? તમે તમારા પોતાના કુટુંબને પણ પોષી શકતા નથી; બે માણસને અન્ન પણ આપી શકતા નથી; દીન દુઃખીને જોઇને હૃદય દ્રવતું નથી; બીજાઓ સાથે મળીને સામાન્ય હિતનું એકાદ સાધારણ કામ પણ કરી શકતા નથી; જરા જરા લોભ લાલચને ખાતર જુઠ પ્રપંચમાં ફસી પડો છો અને છતાં તમે મુક્તિ પાછળ દોડો છો! હિંદુશાસ્ત્ર કહે છે કે; 'બેશક મોક્ષ એ ધર્મ કરતાં ઘણોજ ઉન્નત છે, પરન્તુ પ્રથમ ધર્મને સંપૂર્ણ સિદ્ધ કરવો જોઇએ.' બૌદ્ધ લોકો આ વાત સ્પષ્ટ જોઇ શક્યા નહિ અને તેથી સર્વ પ્રકારની આપત્તિઓ આવી ઉભી. અહિંસા એ ઉત્તમ છે અને નિતિક્ષા એ મહાન્ વસ્તુ છે. આ ખરેખર ભવ્ય સિદ્ધાન્તો છે, પરન્તુ શાસ્ત્રો કહે છે કે; 'તમે ગૃહસ્થ છો, જો તમને કોઇ પામર મનુષ્ય તમાચો મારે અને તમે તેને મુંગે મ્હોડે સહી લ્યો તો તમે અવશ્ય પાપભાગી બનો.' મનુ કહે છે કે; "જો કોઇ મનુષ્ય તમને મારી નાખવા આવ્યો હોય તો તે બ્રાહ્મણ હોય તોપણ તેનો વધ કરવામાં પાપ નથી." (મનુ. અ. ૮. શ્લો. ૩૫૦) આ બરાબર છે અને ન ભૂલવા જેવું છે.

નિષ્ક્રિય રહી શકે ! તેમ ન થાય ત્યાંસુધી તો તેને પોતાનાં શુભા-શુભ કર્મોના પરિપાકાનુસાર સુખ-દુઃખ ભોગવવાંજ પડવાનાં અને તે અનિવાર્ય ભાવથી કાર્ય કરવા માટે પ્રેરાવાનોજ. આમ એ સંચિત શક્તિ ખલાસ ન થઈ હોય ત્યાંસુધી ભોગ અને કર્મ ત્યજી શકાતાં નથીજ, તો પછી ખરાબ કર્મ કરવા કરતાં સારાં કર્મ કરવાં, દુઃખ ભોગવવા કરતાં સુખ માણવાં એ શું વધારે સારું નથી ? મહાત્મા શ્રી રામપ્રસાદ કહેતા કે 'સારું અને ખરાબ બે વાત છે, તેમાંથી સારું કરવું તે સારું છે.'

પરન્તુ તે સારું તે શું ? મોક્ષાર્થી માટે અમુક સારું છે તો ધર્મની શરૂઆતવાળા માટે કંઈ બીજુંજ સારું છે. આ મહાન્ સવાલ છે એને સ્પષ્ટ સમજાવવા સારુ ગીતાના દિવ્ય પ્રકાશને વિશ્વમાં પ્રકટ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણે ગીતામાં કેટલો જબરો પ્રયત્ન કરેલો છે અને આ મહાયત્ન ઉપરજ હિંદુ ધર્મની વર્ણાશ્રમ વ્યવસ્થા તથા સ્વધર્મ સિદ્ધાન્તનો પાયો છે.

अद्वेष्टा सर्वभूतानाम् मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी॥

(ભ. ગી. અ. ૧૨ શ્લો. ૧૩)

'જે સર્વ પ્રાણી તરફ દ્વેષ વિનાનો, મિત્રભાવવાળો અને કરુણાવાળો છે જે મમતા રહિત, અહંકાર રહિત, સુખ-દુઃખમાં સમતાવાળો અને ક્ષમાશીલ છે, ઇત્યાદિ ભગવદ્ વાક્યો કેવો મધુરતાવાળો બોધ પ્રકટે છે. અને—

"क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप॥

(ભ. ગી. અ. ૨ શ્લો. ૩)

'હે પૃથાના પુત્ર, નમાલો ન થા, તને એ ઘટતું નથી. હે દુશ્મનોને તપાવનાર ! હૃદયની આ ક્ષુદ્ર દુર્બલતાનો ત્યાગ કરી ઉભો થા.'

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

(भ. गी. अ. ११ श्लो. ३३)

'માટે તું ઉઠ, યશ મેળવ, શત્રુઓને જીતી સમૃદ્ધિયુક્ત રાજ્ય ભોગવ. આ લોકો તો અગાઉથીજ મારાથી હણાયેલા છે. હે સવ્યસાચિન્ (અર્જુન !) તું માત્ર નિમિત્તરૂપ થા'-ઇત્યાદિ ગીતા વચનોદ્વારા પ્રભુ ધર્મનો માર્ગ બતાવે છે. અલબત કર્મ હમેશાં ગુણ તેમજ દોષથી યુક્તજ હોય છે અને તેથી કોઇપણ ક્રિયા કરવામાં થોડે કે ઘણે અંશે દોષભાગી તો બનવુંજ પડે છે; પણ તેથી શું ! એમ થવું અનિવાર્યજ છે તો પછી જેમાં દોષ કરતાં ગુણ વધારે હોય એવું કામ ભલે થતું. કંઇ ન હોય તે કરતાં કંઇંક પણ હોય તે શું વધારે સારૂં નથી ? બિલકુલ અન્ન ન મળે તે કરતાં થોડું પણ મળે તે શું વધારે ઇષ્ટ નથી ? કંઇપણ ક્રિયા ન કરતાં આળસુ નિષ્ક્રિય જીવન ગાળવું અને પથ્થર પ્રમાણે પડ્યું રહેવું તે કરતાં, ગુણ દોષથી મિશ્ર હોવા છતાં પણ કામ કરવું એ શું વધારે ઉચિત નથી ! ગાય કદી અસત્ય બોલતી નથી અને પથ્થર કદી ચોરી કરતો નથી; છતાં ગાય તે ગાયજ અને પથ્થર તે પથ્થરજ રહે છે. મનુષ્ય ચોરી કરે છે, મનુષ્ય અસત્ય બોલે છે અને છતાં મનુષ્યજ સુધરીને ઇશ્વરરૂપ બને છે. સાત્વિક ભાવની વૃદ્ધિ થતાં મનુષ્ય કુદરતી રીતેજ નિષ્ક્રિય બની જાય છે અને સદૈવ શાન્ત ધ્યાનમગ્ન રહે છે. રાજસ્ ભાવની વૃદ્ધિ થતાં તે આળસુપણામાંથી ખરો થઇ જઇને શુભાશુભ કર્મમાં પ્રવૃત્ત થાય છે; અને

તામસ્ ભાવની વૃદ્ધિ થતાં વળી તે નિષ્ક્રિય અને જડ જેવો બની જાય છે હવે કહો કે બાહ્ય દેખાવપરથી કેમ જાણી શકાય કે આપણે સાત્વિક સ્થિતિમાં છીએ કે તામસ સ્થિતિમાં. શું આપણે સુખ-દુઃખથી પર, કર્મ અને પ્રકૃતિથી પણ પર, સાત્વિક શાન્તિમાં નિમગ્ન છીએ ? અથવા શું આપણે અધમતમ તામસ સ્થિતિમાં, ચેતનહીન, પરાધીન, જડ જેવા નિશ્ચેષ્ટ અને શક્તિના અભાવને લીધે ક્રિયાહીન દશામાં પડ્યા છીએ અને આમ ખબર ન પડે તેમ ધીમે ધીમે અંદરથી વધારે ને વધારે સડતા ભ્રષ્ટ થતા જઈએ છીએ ? આ પ્રશ્ન મહત્વનો છે તેનો ઉત્તર આપો તમારા પોતાનાજ મનને પૂછો એટલે સત્ય શું છે તે અવશ્ય જાણવામાં આવશે પરન્તુ એ માટે રાહ જોવાની શી જરૂર છે ? "फलेन परिचीयते" વૃક્ષ તેના ફલ ઉપરથી સહજમાંજ ઓળખાય છે સત્વ ગુણની વૃદ્ધિ સમયે મનુષ્ય નિષ્ક્રિય હોય કે શાન્ત હોય છે, એ તો નિશ્ચય. કિન્તુ એ નિષ્ક્રિયપના મહાન્ શક્તિઓની એકાગ્રતાનું પરિણામ છે. એ શાન્તિ તો પ્રચંડ શક્તિની જનેતા છે. ઉચ્ચ સાત્વિકભાવયુક્ત મહાત્માને આપણી પેઠે હાથપગવતી કામ કરવાનું હોતું નથી. ઇચ્છા માત્રથીજ તેના સર્વ કાર્યો સિદ્ધ થઈ જાય છે તેવોજ પુરૂષ સત્વપ્રધાન બ્રાહ્મણ છે અને સર્વલોક પૂજ્ય છે. શું તેને "મારી પૂજા કરો" એમ પ્રાર્થના કરતાં ઘેર ઘેર રખડવું પડે છે ? સર્વ શક્તિમાન્ જગજ્જનની તેના ભાલ પ્રદેશમાં સ્વહસ્તે સુવર્ણાક્ષરે લખે છે કે; "આ મહાપુરૂષની, આ મારા પુત્રની, તમે સર્વ સેવા કરો" અને વિશ્વ એ શબ્દો વાંચે છે, સહર્ષ માને છે અને અધીન બની નમ્રતાથી તેના ચરણમાં મસ્તક નમાવે છે. તેજ પુરૂષ ખરેખર

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

'સર્વ તરફ વેર રહિત, મૈત્રી અને કરુણા યુક્ત, મમતા તથા અહંકારથી મુક્ત, દુઃખ–સુખમાં સમતાવાળો અને ક્ષમાશીલ ' છે.

હવે નિઃસત્ત્વ પુરુષત્વહીન લોકોમાં જોવામાં આવતાં તત્ત્વો તરફ દૃષ્ટિ કરો. તેઓ ગુંગળે અવાજે અક્ષરે અક્ષર ચાવી ચાવીને બોલે છે; સ્વર આઠ દિવસથી ભૂખે મરતા માણસના જેવો ક્ષીણ હોય છે; દેખાવ રખડના ચીંથરે હાલ દારૂડીઆ જેવો લાગે છે અને ભલે તે માણસ જાન મારે તોપણ તેઓ લેશ પણ તપતા નથી કે એક શબ્દ પણ ઉચ્ચારતા નથી! આ અધમ તામસનાં લક્ષણ છે–મૃત્યુનાં ચિહ્ન છે; સત્ત્વનાં નહિ. એ કેવળ બિગાડ અને સડો જ છે. અર્જુન આવા લોકોની પંક્તિમાં આવી પડવાની તૈયારીમાં હતો; તેથી જ પ્રભુએ ગીતામાં આટલા બધા પ્રયત્નપૂર્વક વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરેલી છે. શું એ વાતની ના કહી શકાય એમ છે? પ્રભુના મુખમાંથી ઉદ્ભવેલા આરંભના જ શબ્દો તરફ લક્ષ આપો. "क्लैब्यं मास्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते" 'હે પાર્થ નમાલો ન થા, એ તને ઘટતું નથી અને વળી આગળ "तस्मात्त्वमुत्तिष्ठ यशोलभस्व" 'માટે, તું ઊભો થા, યશ મેળવ.' જૈન બૌદ્ધ વગેરેની જાળમાં આવીને આપણે પણ એ તામસ લોકોની પંક્તિમાં આવી ગયા છીએ. એક હજાર વર્ષોથી આખો દેશ પ્રભુના નામ-ધ્વનિથી આકાશને પૂરી દે છે અને પ્રભુ પ્રાર્થના કર્યા કરે છે; છતાં પ્રભુ તો તે સાંભળતો જ નથી! શા માટે સાંભળે? મૂર્ખના પોકારોને એક સાધારણ માણસ પણ સાંભળતો નથી તો પછી કેવી રીતે ધારો છો કે ઈશ્વર તે સાંભળે? આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો હવે એક જ માર્ગ છે કે, ગીતામાં કહેલાં ભગવદ્ વાક્યો ધ્યાનમાં લેવાં કે: "क्लैब्यं मास्म गमः पार्थ" 'હે પાર્થ નમાલો ન થા.' "तस्मात्त्वमुत्तिष्ठ यशोलभस्व" 'માટે, તું ઊભો થા, યશ મેળવ.'

હવે આપણે આપણો 'પૂર્વ' અને પશ્ચિમ નો મૂળ વિષય ચાલુ કરીએ પ્રથમ તો આ એક વિચિત્ર વિપરીત ક્રમ જુઓ યૂરોપીઅનોનો પ્રભુ જીસસ ક્રાઇસ્ટ એવો ઉપદેશ આપે છે કે "કોઈ પણ તરફ દુશ્મન ભાવ ન રાખો, તમને શાપ આપનારને આશીર્વાદ આપો તમારા જમણા ગાલપર કોઇ તમાચો મારે તો ડાબો ગાલ પણ તેના તરફ ધરો કામ માત્ર બંધ કરો અને પરલોક માટે તૈયાર થાઓ જગતનો અંત નજીકજ છે" અને આપણા પ્રભુ ગીતામા કહે છે કે 'નિત્ય અતિ ઉત્સાહપૂર્વક કર્મ કર્યા કરો શત્રુઓનો સંહાર કરો અને વિશ્વને ભોગવો " છતાં અંતે ક્રાઇસ્ટ અને કૃષ્ણની ધારણાથી તદન વિરૂદ્ધજ પરિણામ આવ્યુ છે યૂરોપીઅનોએ જીસસ ક્રાઇસ્ટના શબ્દોને હૃદયમા ઉંડુ સ્થાન આપ્યુજ નહિ. નિત્ય ચપળતામાં રહેલા પ્રચંડ રાજસ્ સ્વભાવયુક્ત તેઓ દેશદેશાન્તરના ભોગસાધ્ય અને ઐશઆરામો મહાન સાહસ તથા યાત્નોચિત આતુરતાથી સંપાદન કરે છે અને મનમાનતી રીતે તેનો ઉપયોગ કરે છે, અને આપણે ગંસડાં પોટલા તૈયાર કરી અહોનિશ મૃત્યુનાજ વિચારો કરતા અને '**નलिनीदलगतजलमति तरलं तद्वज्जी-वनमतिशयचपलं**' અર્થાત્ 'કમળપત્રપર ચંચળ વારી, તે સમ જીવન અસ્થિર ભારી ' એમ ગાતા ગાતા એક ખુણામાં પડયા છીએ ! પરિણામે મૃત્યુના અધિષ્ઠાતા યમના ભયથી આપણું લોહી પણ ઠરી જાય છે અને અંગેઅંગ સ્તબ્ધ થઈ જાય છે, અને યમ પણ જાણે કેમ આપણા જીવનની ક્ષણભંગુરતાના શબ્દોને સત્ય કરી બતાવવા હાજરજ હોય તેમ પ્લેગ આદિ દુનીઆના સર્વ રોગો આપણા દેશમાં દાખલ થયા છે. ગીતાના ઉપદેશને કોણ અનુસરે છે ? યૂરોપીઅનો ! અને જીસસ ક્રાઇસ્ટની ઇચ્છાનુસાર કોણ વર્તે છે ? શ્રી કૃષ્ણના વંશજો ! ! આ બરાબર સમજવુ જોઈએ.

મોક્ષમાર્ગના પ્રથમ દૃષ્ટા અને પ્રથમ ઉપદેશક વેદો છે. બુદ્ધ, ક્રાઇસ્ટ કે એવો કોઈપણ મહાન ઉપદેશકો પાછળથી જે જે ઉપદેશો આપેલાં છે તે સર્વ મૂળ એ વેદમાંથીજ લીધેલા છે; પરન્તુ તે લોકો સંન્યાસી હતા અને તેથી નિર્વૈર તથા સર્વ તરફ મૈત્રી અને લાગણીવાળા હતા, એટલે તેમને માટે તે યોગ્ય અને કલ્યાણકર હતું; પરન્તુ આખા જગતને એ મોક્ષમાર્ગનેજ અનુસરવાની ફરજ પાડવાનો યત્ન શા માટે? ધમકીઓથી કે મારકૂટથી કોઈ પ્રેમ ઉપજાવી શકાતો નથી. ધર્મપાનના અધિકારી બાળકને જેમ તેમ કરીને ચૂરમાનો ભૂકો ઉતારી દેવાથી વધુ થઈ આવીને તેનો નાશજ થાય. પામર અને વિષયી બાળજીવોને માટે મોક્ષનો બોધ એજ પ્રમાણે હાની કરે છે: જે મનુષ્ય મોક્ષને ઇચ્છતો પણ નથી; તેમ મોક્ષ મેળવવાની ધરાવતા પણ ધરાવતો નથી તેને માટે બુદ્ધ અને ક્રાઇસ્ટ શું માર્ગ બતાવે છે? કંઈ પણ નહિ. કાં તો મોક્ષ પ્રાપ્તિ અથવા તો નિશ્ચિત વિનાશ (શા નારકીય અધોગતિ!) એ બેજ માર્ગ લોકો સમક્ષ રજુ કરવામાં આવે છે. મધ્યમ માર્ગ છેજ નહિ. મોક્ષ સિવાય બીજું કંઈ પણ પ્રાપ્ત કરવાની બાબતમાં તમારા હાથ પગ જકડી લેવામાં આવ્યા છે. એવો કોઈ માર્ગજ બતાવવામાં નથી આવ્યો કે, જેથી જેને માટે તમે તલસી રહ્યા હો ને આ જગતના આનંદોનો સેવ પણ ભોક્તા તમે થઈ શકો. એ માર્ગનાં સર્વ દ્વારો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યાં છે: એટલુંજ નહિ, પરન્તુ પગલે પગલે વિઘ્નો ઊભાં કરવામાં આવ્યાં છે: માત્ર વૈદિક ધર્મમાંજ વિવિધ માર્ગો અને સાધનોનો વિચાર કરવામાં આવ્યો છે અને મનુષ્યનાં ચતુર્વિધ પુરૂષાર્થ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવાં માટેનાં નિયમો રચવામાં આવ્યા છે. બુદ્ધે આપણો વિનાશ કર્યો! અને તેજ પ્રમાણે ક્રાઈસ્ટે ગ્રીસ અને રોમનો વિનાશ કર્યો!! પાછળથી કાળાંતરે સદ્ભાગ્યે યુરો-

પીઅર [illegible] (Protestant) થયા [illegible] ત્યારથી નિરૂપિ[illegible] [illegible] સ્વરૂપમાં [illegible]ના ઉપદેશોની ધીંગરી તેઓએ કહાડી નાખી અને [illegible] [illegible] [illegible] હિન્દમાં કુમારિલે કર્મ માર્ગ પુનઃ ચાલુ કર્યો અને શંકર તથા રામાનુજે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ યોગ્ય પ્રમાણમાં [illegible] કરી મંજુર કરી, સનાતન વૈદિક ધર્મને પુનર્જીવન દઈ સ્થાપના કરી આ પ્રમાણે ગયેલા ચેતનને પાછું [illegible] [illegible] [illegible] [illegible] પ્રાણ પાછો આવ્યો પરન્તુ હિન્દમાં જાગૃત થ[illegible] થએલા મનુષ્યો [illegible] [illegible] કરવાના છે અને તેથી સમય આવે છે [illegible] [illegible] પુનરુત્થાન [illegible] એ શું એક [illegible] બની શકે ?

મોક્ષ તથા વૈદિક ધર્મનું અન્તિમ સાધ્ય તો એકજ છે, પરન્તુ મોક્ષ [illegible] [illegible] [illegible] રસ્તા [illegible] નથી. [illegible] મોક્ષ સાધન પદ્ધતિ [illegible] હોત તો [illegible] [illegible] [illegible] અને પાપમાં [illegible] [illegible] [illegible] [illegible] પ્રમાદપૂર્ણ તે સ્વાર્થોના પરિણામ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિવૃત્તિનું ઉત્પન્ન [illegible] [illegible] [illegible] થઈ ?

મારું સાધ્ય એકજ હોવા છતાં યોગ્ય ઉપાયને અભાવે બૌદ્ધોએ હિન્દની અવનતિ કરી છે. [illegible] આ રીતને લીધે કરાય [illegible] [illegible] [illegible] અને તેમાં [illegible] પરન્તુ [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] અને [illegible] [illegible] તે [illegible] છે. જુદી જુદી વ્યક્તિઓ અનુસાર [illegible], [illegible], મનુષ્યની સ્થિતિ અને શક્તિઅનુસાર દરેકે આચરણ કરવાનું. [illegible] તેવા પદ્ધતિ [illegible] [illegible] કે વૈદિક ધર્મના [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેનો [illegible] [illegible] [illegible] [illegible] મનુષ્યની [illegible] [illegible] છું. આ [illegible] [illegible] માટે

સમાધાન કરવા મને અહીં એકજ વચન પૂછવા દો કે: એવી ખુશા-
મતથી મને લાભ શો છે? શું તેઓ મને ધન કે અન્ય ઉપયોગી
વસ્તુઓની સંજ્ઞા પણ સહાય આપે છે! આમાં તેઓ તો, જે હિન્દ
બહારથી ભૂખે મરતા લોકો તથા નિરાધાર બાળકોના પોષણ માટે
ભિક્ષા માગીને મેળવેલા પૈસા પણ મારી પાસેથી પડાવી લેવા માટે
બનતો પ્રયત્ન કરી રહ્યા છે અને તે નહીં મળતાં તો નિંદા અને
ગાલિપ્રદાન કરે છે. મારા બુદ્ધિહીન બંધુઓ! આવા મારા દેશના
લોકો છે. હું તેમને પૂરેપૂરા ઓળખું છું. એટલે ખુશામતદારો તેમની
પાસેથી કંઇ પણ મેળવવાની આશા તો નજ રાખું. હું જાણું છું કે
ગાંડા માણસ સાથે જે જાતનું વર્તન રાખવું જોઇએ તેજ જાતનું વર્તન
તેમની સાથેના વ્યવહારમાં પણ રાખવાનું છે. જો કોઈ ગાંડા માણ-
સને ઔષધ પાવા જાય તેણે બદલામાં અવશ્ય લાતો તથા ગાળો
સહન કરવા તૈયાર રહેવું જોઇએ; પરન્તુ તેજ ખરો મિત્ર છે કે જે
આવા મનુષ્યોને પરાણે ઔષધ ગળે ઉતારે છે અને તેઓનો કટુ-
વ્યવહાર ધૈર્યથી સહી લે છે.

આ જાતિ ધર્મ, આ સ્વધર્મ, એજ સર્વ દેશના સામાજીક
કલ્યાણનો ઉપાય છે, એજ અંતિમ સાધ્ય મુક્તિને ક્રમશઃ પ્રાપ્ત
કરાવનાર સીડી છે. આ જાતિધર્મ, આ સ્વધર્મના હ્રાસની સાથેજ
આપણા દેશનો અધઃપાત થયેલો છે. ઉચ્ચ વર્ણોવાળા અત્યારે
જેને જાતિધર્મ અને સ્વધર્મ સમજે છે તે તો ઉલટો એક નવાજ
અનિષ્ટરૂપ છે. તેનાથી તો આપણું બગડવાનું છે. તેઓ એમ
માને છે કે જાતિધર્મ વિષે તેઓ પોતે બધું જાણે છે; પરન્તુ
વસ્તુતઃ તેઓને તે વિષે કંઈ જ ખબર નથી. પોતાના ગામની કે
ન્યાતની અને તેની રૂઢીઓને તેઓ વેદવિહિત સનાતન આચાર
પદ્ધતિ ગણે છે. સર્વ હક્કો અને છૂટો પોતે જ પચાવી પાડે છે અને

એમ નિશ્ચિત વિનાશ તરફ ધસ્યા જઈ અન્ય વર્ગોને પણ સાથે ખેંચી જાય છે હું અહીં ગુણભેદથી કલ્પાતી જાતિ વિષે નહિ, પરન્તુ જન્મથી નિર્ણીત થતી જાતિ વિષે વાત કરૂં છું ગુણભેદ અનુસાર જાતિ એ જાતિ બંધારણનું આદિસ્વરૂપ છે, એ હું સ્વીકારૂં છું પરન્તુ બે ત્રણ પેઢી થતાં તે ગુણો વંશપરંપરામાં રૂઢ થઈ જાય છે આપણા પ્રજાકીય જીવનના આધારરૂપ આ મૂળ સૂત્ર ભૂલી જવાયો છે નહિ તો આપણે આવી અધમ સ્થિતિમાં શા માટે આવી પડીએ? ગીતામાં વાંચો "सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः" આ ભેગ વર્ણસંકરતા, આ વ્યવસ્થાહીન વર્ણમિશ્રતા ક્યાંથી આવી? ગુણભેદ ક્યાં અસ્ત થઈ ગયો? આપણા પૂર્વજોના શ્વેતવર્ણને બદલે આ કાળો રંગ કેમ બની ગયા? આપણામાં સત્વગુણને સ્થાને રજસમિશ્ર તમોગુણ શા માટે આવ્યો? એ ઘણી લાંબી કથા છે. હું કોઈ બીજા પ્રસંગને માટે તે પ્રશ્નનો ઉત્તર મુલતવી રાખું છું અત્યારે તો એટલું જ સમજવું બસ છે કે જો જાતિધર્મ ખરેખર યોગ્ય રીતે જળવવામાં આવે તો જાતિ કદી પણ અવનતિ ન પામે. જો આ સત્ય છે તો પછી આપણો અધઃપાત શાથી થયો? અલબત્ત આપણો જાતિધર્મ કથળી ગયો છે એટલે જેને તમે જાતિધર્મ કહો છો તે ખરા જાતિધર્મથી જુદી જ વસ્તુ છે પ્રથમ તો તમારાં શાસ્ત્રો આદિથી ઇતિ સુધી વાંચી જાઓ તો તમને જણાશે જેને શાસ્ત્રો જાતિધર્મ કહે છે તે આપણા દેશમાંથી લગભગ સર્વ સ્થળેથી અદૃશ્ય થઈ ગયો છે એ સત્ય જાતિધર્મને પુનરપિ સ્થાપવા પ્રયત્ન કરો તો તે દેશને અવશ્ય પરમ કલ્યાણરૂપ થશે જે હું શીખ્યો અને સમજ્યો છું તે હું તમને સ્પષ્ટ કરી બતાવું છું હું કોઈ દેશમાંથી તમારો ઉદ્ધાર કરવા અહીં આવેલો નથી કે મારે તમારાં મત ઠગવા માટે

(થીઓસોફીની પેઠે) તમારી સર્વ મૂર્ખ કૃતીઓ તરફ પણ સદ્ભાવ બતાવવો જોઇએ અને તમને મીઠાં લાગે તેવાં ફળરૂપે ઉપજાવીને તેમને ઉમદા તરીકે સિદ્ધ કરવી જોઇએ. તેમ કરવામાં આપણા વિદેશીય મિત્રોનું કશું જતું નથી, એટલે તેઓ ખુશીથી તેમ કરી શકે છે. બદલામાં તમે વાહ વાહના પોકાર કરો છો અને તેઓને તાળીઓથી વધાવી લો છો, એટલે તેમની આકાંક્ષા પણ પૂર્ણ થાય છે, કેમકે તેઓની મહત્વાકાંક્ષાની એજ પરાકાષ્ઠા હોય છે; પરન્તુ તમે જાણો છો કે જો તમારા મુખ તરફ કાદવ ફેંકવામાં આવે તો તે મારા મુખપર પણ પડે છે!

મેં અન્યત્ર કહેલું છે કે પ્રત્યેક જાતિને પોતાનો અમુક જાતીય ઉદ્દેશ હોય છે. કુદરતના ક્રમને અનુસરીને અથવા તો મહા-પુરૂષોના અસાધારણ બુદ્ધિપ્રભાવની અસરથી પ્રત્યેક જાતિનાં સામાજીક રીતરિવાજો એ ઉદ્દેશને સિદ્ધ કરવામાં અનુકૂળ થાય એવા રૂપમાં જ બંધાઇ જાય છે. પ્રત્યેક જાતિના જીવનમાં એ ઉદ્દેશ અને તેને સિદ્ધ કરવા માટેની આવશ્યક રીતરિવાજો અને રૂઢીઓ, એ સિવાયના સર્વ વધારાના-અનાવશ્યક રીતરિવાજો વૃદ્ધિ પામે કે અદૃશ્ય થઇ જાય તે બહુ મહત્વની બાબત નથી; પરન્તુ એને લીધે અથવા અન્ય કોઇ કારણસર જાતીય જીવનના પ્રધાન ઉદ્દેશને ધક્કો પહોંચે તો તો તે જાતિને અવશ્ય નુકશાનજ થવાનું અને તે જાતિ નષ્ટ થવાની.

બચપણમાં મનુષ્યોએ એક રાક્ષસની વાર્તા સાંભળી હશે. તે રાક્ષસનો જીવ કોઇ એક નાના પક્ષીમાં રહેતો હતો અને તે પક્ષી મરે નહિ ત્યાં સુધી તે રાક્ષસ કદી મરતોજ નહિ. જાતિનું જીવન પણ તેવુંજ છે. જો કોઇ જાતિ પાસેથી તેના જાતીય ઉદ્દેશ સાથે બહુ સંબંધ ન ધરાવતા હોય એવા હક્કો છીનવી લેવામાં આવે તો

તે માટે તે જાન મનમાં બહુ રોષ લાવતી નથી અરે એવા બધા હકો જાય તોપણ તેને બહુ લાગતું નથી પરન્તુ જે લક્ષ્ય ઉપર તેનુ જીવન અવલબી રહ્યુ હોય તે લક્ષ્યને જો લેશ પણ આઘાત થયો તો તેજ ક્ષણે તે પ્રચંડ બળથી સામો પ્રત્યાઘાત કરવાની.

દષ્ટાન્ત તરીકે ફ્રેન્ચ, અગ્રેજ અને હિન્દુ એ ત્રણ વર્તમાન જાતિઓ લઇએ કે જેનો ઇતિહાસ થોડા વધારે પ્રમાણમા તમે જાણો છો. "રાજકીય સ્વતન્ત્રતા" એ ફ્રેન્ચ ચારિત્ર્યનો આધાર સ્તંભ છે. ફ્રેન્ચ પ્રજા બીજી સવ બાબતો સહન કર. તેઓ ઉપર કરનો ભારે બોજો નાખો, આખી પ્રજાને લશ્કરમા દાખલ થવાની ફરજ પાડો, તેને માટે તેઓ ફરીઆદ કરવાના નહિ પરન્તુ જો તેમની રાજકીય સ્વતંત્રતામાં દખલગીરી કરી તો તેજ ક્ષણે આખી પ્રજા જાણે એક જ વ્યક્તિ હોય તેમ ઉભી થવાની અને ઉન્મત્તવત્ તતો પ્રબલ પ્રતિકાર કરવાની. કોઈ પણ એક વ્યક્તિ અમારા ઉપર એક હથ્થુ અધિકાર ચલાવી શકે એ નહિ બને [illegible] ધનવાન કે ગરીબ, અમીર કુળના કે ઉતરતા વર્ગના, અમે સર્વ અમારા દેશના રાજ્ય વહિવટમાં, અમારા સમાજના સ્વતંત્ર નિયમનમાં સમાન હિસ્સો ધરાવીએ છીએ ફ્રેન્ચ ચારિત્ર્યનો આ મૂળ મુદ્દો છે આ સ્વતંત્રતાની આડે જો કોઇ પણ આવ્યુ તો અવશ્ય તેનાપર આપત્તિઓ તૂટી પડવાની.

અંગ્રેજ ચારિત્ર્યમાં વણિક વૃત્તિ (આપ લેનો દરેક વ્યવહાર નફા નુકશાનના પુરા વિચાર પૂર્વકજ કરવો) વધારે પ્રમાણમાં છે. અંગ્રેજોને મન એ ખાસ આવશ્યક વસ્તુ છે. રાજાનો અધિકાર અને અમીરવર્ગના વિશેષ હકો અંગ્રેજ નમ્રતાથી માન્ય રાખે છે; પરંતુ જો તેને પોતાના ખીસામાંથી પેની પણ આપવાની આવી તો અવશ્ય તે તેનો હિસાબ માગવાનો. તેના ઉપર રાજા છે તો બહુ


હતું; તેથી આજ્ઞા ઉદ્ધતાઈ—તેને માન આપવા તે તૈયાર છે; પણ જો તે રાજાને ધનની જરૂર પડી તો અમીર કહેશે કે, " હા છે; પરન્તુ પહેલાં મને સમજાવો કે એ ધન શા માટે જોઈએ છે ! તેથી શું લાભ થશે ? વળી ધનનો કેવી રીતે વ્યય કરશો એ વિષે પણ મારે અમે ચર્ચા કરી જોઈશું. એ બધું મત જોઈશે હું આપવા માગીએ. " એક વખત રાજાએ પ્રજા પાસેથી જબરદસ્તી પૈસા કઢાવવાનો પ્રયત્ન કર્યો. પરિણામે એ આવ્યું કે ભયંકર બળવો થયો અને પ્રજાએ રાજાનો વધ કર્યો.

હિન્દુઓ કહે છે કે રાજકીય અને સામાજિક સ્વતંત્રતા ઠીક છે; પરન્તુ ખરી વસ્તુ તો આત્માની સ્વતંત્રતા—મુક્તિ છે. એ મુક્તિ આપણા જાતીય જીવનનો ઉદ્દેશ છે. વૈદિક, જૈન, બૌદ્ધ, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત કે દ્વૈત, સર્વ સંપ્રદાયો એ વિષયમાં એકમત છે. એ મુક્તિને સ્પર્શ ન કરો અને બાકી બીજું ગમે તે કરો ત્યાં સુધી હિન્દુઓ તેની દરકાર નથી કરતા; પરન્તુ જો તમે એ વિષયમાં જરા પણ [illegible] તો બસ આવી બન્યું સમજવું ! તેઓનું સર્વસ્વ લૂંટી લો, તેમના ઉપર ભારણ વર્ષાવો, તેમને લાત મારો, 'નિગર' કે એવાં કેટલાં પણ ઉપનામો આપો, કોઈ તેને મનમાં ધરતા નથી. માત્ર એક તેમના ધર્મના દ્વારને અનાદરરહિત, અબાધિત રહેવા દો. જોઈએ છે ! [illegible] સમય પૂર્વે પઠાણ વંશના અનેક સમ્રાટો હિન્દમાં આવ્યા અને ગયા; પરન્તુ હિન્દુધર્મ ઉપરના તેમના [illegible] [illegible]

મોના વિવિધ સ્થાનોના અનુભવોદ્વારા વર્તમાન જૈન તથા
આર્ય ચારિત્ર્ય ઘડાયેલાં છે અને તેજ પ્રમાણે તે મહાદર્શનની
ક્રમપૂર્વક લાંબા સૈકાંઓના પ્રભાવને પરિણામે, હિન્દુઓનું વર્ત-
માન જાતીય ચારિત્ર ઉદ્ભવ પામ્યું છે. હું ધારું છું કે લાંબા સૈકા-
ઓને પરિણામે ઉદ્ભવેલ આપણો જાતીય સ્વભાવ સહજ હોય એ
વ્યાજે સહેલું છે કે પેઢીઓ સૈકાંઓથી ધારણ કરેલ વિશેષ
અનુસરણ છોડી દેવું તે ? અમેરિકા આ માટે તેઓની અધાધારી અને
આગ્રહ ટેવો છૂટી જતા નથી? અને આ માટે હિન્દ, સ્થિર
ઐમીને, ધર્મને પોતાના જીવનનું પરમ લક્ષ્ય જાણતી તેને સિદ્ધ કરવા
પોતાની સર્વ શક્તિઓને એકાગ્ર કરતા નથી?

ખરી વાત એ છે કે સરિતા, પર્વતોમાં રહેલા તેના મૂળ ઉદ્-
ભવસ્થાનથી હજારો કોશ નીચે ઉતરી આવી છે. શું એ પાછી
પોતાના ઉદ્ભવસ્થાને જઈ શકે? જો એ પ્રવાહને પાછો ખેંચી તેના
મૂળ ઉદ્ભવસ્થાન તરફ લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેનું
સર્વ જળ આસપાસ સર્વ દિશાઓમાં પથરાઈ સુકાઈ જવાનું અને
નદી કેવળ નિર્જળ બની જવાની; તથા બીજી કોઈ પણ રસ્તે અને
કોઈ પણ રીતે સૂકાં, સૂનાં મેદાનોમાં જઈને કે પથરાળ ભૂમિમાંથી
મહા મુશ્કેલીએ રસ્તો કરીને પણ વહેશે કે મોડી તે સરિતા અવશ્ય
સમુદ્રપર્યંત જવાની. જો આપણું આ હજારો વર્ષનું જાતીય
જીવન ભૂલરૂપ હોય તો તેનો કોઈ ઉપાય નથી અને જો આપણે
હવે આજે નવા પ્રકારનું ચારિત્ર ધારણ કરવા પ્રયત્ન કરીએ તો
તેનું અનિવાર્ય પરિણામ એજ આવે કે મનોભ્રષ્ટ અને તનોભ્ર-
ષ્ટ બની જઈ આપણો વિનાશ થાય.

માટે આ પણ ખુલ્લું કહેવું જોઈએ કે આપણો જાતીય
આદર્શ ભૂલભરેલો છે એમ ધારવું એ કેવળ અજ્ઞાન અને મૌર્ખ્ય



ભિન્ન વિવિધ સંસ્થાનોના અનુભવોદ્વારા વર્તમાન હિન્દુ ધર્મ
અને આર્ય ચારિત્ર્ય ઘડાયેલાં છે અને તેજ પ્રમાણે તે મહાદેશની
ઉદ્ગ્રીવ જાતીઓ ઠેકાણેઠેકાણે મળતાં પરિણામે, હિન્દુઓનું વર્ત-
માન જાતીય ચારિત્ર્ય ઉત્પન્ન થયું છે. હું પૂછું છું કે આવાં એક-
બેને પરિણામે ઉદ્ભવેલું આપણું જાતીય સ્વભાવ ત્યજી દેવો, એ
વધારે સહેલું છે કે ચિરકાળનાં સૈકાંઓથી ધારણ કરેલ વિશિષ્ટ
અનુભવનું છોડી દેવું એ ! આકાશ આ માટે તેઓની આવરાં અને
સમયમાં ટેવ ભૂલી જતાં નથી ! અને આ માટે જ-ર. વિચાર
બેસીને, ધર્મને પોતાના જીવનનું પરમ લક્ષ્ય ગણીને તેને સિદ્ધ કરવા
પોતાની ગત શક્તિઓને એકઠી કરતા નથી !

ખરી વાત એ છે કે સરિતા, પર્વતોમાં રહેલા તેના મૂળ ઉદ્-
ભવસ્થાનથી હજારો કોસ નીચે ઉતરી આવી છે. શું એ પાછી
પોતાના ઉદ્ભવસ્થાને જઈ શકે ! જો એ પ્રયત્ન પાછી વળી તેજ
મૂળ ઉદ્ભવસ્થાન તરફ જઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે તો, તેનું
સર્વ જળ આસપાસ સર્વ દિશાઓમાં પથરાઈ સૂકાઈ જવાનું અને
નદી કેવળ નિર્જળ બની જવાની. તથા બીજી કોઈ પણ રસ્તે અને
કોઈ પણ રીતે ખુલ્લાં, સુંદર મેદાનોમાં વહને કે ખરાબ ભૂમિમાંથી
મહા મુશ્કેલીએ રસ્તો કરીને પણ વહેશે કે મોડી તે સરિતા અવશ્ય
સમુદ્રમાંજ ભળવાની. જો આપણું આ હજારો વર્ષનું જાતીય
જીવન ભૂલરૂપ હોય તો તેનો કોઈ ઉપાય નથી અને જો આપણે
હવે આજે નવા પ્રકારનું ચારિત્ર્ય ધારણ કરવા પ્રયત્ન કરીએ તો
તેનું અનિવાર્ય પરિણામ એજ આવે કે અનોખટ અને તેથી મ
બની જઈ આપણો વિનાશ થાય.

મારે આ પણ પૂરતું કહેવું જોઈએ કે આપણો જાતીય
આદર્શ ભૂલભરેલો છે એમ ધારવું એ કેવળ અજ્ઞાન અને

સમાજશક્તિની ચાવીજ છે. પ્રથમ તમે અન્ય દેશોમાં જાઓ અને ત્યાંના લોકોની વર્તનપદ્ધતિ અને સ્થિતિનું, બીજાઓની નહિં પરન્તુ તમારી પોતાનીજ નજરોથી કાળજીપૂર્વક અવલોકન કરો અને પછી તેના ઉપર શાન્ત ચિત્તે ઉંડો વિચાર કરો. પછી તમારાં પોતાનાં ધર્મશાસ્ત્રો, તમારું પુરાતન સાહિત્ય વગેરે. આ પછી હિન્દમાં પ્રવાસ કરો. તેના જૂદા જૂદા ભાગોમાં વસતા લોકોનું તથા તેમની વર્તનરીતી અને રહેણીકરણીનું સૌ મૂર્ખાઓની નજરથી નહિં પરન્તુ એક [illegible] ધીર તરીકેની પૂર્ણ જાગ્રત વૃત્તિથી નિરીક્ષણ કરો; એટલે તમે સ્પષ્ટ જોઈ શકશો કે હિન્દુ જાતિ હજુ જીવતી છે. તેના હૃદયમાં જીવનના ધબકારા ચાલુ છે. નિર્જીવ, ક્રિયાહીન અવસ્થાની ભસ્મ નીચે અગ્નિનો જીવનઅગ્નિ હજુ સળગે છે. આ હિન્દુ પ્રજાનું જીવન જેની ઉપર, તેનો આધાર સર્વ ધર્મજ છે. [illegible], [illegible] રીતિઓની આદતો [illegible] સુધી જોય શકું [illegible] છે તેમ ધર્મ [illegible] તમારા સર્વ [illegible]

[illegible] સર્વ દેશોમાં [illegible] છે, [illegible] [illegible] [illegible], [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ઉચિત ફેરફાર કરી શકે છે. તેઓ જે કહે છે તે અમે શાન્તિથી, એકધ્યાન બનીને સાંભળીએ છીએ અને તેઓ આચાર કરે છે તે રીતે જોઈએ. ભેદ માત્ર એટલો જ છે કે અન્ય દેશો પ્રમાણે બહુમતી, મત, ગુપ્તમત અને એવી બીજી આનુષંગિક ખેંચતાણોનો ખાલી આડંબર અને ધાંધલ અમારામાં નથી.

બહુમત મત, ગુપ્તમત વિગેરેની પદ્ધતિથી જે એક જાતની કેળવણી પશ્ચિમના લોકોને મળે છે તે જાતની કેળવણી અમને મળતી નથી; પરન્તુ બીજી બાજુ રાજ્યનીતિને નામે સામાન્ય અને અજ્ઞાન એવા દેશવિદેશના મોટા ભાગના માણસોનું લોહી ચૂસી પુષ્ટ બનનારી ટોળીઓ પણ અહીં નથીજ ! એ રાજપ્રકરણી પુરૂષો જાહેર પ્રસંગોમાં દેદીપ્યમાન વસ્ત્રોમાં વિભૂષિત રંગભૂમિપર પોતાનો કૃત્રિમ પાઠ કળા વકળાસરી વાણીથી ભજવતા જોવામાં આવે છે; પરન્તુ એ ભપકાદાર પડદાની પાછળ રહેલું ત્રાસજનક દરય-હાસ્ય તરીકે ભજવાતી બાદશાહી રમતો, મદમય મર્યાદાહીન મિજબાનીઓ, ધોળા દિવસની લૂંટ, મનુષ્યમાં રહેલા સેતાનનું નૃત્ય વગેરે આવા પ્રસંગોએ થાય છે: તે જો તમે એકવાર પણ નજરે જોયું હોય તો મનુષ્ય વિષે તમે હતાશજ થઈ જવાના ! " દધિ બેચન ઘર ઘર ફિરે, મૌર મય બિકાય; શિવવતી દ્વાર વઅમેં, વેશ્યા સુપર લાહાય." અર્થાત્ જેઓની પાસે ધન છે તેઓ રાજ્યતંત્ર પોતાના હાથમાં રાખે છે, પ્રજાને લૂંટે છે, તેમનો સર્વ રસ કસ ચૂસી લે છે અને તેઓને પારકા દેશોના કિનારાઓ ઉપર યુદ્ધ કરવા અને કપાઈ મરવા મોકલે છે કે જેથી વિજય મેળવીને યુદ્ધ ભૂમિ ઉપર પ્રજાના લોહીવડે ખરીદાયેલા સુવર્ણથી હાર મળે કે કીર્તિ મળે, પણ લાખો ને લાખોના સંખ્યામાં કપાઈ મરવાનુંજ ! આનું નામ રાજનીતિ ! અમો આ. આપ ! ઉપરની ટાપટીપથી ભુલવણીમાં પડો નહિ.

પ્રથમ એજ વિચાર કરો કે [illegible] એ મનુષ્યની કૃતિ છે કે [illegible] મનુષ્ય પોતાની [illegible] ધનને ઉત્પન્ન કરે છે કે ધન મનુષ્યને ઉત્પન્ન કરે છે? મનુષ્યજ નામ અને કીર્તિને ઉત્પન્ન કરે છે કે નામ અને કીર્તિ મનુષ્યને ઉત્પન્ન કરે છે?

મારા મિત્રો, [illegible] પ્રથમ મનુષ્ય બનો. એટલે તમે જોશો કે [illegible]

[illegible]

મનુષ્યોની વિવિધ જાતિઓના વર્તમાન અભ્યાસકો કહે છે કે, વર્ણની વિવિધતા એ રક્તની મિશ્રતાનું, વર્ણસાંકર્યનું પરિણામ છે સ્થાનિક હવાની ઉષ્ણતા કે ઠંડીના મનુષ્યના શારીરિક વર્ણ ઉપર અમુક અંશે અસર કરે છે એ નિઃશંક છે, કિન્તુ તેમાં મુખ્ય કારણ તો વંશપરંપરાગત જ છે દુનીઆના ઠંડામાં ઠંડા પ્રદેશોમાં પણ કૃષ્ણવર્ણ લોકો જોવામાં આવે છે, તેમ ઉષ્ણ પ્રદેશોમાં શ્વેતવર્ણ લોકો પણ રહેતા જણાય છે અમેરિકામાં કેનેડાના મૂળ વતનીઓ તેમજ ઉત્તર ધ્રુવ પ્રદેશના એસ્કીમો (Eskimo) લોકો શ્વેતવર્ણ નથી. જ્યારે ઉષ્ણ કટિબંધમાં વિષુવવૃત્તની નજીક જ રહેલા બોર્નિઓ, સેલિબિસ આદિ ટાપુઓમાં વસતા મૂળ વતનીઓ શ્વેતવર્ણના છે

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે બ્રાહ્મણ ક્ષત્રીય અને વૈશ્ય એ ત્રણે હિન્દુ જાતિઓ, તેમજ હિન્દ બહારની ચીન, હુન, દરદ પહ્‌લ્વ, યવન અને ખશ વિગેરે જાતિઓ એ સર્વ આર્યો છે આપણા શાસ્ત્રોમાં જેને ચીન જાતિ કહે છે તે વર્તમાનમાં ચીન નામથી ઓળખાતા લોકો નહિ આજના ચીન લોકો ન સમયમાં પોતાને ચીના કહેતા નહોતા કાશ્મીરના પશ્ચિમ વિભાગમાં રહેતી ચીન નામની એક ખાસ જુદી જ બળવાન જાતિ હતી દરદ જાતિના લોકો હિન્દ અને અફગનિસ્તાન વચ્ચે આજે જ્યાં દરદી લોકો વસે છે ત્યાં વસતા હતા પુરાતન ચીન જાતિમાંથી શેષ રહેલા કેટલાએક લોકો ઘણી નાની નાની સંખ્યામાં હજુ પણ જોવામાં આવે છે તેમજ દરદસ્થાન પણ અદ્યાપિ વિદ્યમાન છે રાજતરંગિણી નામક કાશ્મીરના ઇતિહાસમાં પ્રબલ દરદ જાતી સત્તાનો વારંવાર ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે પ્રાચીન હુન લોકોએ હિન્દના વાયવ્ય પ્રદેશમાં ઘણા લાંબા સમય સુધી રાજ્યાધિકાર ભોગવ્યો

આધુનિક પાશ્ચાત્ય પંડિતોના મત પ્રમાણે આર્યોના ચહેરાનો વર્ણ લાલિમાયુક્ત ગૌર હતો; તેઓના કેશ કૃષ્ણવર્ણના કે રતાશ પડતા હતા; નાક સીધું તથા નેત્રોની આકૃતિ સુદીર્ઘ સુંદર હતી. જ્યાં જ્યાં ચેહરાનો વર્ણ કાળો જોવામાં આવે છે ત્યાં તે ફેરફાર શુદ્ધ આર્ય લોહી સાથે કાળી જાતિઓના લોહીના મિશ્રણથી થયેલો છે. તેઓ માને છે કે હિમાલયના પશ્ચિમપ્રદેશમાં હજુ પણ શુદ્ધ આર્ય લોહી ધરાવતી થોડીએક જાતિઓ છે. તે વિનાની બાકીની સર્વ તો મિશ્ર જાતિઓજ છે. નહિ તો કૃષ્ણવર્ણ કેમ હોય? પરન્તુ યૂરોપીય પંડિતોએ હવે તો જાણેલું હોવું જોઇએ કે દક્ષિણ ભારતમાં પણ અનેક બાળકોના કેશ જન્મ સમયે રાતા હોય છે, કિન્તુ બેત્રણ વર્ષ જતાં કાળા થઇ જાય છે. તેમજ હિમાલયમાં અનેક સ્થળે રાતા કેશ અને આસમાની કે ભૂરી આંખો જોવામાં આવે છે.

પંડિતો ભલે પરસ્પર લડી મરે, પરન્તુ હિન્દુઓજ પ્રાચીન કાળથી પોતાને આર્ય કહેવરાવતા આવ્યા છે. શુદ્ધ હો કે મિશ્ર પણ હિન્દુઓનુંજ નામ આર્ય છે, એ નિશ્ચય છે. આર્ય હિન્દુઓ કૃષ્ણવર્ણ હોવાથી યૂરોપીઅનોને તેઓ તરફ તિરસ્કાર આવતો હોય તો તેઓ ભલે પોતામાટે આર્ય સિવાય કોઇ અન્ય નામનો વ્યવહાર કરે. તેથી અમને શું!

કિન્તુ કૃષ્ણ હો કે ગૌર હો, પણ દુનીઆની સર્વ જાતિઓમાં હિન્દુઓજ આકૃતમાં સર્વથી સુંદર અને લાવણ્યયુક્ત છે. આ હું મારી પોતાની જાતિની બડાઇ કરૂં છું કે અતિશયોક્તિ કરૂં છું એમ નથી, કિન્તુ આ વાત જગત્ પ્રસિદ્ધ છે. સુંદર નરનારીની સંખ્યાનું પ્રમાણ હિન્દ કરતાં બીજા ક્યા દેશમાં વધારે છે? તે ઉપરાંત એ પણ લક્ષમાં લેવાનું છે કે બીજા દેશના વતનીઓ

પણ પહેરવાજ જોઇએ નહિ તો તેઓ તે ઉચ્ચ સમાજમાંથી નીકળી જાય. વળી આ ફેશનો ઘડીવરી બદલાય છે પ્રતિવર્ષ ચાર ઋતુઓ સાથે ચાર વખત તો તે અવશ્ય ફરવાની અને તે ઉપરાંત પણ પ્રસંગોપાત્ત અનેકવાર તેમાં પરિવર્તન થવાનાં ધનવાન લોકો કુશળ પોશાક બનાવનાર પેઢીઓ પાસે છેલ્લામાં છેલ્લી—નવામાં નવી ફેશન પ્રમાણે પોતાનો પોશાક તૈયાર કરાવે છે મધ્યવર્ગના લોકો દરજીનું કામ કરનાર સ્ત્રીઓદ્વારા તૈયાર કરાવે છે અથવા પોતે જાતે તૈયાર કરે છે જો નવી ફેશન તેના પહેલાંની ફેશનને મળતી હોય તો તો ચાલુ પોશાકોમાં જરા ફેરફાર કરી તેને નવી ફેશનને અનુસરતા બનાવી દેવામાં આવે છે નહિ તો નવા ખરીદવા પડે છે ધનિકો નવી ફેશનના પ્રચારથી નકામા થઈ પડેલા પોતાના પ્રથમના પોશાકો પોતાના આશ્રિતોને અને સેવકોને આપી દે છે તે લોકો તે વેચી નાખે છે ત્યાંથી તે પોશાકો આફ્રિકા, એશિઆ અને ઓસ્ટ્રેલીઆમાં યુરોપીઅનોએ વસાવેલાં સંસ્થાનોમાં જાય છે અને ત્યાં ફરી ઉપયોગમાં આવે છે જેઓ અતીવ ધનવાન હોય છે તેઓના પોશાક તો ખાસ પૅરિસમાંથીજ તૈયાર કરી મગાવવામાં આવે છે તેઓથી કંઇક ઓછા ધનવાન હોય તેઓ તે પૅરિસની બનાવટના નમુનાઓ ઉપરથી પોતાના દેશના પોશાક બનાવનારાઓદ્વારા તે પ્રમાણેના પોશાકો તૈયાર કરાવે છે કિન્તુ સ્ત્રીઓની ટોપીઓ તો ફ્રેંચ બનાવટનીજ હોવી જોઇએ અંગ્રેજ અને જર્મન સ્ત્રીઓનો પોશાક સારો ગણાતો નથી. થોડાંએક ધનિક લોકોને બાદ કરતાં તેઓ પ્રાયશઃ પૅરિસ ફેશનનું અનુકરણ કરતી નથી અને તેથી અન્ય દેશોની સ્ત્રીઓ તેઓની મશ્કરી કરે છે પરન્તુ અંગ્રેજ પુરુષોનો પોશાક ઘણો સારો ગણાય છે અમેરિકામાં સ્ત્રીઓ તેમજ પુરુષો સર્વનો પોશાક ઘણો સારો ગણાય છે અમેરિકન ગવર્નમેંટ પરદેશી

અનિત્ય આવશ્યક છે. જેનાથી ખોરાક તે [illegible] સર્વ અંગોનું
હિત સિદ્ધિ છે. એટલે આપણાં પ્રત્યેક નિત્યકર્મમાં ધાર્મિક
ભાગ તથા સ્નાન ખાસ સ્થાની એકત્ર હોય છે.

હિન્દુ સ્નાન જુઓ. આપણે સ્નાન શા માટે કરીએ છીએ?
આરોગ્ય, મન [illegible]. ત્યારે પશ્ચિમના લોકો માત્ર દેહ
સુખ કરે છે; પરંતુ તે સમજવાને ખાતર હોય છે. આપણે માટે
તેમ તે સ્નાન કરવું એટલે શરીર ઉપર પાણી રેડવું એટલું જ છે.
શરીરમાં મેલ ભરી રહે તેનું કાંઈ નહિ! પણ આપણાં કેટલાએક
હિન્દુસ્તાનીઓ જે એવાં નિયમ કરે છે કે તેને સ્નાન કરી રસોઈ
[illegible] માટે [illegible] આપણે માટે
સ્નાન કરવું એ [illegible]. કોઈ પણ સ્થળે એક કુવાથી [illegible]
[illegible] પશ્ચિમમાં તેમ નથી. [illegible]
[illegible] તેઓને ઉતારવાં પડે છે અને તેવી
[illegible]
[illegible] હોય છે [illegible]
[illegible] નથી [illegible]
[illegible] નથી પરંતુ [illegible]
તેમનું [illegible].

[illegible]
[illegible]
[illegible] છે. [illegible] છે કે, [illegible]
[illegible]
[illegible] છે. [illegible]

એજ માત્ર એમનું સ્નાન ! એક વખત એક માગ અતિ ધના
મિત્રે મને પૅરિસ આવવાનું આમંત્રણ કર્યું. પૅરિસ વર્તમાન સભ્
તાની રાજધાની અને પૃથ્વીપરનું મોજશોખ, ફેશન અને મે
વિલાસોનું સ્વર્ગ તથા કલા અને વિદ્યાનું કેન્દ્ર છે. મારા મિત્રે એ
વિશાલ રાજભુવન જેવી હોટેલમાં મારે માટે બધી સગવડ કરી હ
ભોજન આદિની વ્યવસ્થાનો ઠાઠ બાદશાહી હતો; પરન્તુ સ્ના
માટે ! તેનું તો નામજ નહિ. બે દિવસ તો મે ચૂપચાપ સહન ક
પરન્તુ આ પછી હું તે વધારે વખત સહી શક્યો નહિ અને મ
મારા મિત્રને કહેવું પડ્યું કે; 'ભાઇ, આ તમારા બાદશાહી વૈભ
તમને અને તમારા લોકોને મુબારક હો, મારી સ્થિતિ તો ત્રા
ત્રાહિ જેવી થઇ ગઇ છે. આવી સખ્ત ગરમી અને નહાવાની કંઇ
સગવડ નહિ !' આ સાંભળી મારા મિત્રને ખેદ થયો અને હોટેલ
કાર્યવાહકો તરફ ગુસ્સો ઉપજ્યો અને તેણે મને કહ્યું કે, 'હું તમ
હવે વિશેષ વખત અહીં રહેવા દઇશ નહિ ચાલો આપણે કોઇ બીજ
વધારે સારૂં સ્થળ શોધી કહાડીએ.' અમે મુખ્ય મુખ્ય હોટેલોમાં
બાર હોટેલો જોઇ, પરન્તુ એકેમાં સ્નાન માટે સગવડ ન હતી ! ત
ખાસ જૂદા સ્નાનગૃહો હોય છે ત્યાં જઇ કોઇ પણ મનુષ્ય ચા
પાંચ રૂપીઆ આપી એક વખત સ્નાન કરી શકે છે !! હરિ હરિ
તેજ દિવસે બપોર પછી મે એક વર્તમાનપત્રમાં વાંચ્યું કે, એ
વૃદ્ધ સ્ત્રી નહાવાના ટબમાં દાખલ થઇ અને તત્કાલ ત્યાંજ મરણ
પામી. ડૉક્ટરો ગમે તેમ કહે પણ મને તો એમ લાગે છે કે, તે
શરીરને આટલા બધા પાણીનો સ્પર્શ થવાનો જીવનમાં આ પ્રથમ
પ્રસંગ હશે અને અપરિચિત જલસ્પર્શે શરીર બધારણને અચાન
અસહ્ય આઘાતરૂપ થઇ પડતાં મરણ થયું હશે. આમાં લેશ પણ
અતિશયોક્તિ નથી. વળી રૂશીઅન આદિ લોકો પણ આ વિશ

સમાવેશ થઈ જતો હોય! આપણા દેશમાં સર્વ બાબતોમાં એજ દશા આવી ગઈ છે. જે આપણું હતું તે તો સર્વ નિશ્ચય ચાલ્યુંજ જાય છે; છતાં બીજાઓ પાસેથી આપણે કેવળ બોધવા અને ઉપકા નકલ કરવા સિવાય બીજું શીખ્યાજ નથી! માત્ર વાંચવું અને વાતો કરવી એટલુંજ! આપણા ગોટપીટીયાઓ અને યૂરોપના આમરિક લોકો એ બન્ને એકજ નમુનાના લોકો છે. માત્ર વાતને વાતજ. કેવળ શબ્દોનીજ મારામારી! અમલકારક ભાષણો કરવામાં એ બન્ને જાતિઓ અતિ કુશળ છે; પરન્તુ કંઈ પણ વ્યવહારૂ કાર્ય કરવું હોય તો તેઓ નકામા! સર્વથી વિશેષ તો એ છે કે તેઓ નિરંતર દિનરાત પરસ્પરમાં લડ્યાજ કરે છે અને અંદર અંદર કચક કર્યા કરે છે!*

પશ્ચિમમાં લોકોને પોતાની આસપાસનું સર્વ સ્વચ્છ રાખવાની ટેવ હોય છે. ગરીબમાં ગરીબ માણસ પણ તે તરફ લક્ષ આપે છે. ત્યાં સ્વચ્છતા તરફ એટલું ધ્યાન તો અવશ્ય પરાણે પણ દરેકને આપવુંજ પડે છે; કારણ કે ત્યાં અસ્વચ્છ વસ્ત્રવાળાને કોઈ પોતાની નોકરીમાં રાખતું નથી. દાસ, દાસીઓ, રસોયાઓ વગેરે સર્વે સો દિનરાત બિલકુલ ડાઘ વિનાનાં સ્વચ્છ વસ્ત્રો પહેરે છે. તેઓનાં ઘર હમેશાં ધો., વાળી, ઝાટકી, સ્વચ્છ, સુવ્યવસ્થિત રાખવામાં આવે છે. વસ્તુઓને જ્યાં ત્યાં ગમે તે સ્થિતિમાં ફેંકી ન દેતાં નિયમિત સ્થળોમાં વ્યવસ્થિત રાખવી એ ત્યાંના સુશિક્ષણનું એક મહત્વનું અંગ છે. તેઓનાં રસોડાં સ્વચ્છ, પ્રકાશિત દેખાય છે. શાકભાજીના ફોતરાં વિગેરે કચરો એક જુદાજ વાસણમાં નાખવામાં આવે છે

* ઈશ્વર કૃપાથી ઉત્કટ મહાઘોર યુદ્ધ પછી એ બંને દેશો એ દુર્દશામાંથી ઠીક ઠરવા લાગ્યા છે. બાકી આ લેખ લખાતી વખતે દશા એવીજ હતી. સંપાદક.

હવે પાશ્ચાત્યોની ભોજન તૈયાર કરવાની પદ્ધતિ વિષે વિચાર કરીએ. ભોજન તૈયાર કરવામાં બીજા કોઈપણ દેશ કરતાં આપણા દેશમાં વિશેષ શુદ્ધિ જાળવવામાં આવે છે; પરન્તુ ભોજન પિરસતી વખતે અમેરિકાના ટેબલપર જે સંપૂર્ણ નિર્મળતા, વ્યવસ્થા અને સ્વચ્છતા જોવામાં આવે છે તે આપણામાં નથી. રસોડામાં દાખલ થવા પહેલાં આપણે ત્યાં રાંધનાર પ્રથમ સ્નાન કરે છે અને વસ્ત્રો બદલાવે છે. વાસણો તથા ચુલા વગેરેને નિત્ય માટી, પાણી વગેરેથી માંજી, લીંપી સાફ કરવામાં આવે છે. કદાચ રસોઈ કરનારનો હાથ મુખને, નાકને અથવા શરીરના કોઈપણ ભાગને અજાણતાં અડકી જાય છે તો બીજા કોઈપણ રાંધવાના પદાર્થને સ્પર્શ કરવા પહેલાં તે પોતાનો હાથ ધોઈ નાખે છે. પશ્ચિમમાં રાંધનાર ભાગ્યેજ સ્નાન કરે છે. રાંધતાં રાંધતાં ચમચાવતી ચાખે છે અને તે ચમચાને પાછો તે ભોજ્ય વસ્તુમાં બોળતાં વિચાર કરતો નથી. ખીસામાંથી રૂમાલ કાઢી નાક સાફ કરે છે અને કોઈવાર તેજ હાથે ફરી લોટ મસળે છે. બહારથી રસોડામાં આવતી વખતે હાથ ધોવાનો પણ વિચાર ન કરતાં તે તત્કાળ રાંધવાનું શરૂ કરી દે છે; પરન્તુ તેમ છતાં તેની ટોપી અને વસ્ત્રો તો બરફ જેવાં સ્વચ્છ અને સફેદ હોય છે. પોતાના આખા શરીરના વજનથી લોટ વધારે સારી રીતે કેળવાય તેટલા માટે કોઈવાર તે પગવડે પણ લોટ કચરે છે અને તેમ કરતાં પસીનો તે લોટમાં ભળી જાય તેનો ખ્યાલ ગણવામાં આવતો નથી. (સુભાગ્યે હાલમાં એ કામ માટે વધારે પ્રમાણમાં યંત્રોનો ઉપયોગ થાય છે). અને આ સર્વ અધર્મ્ય મલિનતા પછી જ્યારે રોટલી તૈયાર થાય છે ત્યારે તેને સફેદ, સ્વચ્છ ચીનાઈ વાસણમાં સજ્જ કરી, તે પર દૂધના ફીણ જેવો સફેદ રૂમાલ ઢાંકી, સ્વચ્છ વસ્ત્ર અને સફેદ હાથનાં મોજાં ધારણ કરી ચાકર તે પિરસવા માટે લઈ જાય છે અને ત્યાં

નિમાં સર્વત્ર વ્યક્ત થાય છે. હિન્દુઓ અંદરજ જુએ છે અને પશ્ચિમવાસીઓ બહાર જુએ છે. હિન્દુઓ રત્નને ચીથરાંમાં વીંટી રાખે છે; ત્યારે પાશ્ચાત્ય લોકો માટીનાં ઢેફાં સુવર્ણની સુંદર પેટીઓમાં જાળવી રાખે છે! હિન્દુ પોતાનું શરીર સ્વચ્છ રાખવા માટે રોજ દિવસમાં ત્રણવાર પણ સ્નાન કરે છે, છતાં પોતાનાં વસ્ત્રો ગમે તેટલાં ગંદાં હોય તેની તેને દરકાર નથી! પશ્ચિમવાસી કાળજીપૂર્વક સ્વચ્છ વસ્ત્રો પહેરે છે ત્યારે તેનું ખુદ શરીરજ મલીન હોય છે તે તરફ લક્ષ નથી! હિન્દુ પોતાના ઘરના ઓરડાઓ, દ્વારો, જમીન અને ઘરમાંની સર્વ વસ્તુઓ સ્વચ્છ રાખે છે; પરંતુ આંગણાં બહાર ગંદકી તથા કચરાના ગંજ પડ્યા હોય તેનો તેને વાંધો નથી; ત્યારે પશ્ચિમવાસી ઘરની અંદરની જમીનને ગાલીચાની સુંદર સાદડીઓથી આચ્છાદિત કરવા તરફ બહુ લક્ષ આપે છે અને તે સાદડીઓ નીચે ધૂળ અને કચરો ગમે તેટલાં ખરાબ તોપણ તે બહાર દેખાય નહિ ત્યાંસુધી તેમાં તેને કંઈજ વાંધો નથી! હિન્દુઓ પોતાની ગટરોને રસ્તા ઉપર ખુલ્લી વહેવા દે છે અને તેની દુર્ગંધ કે નુકશાન તરફ બહુ લક્ષ આપતા નથી, ત્યારે પશ્ચિમની ગટરો જમીન નીચે વહે છે અને તેમાં ખુલ્લી હવા તથા તડકાને અભાવે ટાઈફોઈડ (સન્નિપાત જ્વર) વગેરે ચેપી રોગોનાં જંતુઓ ઉત્પન્ન થાય છે તથા પોષાય છે! હિન્દુ અંદર શુદ્ધ કરે છે, પશ્ચિમવાસી બહાર શુદ્ધ કરે છે.

જોઈએ શું? શુદ્ધ શરીર તેમજ શુદ્ધ વસ્ત્ર બન્ને. કોગળા વગેરેથી મુખ સાફ કરવું, દાતણથી દાંત સાફ કરવા તે સર્વ કરવાનું છે, પણ એકાન્તમાંજ કરવા જેવું છે. ઘર અને આંગણું પણ શુદ્ધ રાખવા જોઈએ, તેમ ગટરો, રસ્તાઓ અને આસપાસના સર્વ સ્થળો પણ સ્વચ્છ રાખવાં જોઈએ. રાંધનારે પોતાનું શરીર તેમજ વસ્ત્રો બન્નેને શુદ્ધ રાખવાં જોઈએ. ભોજન લેવાના વાસણો ભિન્ન-

સ્વચ્છ ચાદર બીછાવેલાં ટેબલપર તે મૂકવામાં આવે છે. રખેને પિરસનારની ખુલ્લી આંગળીઓનો ભોજ્ય પદાર્થને સ્પર્શ થઈ જાય એ અપેજ તેમનામાં પીરસનાર મોજાં પહેરે છે.

બીજી બાજુ આપણી પદ્ધતિ તરફ નજર કરો. આપણો બ્રાહ્મણ રસોઈયો પ્રથમ સ્નાનથી શુદ્ધ થયેલો હોય છે અને પછી તેજ સંપૂર્ણ સ્વચ્છ વાસણોમાં રસોઈ તૈયાર કરેલી હોય છે અને તેવી રીતે તૈયાર કરેલું ભોજન માટી અને છાણથી લીંપેલી ખુલ્લી સ્વચ્છ જમીન ઉપર થાળીમાં પિરસવામાં આવે છે, પરંતુ રસોઈયાએ પવિત્રતાના હેતુથી પહેરેલું ધોતીયું મહિનામાં એકવાર પણ ન ધોવાતું હોવાથી અતિશય મેલું હોય છે! જમ્યા પછી પહેરવાનાં કપડાં તે રોજ ધોઈ નાખે, પણ રસોઈ વખતે ને જમતી વખતે પહેરવાનું વસ્ત્ર તો રેશમનું એટલે સદા પવિત્ર! વળી થાળીને બદલે કોઈ કોઈવાર વાપરવામાં આવતું કેળનું પાન કે ખાખરાનું પતરાળું જો ફાટેલું હોય તો તેની અંદરની ભોજ્ય વસ્તુ નીચેની જમીન ઉપર જમે! આ જમીનના લેપ સાથે મળી કોઈ વિચિત્ર પ્રકારનોજ સ્વાદ ઉત્પન્ન કરે! વળી આપણાં ઘણાંક માણસોનાં જમવાથી તો તોબાજ! રોજ જ્યાં પેશાબ થતો હોય, થુંકાતું હોય, છોકરાં ઝાડે ફરવા બેસતાં હોય એવા રસ્તા અને ગલીઓમાં મલીન પગપર જમવા બેસવાનું! આપણે સ્નાન અમે રોજ કરીએ પણ તે માત્ર પાણી ઢોળવાનુંજ અને તે થઈ રહ્યું કે પછી તેલ કે મેલથી ચીકણાં થઈ ગયેલાં ગંદાં વસ્ત્રો પહેરીએ છીએ! બાહ્ય દેખાવપર પશ્ચિમના લોકો સ્નાન ન કરતાં છતાં શરીર ઉપરાંત સંપૂર્ણ સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરે છે! આ સર્વ બરાબર સમજવા જેવું છે, કારણ કે એ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો મુખ્ય ભેદને બતાવનારી બાબત છે. હિન્દુઓની આંતરદૃષ્ટિ અને પાશ્ચાત્યોની બાહ્ય દૃષ્ટિ. તેઓના વેશપેહરાવા રીતરિવાજો અને રૂઢી-

રોગો. સર્વથા અસ્ત થાય છે. હિન્દુઓ અંદરજ જુએ છે અને પશ્ચિમવાસીઓ બહાર જુએ છે. હિન્દુઓ રત્નને ઓશીકામાં વીંટી રાખે છે; ત્યારે પાશ્ચાત્ય લોકો માટીનાં ઢેફાંને સુવર્ણની સુંદર પેટીઓમાં જાળવી રાખે છે! હિન્દુ પોતાનું શરીર સ્વચ્છ રાખવા માટે રોજ દિવસમાં બહુવાર પણ સ્નાન કરે છે, ભલે પોતાનાં વસ્ત્રો ગમે તેટલાં ગંદાં હોય તેની તેને દરકાર નથી! પશ્ચિમવાસી કાળજીપૂર્વક સ્વચ્છ વસ્ત્રો પહેરે છે ત્યારે તેનું ખુદ શરીરજ મલીન હોય છે તે તરફ લક્ષ નથી! હિન્દુ પોતાના ઘરના ઓરડાઓ, દ્વારો, જમીન અને ઘર-માંની સર્વ વસ્તુઓ સ્વચ્છ રાખે છે; પરંતુ આંગણાં બહાર ગંદકી તથા કચરાના ગંજ પડ્યા હોય તેનો તેને વાંધો નથી; ત્યારે પશ્ચિમ-વાસી ઘરની અંદરની જમીનને ગાલીચાની સુંદર સાદડીઓથી આચ્છા-દિત કરવા તરફ બહુ લક્ષ આપે છે અને તે સાદડીઓ નીચે ધૂળ અને કચરો ગમે તેટલાં ભરાય તોપણ તે બહાર દેખાય નહિ ત્યાંસુધી તેમાં તેને કશોજ વાંધો નથી! હિન્દુઓ પોતાની ગટરોને રસ્તા ઉપર ખુલ્લી વહેવા દે છે અને તેની દુર્ગંધ કે નુકશાન તરફ બહુ લક્ષ આપતા નથી; ત્યારે પશ્ચિમની ગટરો જમીન નીચે વહે છે અને તેમાં ખુલ્લી હવા તથા તડકાને અભાવે ટાઇફોઇડ (સન્નિપાત જ્વર) વગેરે ચેપી રોગોના જંતુઓ ઉત્પન્ન થાય છે તથા પોષાય છે! હિન્દુ અંદર શુદ્ધ કરે છે; પશ્ચિમવાસી બહાર શુદ્ધ કરે છે.

યુરોપીઅનો જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં મૂળ વતનીઓનો નાશ કર્યો, તેમની જમીન પચાવી તે ઉપર સુખચેનથી નિવાસ કરે છે અને એવી રીતે બતાવે છે કે આર્ય લોકોએ પણ એ પ્રમાણે જ કર્યું હોવું જોઇએ! પશ્ચિમના લોકો એ પોતાના ઇતિહાસ ઉપર તથા નિજના ઉપર આધાર રાખી પોતાનાં જન્મસ્થાનોમાંથી પ્રયાણ કરે છે. તેમની આખા દુનિયા વર્તમાન મનુષ્ય સાથ આર્યોએ તેમને લૂંટ તથા કતલ કરી પરદેશ ભૂમિઓ ઉપર કબજો મેળવી તેમનાં ઝુંપડાંઓ પૂર્ણોપર કર્યાં ઉત્પન્ન પામે તેમ કહીને કરી પડી છે અને એ ઉપરથી તેઓ કેવું અનુમાન કાઢે છે કે આર્ય લોકોએ પણ એ પ્રમાણે કર્યું હશે. પરન્તુ તેનો પુરાવો ક્યાં છે? આ કલ્પના!! ખરું તમારી એ કલ્પના વિનાની કલ્પનાઓ તમારીજ પાસે રાખો.

ક્યા વેદમાં, ક્યા સૂત્રમાં એવું લખ્યુંલેલું છે કે આર્યો પરદેશમાંથી હિન્દમાં આવેલા છે? ક્યાં એવો એક ઉલ્લેખ છે કે તેઓએ મૂળવતનીઓનો સંહાર કર્યો? આવી અસંબદ્ધ વાતો કરવાથી તમને શો લાભ છે? [illegible] રામાયણનો અભ્યાસ ન કરવા પ્રમાણ [illegible] [illegible] ન પરથી અર્થ કરવા વાતો [illegible] ઉત્પન્ન કરાય છે!

વળી રામાયણ શું છે? દક્ષિણ હિન્દના જંગલી મૂળવતનીઓ ઉપર આર્યોએ કરેલ વિજય. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. પરન્તુ જે કોઇ સાથે યુદ્ધ કર્યું એ [illegible] [illegible] [illegible] સાથે કર્યું રામાયણ વાંચો. એટલે જણાશે કે વાનર રાક્ષસ [illegible] જાણતા નહિ કિન્તુ [illegible] વિશેષ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરેલી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તથા [illegible] દક્ષિણ હિન્દવાસ [illegible] [illegible] [illegible] [illegible]

રામચન્દ્રને [illegible]
ગુફા [illegible]
પરન્તુ આપ [illegible]
પ્રમો [illegible] તેમની
[illegible] અને [illegible]
[illegible] ધ્યાનનો [illegible] તેઓ
લોકોએ તેમના [illegible]
[illegible]
[illegible]
શસ્ત્રાસ્ત્રો ધારણ કરી, [illegible] ઉપર [illegible]
હોય અને જંગલી લોકો લાઠીઓ તથા પથ્થરોવડે તેમ[illegible]
ન શકતાં એ [illegible] અથવા નાસી જાય અને રાજાઓ
પાછા [illegible] ચાલ્યા જાય આ સર્વ કદાચ બન્યું
હોય પરન્તુ તે ઉપરથી એ કેમ સિદ્ધ થાય છે કે એ અસભ્ય
લોકોની ભૂમિ આર્યલોકોએ પડાવી લીધી હતી? રામાયણમાં એવો
ઉલ્લેખ ક્યાં છે?

એક અતિ વિશાલ, ઉષ્ણપ્રધાન, વચ્ચે વચ્ચે વહેતી વિસ્તીર્ણ
પટવાળી વહાણો ચાલી શકે એવી નદીઓથી યુક્ત સપાટ પ્રદેશ,
એ આખ સમ્પ્રદાયરૂપી વસ્ત્રવણાટની સાળ છે, મુખ્યત્વે આર્યજાતિના
અને સુસભ્ય, અર્ધ સભ્ય તથા અસભ્ય, એમ વિવિધ પ્રકારના લોકો
એ તે વસ્ત્રનું રૂ છે; વર્ણાશ્રમાચાર એ તેનો તાણો (ઊભું સૂત્ર)
છે અને ઇંદ્રિય સુખોની આસક્તિ, સ્પર્ધા તથા કલહનું નિવારણ એ
તેનો વાણો (આડું સૂત્ર) છે.

હું તમને યુરોપીઅનોને વિનયપૂર્વક પૂછું છું કે, તમે શું કોઈપણ
દેશને કોઈપણ યુગાન્તરે, ઉચ્ચતર સ્થિતિએ લઇ ગયા છો? જ્યાં જ્યાં

તમે નિર્બળ જાતિઓ જોઈ ત્યાં ત્યાં તમે તેઓનો લગભગ સમૂળ ઉચ્છેદ કરી નાખ્યો છે. તમે તેઓની ભૂમિને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે! તમારો અમેરિકા, તમારા ઑસ્ટ્રેલિયા તથા ન્યુ ઝીલેન્ડ, તમારા પૅસિફિક ટાપુઓ તથા દક્ષિણ આફ્રિકા, એ સર્વનો ઇતિહાસ શું છે! એ મૂળ જાતિઓ આજે ક્યાં છે! તેઓનો સમૂળ ઉચ્છેદ થઈ ગયો છે. જંગલી પશુઓ પ્રમાણે તમે તેઓનો સંપૂર્ણ સંહાર કરી નાખ્યો છે. માત્ર જ્યાં તમારું ચાલ્યું નથી ત્યાંજ અન્ય જાતિઓ હયાત રહી શકી છે.

પરન્તુ હિન્દે કદી તેમ કર્યું નથી. આર્ય લોકો દયાળુ તથા ઉદાર હતા. તેઓના સમુદ્રસમ નિઃસીમ વિશાળ હૃદયોમાં તથા લોકોત્તર પ્રતિભા સંપન્ન બુદ્ધિમાં આ સર્વ ક્ષણભંગુર ઇંદ્રિય સુખોને અને તે મેળવવા માટે વસ્તુતઃ પાશવ એવી પ્રવૃત્તિઓને કદી પણ સ્થાન મળ્યું નથી. હું મારા પોતાના દેશના મૂર્ખ અભ્યાસીઓને પૂછું છું કે, જો આર્યોએ મૂળ વતનીઓનો તેઓની ભૂમિ પર નિવાસ કરવા માટે નાશ કર્યો હોત તો આ વર્ણાશ્રમ વ્યવસ્થા શું અસ્તિત્વમાં આવી હોત!

યૂરોપનો ઉદ્દેશ સર્વનો નાશ કરી પોતેજ રહેવું એ છે, ત્યારે આર્યોનું લક્ષ્ય સર્વને પોતાની સમાન બનાવવા, પોતાથી પણ ઉચ્ચતર સ્થિતિએ પહોંચાડવા એ છે. યૂરોપીય સુધારણા—સભ્યતાનું સાધન તલવાર છે; ત્યારે આર્યોનું સાધન વર્ણાશ્રમ વિભાગ છે. આ વર્ણાશ્રમ વિભાગ એજ સભ્યતાના સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચવા માટેની આર્યોની સીડી છે; કે જે વડે મનુષ્ય પોતાની વિદ્યા તથા સંસ્કૃતિમાં ઉંચે ને ઉંચેજ ચડતો જાય છે. યૂરોપમાં સર્વત્ર બળવાનનો જય હોઈ અબળનું મરણ છે; ત્યારે ભારતવર્ષમાં પ્રત્યેક સામાજિક નિયમ અબળના રક્ષણની તરફેણ કરે છે.

વાસની-ભૂમિકાપર ઉતારી પાડી શકાતો નથી." કારણ કે જ્યાંસુધી પાર્થિવ ઇચ્છાઓ રહે છે ત્યાં સુધી પરમેશ્વરમાં પરમ પ્રેમ ઉત્પન્ન થતો નથી. "ભક્તિ કર્મ કરતાં પણ શ્રેષ્ઠ છે, યોગ કરતાં પણ શ્રેષ્ઠ છે; કારણ કે કર્મ અને યોગ મોક્ષના ઉદ્દેશથી કરવામાં આવે છે, જ્યારે ભક્તિ પોતેજ પોતાનું ફળ, પોતેજ પોતાનું સાધન અને પોતેજ પોતાનું સાધ્ય છે."

ભક્તિ એ આપણા ઋષિઓનો એક સતત વિષય રહ્યો છે. શાંડિલ્ય અને નારદ સમાન ભક્તિના ખાસ લેખકો સિવાય, વ્યાસ સૂત્રોના મહાન ટીકાકારો કે જેઓ દેખીતી રીતે જ્ઞાનના પુરસ્કર્તા છે તેમણે પણ ભક્તિ વિષે બહુ અર્થસૂચક કહ્યું છે. આ ટીકાકારોએ જો કે સર્વ નહિ તો ઘણાં સૂત્રોમાંથી એક પ્રકારના શુષ્કજ્ઞાનનો અર્થ કાઢવાની આતુરતા દર્શાવી છે તો પણ ભક્તિના પ્રકરણમાંનાં સૂત્રોનો એ પ્રકારે સુલભતાથી વિપર્યય કરી શકાયો નથી.

વસ્તુતઃ જ્ઞાન અને ભક્તિ વચ્ચે લોકો કેટલીકવાર ધારે છે તેટલો ભેદ હોતો નથી. જેમ જેમ આગળ ચાલીશું તેમ તેમ આપણે જોઈશું કે જ્ઞાન અને ભક્તિ એ ઉભય અંતમાં એકજ સ્થાને આવે છે. રાજયોગના સંબંધમાં પણ તેમજ છે. મુક્તિ પ્રાપ્ત કરવાના સાધન તરિકે જ્યારે રાજયોગ સાધવામાં આવે છે, અને (દુર્ભાગ્યવશાત્ ઘણીવાર ધુતારાઓ અને ઢોંગીઓ કરે છે તેમ) અસાવધ જનોને ઠગવાના શસ્ત્ર તરિકે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી, ત્યારે તે પણ આપણને તેજ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે.

ભક્તિમાં એક મોટો લાભ એ રહેલો છે કે તે મહાન દિવ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવાનો સરલમાં સરલ અને સ્વાભાવિકમાં સ્વાભાવિક માર્ગ છે. એનો મોટામાં મોટો ગેરલાભ એ છે કે એનાં નિકૃષ્ટ સ્વરૂપો ઘણીવાર પતિત થઇને ભયાનક ધર્મોધિતાનું સ્વરૂપ ધારણ

શાસ્ત્રની બુદ્ધિ પર ઉતારી પાડી શકાતો નથી." કારણકે જ્યાંસુધી પાર્થિવ ઇચ્છાઓ રહે છે ત્યાં સુધી પરમેશ્વરમાં પરમ પ્રેમ ઉત્પન્ન થતો નથી. "ભક્તિ કર્મ કરતાં પણ શ્રેષ્ઠ છે, યોગ કરતાં પણ શ્રેષ્ઠ છે; કારણકે કર્મ અને યોગ મોક્ષના ઉદ્દેશથી કરવામાં આવે છે, જ્યારે ભક્તિ પોતેજ પોતાનું ફળ, પોતેજ પોતાનું સાધન અને પોતેજ પોતાનું સાધ્ય છે."

ભક્તિ એ આપણા ઋષિઓનો એક સતત વિષય રહ્યો છે. શાંડિલ્ય અને નારદ સમાન ભક્તિના ખાસ લેખકો સિવાય, વ્યાસ સૂત્રોના મહાન ટીકાકારો કે જેઓ દેખીતી રીતે જ્ઞાનના પુરસ્કર્તા છે તેમણે પણ ભક્તિ વિષે બહુ અર્થસૂચક કહ્યું છે. આ ટીકાકારોએ જો કે સર્વ નહિ તો ઘણાં સૂત્રોમાંથી એક પ્રકારના શુષ્કજ્ઞાનનો અર્થ કરવાની આતુરતા દર્શાવી છે તો પણ ભક્તિના પ્રકરણમાંના સૂત્રોનો એ પ્રકારે સુલભતાથી વિપર્યય કરી શકાયો નથી.

વસ્તુતઃ જ્ઞાન અને ભક્તિ વચ્ચે લોકો કેટલીકવાર ધારે છે તેટલો ભેદ હોતો નથી. જેમ જેમ આગળ ચાલીશું તેમ તેમ આપણે જોઈશું કે જ્ઞાન અને ભક્તિ એ ઉભય અંતમાં એકજ સ્થાને આવે છે. રાજયોગના સંબંધમાં પણ તેમજ છે. મુક્તિ પ્રાપ્ત કરવાના સાધન તરીકે જ્યારે રાજયોગ સાધવામાં આવે છે, અને (દુર્ભાગ્યવશાત્ ઘણીવાર ધુતારાઓ અને ઢોંગીઓ કરે છે તેમ) અસાવધ જનોને ઠગવાના શસ્ત્ર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી, ત્યારે, તે પણ આપણને તેજ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે.

ભક્તિમાં એક મોટો લાભ એ રહેલો છે કે તે મહાન દિવ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવાનો સરલમાં સરલ અને સ્વાભાવિકમાં સ્વાભાવિક માર્ગ છે. એનો મોટામાં મોટો ગેરલાભ એ છે કે એનાં નિકૃષ્ટ સ્વરૂપો ઘણીવાર પતિત થઈને ભયાનક ધર્માંધતાનું સ્વરૂપ ધારણ

પરંતુ મનુષ્ય જ્યારે નીચી ભક્તિની ભૂમિકામાં હોય છે ત્યારે જ માત્ર તેની ઉપર આ ભય રહેલો હોય છે. જ્યારે ભક્તિ પક્વ બને છે અને પરાભક્તિના સ્વરૂપને પ્રાપ્ત થાય છે ત્યારે ધર્માંધતાનાં આ ભયંકર સ્વરૂપોનો કોઈપણ ડર રહેતો નથી; જે આત્મા આ ઉચ્ચતર કોટિની ભક્તિમાં લીન થયેલો હોય છે તે ભક્તના નામની એટલો નિકટ હોય છે કે તે તિરસ્કારના પ્રચારનું શસ્ત્ર બની શકતો નથી.

સર્વ મનુષ્યોને આ જીવનમાં સુમેળભર્યું સંપૂર્ણ ચારિત્ર્ય ઘડવાની શક્તિ પ્રાપ્ત થયેલી હોતી નથી; તે છતાં આપણે જાણીએ છીએ કે જે ચારિત્ર્યમાં આ ત્રણે—જ્ઞાન, ભક્તિ અને યોગ—સમ પ્રમાણમાં સંમિશ્રિત હોય છે તે ચારિત્ર્ય ઉચ્ચતમ કોટિનું હોય છે. એક પક્ષીને ઉડવાને માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છેઃ—બે પાંખો અને ઈપ્સિત દિશામાં જવા માટે સુકાન તરીકે પૂછડીની જરૂર હોય છે. જ્ઞાન એ એક પાંખ છે, ભક્તિ એ બીજી પાંખ છે, અને યોગ એ સ્વસ્થતા જાળવનારી પૂછડી છે. જેઓ આ ત્રણે પ્રકારની આરાધના સમ પ્રમાણમાં કરી શકતા નથી અને તેટલા માટે માત્ર ભક્તિ માર્ગ જ પસંદ કરે છે તેમણે હંમેશાં અવશ્ય આ વાત સ્મરણમાં રાખવી જોઈએ કે મંત્રો અને ક્રિયાઓ પ્રગતિ કરતા આત્માને માટે સંપૂર્ણ આવશ્યક હોય છે, તો પણ તેમનો ઉપયોગ માત્ર એટલો જ હોય છે કે તેઓ આત્માને તે સ્થિતિમાં લઈ જાય છે કે જેમાં આપણે ઉત્કટમાં ઉત્કટ પ્રભુભક્તિમાં લીન થઈ જઈએ છીએ.

જ્ઞાનના ઉપદેશો અને ભક્તિના ઉપદેશો વચ્ચે ભેદ હોય છે; જો કે ઉત્કટ ભક્તિની શક્તિનો સ્વીકાર કરે એ ભક્તને મુક્તિનું એક સાધન બને છે. ભક્તો તેને

પરંતુ મનુષ્ય જ્યારે ગૌણી ભક્તિની ભૂમિકામાં હોય છે ત્યારે જ માત્ર તેની ઉપર આ ભય રહેલો હોય છે. જ્યારે ભક્તિ પક્વ બને છે અને પરાભક્તિના સ્વરૂપને પ્રાપ્ત થાય છે ત્યારે ધર્માંધતાનાં આ ભયંકર સ્વરૂપોનો કોઈપણ ડર રહેતો નથી; જે આત્મા આ ઉચ્ચતર કોટિની ભક્તિમાં લીન થયેલો હોય છે તે ભક્તના નામની એટલો નિકટ હોય છે કે તે તિરસ્કારના પ્રચારનું સાધન બની શકતો નથી.

સર્વ મનુષ્યોને આ જીવનમાં સપ્રમાણ-સંપૂર્ણ ચારિત્ર્ય ઘટના કરવાની શક્તિ પ્રાપ્ત થયેલી હોતી નથી; તે છતાં આપણે જાણીએ છીએ કે જે ચારિત્ર્યમાં આ ત્રણે—જ્ઞાન, ભક્તિ અને યોગ—સમ પ્રમાણમાં સંમિશ્રિત હોય છે તે ચારિત્ર્ય ઉચ્ચતમ કોટિનું હોય છે. એક પક્ષીને ઉડવાને માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે:—બે પાંખો અને ઈપ્સિત દિશામાં જવા માટે સુકાન તરીકે પૂછડીની જરૂર હોય છે. જ્ઞાન એ એક પાંખ છે, ભક્તિ એ બીજી પાંખ છે, અને યોગ એ સ્વસ્થતા જાળવનારી પૂછડી છે. જેઓ આ ત્રણે પ્રકારની આરાધના સમ પ્રમાણમાં કરી શકતા નથી અને તેટલા માટે માત્ર ભક્તિ માર્ગ જ ગ્રહણ કરે છે તેમણે હમેશાં અવશ્ય આ વાત સ્મરણમાં રાખવી જોઈએ કે પ્રકારો અને ક્રિયાઓ પ્રગતિ કરતા આત્માને માટે સંપૂર્ણ આવશ્યક હોય છે, તો પણ તેમનો ઉપયોગ માત્ર એટલોજ હોય છે કે તેઓ આપણને તે સ્થિતિમાં લઈ જાય છે કે જેમાં આપણે ઉત્કટમાં ઉત્કટ પ્રભુભક્તિમાં લીન થઈ જઈએ છીએ.

જ્ઞાનના ઉપદેશો અને ભક્તિના ઉપદેશો વચ્ચે થોડો જ ભેદ હોય છે; જો કે ઉભય ભક્તિની શક્તિનો સ્વીકાર કરે છે. જ્ઞાનીઓ ભક્તિને મુક્તિનું એક સાધન ગણે છે. ભક્તો તેને સાધનરૂ

દૂર હોય છે તેનું તો માત્ર સ્મરણ જ થઈ શકે છે. શાસ્ત્ર જણાવે છે કે જે પાસે પણ છે અને દૂર પણ છે તે પરમાત્માને આપણે જોયાનો છે. એ કથનદ્વારા તે આપણને દર્શાવે છે કે ઉપરોક્ત પ્રકારનું સ્મરણ એ દર્શન સમાન જ છે. કેમકે એ સ્મરણ જ્યારે ઉચ્ચતર ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે તે દર્શન સ્વરૂપ જ બની જાય છે. શાસ્ત્રના મહત્વના સૂત્રોદ્વારા જણાય છે કે આરાધનાનો અર્થ નિરંતર સ્મરણ છે. આ પ્રકારે જે સ્મરણ પ્રત્યક્ષ દર્શનની ઉચ્ચભૂમિકાને પ્રાપ્ત થયું હોય તેને શ્રુતિમાં મુક્તિનું સાધન જણાવ્યું છે. 'આ આત્મા ભિન્ન ભિન્ન શાસ્ત્રોના જ્ઞાનથી પ્રાપ્ત થતો નથી, તેમ જ તે બુદ્ધિથી કિંવા વેદોના અભ્યાસથી પણ પ્રાપ્ત થતો નથી. આ આત્મા તો જે ઉત્કટ જીજ્ઞાસાવડે તેને મેળવવા પ્રયત્ન કરે તેને જ પ્રાપ્ત થાય છે. તેની આગળ જ આ આત્મા પ્રકટ થાય છે.' જે અત્યંત પ્રિય હોય તેની ઇચ્છા રાખવામાં આવે છે. આ આત્માને જે અત્યંત ચાહે છે તેને આત્મા પણ વિશેષ ચાહે છે. આ પ્રેમપાત્ર આત્માની પ્રાપ્તિ કરી શકે એટલા માટે સ્વયં ઇશ્વર તેને સહાય કરે છે. ભગવાને કહ્યું છે કે "જેઓ નિરંતર મારી ભક્તિ કરે છે અને પ્રેમપૂર્વક મારી આરાધના કરે છે તેમનાં મનને હું એવે માર્ગે વાળું છું કે જે દ્વારા તેઓ મારી જ પાસે આવે છે.' એટલા માટે કહ્યું છે કે આ સ્મરણ કે જે પ્રત્યક્ષદર્શનનું સ્વરૂપ જ છે તે ઇશ્વરને પ્રિય હોવાથી જેને તે અતિ પ્રિય હોય છે તેને પરમાત્મા ઇચ્છે છે, તેને પરમાત્મા પ્રાપ્ત થાય છે. આવા સતત સ્મરણને જ ભક્તિ શબ્દથી સૂચિત કરેલું છે."

આ પ્રકારે ભગવાન રામાનુજ તેમની અથાતો ભક્તિજીજ્ઞાસા એ સૂત્રપરની ટીકામાં જણાવે છે.

'ઇશ્વર ભક્તિદ્વારા' એ પાતંજલિના સૂત્રપર ટીકા કરતાં ભોજ જણાવે છે કે "પ્રણિધાન એવા પ્રકારની ... છે કે

એનું જ્ઞાન થયા પછીની ભક્તિ છે. જો એમ ન હોય તો અમે તેની ઉપરનો, સ્ત્રી અથવા સંતતિ ઉપરનો અંધ પ્રેમ પણ ભક્તિ ગણાય. એટલા માટે આપણે સ્પષ્ટતઃ જોઈએ છીએ કે ભક્તિ એ સાધારણ આરાધનાથી પ્રારંભ કરી અંતે ઈશ્વર પ્રત્યેના અતિ ઉગ્ર પ્રેમમાં પરિણમતા આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાના માનસિક પ્રય-ત્નોની પરંપરા છે.

ઈશ્વર સંબંધી તત્ત્વજ્ઞાન.

ઈશ્વર એટલે શું ? जन्माद्यस्य यतः. જેમાંથી વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે "તે." અનાદિ અનંત, વિશુદ્ધ, નિત્ય મુક્ત, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, કૃપાનિધિ, ગુરુઓનો ગુરુ " ઈશ્વર છે. વળી "स ईश्वरः अनिर्वचनीय प्रेमस्वरूपः" (તે ઈશ્વર પોતાના જ સ્વભાવથી અનિર્વચનીય પ્રેમસ્વરૂપ છે.)

આ ખરેખર સગુણ ઈશ્વરની વ્યાખ્યાઓ છે. શું ત્યારે ઈશ્વર બે છે ? તત્ત્વજ્ઞાનીનો "નેતિ, નેતિ" અને "સચ્ચિદાનંદ" તથા ભક્તનો આ પ્રેમસ્વરૂપ ઈશ્વર, એમ શું બે ઈશ્વર છે ? ના, સચ્ચિ-દાનંદ અને પ્રેમસ્વરૂપ ઈશ્વર એક જ છે. તે સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. આ વાત હમેશાં લક્ષમાં રાખવી જોઈએ કે ભક્ત જે સગુણ ઈશ્વરની આરાધના કરે છે તે ઈશ્વર બ્રહ્મથી પૃથક નથી. બધા એક અને અદ્વિતીય જ છે. ભેદ માત્ર એટલો જ છે કે કેવળ બ્રહ્મ નિર્ગુણ હોવાથી તેનાપર પ્રેમ કિંવા તેની આરાધના થઈ શકતી નથી; એટલા માટે ભક્ત બ્રહ્મના સગુણરૂપ-ઈશ્વરનેજ પસંદ કરે છે. અમે એક ઉપમા આપીશું: બ્રહ્મ એ એવી માટી અથવા પદાર્થ છે કે જેમાંથી અનંત પ્રકારના પદાર્થો બનાવવામાં આવે છે. આ સર્વ પદાર્થો માટી તરીકે એક જ છે; પરંતુ આકાર અથવા બાહ્ય સ્વરૂપદ્વારા તેઓ પૃથક્ થાય છે. તેમાંનો એક પણ

શ્રેષ્ઠ શક્તિ પ્રાપ્ત થાય છે: મુક્તાત્માઓને વિષયો પ્રભુતા પ્રાપ્ત થાય એમ કહ્યું છે, કારણ કે સાક્ષાત્ ભગવાન્ પ્રમાણે તેને પરમાત્માની સાથે અત્યંત તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે અને તેથી સર્વ મનઃકામનાઓ સિદ્ધ થાય છે. હવે પરમાત્માની ભગવત્ શક્તિ અર્થાત્ વિશ્વનું શાસન ચલાવવાની શક્તિ વિના અત્યંત તાદાત્મ્ય અને સમસ્ત મનઃકામનાઓની સિદ્ધિ પ્રાપ્ત થઇ શકતી નથી. એટલા માટે આપણે જરૂરથી આ વાતનો સ્વીકાર કરવો જોઇએ કે મુક્તાત્માઓને સર્વ મનઃકામનાઓની સિદ્ધિ અને પરમાત્માની સાથે અત્યંત તાદાત્મ્ય પ્રાપ્ત થવાને માટે સમગ્ર વિશ્વ ઉપર શાસન ચલાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે."

આના ઉત્તરમાં અમે જણાવીએ છીએ કે મુક્તાત્માઓને વિશ્વ ઉપર શાસન ચલાવવાની શક્તિ સિવાયની સર્વ શક્તિઓ પ્રાપ્ત થાય છે. મુક્તાત્માઓ કે જેમની આસક્તિથી પરમેશ્વરની ખરી પ્રકૃતિને આચ્છાદિત કરનાર સર્વ આવરણ ખસી ગયું છે અને જે આત્માના અબાધિત દર્શનનો આનંદ લૂટે છે તે સિવાયના સર્વ જડ-ચેતન પદાર્થોના આકાર, સ્થાન અને પ્રવૃત્તિઓને ટકાવવી એવું નામ જગતનું શાસન છે. શાસ્ત્ર આ શ્લોકદ્વારા આ વાત સિદ્ધ થાય છે કે 'જેમાંથી આ સર્વ વસ્તુઓ જન્મે છે, જેનાવડે જન્મેલી સમસ્ત વસ્તુઓ જીવે છે અને જેની પાસે અને તેઓ પાછી જાય છે તે બ્રહ્મ છે.' જો વિશ્વ ઉપર શાસન ચલાવવાનો આ ગુણ મુક્તાત્માઓનો પણ હોય તો આ શ્લોક બ્રહ્મની વ્યાખ્યા તરીકે ઉપયુક્ત થઇ શકે નહિ. કારણ અસાધારણ ગુણ જ માત્ર વ્યાખ્યા આપવી પડે છે. એટલા માટે—'મારા પ્રિય બાળક, આરંભમાં માત્ર એક અદ્વિતીય પદાર્થ હતું, તેને પોતાને જન્મ આપવાની ઇચ્છા થઇ, તેથી ઉષ્ણતા ઉત્પન્ન થઇ '—' આરંભમાં ખરેખર કારણ બ્રહ્મ

જના ઉચ્ચ સ્થાને અધિષ્ઠિત આવે તેવો આ પ્રશ્નનો પોતાનો નિર્ણય કેવી રીતે આપે છે તે આપણે જોઇશું. જેઓ મુક્તિ પછી પણ પોતાનું વ્યક્તિગત મન જાળવી રાખવાની અને પૃથક્ રહેવાની આકાંક્ષા રાખતા હોય તેમને પોતાની આકાંક્ષા સિદ્ધ કરવાની અને સગુણ બ્રહ્મના આપેલા વૈભવો ભોગવવાની પૂરતી સંધિ મળશે. આ તે લોકો છે કે જેમના સંબંધમાં ભાગવત પુરાણમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે: " રાજન્, ઈશ્વરના ગુણો એટલા ઉજ્જવલ છે કે જે ઋષિઓ કેવલ આત્મામાંજ આનંદ લે છે અને જેમનાં સર્વ બંધનો નષ્ટ થયાં છે તેઓ પણ સર્વવ્યાપક પ્રભુની વિશુદ્ધ પ્રેમથી ભક્તિ કરે છે. " આ લોકોના સંબંધમાં સાંખ્યમતવાળા જણાવે છે કે આગામી યુગમાં તેઓ સંપૂર્ણતાને પ્રાપ્ત થઇ જગત્-મંડળોના પ્રભુઓ તરિકે આવી શકે એટલા માટે આ યુગમાં તેઓ પ્રકૃતિમાં નિમગ્ન થઈ જાય છે; પરંતુ તેમનો કોઈ કદિ પણ ઈશ્વર સમાન બની શકતો નથી. જ્યાં સૃષ્ટિ, સૃષ્ટ પદાર્થો અને દ્રષ્ટા, કોઇ પણ નથી; જ્યાં જ્ઞાતા, જ્ઞેય કે જ્ઞાન પણ નથી; જ્યાં હું, તું કે તે નથી; જ્યાં કર્તા, કર્મ અને સંબંધ નથી; " ત્યાં કોણ કોને જુએ ? " આ ભૂમિકાને જેઓ પ્રાપ્ત થાય છે તેઓ પ્રત્યક્ષ વસ્તુઓ પર થયેલા હોય છે. " જયાં શબ્દો કે મન જઈ શકતું નથી " તે સ્થાનથી તેઓ અતીત થયેલા હોય છે. શ્રુતિઓ જેને " નેતિ, નેતિ " કહીને જાહેર કરે છે તેને તેઓ પ્રાપ્ત થયેલા હોય છે. પરંતુ જેઓ આ સ્થિતિને પ્રાપ્ત થઇ શકતા ન હોય કિંવા એ સ્થિતિને પ્રાપ્ત કરવાને જેઓ ઇચ્છતા ન હોય તેઓ અનિવાર્ય રીતે એક કેવલ બ્રહ્મને પ્રકૃતિ, આત્મા અને તે ઉભયમાં રહીને ઉભયનું પાલન કરનાર ઈશ્વર એ ત્રણ સ્વરૂપમાં જોશે. એટલા માટે જ્યારે પ્રહલાદ પોતાની જાતને વિસરી ગયો ત્યારે તેને વિશ્વ પણ જણાયું નહિ અને તેનું કારણ

કારણ એ છે કે જાતિ ઉત્પત્તિ સંબંધી વૈદિક સમસ્ત ઐતિહાસિ
કંઠાત્મેજ કર્યો જણો છે, અને તે ગ્રંથમાં મુક્તાત્માઓનો ઉલ્લેખ પણ
નિરેક નથી. વળી વિશ્વનું શાસન (નિયમન પાલનાદિ) કરનાર તરીકે
પણ ઈશ્વરનુંજ વર્ણન તેમાં કરે છે. ઈશ્વરને સિવાય " નિત્યપૂર્ણ "
એવું વિશેષણ આપ્યું છે. મનુષ્યો માટે સિદ્ધિઓ પણ તેજ
ઈશ્વરની ભક્તિ અને આરાધનથી પ્રાપ્ત થાય છે. એટલામાટે મુક્તા-
ત્માઓને વિશ્વના શાસનમાં સ્થાન નથી. વળી તેઓ તેમના પોતાના
મનો મયવત્તા હોવાથી તેમની ઇચ્છાઓ જુદી હોય, એક જ્યારે
ઉત્પત્તિ કરવા ઇચ્છે ત્યારે બીજો સંહાર કરવા ઇચ્છે એ સંભવ છે.
માટે સર્વ ઇચ્છાઓને કોઈક એક ઇચ્છાને આધીન રાખવી એજ આ
ટંટો ભાગવવાનો સરલ માર્ગ છે. એટલા માટે નિષ્કર્ષ એજ થાય
છે કે મુક્તાત્માઓની ઇચ્છાઓ પરમાત્માની ઇચ્છાપર અવલંબિત છે."

એટલા માટે ભક્તિ તો કેવલ સગુણ બ્રહ્મનીજ થઈ શકે.
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते-" તેઓને નિર્ગુણ
બ્રહ્મનીજ ઉપાસના કરવી હોય તેમનો માર્ગ વિકટ કઠિન છે."
આપણી પ્રકૃતિ ત્રિગુણાત્મક હોવાથી તે સગુણ બ્રહ્મની ભક્તિનેજ
વધારે લાયક છે. નિર્ગુણ બ્રહ્મનાં કલ્પના આપણુંને આવી શકતી
નથી. જગતના મહાનમાં મહાન માનસશાસ્ત્રી, ભગવાન કપિલે યુગોના
યુગો પૂર્વે સિદ્ધ કરી આપ્યું છે કે આપણું અહંભાવ એ આપણાં
આત્મભાવ દર્શન અને મનના સમસ્ત વિચારોના ગ્રાહમાં ઓતપ્રોત
થને છે. આપણાં દેહથી આરંભ કરી ઈશ્વર પર્યંત પ્રત્યક્ષ વિષય એ
આ અહંભાવ અને તેની સાથે કોઈક બીજી વસ્તુ મળી ને બને તે
હોય છે, અને આ અનિવાર્ય સંમિશ્રણનેજ આપણે સાધારણ રીતે
ખરી વસ્તુ ધારીએ છીએ. ખરેખર, માનવ મનિ કે જે જાગૃતિ રહે
તેમ છે તે એટલુંજ છે અને તે સર્વને માટે નમક રહેશે પરંતુ

જનો આશીર્વાદ માને છે કે જે વસ્તુઓ મનુષ્યને ભૌતિક
સુખો આપે તે જ ઉપયોગી અને ઉપકારક છે ! ધર્મ, ઈશ્વર,
અનંતત્વ, આત્મા, આમાંની કોઈપણ વસ્તુ તેમને સીધી રીતે ઉપ-
યોગી નથી, કારણ કે તેમને દ્રવ્ય અથવા ભૌતિક સુખ આપતી
નથી ! આવા માણસોને મનગમે વસ્તુઓ તેમની ઇંદ્રિયોને તૃપ્ત કરતી
નથી અને તેમની ક્ષુધાઓને નિવૃત્ત કરતી નથી તે સર્વ વસ્તુઓ
નકામી હોય છે; પરંતુ મનુષ્યોના મનમાં ઉપયોગનો અર્થ તેની
પોતાની વિશિષ્ટ આવશ્યકતાઓ અનુસાર થાય છે. મિત્રોમાંથી જે
માણસો ખાન, પાન, પ્રજોત્પત્તિ અને મૃત્યુની ભૂમિકાથી કદિ પણ
ઉંચે જતા નથી તેઓ કેવળ ભૌતિક સુખોમાં જ લાભ માને છે; અને
કોઈ ઉચ્ચતર વસ્તુની લેશ પણ આવશ્યકતાની પ્રતીતિ કરતાં શીખ-
વાને માટે તેમને ઘણાને બીજા ઘણા જન્મો અને અવતારોમાંથી
પસાર થવું પડે છે. એમને આ સાંસારિક જીવનનાં કર્તવ્ય કાર્યો
કરતાં આત્માના સાધન લાભો વિશેષ કિંમતી લાગે છે, જેમને
ઇંદ્રિયોની તુષ્ટિ કેવળ બાળકના અવિચારી ખેલવત્ જણાય છે, તેમને
માટે ઈશ્વર અને ઈશ્વરભક્તિ એ જ માનવજીવનની ઉચ્ચતમ કોટિની
અને કેવળ ઉપયોગી વસ્તુ છે પ્રભુનો પાડ માનો કે સંસારમાં
અત્યંત રત થઈ ગયેલા આ જગત્‌માં છતાં આવા કેટલાક
માણસો જીવે છે.

અમે કહી ગયા તે પ્રમાણે ભક્તિ ગૌણી અર્થાત્ અપરા
અથવા પ્રાથમિક અને પરા અર્થાત્ ઉચ્ચતમ એ બે પગથિયાંવાળી
છે. એમાંના પહેલા પગથિયામાં ચઢવામાટે ઘણા પ્રત્યક્ષ ટેકાઓની કેટલી
અનિવાર્ય આવશ્યકતા પડે છે તે આપણે જેમ જેમ આગળ વધીશું
તેમ તેમ જોઈશું; અને વસ્તુતઃ સમસ્ત ધર્મોના પૌરાણિક તથા
ક્રિયાત્મક ભાગો આરંભમાં જિજ્ઞાસુને પગપગમાં આગળ વધ-

સદાચરણ અને આધ્યાત્મિક સાક્ષાત્કાર અધિક જેટલાં હોય તોપણ તે બાઇબલ પોકારી વાળો અને અર્થશૂન્ય ભાવનાઓ કરતાં વિશેષ છે. આ સર્વ અજ્ઞાન અને ધર્માંધતાની ધૂળ પુંજમાંથી અમને એક પણ મહાન આધ્યાત્મશાળી ઉત્પન્ન થયેલો બતાવો; અને જો તમે બતાવી ન શકો તો તમારાં મુખ બંધ કરો, સત્યના સ્વચ્છ પ્રકાશને માટે તમારાં હૃદયોની બારીઓ ખુલ્લી કરો અને પોતે શું વાત કરે છે તે જેઓ જાણે છે તેમના અર્થાત્ હિંદના ગુરુઓના ચરણ આગળ બાળકવત્ બેસો. માટે ચાલો, આપણે તેઓ શું કહે છે તે ધ્યાનપૂર્વક સાંભળીએ.

ગુરૂની આવશ્યકતા.

પ્રત્યેક આત્મા સંપૂર્ણ થવાને સર્જાયેલો છે અને અંતમાં પ્રત્યેક આત્મા એ સ્થિતિને પ્રાપ્ત થશે. આપણે હમણાં જે સ્થિતિમાં છીએ તે સ્થિતિ આપણને આપણા ભૂતકાળના વિચારો, ઈચ્છાઓ અને કર્મોદ્વારાજ પ્રાપ્ત થયું છે, અને હમણાં આપણે જેવા વિચાર તથા કર્મ કરીશું તેવીજ આપણી ભાવી સ્થિતિ થશે. પરંતુ આ આપણું પોતાનાં ભાગ્યો આપણને બાહ્ય સહાય લેતાં અટકાવતાં નથી; કિંબહુના, પુષ્કળ માણસોના સંબંધમાં આવી સહાય સર્વથા આવશ્યક હોય છે. આ સહાય જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે આત્માની ઉચ્ચતર શક્તિઓ અને સામર્થ્યોને અધિક વેગ મળે છે, આધ્યાત્મિક જીવન જાગૃત થાય છે, શીઘ્ર ગતિથી વિકાસ થાય છે અને મનુષ્ય અંતે પવિત્ર તથા પૂર્ણ બને છે.

આ શીઘ્ર ગતિ આપનારો જુસ્સો ગ્રંથોમાંથી મેળવી શકાતો નથી. આત્મા માત્ર અન્ય આત્મામાંથી-ઉચ્ચતર આત્મામાંથીજ જુસ્સો પ્રાપ્ત કરી શકે તેમ છે. આખા જીવન સુધી આપણે પુસ્તકોનો અભ્યાસ કર્યા કરીને ખૂબ બુદ્ધિમાન બનીએ; પરંતુ અંતે

અન્યથા નહિ. માત્ર આવા માણસોજ ખરેખરા ગુરૂ હોય છે, અને માત્ર આવા માણસોજ ખરેખરા શિષ્ય, ખરેખરા જીજ્ઞાસુ પણ હોય છે અન્ય સર્વ માત્ર અધ્યાત્મજ્ઞાનની સાથે રમત કરનારા છે. તેમનામાં કાંઈક જિજ્ઞાસા જાગૃત થયેલી હોય છે, તેમનામાં કાંઈક બૌદ્ધિક મહત્વાકાંક્ષા પ્રદીપ્ત થયેલી હોય છે. પરંતુ તેઓ માત્ર ધર્મની ક્ષિતિ-મર્યાદા ઉપરજ ઊભેલા હોય છે, નિઃશંક, તેની પણ કાંઈક કિમ્મત છે, કારણ કે વખત જતાં તે સાચી ધર્મપિપાસાના ઉદ્ભવમાં પરિણમે એવો સંભવ હોય છે. અને આ એક પ્રકૃતિનો ભેદ ભરેલો નિયમ છે કે ક્ષેત્ર તૈયાર થાય કે તરતજ બીજ આવવુંજ જોઇએ અને આવે છેજ. આત્મા ધર્મપ્રાપ્તિની આતુરતાપૂર્વક ઇચ્છા કરે કે તરતજ તે આત્માને સહાય કરવાને ધાર્મિક ચૈતન્ય આપનાર આવવો જ જોઇએ અને આવે છેજ. જ્યારે ગ્રાહક આત્મામાં ધર્મ પ્રકાશને આકર્ષિત કરનાર શક્તિ સંપૂર્ણ અને સુદૃઢ હોય છે ત્યારે સ્વાભાવિક રીતેજ તે આકર્ષણને પ્રત્યુત્તર આપનાર અને પ્રકાશ મોકલનાર શક્તિ આવે છે.

જો કે માર્ગમાં કેટલાક મહાન ભયો હોય છે. દાખલા તરીકે ગ્રાહક આત્મા પોતાની ક્ષણિક ઊર્મિઓનેજ ભૂલથી ખરી ધર્મ જિજ્ઞાસા માની લે એવો ભય છે. આનો અનુભવ આપણે આપણી જાતમાંજ કરી શકીએ છીએ. આપણા જીવનમાં ઘણીવાર એમ બને છે કે આપણું કોઈ પ્રિયજન મરણ પામે છે, આપણને આઘાત થાય છે, આપણને લાગે છે કે સંસાર મિથ્યા છે, આપણે કાંઈક દૃઢતર અને ઉચ્ચતર વસ્તુ પ્રાપ્ત કરવી જોઇએ અને આપણે ધાર્મિક બનવું જોઇએ. પરંતુ થોડા દિવસમાં લાગણીનો તે તરંગ ચાલ્યો જાય છે અને આપણે જ્યાંના ત્યાંજ પડી રહીએ છીએ. આપણે સર્વ ઘણી-વાર આવી તીવ્ર લાગણીઓને ભૂલથી સાચી ધર્મપિપાસા માની

માં સર્વ ઘડાઓ પરમાત્મારૂપી ઉદધિમાંથી પોતાના કદ અને શક્તિ
પ્રમાણમાંજ પાણી ભરી લઇ શકે છે. મનુષ્યમાંનું પાણી મનુષ્ય
આકાર ગ્રહણ કરે છે, ભેંસમાંનું ભેંસનો આકાર લે છે અને માછ
લીમાં તે મત્સ્યનો આકાર ધારણ કરે છે. જો કે આમાંના પ્રત્યે
ઘડામાં પરમાત્મારૂપી સમુદ્રનું જ પાણી હોય છે. એજ પ્રમાણે
આપણે પણ ઈશ્વરને મનુષ્ય તરીકે જોયાવિના રહી શકતા નથી
અને એટલા માટે આપણે અવશ્ય તેની મનુષ્ય તરીકે જ આરા
ધના કરવાના.

અલબત્ત, બે પ્રકારના માણસો ઈશ્વરની મનુષ્ય તરીકે ઉપાસન
કરતા નથી—એક તો લેશ પણ ધર્મથી વિહીન એવો માનવપ
અને બીજો માનવ જાતિની સમસ્ત દુર્બલતાઓથી પર થનાર ત
તેની પોતાની માનવ પ્રકૃતિની મર્યાદાઓથી અતીત થનારે પરમહં
પરમહંસને સમગ્ર પ્રકૃતિ તેનું પોતાનુંજ સ્વરૂપ લાગે છે. માત્ર તે
ઈશ્વરને તેના સત્ય સ્વરૂપમાં આરાધી શકે છે. આ પ્રમાણે
બાબતમાં પણ ઇતર સમસ્ત બાબતોની પેઠે બે છેડાઓ આવી મ
છે. એક તો અજ્ઞાનનો છેડો અને બીજો જ્ઞાનનો છેડો. આ બ
છેડાઓ આરાધના કરતા નથી. માનવપશુ પોતાના અજ્ઞાનને લી
પૂજા કરતો નથી, અને જીવનમુક્ત એવા કારણથી પૂજા કરતો ન
કે તેણે પોતાનું ઈશ્વર સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરેલું હોય છે. જ
નના આ બે ધ્રુવોની વચ્ચે રહેલો એવો જો કોઈ સામાન્ય માણ
એમ કહે કે તે ઈશ્વરને માનવ સ્વરૂપમાં પૂજવાનો નથી તો કૃ
કરીને તે માણસથી સાવધ રહેજો. તેને માટે કોઇ વિશેષ સખ
શબ્દ નહિ વાપરતાં અમે માત્ર એટલુંજ કહીશું કે તે બિનજવાબ
દાર વાતોડીઓ છે, તેનો ધર્મ બુદ્ધિ વગરના અને સમજ વગર
માણસોને માટેજ છે.

આવતા અક્ષરો બિન્દુના ભાગથી સઘને હોઠોમાં સમાપ્ત થતા મુખ-ભાગનાં ભાગોમાંથી ઉત્પન્ન થાય છે. અ એ ભાગમાંથી નીકળતો ધ્વનિ છે, અને મ્ એ હોઠમાંથી નીકળતો અંતિમ ધ્વનિ છે, અને ઉ બિન્દુના ભાગમાંથી આરંભિત થઈ હોઠમાં સમાપ્ત થાય છે. તેને આ ક્રમે યથાવત્ ઉચ્ચાર કરવામાં આવે તો સમસ્ત ધ્વનિઓનો તેમાં સમાવેશ થશે. ઇતર કોઈ પણ શબ્દમાં સમસ્ત ધ્વનિઓનો સમાવેશ થઈ શકતો નથી. એટલા માટે આ ૐકાર જ પ્રેમનામ ચિન્હ છે, અને ૐકાર એ ઈશનો સત્ય અર્થ છે. અને ચિન્હ સૂચિત વસ્તુથી કદિ પણ જુદું કરી શકાતું નથી. એટલા માટે ઈશ અને ૐકાર એક જ છે. ૐકાર એ આખા વિશ્વનું સ્પષ્ટતર અંગ હોવાથી તે ઈશ્વરની વધુ નિકટ છે, અને તે વસ્તુતઃ જ્ઞાનના ભંડારરૂપ પરમાત્માનું પ્રથમ આવિર્ભાવરૂપ છે; આ ઈશ પ્રભુનું ખરું ચિન્હ છે. વળી જેવી રીતે "એક અદ્વિતીય બ્રહ્મ," અખંડ સચ્ચિદાનંદની કલ્પના અપૂર્ણ માનવ આત્માઓ વિશિષ્ટ ગુણોના આરોપણ સહિત માત્ર વિશિષ્ટ દૃષ્ટિબિંદુઓથી જ કરી શકે છે તેવી રીતે નિરાકાર તેના દેહરૂપ આ વિશ્વની કલ્પના સહુ પોતાની મનોવૃત્તિ અનુસાર જ કરે છે.

પ્રતિમાઓ અને તેની પૂજા.

હવે જે પ્રશ્નો વિચારવાના છે તે પ્રતિમાઓ અર્થાત્ ઈશ્વરની ઓછે વધતે અંશે સંતોષકારક એવી મૂર્તિઓ અને તેની પૂજા વિષયક છે. પ્રતિમાદ્વારા ઈશ્વરની પૂજા કરવી એટલે એમ કે [illegible] જે બ્રહ્મ નથી તેમાં બ્રહ્મદૃષ્ટિથી મનને જોડવું. ભગવાન રામાનુજ કહે છે કે "મનને બ્રહ્મ તરીકે પૂજો, મન એ બ્રહ્મનું આંતરિક સ્વરૂપ છે; અને આકાશ એ તેનું બાહ્ય સ્વરૂપ છે." મન એ બ્રહ્મની આંતરિક

આવના અક્ષરો જિહ્વાના મૂળથી શરૂને ઓષ્ટોમાં સમાપ્ત થતા મુખમાંના આકાશમાં ઉત્પન્ન થાય છે. अ એ ગળામાંથી નીકળતો ધ્વનિ છે, અને म् એ ઓષ્ટમાંથી નીકળતો અંતિમ ધ્વનિ છે, અને ઉ જિહ્વાના મૂળમાંથી આરંભિત થઈ ઓષ્ટમાં સમાપ્ત થાય છે. જો આ ૐ નો યથાવત્ ઉચ્ચાર કરવામાં આવે તો સમસ્ત ધ્વનિઓનો તેમાં સમાવેશ થશે. ઈતર કોઇ પણ શબ્દમાં સમસ્ત ધ્વનિઓનો સમાવેશ થઇ શકતો નથી. એટલા માટે આ સ્ફોટનું જ યોગ્યતમ ચિન્હ છે, અને સ્ફોટ એ ૐ નો સત્ય અર્થ છે. અને ચિન્હ સૂચિત વસ્તુથી કદિ પણ પૃથક્ કરી શકાતું નથી. એટલા માટે ૐ અને સ્ફોટ એક જ છે. સ્ફોટ એ વ્યક્ત-વિશ્વનું સૂક્ષ્મતર અંશ હોવાથી તે ઈશ્વરની વધુ નિકટ છે, અને તે વસ્તુતઃ જ્ઞાનના અંશરૂપ પરમાત્માનું પ્રથમ વ્યક્તસ્વરૂપ છે; આ ૐ ઈશ્વરનું સત્ય ચિન્હ છે. વળી જેવી રીતે " એક અદ્વિતીય બ્રહ્મ," અખંડ-સચ્ચિદાનંદની કલ્પના અપૂર્ણ માનવ આત્માઓ વિશિષ્ટ ગુણોના આરોપણ સહિત માત્ર વિશિષ્ટ દ્રષ્ટિબિંદુઓથી જ કરી શકે છે તેવી રીતે ચિંતક તેના દેહરૂપ આ વિશ્વની કલ્પના પણ પોતાની ચિત્તવૃત્તિ અનુસાર જ કરે છે.

પ્રતિમાઓ અને તેની પૂજા.

હવે જે મુદ્દાઓ વિચારવાના છે તે પ્રતિમાઓ અર્થાત્ ઈશ્વરની મોટે ભાગે અતિ સંતોષકારક એવી મૂર્તિઓ અને તેની પૂજા વિષયક છે. પ્રતિમાદ્વારા ઈશ્વરની પૂજા કરવી એટલે એમકે अब्रह्मणि ब्रह्मदृष्ट्याऽनु-सन्धानम्, જે બ્રહ્મ નથી તેમાં બ્રહ્મદ્રષ્ટિથી મનને જોડવું. ભગવાન રામાનુજ લખે છે કે " મનને બ્રહ્મ તરીકે પૂજો, મન એ બ્રહ્મનું આંતરિક સ્વરૂપ છે; અને આકાશ એ તેનું બાહ્ય સ્વરૂપ છે. " મન એ બ્રહ્મની આંતરિક

ચિન્હ હોય છે; અર્થાત્ જ્યાં પ્રતિમાદ્વારા સર્વવ્યાપક આત્મની
પૂજા થાય છે; પ્રતિમામાં સર્વના કારણનું અથવા બ્રહ્મનું
આરોપણ કરેલું હોય છે ત્યાં આરાધના અથવા તાદાત્મ્યથી નિવડે
છે, કે જ્યાં, મનુષ્યો આરાધનાના પ્રારંભમાં મનની પ્રાથમિક
અથવા તૈયારીની સ્થિતિથી પર થાય ત્યાં સુધી તે સર્વને માટે આ
પ્રકારની પૂજા સંપૂર્ણતઃ આવશ્યક છે. બીજા પક્ષે જ્યારે કોઈ દેવની
અથવા ઇતર પ્રાણીઓની તેમને ખાતર પૂજા કરવામાં આવે છે
ત્યારે તે પૂજા માત્ર એક વિધિ હોય છે, અને એક વિધિ તરીકે તે
આપણને માત્ર એ વિશિષ્ટ વિધાનું જે ફળ હોય છે તે આપે છે.
પરંતુ જ્યારે દેવો અથવા કોઈ ઇતર પ્રાણીઓને બ્રહ્મ તરીકે પૂજ-
વામાં આવે છે ત્યારે ઈશ્વરની પૂજાદ્વારા પ્રાપ્ત થતું ફળ જ ઉપલબ્ધ
થાય છે. શ્રુતિઓ અને સ્મૃતિઓ બે ઉપાયમાં ઘણીવાર એમ
બને છે કે એકાદ દેવ અથવા સંત, અથવા કોઈક ઇતર અસાધારણ
પ્રાણીને ગ્રહણ કરી તેને તેની પોતાની પ્રકૃતિ કરતાં ઉન્નત બના-
વવામાં આવે છે, તેનામાં બ્રહ્મનું આરોપણ કરવામાં આવે છે અને
પછી તેની પૂજા કરવામાં આવે છે. અદ્વૈતવાદી કહે છે: " પ્રત્યેક
વસ્તુમાંથી જ્યારે નામ અને રૂપ દૂર કરવામાં આવે ત્યારે શું તે
બ્રહ્મ હોતી નથી?" વિશિષ્ટાદ્વૈતવાદી કહે છે: ' શું ઈશ્વર પ્રત્યેક
વસ્તુનો અંતરાત્મા નથી ! " फलम् आदित्याद्युपासनेषुब्रह्मै-
वदास्यति सर्वाध्यक्षत्वात् " આદિત્યોની પૂજાનું ફળ પણ બ્ર-
હ્મ આપે છે, કારણ કે તે સર્વનો રાજા છે." શંકર પોતાના
બ્રહ્મસૂત્ર ભાષ્યમાં જણાવે છે:—ईदृशं चात्र ब्रह्मणः उपास्यत्वं
यतः प्रतीकेषु तद्दृष्ट्याध्यारोपणं प्रतिमादिषु इव विष्णवा-
दीनां " અહીંયાં આ પ્રકારે બ્રહ્મ આરાધનાનો વિષય બને છે,
કારણ કે જેવી રીતે વિષ્ણુ આદિ પ્રતિમાઓમાં આરોપિત થયેલા છે

જતાં એ પ્રકારની પૂજા કરવી એ પાપરૂપ વા ખરાબ કૃત્ય નથી, એ એક કર્મ છે અને આરાધકોને તેનું ફળ મળવું જ જોઈએ અને મળે છે.

ઇષ્ટ દેવમાં નિષ્ઠા.

વિચારવાની બીજી વસ્તુ જેને આપણે ઇષ્ટ નિષ્ઠા તરીકે ઓળખીએ છીએ તે છે. જે ભક્ત થવાની આકાંક્ષા રાખતો હોય તેણે જાણવું જોઈએ કે "ભિન્ન ભિન્ન મતો એ ભિન્ન ભિન્ન માર્ગો છે." તેણે જાણવું જોઈએ કે ભિન્ન ભિન્ન ધર્મોના સમસ્ત ભિન્ન ભિન્ન પંથો એકજ પ્રભુનું માહાત્મ્ય પૃથક્ પૃથક્ રીતે પ્રકટ કરે છે. "લોકો તમને ઘણાં નામો આપે છે; તેઓ તમને ભિન્ન ભિન્ન નામોથી જુદે વિભાગ કરે છે; પરંતુ આ નામોના પ્રત્યેક નામમાં તમારૂં જ સર્વશક્તિમાનપણું પ્રાપ્ત થાય છે...તમે જ આ સર્વ નામોદ્વારા આરાધકને મળો છો; વળી જ્યાં સુધી આત્મામાં તમારે માટે ઉંડો પ્રેમ હોય ત્યાં સુધી ભજવાનો કોઈ વિશિષ્ટ સમય પણ હોતો નથી. તમારૂં મિલન અતિ સરળતાથી થઈ શકે છે. હું તમને ચાહી શકતો નથી એ મારૂં દુર્ભાગ્ય છે." એટલું જ નહિ પરંતુ ભક્તે ભિન્ન ભિન્ન પંથોની સ્થાપના કરનાર દિવ્ય પુરુષોને ધિક્કારવા નહિ અને તેમની ટીકા સુદ્ધાં કરવી નહિ. ભક્તે તેમની નિંદા પણ સાંભળવી ન જોઈએ. જેમનામાં વિસ્તૃત સહાનુભૂતિ, ગુણજ્ઞતા અને ઉંડો પ્રેમ એ ત્રણે સાથે હોય એવા માણસો ઘણા થોડા હોય છે. આપણે સાધારણ રીતે જોઈએ છીએ કે ઉદાર ભાવના અને સહાનુભૂતિવાળા પંથો ધાર્મિક ભાવનાની તીવ્રતા ગુમાવી દે છે અને તેમના હાથમાં ધર્મ પતિત થઈને એક પ્રકારનું રાજકીય વા સામાજિક મંડળનું જીવન બની જાય એવો સંભવ હોય છે. અન્ય પક્ષે અત્યંત સંકુચિત ભાવનાવાળા પંથો તેમના પોતાના

જોઈએ. અધ્યાત્મજ્ઞાનના મૃદુ છોડને જો પ્રારંભિક સ્થિતિમાં વિચારો તથા આદર્શોના નિરંતર પરિવર્તનનો દાસ બનાવવામાં આવે તો તે મરણ પામશે. ઘણા લોકો જેને ધાર્મિક ઉદારમત કહી શકાય તેના નામે પોતાની મિથ્યા જિજ્ઞાસા ભિન્ન ભિન્ન આદર્શોની અખંડ માળિકાથી તૃપ્ત કરતા જણાય છે. તેમના સંબંધમાં નવી વાતો સાંભળવી એ એક પ્રકારનો રોગ—એક પ્રકારની ધર્મઘેલછા બની જાય છે. જ્ઞાનતંતુઓને તત્ક્ષણને માટે ઉશ્કેરવાને સારૂ તેઓ નવી નવી વાતો સાંભળવા માગે છે અને જ્યારે તેમની ઉપર આવી એક ઉશ્કેરણી ભરેલી અસર થાય છે ત્યારે તેઓ એ પ્રકારની બીજી અસરને માટે તત્પર બને છે! આવા લોકોના સંબંધમાં ધર્મ એક પ્રકારનું માનસિક અફીણ સેવન હોય છે અને ત્યાંજ તેનો અંત આવે છે. ભગવાન રામકૃષ્ણ કહે છે કે, " એક બીજા પ્રકારના માણસો પેલી વાર્તામાંની હાળુ માછલીના જેવા હોય છે. સ્વાતિ નક્ષત્રમાં હાળુ માછલી વર્ષાદનું જળ ગ્રહણ કરવાને સમુદ્રના તળીઆમાંના પોતાના નિવાસનો ત્યાગ કરે છે અને સપાટી પર આવે છે. જ્યાં સુધી તેને વર્ષાદના જળનું એક બિંદુ ગ્રહણ કરવામાં સફળતા મળે ત્યાં સુધી તે પોતાની છીપ ખુલ્લી રાખીને સમુદ્રની સપાટી પર આમ તેમ ફરે છે. વૃષ્ટિ-બિંદુ મળ્યા પછી તે ડુબકી મારીને પોતાના સમુદ્રમાંના નિવાસસ્થાનમાં ચાલી જાય છે અને તેને જ્યાં સુધી તે વૃષ્ટિ-બિંદુમાંથી એક સુંદર મોતી બનાવવામાં સફળતા પ્રાપ્ત થાય ત્યાં સુધી તે ત્યાંજ રહે છે. "

વસ્તુતઃ આ ઇષ્ટ નિષ્ઠાનો સિદ્ધાંત સમજાવવાની સૌથી વિશેષ કવિતામય અને પ્રબળ રીત છે. ભક્તને પ્રારંભિક અવસ્થામાં એક નિષ્ઠા અથવા એક આદર્શની ભક્તિ સંપૂર્ણ આવશ્યક છે. રામાયણમાં જેમ હનુમાને કહ્યું છે તેમ તેણે કહેવું જોઈએ કે " જો કે

માટ કરીને તો આ આહારના પ્રશ્નમાં મહાન મત રહેલું છે. આ વાત આપણે સ્મરણમાં રાખવી જોઈએ કે સાંખ્યદર્શન અનુસાર સત્વ, રજ અને તમ કે જે સમાનતાની સ્થિતિમાં પ્રકૃતિને જન્મ આપે છે અને વિષમતાની સ્થિતિમાં સૃષ્ટિ ઉત્પન્ન કરે છે તે પ્રકૃતિનું તત્ત્વ અને ગુણ બે ઉભય છે. એટલા માટે તે તત્ત્વોમાંથી પ્રત્યેક માનવ દેહ બનેલો છે અને આધ્યાત્મિક વિકાસને માટે સત્ત્વ ગુણની અધિકતા સંપૂર્ણતઃ આવશ્યક છે. આપણા આહારદ્વારા જે તત્ત્વો આપણા શરીરમાં પ્રવિષ્ટ થાય છે તેઓ ઘણે અંશે આપણું માનસિક બંધારણ નિશ્ચિત કરે છે; એટલા માટે આપણે આપણા આહાર પદાર્થોની ખાસ સંભાળ લેવી જોઈએ. જો કે અન્ય બાબતોની જેમ આ બાબતમાં શિષ્યો હંમેશાં જે ધર્માંધતામાં પડે છે તેમાં આચાર્યોનો દોષ નથી.

વળી વિશાન આ આહારનો વિવેક ગૌણ મહત્ત્વનો છે. શંકરે પોતાના ઉપનિષદોના ભાષ્યમાં આહાર શબ્દ કે જેનો અનુવાદ સાધારણ રીતે ખોરાક કરવામાં આવે છે તેનો સંપૂર્ણતઃ ભિન્ન અર્થ કરીને ઉપરોક્ત શ્રુતિની વ્યાખ્યા ભિન્ન કરી છે. તેના મત પ્રમાણે જે જે વસ્તુઓ અંદર લઈએ છીએ તે સર્વ આહાર છે. ભોક્તા (આત્મા) ના ભોગને માટે ધ્વનિ આદિ ઇન્દ્રિયજન્ય જ્ઞાન અંદર સંચિત થાય છે. ઇન્દ્રિયોમાં જે જ્ઞાન સંચિત થાય છે તેની વિશુદ્ધિ એજ આહારની વિશુદ્ધિ છે. આસક્તિ, ઘૃણા અને ભયના દોષોથી સ્પર્શિત થયા વિના ઇન્દ્રિયજન્ય જ્ઞાન પ્રાપ્ત કરવું એ આહાર શુદ્ધિ શબ્દનો અર્થ છે. એટલા માટે આવું જ્ઞાન અથવા આહાર શુદ્ધ થવાથી તેના ધરાવનારાનો સત્ત્વ ગુણ—આંતરિક ઇન્દ્રિય શુદ્ધ થાય છે અને સત્ત્વગુણ શુદ્ધ થવાથી અનંત પરમાત્માનું જ્ઞાન અને ચિંતન થઈ શકે છે.

વિચાર સરખો પણ કરતો નથી, જે પોતાના મોઢામાં મોટા વસ્તુની ઉન્નતિ જોઈને પણ આનંદ પામે છે તે માણસ કોઈ અનિવાર્ય કારણસર કદાચ માંસ ખાઈને જીવતો હોય તોપણ તે ભક્ત છે. તે યોગી છે, તે સર્વનો ગુરુ છે. એટલા માટે આપણે હમેશાં આ વાત સ્મરણમાં રાખવી જોઈએ કે આહારાચાર કેવલ આંતરિક વિશુદ્ધતાનો વિકાસ કરવામાં મદદગાર સાધન તરીકેજ ઉપયોગી છે. જ્યારે આહારાચારો પ્રત્યે સૂક્ષ્મ ધ્યાન આપી ન શકાય ત્યારે કેવલ આંતરિક વિશુદ્ધતા રાખવી અધિક સારી છે. જે વ્યક્તિ કે રાષ્ટ્ર ધર્મનાં સત્ય અને આંતરિક આધ્યાત્મિક તત્ત્વોને ભૂલી જાય છે અને સમસ્ત બાહ્ય વિધિઓને યંત્રવત્ ચુસ્ત રીતે વળગી રહે છે તેમનું પૂરૂં દુર્ભાગ્ય સમજવું. બાહ્ય વિધિઓ જેટલે અંશે આભ્યંતરિક જીવનને વ્યક્ત કરે તેટલે અંશેજ ઉપયોગી છે.

ભક્તિયોગની પ્રાપ્તિનું બીજું સાધન બળ (અનવસાદ) છે. શ્રુતિ જણાવે છે કે "બલહીનને આ આત્માની પ્રાપ્તિ થતી નથી." અને શારીરિક અને માનસિક એ ઉભય પ્રકારની નિર્બલતા સૂચિત કરેલી છે. કેવળ બળવાન વ્યક્તિઓજ ઉત્તમ સાધક બની શકે છે. રોગીષ્ઠ ક્ષીણ વ્યક્તિઓ તે શું સાધના કરી શકે! જ્યારે કોઈ પણ યોગની સાધનાથી શરીર અને મનનાં ભેદી બળો લેશ પણ જાગ્રત થાય ત્યારે તેઓ ભાંગીને ટુકડે ટુકડા થઈ જાય છે. "તરુણ, નિરોગી અને બળવાન" માણસોજ શું વહેવારમાં કે શું પરમાર્થમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. બળવાન શરીરજ ઇંદ્રિય સંયમ કરવાના પ્રયત્ન દ્વારા ઉત્પન્ન થતી પ્રતિક્રિયાનો ધક્કો સહન કરી શકે છે. માટે જે માણસ ભક્ત થવા માગતો હોય તે બળવાન અને નિરોગી હોવો જોઈએ. નિર્બલ માણસો કોઈ પણ યોગ સાધવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમને કોઈક અસાધ્ય રોગ થાય છે અથવા તેમનાં મસ્તિષ્ક



ભક્તિયોગ.

(ભાગ ૨ જો-પરાભક્તિ.)

પ્રારંભિક વૈરાગ્ય.

અપરા એટલે કે ગૌણીભક્તિનો વિચાર પ્રથમ ભાગમાં આપણે કરી ચુક્યા. હવે આપણે પરાભક્તિ એટલે સર્વોત્તમ-મુખ્ય ભક્તિના વિષયમાં પ્રવેશ કરીએ. પરાભક્તિ કરવાને માટે પ્રારંભિક તૈયારી કેવી હોવી જોઈએ તે વિષે પ્રથમ અમે વિવેચન કરીશું. આવી સર્વ તૈયારીઓ વાને સાધનોનો હેતુ કેવળ આત્મશુદ્ધિ-અંતરશુદ્ધિ કરવાનોજ હોય છે. વારંવાર નામોચ્ચાર કરવો, ક્રિયાઓ કરવી, વિધિઓ કરવી અને પ્રતિમાપૂજન કરવી, આ સમસ્ત ભિન્ન ભિન્ન સાધનો આત્મ વિશુદ્ધિનેજ માટે છે. આવાં સર્વ સાધનોમાં વિશેષમાં વિશેષ ઉપયોગી સાધન કે જેના વિના કોઈ પણ માણસ આ પરાભક્તિના પ્રદેશમાં પ્રવેશ કરી શકતો નથી તે વૈરાગ્ય છે. એ સાધન ઘણા માણસોને બ્હીવરાવી દે છે, છતાં એના વિના લેશ પણ આધ્યાત્મિક વિકાસ થઈ શકતો નથી. આપણા સર્વ યોગોમાં આ વૈરાગ્ય આવશ્યક છે. વૈરાગ્ય એ સમસ્ત અધ્યાત્મજ્ઞાનનું સોપાન, સત્ય કેન્દ્ર અને સત્યહાર્દ છે. એ અતિ આવશ્યક ધર્મ છે. જ્યારે માનવ આત્મા પાર્થિવ વસ્તુઓથી ઉપરામ થઈ પાછો હઠે છે અને વિશેષ ઉંડી વસ્તુઓમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે છે; જ્યારે મનુષ્ય કે જે અહીંઆં કોઈક પ્રકારે સ્થૂળ અને ભૌતિક દેહને પ્રાપ્ત થયેલો આત્મા છે તે સમજે છે કે પાર્થિવ વસ્તુઓને વળગી રહેવાથી તે પતિત થઈને પ્રાયઃ ભૌતિક વસ્તુજ બની જવાનો છે,

સાથે દુઃખ, તરસ, દિલગીરી અને આપણી આશાઓની ચડઉતાર વગેરે અવશ્ય છે. આ પ્રકારના ત્યાગનું થોડું પણ પ્રદર્શન આપણે નિત્ય આપણી આસપાસ જોઇએ છીએ. જ્યાં કે તે થોડે અંશે જ વિકૃત હોય છે. એક પુરૂષ એક સ્ત્રી ઉપર પ્રેમ કરે છે; થોડા કાળ પછી તે અન્ય સ્ત્રીને ચાહે છે અને પ્રથમ સ્ત્રીનો તે ત્યાગ કરે છે. તે સ્ત્રીનો, સરળ રીતે તેના મનમાંથી નીકળી જાય છે અને તેના અભાવની પુરૂષને કિંચિત્માત્ર પ્રતીત થતી નથી. એક સ્ત્રી એક પુરૂષને ચાહે છે ત્યાર પછી તે અન્ય પુરૂષને ચાહવા માંડે છે અને પ્રથમ પુરૂષ તેના મનમાંથી સ્વાભાવિક રીતે દૂર થઇ જાય છે. એક બાળક તેના પોતાના શહેરને ચાહે છે, ત્યાર પછી તે તેના દેશને ચાહવા માંડે છે અને તેના પોતાના શહેર પ્રત્યેની ભાવના સહજ રીતે સ્વાભાવિક રીતે પલટાઈ જાય છે. વળી એક બાળક સમસ્ત જગતને ચાહતાં શીખે છે; એટલે તેનો સ્વદેશ પ્રેમ, તેની ઉંચી મનોભાવ સ્વદેશભક્તિ તેને ત્યજ્યા વિના, કંઈ પણ જાતના પ્રયાસના વિના વિશ્વ પ્રેમમાં ફેરવાઇ અદ્રશ્ય થઈ જાય છે. આદિવાસી મનુષ્ય ઇન્દ્રિયોનાં સુખોને ચાહે છે, જ્યારે તે શિક્ષિત બને છે ત્યારે તે માનસિક આનંદોને ચાહવા માંડે છે અને તેના તે પહેલાંના ઉત્તરોત્તર ઓછા થતા જાય [illegible] આનંદો આપ નટસા આનંદો [illegible] નથી, પરંતુ મનુષ્યના [illegible] આમ થાય છે તે આનંદ [illegible] આનંદ પ્રથમ [illegible] ઉત્તરોત્તર [illegible] આનંદ ઓછા [illegible] તેઓ [illegible]

તથા સખીઓ આશ્ચર્યચકિત થઈને બહાર નીકળી આવે છે, અને પાટીઓ આપોઆપજ છૂટી પડી જઈને સ્વતંત્રપણે તરવા લાગે છે; તેમ ઈશ્વર કૃપા આત્માના બંધન કર્તા ખીલાઓ તથા સખીઓને છૂટા પાડી નાંખે છે અને તે મુક્ત થઇ જાય છે. આ પ્રકારે ભક્તિના સહાયક એવા આ ત્યાગમાં કઠોરતા નથી, શુષ્કતા નથી, શ્રમ નથી કે દમન નથી. ભક્તને તેની કોઇ પણ ભાવનાનું દમન કરવાનું નથી, તે માત્ર પોતાની ભાવનાઓને તીવ્ર બનાવવાનો અને તેમને પ્રભુપરાયણ કરવાનો પ્રયત્ન કરે છે.

ભક્તનો ત્યાગ વૈરાગ્ય ભક્તિમાંથીજ જન્મે છે.

આપણે કુદરતમાં પ્રત્યેક સ્થળે પ્રેમનું દર્શન કરીએ છીએ. સમાજમાં જે કોઈ સારી, મહાન અને ઉદાત્ત વસ્તુ છે તે સર્વ પ્રેમનુંજ પરિણામ છે. વળી સમાજમાં જે કોઈ અતિ ખરાબ અને અતિ પાપમય વસ્તુ છે તે પણ તેજ પ્રેમની વૃત્તિનું અન્યથા કરેલું કાર્ય છે. આજ ભાવના આપણને પતિપત્નીની વચ્ચેનો વિશુદ્ધ અને પવિત્ર દામ્પત્યપ્રેમ તથા નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રતિની પાશવવૃત્તિને સંતોષનારો પ્રેમ આપે છે. ભાવના એકજ છે, પરંતુ ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં તે ભિન્ન ભિન્ન રીતે પ્રાદુર્ભૂત થાય છે. સુમાર્ગે કે કુમાર્ગે દોરેલી એકજ પ્રેમની ભાવના એક માણસને સારૂં કલ્યાણ કરવાને અને તેમને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને પ્રેરિત કરે છે, જ્યારે બીજા માણસને તે પોતાના બંધુઓના ગળા કાપવાને અને તેમની સમસ્ત સંપત્તિ હરણ કરવાને પ્રવૃત્ત કરે છે ! બીજો માણસ એકલી પોતાની જાતનેજ ચાહે છે તેટલાજ પ્રમાણમાં પ્રથમ માણસ અન્યોને પણ ચાહે છે. દ્વિતીય મનુષ્યના સંબંધમાં પ્રેમ ખરાબ માર્ગે જડ્યો છે, પરંતુ પ્રથમ મનુષ્યના સંબંધમાં તે સુયોગ્ય અને સમુચિત પથપર આરૂઢ થયો છે. જે અગ્નિ આપણે માટે રસોઈ કરે

જેઓ પોતાનાં સર્વ કર્મો મને સમર્પણ કરી મારાપર પૂર્ણ શ્રદ્ધા રાખી મારું ચિંતન કરે છે અને અન્ય કોઈ પણ વસ્તુપર લેશ પણ મોહ નહિ રાખતાં મારી આરાધના કરે છે તેમને હું અલ્પ સમયમાં વારંવારના જન્મ મરણના મહાસાગરમાંથી ઉગારી લઉં છું, કારણ કે તેમનું મન સંપૂર્ણતઃ મારામાં આસક્ત હોય છે.” અહીંઆં જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ ઉભયનો નિર્દેશ કરેલો છે. ઉપરોક્ત શ્લોકામાં ઉભયની વ્યાખ્યા આપેલી કહી શકાશે. જ્ઞાનયોગ એ મહાન છે, પરંતુ તે અતિ ગહન તત્ત્વજ્ઞાન છે. આ એક વિચિત્ર વાત છે કે પ્રાયઃ પ્રત્યેક મનુષ્ય પ્રાણી ધારે છે તો તત્ત્વજ્ઞાનને અનુસરીને ચાલી શકે છે; પરંતુ વાસ્તવિક દાર્શનિક જીવન વ્યતીત કરવું અતિ કઠિન છે. આપણે ઘણીવાર તત્ત્વજ્ઞાનદ્વારા આપણા જીવનને દોરવવાનો પ્રયત્ન કરવા જતાં મહા જોખમોમાં ઉતરી પડીએ એવો સંભવ છે.

આ જગત્ બે પ્રકારના માણસો વચ્ચે વિભક્ત થયેલું કહી શકાય: એક પ્રકારના માણસો આસુરી પ્રકૃતિના હોય છે અને તેઓ શરીરની સંભાળ લેવી એજ કેવળ જીવનનો ઉદ્દેશ માને છે; બીજા પ્રકારના માણસો દૈવી પ્રકૃતિના હોય છે અને તેઓ જાણે છે કે શરીર એ કેવળ એક સાધન છે અને તે આત્માની ઉન્નતિનું માત્ર હથીયાર છે. અસુર પણ તેનો પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે જ્ઞાનનાં પ્રમાણો ટાંકી શકે છે અને ટાંકે છે; અને આ પ્રકારે જ્ઞાનમાર્ગદ્વારા સજ્જનને સત્કર્મ કરવાને જેટલાં પ્રોત્સાહનો મળે છે તેટલો દુર્જનને દુષ્કર્મ કરવાને ટેકો મળે છે. જ્ઞાનયોગમાં આ મહાન ભય રહેલો છે. પરંતુ ભક્તિયોગ સ્વાભાવિક, સુમધુર અને મૃદુ છે. ભક્ત જ્ઞાનયોગીનાં જેટલાં ઉચ્ચ ઉડ્ડયનો કરતો નથી, અને તેટલા માટે તેને પતન થવાનો સંભવ હોતો નથી. જ્યાં સુધી માનવ આત્માનાં બંધનો નષ્ટ

થઈ જાય છે, અને તેનું સમગ્ર જીવનકાર્ય સિદ્ધ થઈ જાય છે. આવા મહા ભક્તો કેવળ તેની પૂજા કરવાને જીવે છે. તે સુખનો-જીવનના તે કેવળ આનંદનો—તેઓ પરિત્યાગ કરતા નથી. "હે રાજન, હરિનો એવો ઉત્તમ ગુણ છે કે જેઓને કશી કામના રહી નથી—જેમની હૃદયોની સર્વ ગ્રંથિઓ તૂટી ગઈ છે તેઓ પણ પ્રભુને પ્રેમને ખાતર ભજવા ચાહે છે. જેની સર્વ દેવો આરાધના કરે છે, જેને સર્વ મુમુક્ષુઓ અને બ્રહ્મવેત્તાઓ પૂજે છે." यं सर्वदेवाः नमस्यन्ति मुमुक्षवो ब्रह्म वादिनश्चेति । પ્રેમની આવી શક્તિ છે. એક મનુષ્ય જ્યારે પોતાની જાતને સંપૂર્ણતઃ ભૂલી જાય છે, અને કોઈ પણ વસ્તુનો તે સ્વામી છે એમ તેને લાગતું નથી ત્યારે તેને તદીયતાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક વસ્તુ પ્રિયની હોવાથી તે તેને પવિત્ર માને છે. સાંસારિક પ્રેમમાં પણ પ્રેમી પોતાના પ્રિયની પ્રત્યેક વસ્તુને પવિત્ર ગણે છે અને તેટલા માટે તેને ચાહે છે. તે પોતાના પ્રેમપાત્રના એક વસ્ત્રના ટુકડાને પણ ચાહે છે. તેજ પ્રકારે એક માણસ જ્યારે પ્રભુને ચાહે છે ત્યારે સમગ્ર વિશ્વ પ્રભુનું હોવાથી તે તેને પ્રિય થઈ પડે છે.

સમષ્ટિપ્રેમ અને તેવડે ઉત્પન્ન થતો આત્મત્યાગ.

આપણે પ્રથમ સમષ્ટિ પર પ્રેમ કર્યાવિના વ્યષ્ટિને શી રીતે ચાહી શકીએ! ઈશ્વર એ સમષ્ટિ, સર્વ ભૂતાત્મા, સગુણ, પૂર્ણ બ્રહ્મ છે; અને જે જગત્ આપણે જોઈએ છીએ તે વ્યષ્ટિ અર્થાત્ વ્યક્તિઓનો સમૂહ છે. સમષ્ટિ કે જેની અંદર કોટયાવધિ નાનાં વ્યષ્ટિઓ રહેલી છે તેને ચાહવાથીજ સમગ્ર વિશ્વને ચાહી શકાય છે. ભારતવર્ષના દાર્શનિકો વ્યષ્ટિઓની આગળ થોભતા નથી; તેઓ વ્યષ્ટિઓ પ્રત્યે ક્ષણિક દ્રષ્ટિપાત કરે છે અને પછી તરતજ સમસ્ત વ્યષ્ટિ-

છે; અને ભક્તને મન વસ્તુતઃ આ પરાવિદ્યા અને તેની પરાભક્તિ વચ્ચે કાંઈ પણ ભેદ નથી. મુંડક ઉપનિષદ જણાવે છેઃ द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति। परा चैव अपरा च॥ तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधिगम्यते॥ " બ્રહ્મવિદો જણાવે છે કે જાણવા યોગ્ય બે પ્રકારની વિદ્યા છે, પરા અને અપરા. આમાંની અપરા વિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા (અર્થાત્ ઉચ્ચાર અને સ્વરનું શાસ્ત્ર), કલ્પ (યજ્ઞવિધિ), વ્યાકરણ, નિરુક્ત (શબ્દોની વ્યુત્પત્તિ અને અર્થ જણાવનારૂં શાસ્ત્ર), પિંગલ તથા જ્યોતિષનો સમાવેશ થાય છે; અને પરાવિદ્યા તે છે કે જે દ્વારા તે અક્ષર પરમાત્માનું જ્ઞાન થાય છે." આ પ્રકારે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે પરાવિદ્યા એ બ્રહ્મવિદ્યા છે. શ્રી ભાગવતમાં પરાભક્તિની વ્યાખ્યા આ પ્રમાણે આપી છેઃ "તેલની અખંડ ધારની પેઠે મન જ્યારે અખંડ ધારાથી પ્રભુનું ચિંતન કરે છે ત્યારે આપણને પરાભક્તિ પ્રાપ્ત થાય છે." મન અને હૃદય આ પ્રકારે અખંડ અનુરાગથી આસક્તતા રહિત બની સદા અરદા દૃઢતાપૂર્વક પ્રભુનું ચિંતન કરે એ વસ્તુતઃ મનુષ્યના ઇશ્વર પ્રત્યેના પ્રેમનું ઉચ્ચતમ સ્વરૂપ છે. ઇતર સર્વ પ્રકારની ભક્તિ આ ઉચ્ચતમ કોટિની અર્થાત્ પરાભક્તિ કે જે અનુરાગ પછી ઉત્પન્ન થયેલી (રાગાનુગા) ભક્તિ તરીકે પણ ઓળખાય છે તેની પ્રાપ્તિને માટે કેવળ પગથીઆ રૂપ છે. જ્યારે આ પરાભક્તિ એકવાર મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે તેનું મન નિરંતર ઈશ્વર ચિંતન જ કરે છે અને ઇતર કોઈ પણ વસ્તુનું સ્મરણ કરતું નથી. તે પોતાના મનમાં ઈશ્વરના વિચારો સિવાય કોઈ પણ વિચારોને સ્થાન આપતો

[illegible] નથી. [illegible]
[illegible] છે, [illegible] અને [illegible]
[illegible]
[illegible]
[illegible] નથી. [illegible]
[illegible] છે [illegible]
[illegible]
[illegible] છે. [illegible]
[illegible] અને [illegible]
[illegible] અને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પ્રબળ કરી શકાતી નથી [illegible] કે આત્માના અમુક [illegible]
[illegible] ભાગ [illegible] લાગણી, ઉત્કટ [illegible] છે, અને
તે [illegible] ઉચ્ચતમ [illegible] પ્રત્યક્ષ [illegible] આદર્શ [illegible]
પૂજા કરે [illegible] પૂર્ણમાં પૂર્ણ આદર્શ [illegible] નિયમ [illegible]
આદર્શ [illegible] છે [illegible] તેમના
[illegible] છે, [illegible] સહેલું [illegible] જો [illegible]
[illegible] કે [illegible] ભક્તિમાં [illegible]
પર [illegible] આવે છે પરંતુ [illegible] જગતનો [illegible]
[illegible] અત્યારના [illegible] છે, ન તેનાથી [illegible] જેવું
નથી. આપણામાં કેટલાક [illegible] હોય છે [illegible]
તેમનેજ આપણે આપણા આદર્શ [illegible] સાધારણ
રીતે તેની પૂજા કરે છે. [illegible] ઈશ્વરના [illegible] અને ઈશ્વરના
[illegible] તથા પૂર્ણમાં પૂર્ણ આદર્શની પૂજા કરતું નથી. પુરુષો
અને સ્ત્રીઓ સાધારણ રીતે તેમના પોતાના મનમાં રહેલા આપણું
આદર્શની પૂજા કરે છે. પ્રત્યેક વ્યક્તિ તેના પોતાના આદર્શ [illegible]
[illegible] છે અને તેનો [illegible] કરે છે.
[illegible] ઈશ્વર
[illegible] હોય છે તેઓ ઈશ્વરને ઈશ્વર [illegible] માને છે, કારણ કે
તેઓ માત્ર તેમના પોતાના ઉચ્ચતમ આદર્શ [illegible] થાય છે.
[illegible] સજ્જનો ઈશ્વરને સદ્ગુણનો ભંડાર માને છે અને ખરેખર
તેમનો તે આદર્શ ઉત્તમ છે

ભક્તનો ઈશ્વર એ પ્રત્યક્ષ પ્રમાણ છે.

જે બાબત સ્થાપિત [illegible] અને [illegible] વિચારો પર
થયો છે અને જો [illegible] પણ [illegible] નથી તેના આદર્શ શું

રીતેજ દિવ્ય વસ્તુઓનો વિચાર કરી શકે છે. અનેક પ્રકારના આ દિવ્ય પ્રેમને સમજવાનો અને તેનો અનુભવ લેવાનો પ્રાચીનકાળથી લખનાર કેટલાક મહાન લેખકોએ પ્રયત્ન કર્યો છે. આ પ્રેમનો જે વિશુદ્ધમાં નિકૃષ્ટ પ્રકારનો અનુભવ થાય છે તેને તેઓ શાંત અનુભવ કહે છે. એક માણસ જ્યારે તેનામાં પ્રેમની અગ્નિ પ્રકટ થયા વિના, તેના મસ્તિષ્કમાં તેનો ઉન્માદ ઉત્પન્ન થયા વિના ઈશ્વરની પૂજા કરે છે, તેનો પ્રેમ જ્યારે કેવળ શાંત, સાધારણ પ્રકારનો પ્રેમ હોય છે, જ્યારે તે માત્ર વિધિઓ, ક્રિયાઓ અને પ્રતિમાઓથી સ્હેજ ઉચ્ચતર ભૂમિકામાં હોવા છતાં તેનામાં તીવ્ર, સક્રિય પ્રેમનો ઉન્માદ લેશ પણ હોતો નથી ત્યારે તેનો પ્રેમ શાંત કહેવાય છે. શાંત પ્રકાર ધીમો, શાંત અને નમ્ર હોય છે. તેનાથી ઉચ્ચતર પ્રકાર દાસ્યનો છે. જ્યારે મનુષ્ય ધારે છે કે તે પ્રભુનો દાસ છે ત્યારે આ દાસ્ય ઉત્પન્ન થયું ગણાય છે. સ્વામિભક્ત એ પ્રમાણિક સેવકનો આદર્શ હોય છે. તેથી ઉચ્ચતર પ્રકાર વાત્સલ્ય અર્થાત્ ઈશ્વરને આપણા પિતા તરિકે નહિ; પરંતુ આપણા બાળક તરિકે ભાળવો એ છે. આ પ્રકાર વિચિત્ર જણાશે. પરંતુ ઈશ્વરની કલ્પનામાંથી સત્તાના સમસ્ત વિચારોને દૂર કરવાને આપણને શક્તિમાન કરવાને માટે આ એક ઉપાય છે. સત્તાના વિચારમાં ભય રહેલો છે. પ્રેમમાં લેશ પણ ભય હોવો ન જોઇએ. ચારિત્ર્ય રચનાને માટે પૂજ્યભાવ અને આજ્ઞાંકિતપણાના વિચારો આવશ્યક છે; પરંતુ જ્યારે ચારિત્ર્ય રચના પૂર્ણ થઇ હોય, જ્યારે પ્રકટે શાંત-નમ્ર ભક્તિનો આસ્વાદ ચાખ્યો હોય અને તેના તીવ્ર ઉન્માદનો પણ કાંઇક આસ્વાદ લીધો હોય ત્યાર પછી તે ઈશ્વરને બળવાન, ભવ્ય તેજસ્વી, વિશ્વેશ્વર, દેવોનો દેવ કલ્પવાની દરકાર કરતો નથી. ઈશ્વરની સાથે આ સત્તાની ભયોત્પાદક ભાવના જોડવાથી દૂર રહેવાને

આ મધુર પ્રકારમાં જગત આપણો ધર્મ છે. આપણે મરવું જ
જોઈએ; આ જગતમાં પુરુષ તેજ નહિ; પુરુષ માત્ર એકજ છે અને
તે તે, આપણો પ્રિયતમ છે. જે પ્રેમ પુરુષ સ્ત્રીને આપે છે અથવા
સ્ત્રી પુરુષને આપે છે તે સર્વ ભગવાનના ચરણને સમર્પિત કરવાનો
છે. જગતમાં આપણે પ્રેમના જે સમસ્ત ભિન્ન ભિન્ન પ્રકારો
જોઈએ છીએ અને જેમની સાથે આપણે થોડે ઘણે અંશે કેવળ
રમત રમીએ છીએ તેમનું એકજ લક્ષ્ય છે અને તે ઈશ્વર છે. માત્ર
દુર્ભાગ્યવશાત્ જે અપાર સમુદ્રમાં પ્રેમની આ પ્રચંડ નદી નિરંતર
ધસ્યા કરે છે તેને મનુષ્ય ઓળખતો નથી; અને તેથી તે
મૂર્ખતાથી ઘણીવાર માનવ પ્રાણીઓરૂપી નાની ઢીંગલીઓ પ્રત્યે તેને
વાળવાનો પ્રયત્ન કરે છે. માનવ પ્રકૃતિમાં જે ઉગ્ર સંતાન પ્રેમ
હોય છે તે સંતાનરૂપી નાની ઢીંગલી પ્રત્યેનો પ્રેમ નથી; જો તે
પ્રેમ તમે અંધતાપૂર્વક અને સંપૂર્ણતઃ બાળકના શરીરનેજ સમ-
ર્પિત કરો તો પરિણામે તમને દુઃખજ ઉત્પન્ન થશે;
પરંતુ એવા દુઃખથી તમને બોધ થઇ અવશ્ય પ્રતીત થશે કે
તમારામાં જે પ્રેમ છે તે જો તમે કોઈ માનવ પ્રાણીને સમર્પિત
કરશો તો પરિણામે મોડા વહેલો તમને દુઃખ અને શોક ઉત્પન્ન
થશે. એટલા માટે જે સર્વોત્કૃષ્ટ છે, જે કદિ પણ મરણ પામતો નથી,
જે કદિ પણ પરિવર્તન પામતો નથી, જેના પ્રેમસાગરમાં કદિ
ભરતીઓટ થતી નથી, તેનેજ આપણે આપણો પ્રેમ સમર્પિત કરવો
જોઇએ. સમસ્ત નદીઓ મહાસાગરમાંજ ખાલી થાય છે. પર્વતની
બાજુ પરથી પડતું જલબિંદુ પણ એકાદ વહેળા અથવા નદીમાં
પ્રવેશ્યા પછી તે ગમે તેટલું મોટું હોય તો પણ અટકી શકતું નથી;
અને તે જલબિંદુ પણ કોઈક પ્રકારે સમુદ્રમાંજ પહોંચી જાય છે. તેજ
પ્રમાણે ઈશ્વર એકજ માત્ર આપણી સમસ્ત આસક્તિઓ અને ભાવ-

તે છતાં હું મારી જાતને તેનાથી પૃથક્ રાખીશ કે જેથી હું મિષ્ટા-ન્નનો ઉપભોગ કરી શકું." આ પ્રમાણે ભક્ત કહે છે. પ્રેમને ખાતર પ્રેમ કરવો એ તેનો ઉંચામાં ઉંચો આનંદ છે. પ્રિયતમને ભેટ-વાને માટે સહસ્રવાર મરીએ અને પછી કોણ નહિ જાય છે! કોઈ પણ ભક્ત પ્રેમ સિવાય, પ્રેમ આપવો અને લેવો એ સિવાય કોઈ પણ વસ્તુની દરકાર કરતો નથી. તેનો અપાર્થિવ પ્રેમ નદીના પ્રવા-હની સામે જતી ભરતી સમાન છે; આ પ્રેમી નદીના પ્રવાહની સામે જાય છે. જગત્ તેને ઉન્મત્ત કહે છે.

પેલા જેને ઉન્મત્ત કહેતા હતા એવા એક માણસને હું ઓળખું છું અને તેનો પ્રત્યુત્તર આ હતો કે, "મારા મિત્રો, સમગ્ર જગત્ એક દિવાનાશાળા છે; કેટલાક માણસો પાર્થિવ પ્રેમને માટે ઉન્મત્ત હોય છે, કેટલાક નામનાને માટે, કેટલાક કીર્તિને માટે, કેટલાક દ્રવ્યને માટે, કેટલાક મુક્તિને માટે અને કેટલાક સ્વર્ગમાં જવાને માટે ઉન્મત્ત હોય છે. આ પ્રચંડ દિવાનાશાળામાં હું પણ એક દિવાનો માણસ છું અને હું ઈશ્વરને માટે ઉન્મત્ત બનેલો છું. જો તમે દ્રવ્યને માટે ઉન્મત્ત છો તો હું ઈશ્વરને માટે ઉન્મત્ત છું. જેમ તમે ગાંડા છો તેમ હું પણ ગાંડો છું. છતાં હું ધારું છું કે નિદાન મારી ઘેલછા સર્વોત્કૃષ્ટ છે." ખરા ભક્તનો પ્રેમ એ આ પ્રકારનો તીવ્ર ઉન્માદ છે કે જેની આગળ તે બીજી કોઈ પણ વસ્તુને જોતો નથી. તેને મન સમગ્ર વિશ્વ કેવળ પ્રેમ અને પ્રેમથીજ ભરેલું છે; ભક્ત તેને આજ દૃષ્ટિથી જુએ છે. માટે એક માણસને જ્યારે આ પ્રકારનો પ્રેમ પ્રાપ્ત થાય છે ત્યારે તે સદાને માટે સૌભાગ્યશાળી અને સદાને માટે સુખી થાય છે; કેવલ દિવ્યપ્રેમનો આ મંગલમય ઉન્માદજ આપણામાં જે પ્રાપંચિક રોગ છે તેની સદાને માટે નિવૃત્તિ કરી શકે છે. આવા ભક્તની ઇચ્છા અને સ્વાર્થિતા અદૃશ્ય થઈ

ભક્તિયોગપર ભાષણો.

પ્રાથમિક સાધના.

ભક્તિયોગની ઉત્તમોત્તમ વ્યાખ્યા કદાચ આ શ્લોકમાં સમાવિષ્ટ કરેલી છે. "બુદ્ધિહીન મનુષ્યો જે અમર પ્રેમ ઇંદ્રિયોના ક્ષણિક વિષયોને માટે ધરાવે છે તેવોજ પ્રેમ હું કે જે તને શોધું છું તેના પ્રતી આ હૃદયમાં પ્રકટી રહેજો." જે મનુષ્યોને કોઇ ઉચ્ચતર પ્રેમનો પરિચય હોતો નથી તેઓ ઇંદ્રિયોના વિષયોને માટે, ધન, વસ્ત્ર, પત્ની, બાળકો, મિત્રો અને સંબંધીજન માટે કેવો દૃઢ પ્રેમ ધરાવે છે તે આપણે જાણીએ છીએ. તેઓ આ વસ્તુઓ પ્રત્યે કેટલી બધી દૃઢ આસક્તિ ધરાવે છે તે આપણે જાણીએ છીએ. તેઓ આ વસ્તુઓ પ્રત્યે કેટલી બધી દૃઢ આસક્તિ ધરાવે છે! એટલા માટે ઉપરોક્ત પ્રાર્થનામાં ઋષિ કહ્યું છે કે, "હું માત્ર તારા પ્રત્યે તે આસક્તિ, તે દૃઢ અનુરાગ ધરાવીશ." આ પ્રેમ જ્યારે ઈશ્વરને અર્પણ કરવામાં આવે છે ત્યારે તે ભક્તિ કહેવાય છે. ભક્તિ વિધ્વંસક નથી, તે આપણને એવો બોધ આપે છે કે આપણી એક પણ શક્તિ આપણને વ્યર્થ આપવામાં આવી નથી અને તેમાંજ મુક્તિ પ્રાપ્ત કરવાનાં નૈસર્ગિક સાધનો છે. ભક્તિ આપણી વૃત્તિઓનો નાશ કરતી નથી—તે પ્રકૃતિના સામે થતી નથી તે માત્ર તેને ઉચ્ચતર અને વિશેષ બળવાન માર્ગ તરફ વાળે છે. આપણે ઇંદ્રિયોના વિષયોને કેટલી સ્વાભાવિકતાથી ચાહીએ છીએ. આપણે તેમને ચાહ્યા વિના રહી શકતા નથી, કારણ કે આપણને તેમનો પ્રત્યક્ષ અનુભવ હોય છે. સાધારણ રીતે ઉચ્ચતર વસ્તુઓનો આપણને કોઇજ પ્રત્યક્ષ અનુભવ હોતો નથી પરંતુ જ્યારે એક મનુ-



આહાર મનમાં અમુક પરિવર્તન ઉત્પન્ન કરે છે; નિત્ય આપણને
આ વાતનો અનુભવ થાય છે. કેટલાક પ્રકારના આહારો પ્રથમ
શરીરમાં પરિવર્તન ઉત્પન્ન કરે છે અને દીર્ઘ સમયે મનપર પણ
અસર કરે છે. આ એક મહાન બોધનો વિષય છે; આપણાં
ઘણાં દુઃખોની ઉત્પત્તિ આપણા આહાર કારણે થાય છે. તમને
અનુભવ જ છે કે ભારે અને અપચનીય પદાર્થ ખાધા પછી મનઃ
સંયમ કરવો અતિ કઠિન થઇ પડે છે અને મન સઘળો વખત
ભમતું રહે છે. કેટલાક પ્રકારના આહારો મનને ઉશ્કેરે છે. જો
તમે આવા પદાર્થો ભક્ષણ કરો તો તમને પ્રતીત થશે કે તમે મનઃ
સંયમ કરી શકતા નથી. આ દેખીતી વાત છે કે એક માણસ જ્યારે
પુષ્કળ દારૂ અથવા બીજા કેફી પીણાં પીએ છે ત્યારે તે મનઃસંયમ
કરી શકતો નથી, તેનું મન તેના અંકુશમાંથી પલાયન કરી જાય છે.
રામાનુજના મત પ્રમાણે આહારની બાબતમાં આપણે ત્રણ વસ્તુઓનો
ત્યાગ કરવો જોઇએ. પ્રથમ આહારની જાતિ અથવા પ્રકારનો વિચાર
કરવો જોઇએ, સમસ્ત ઉત્તેજક આહારનો ત્યાગ કરવો જોઇએ.
ઉદાહરણાર્થે, માંસનો ત્યાગ કરવો જોઇએ, કારણ કે તે સ્વતઃ
અશુદ્ધ હોય છે. તેને આપણે માત્ર અન્ય પ્રાણીનું જીવન લઇનેજ
પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે એક ક્ષણ પર્યંત આનંદ મેળવીએ
છીએ અને અન્ય પ્રાણીને તે આનંદ આપણને આપવાને માટે
પોતાના જીવનનું બલિદાન આપવું પડે છે. એટલુંજ નહિ પરંતુ
આપણે અન્ય માનવ પ્રાણીઓને પતિત બનાવીએ છીએ. પ્રત્યેક
માંસાહારી પોતે જો પશુનો વધ કરે તો તો ન્યાયે ઠીક પરંતુ તેમ
કરવાને બદલે સમાજ એક વર્ગના માણસો પાસેજ પોતાને માટે
તે કાર્ય કરાવે છે અને તેઓ તે કાર્ય કરે છે તે માટે તેમનો તિર-
સ્કાર કરે છે. ઇંગ્લાંડમાં કોઇ પણ ખાટકી જ્યુરીમાં નિયુક્ત થઇ

આહાર મનમાં અમુક પરિવર્તન ઉત્પન્ન કરે છે; નિત્ય આપણને આ વાતનો અનુભવ થાય છે. કેટલાક પ્રકારના આહારો પ્રથમ શરીરમાં પરિવર્તન ઉત્પન્ન કરે છે અને કોઈ સમયે મનપર પણ પ્રચંડ અસર કરે છે. આ એક મહાન મોક્ષનો વિષય છે; આપણાં ઘણાં દુઃખોની ઉત્પત્તિ આપણા આહાર દ્વારાજ થાય છે. તમને ખબર જ છે કે જ્યારે અને અપચનીય પદાર્થ ખાધા પછી મનઃસંયમ કરવો અતિ કઠિન થઈ પડે છે અને મન સર્વથા [illegible] અમસ્તું રહે છે. કેટલાક પ્રકારના આહારો મનને ઉશ્કેરે છે. જો તમે આવા પદાર્થો ભક્ષણ કરો તો તમને પ્રતીત થશે કે તમે મનઃસંયમ કરી શકતા નથી. આ દેખીતી વાત છે કે એક માણસ જ્યારે પુષ્કળ દારૂ અથવા ઇતર કેફી પીણું પીએ છે ત્યારે તે મનઃસંયમ કરી શકતો નથી; તેનું મન તેના અંકુશમાંથી પલાયન કરી જાય છે. રામાનુજના મત પ્રમાણે આહારની બાબતમાં આપણે ત્રણ વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ. પ્રથમ આહારની જાતિ અથવા પ્રકારનો વિચાર કરવો જોઇએ. સમસ્ત ઉત્તેજક આહારનો ત્યાગ કરવો જોઇએ. ઉદાહરણાર્થે, માંસનો ત્યાગ કરવો જોઇએ, કારણ કે તે સ્વતઃ અશુદ્ધ હોય છે. તેને આપણે માત્ર અન્ય પ્રાણીનું જીવન હરીને પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે એક ક્ષણ પર્યંત આનંદ મેળવીએ છીએ અને અન્ય પ્રાણીને તે આનંદ આપણને આપવાને માટે પોતાના જીવનનું બલિદાન આપવું પડે છે. એટલુંજ નહિ પરંતુ આપણે અન્ય માનવ પ્રાણીઓને પતિત બનાવીએ છીએ. પ્રત્યેક માંસાહારી પોતે જો પશુનો વધ કરે તો તો જાણે ઠીક; પરંતુ તેમ કરવાને બદલે સમાજ એક વર્ગના માણસો પાસેજ પોતાને માટે તે કાર્ય કરાવે છે અને તેઓ તે કાર્ય કરે છે તે માટે તેમનો તિરસ્કાર કરે છે. ઇંગ્લાંડમાં કોઈ પણ ખાટકી જ્યુરીમાં નિયુક્ત થઈ

કારણ તેમનો ક્રોધ લાગશે. ત્યાર પછી નિમિત્તનો વિચાર કરવાનો છે. બજારમાં બળ તથા કચરો હોવો ન જોઈએ. ખાદ્ય પદાર્થોને મનુષ્યોથી લાળીને પીવા વિના એઠવાડ ખાવા ન જોઈએ. વળી આપણે મુંડ વગેરે ઉપર પણ સંભાળ રાખવી જોઈએ. ઘણાં તરફ ઓળખાતી કોઈ પણ ચીજને સ્પર્શ કરવો ન જોઈએ. કોલેરાના જંતુ તથા પ્લેગ એ શરીરનો ખુણો ખુ લાગ છે અને મુખ રસની બહારના વૃત્તિઓપર પણ સ્વેચ્છાથી અસર થાય છે. માટે તેના સ્પર્શને લાગ પુણ્યજનક નહિ, પરંતુ ભયંકર સમજવા જોઈએ. વળી બીજાનો બાકીનો ખોરાક આપણે ખાવો ન જોઈએ. જ્યારે આવી વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે ત્યારેજ આહાર શુદ્ધ બને છે. શુદ્ધ આહારથી મન શુદ્ધ બને છે અને શુદ્ધ મનથી નિરંતર ઈશ્વરનું સ્મરણ થયા કરે છે.

આજ વિષયના સબંધમાં એક અન્ય ભાષ્યકારે શું કહ્યું છે તે આપણે જોઈએ. તે જણાવે છે કે જ્યારે આહાર શુદ્ધ હોય છે ત્યારે મન પવિત્ર બને છે, અને જ્યારે મન પવિત્ર હોય છે ત્યારે સદા ઈશ્વરનું સ્મરણ રહે છે. શંકરાચાર્ય કેવળ ભિન્નદૃષ્ટિબિંદુથી જુએ છે. ખોરાક માટેના આ શબ્દનો અર્થ સંસ્કૃતમાં સંચય કરવો, સંગ્રહ કરવો એવો થાય છે. અને શંકરાચાર્ય શું વ્યાખ્યા કરે છે? તે જણાવે છે કે આહાર જ્યારે શુદ્ધ હોય ત્યારે મન શુદ્ધ બને છે, એનો વાસ્તવિક અર્થ એ છે કે આપણે ઇંદ્રિયોના દાસ બની જઈએ નહિ એટલા માટે આપણે નીચલી વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. આપણે પ્રથમ આસક્તિનો ત્યાગ કરવો જોઈએ; આપણે ઈશ્વર અતિરિક્ત કોઈ પણ વસ્તુપર અત્યંત અનુરાગ રાખવો ન જોઈએ. પ્રત્યેક વસ્તુ જુઓ, પ્રત્યેક કાર્ય કરો, પરંતુ કોઈ પણ વસ્તુપર આસક્તિ રાખો નહિ. અત્યંત અનુરાગ ઉત્પન્ન થાય છે કે

તે મુક્ત કરતા રહીએ છીએ. જ્યારે અત્યંત અનુરાગ, ક્રોધ અથવા ભ્રમ વિના ઇંદ્રિયો જગતમાં કામ કરે છે ત્યારે એ કામ અર્થાત્ ભાવોનો સંગ્રહ, શંકરાચાર્યના મત પ્રમાણે શુદ્ધ આહાર કહેવાય છે. જ્યારે શુદ્ધ આહાર લેવામાં આવે છે ત્યારે મન આસક્તિ, ક્રોધ કે ભ્રમ વિના વિષયોને ગ્રહણ કરવાને અને તેમને વિષે વિચાર કરવાને શક્તિમાન થાય છે, ત્યારે મન વિશુદ્ધ બને છે અને ત્યારે તેમાં નિરંતર પ્રભુનું સ્મરણ રહ્યા કરે છે.

સર્વથા સ્વાભાવિક રીતેજ આપણે કહીશું કે શંકરાચાર્યની વ્યાખ્યા સર્વોત્તમ છે, પરંતુ હું ટિપ્પણીમાં જણાવવાની ઇચ્છા રાખું છું કે આપણે રામાનુજની વ્યાખ્યા પ્રત્યે પણ દુર્લક્ષ કરવું ન જોઈએ. જ્યારે તમે પ્રત્યક્ષ ભૌતિક આહારની સંભાળ લેશો ત્યારે જ માત્ર તમને તેની પ્રાપ્તિ થશે. મન એ સ્વામી છે એ વાત સત્ય છે; પરંતુ ઇંદ્રિયોથી બદ્ધ ન હોય એવા માણસો ઘણા થોડા હોય છે. સર્વ માણસોની ઉપર ભૌતિક વસ્તુઓની સત્તા રહેલી છે અને જ્યાં સુધી એ પદાર્થોની સત્તા આપણી ઉપર હોય ત્યાં સુધી આપણે સ્થૂલ પદાર્થોની સહાય લેવી જોઈએ અને આપણે જ્યારે દૃઢ બન્યા હોઈએ ત્યારે આપણે ગમે તે વસ્તુ ખાઈ કે પી શકીએ છીએ. ખાનપાનના સબંધમાં સંભાળ રાખવાના વિષયમાં આપણે રામાનુજનું અનુસરણ કરવું જોઈએ; તેની સાથેજ આપણે આપણા માનસિક આહારના સંબંધમાં પણ સંભાળ લેવી જોઈએ. ભૌતિક આહારના સંબંધમાં સંભાળ લેવી બહુ સહેલી છે; પરંતુ તેની સાથેજ માનસિક કાર્ય પણ કરવું જોઈએ. ત્યાર પછી શનૈઃ શનૈઃ આપણું મન અધિકાધિક દૃઢ થતું જશે અને શરીરની સત્તા ન્યૂન થતી જશે. ત્યાર પછી તમને આહાર કોઈ પણ હાનિ કરશે નહિ. ખરો ભય એ છે કે પ્રત્યેક માણસ કૂદકો મારીને ઉચ્ચતમ આદર્શ

કલ્યાણ કરવામાં મદદ કરે તો તે ઘણો ઉપયોગી છે; પરંતુ જો તે તેમ ન કરે તો તે માત્ર ભ્રાંતિનો પુંજ છે અને આપણે તેને અધિક શીઘ્રતાથી તેનો નાશ કરીએ તેમ તે અધિક સારૂં થાય છે.

ત્યાર પછીનું સાધન અભ્યાસ છે. મનમાં હમેશાં પ્રભુનું ચિંતન રહેવું જોઈએ. અને કોઈ પણ વસ્તુને પ્રભુ ચિંતન કરતાં અટકાવવાનો કોઈ પણ અધિકાર નથી. તેણે નિરંતર પ્રભુ ચિંતન કરવું જોઈએ. જો કે આ અતિ કઠિન કાર્ય છે; છતાં તે આગ્રહયુક્ત અભ્યાસદ્વારા થઈ શકે છે. આપણી વર્તમાન સ્થિતિ એ આપણા ગત અભ્યાસનું પરિણામ છે. વળી અભ્યાસદ્વારાજ આપણને આપણી સારી સ્થિતિ પ્રાપ્ત થશે. માટે અન્ય પ્રકારનો અભ્યાસ કરો, એક પ્રકારના માર્ગે જવાથી આપણે આ માર્ગે આવ્યા છીએ, હવે અન્ય માર્ગે વળો અને જેમ બને તેમ શીઘ્ર આ માર્ગથી બહાર નીકળી જાઓ. ઇંદ્રિયોનું ધ્યાન ધરવાથી આપણે પતિત થઈને અહીંઆં આવ્યા છીએ, આપણે એક ક્ષણે રૂદન કરીએ છીએ અને બીજી ક્ષણે હર્ષ પામીએ છીએ! આપણે પ્રત્યેક પવન લહરિની દયાપર જીવીએ છીએ, આપણે પ્રત્યેક વસ્તુના દાસ બની ગયા છીએ! આ લજ્જાજનક સ્થિતિ છે અને તે છતાં આપણે આપણી જાતને આત્મા કહીએ છીએ! અન્ય માર્ગે જાઓ, ઇશ્વરનું ચિંતન કરો; મનને કોઈ પણ ભૌતિક વા માનસિક વિષયોપભોગનું ચિંતન ન કરવા દો, પરંતુ તેને માત્ર ઇશ્વરનુંજ ધ્યાન ધરવા દો. જ્યારે તે કોઈ ઇતર વિષયનું ચિંતન કરવાનો પ્રયત્ન કરે ત્યારે તેને સારી રીતે તાડન કરો, કે જેથી તે પાછું ઇશ્વર ચિંતન કરે. જેવી રીતે એક પાત્રમાંથી અન્ય પાત્રમાં રેડવામાં આવતું તેલ એક અખંડ ધારાથી પડે છે અને જે પ્રકારે દૂરથી આવતા અવાજો એક અખા-ંડિત ધ્વનિ તરીકે આપણા કર્ણપટપર અથડાય છે તે પ્રમાણે

ઘર પૂજા, દેવપૂજા અથવા યજ્ઞ પૂજા છે. તૃતીય યજ્ઞ આપણા પિતૃઓ પ્રત્યેનું આપણું કર્તવ્ય છે. ચતુર્થ યજ્ઞ માનવ પ્રાણીઓ પ્રત્યેનું આપણું કર્તવ્ય છે. એક મનુષ્ય જ્યાં ભૂખ્યો રહે, અથવા આવશ્યકતાવાળા કોઈ પણ મનુષ્યને માટે ઘર બંધાવે નહિ ત્યાં સુધી તેને ઘર ઘરમાં રહેવાનો કોઈ પણ અધિકાર નથી. ગૃહસ્થનું ઘર પ્રત્યેક દીન અને દુઃખી મનુષ્યને માટે ખુલ્લું હોવું જોઈએ; ત્યારેજ તેને ખરો ગૃહસ્થ કહી શકાય. જો તે માત્ર પોતાના અને પોતાની પત્નીના ઉપભોગને માટેજ ઘર બંધાવે તો તે કદિ પણ ઈશ્વર ભક્ત બનશે નહિ. કોઈ પણ મનુષ્યને માત્ર પોતાની જાતને માટેજ રસોઈ કરવાનો અધિકાર નથી; રસોઈ અન્યોને માટે છે અને તેનો શેષ રહેલો અંશજ તેણે ગ્રહણ કરવો જોઈએ. ભારતવર્ષમાં આ એક સાધારણ રિવાજ છે કે જ્યારે કેરી વગેરે ઋતુની પેદાશ પ્રથમવાર બજારમાં આવે છે ત્યારે લોકો તેમાંના કેટલાંક ફળો ખરીદે છે અને ગરીબોને આપે છે. ત્યાર પછીજ તેઓ તેમને ખાય છે અને આ દેશના લોકોને અનુસરવા યોગ્ય આ બહુ સારૂં ઉદાહરણ છે. આ રિવાજ મનુષ્યોને નિઃસ્વાર્થ બનાવશે અને તેની સાથેજ તેમની પત્ની અને બાળકોને માટે ઉત્તમ પદાર્થપાઠ થઈ પડશે. પ્રાચીન કાળમાં હિન્દુઓ ધાર્મિક ફળો ઈશ્વરને સમર્પણ કરતા. પ્રત્યેક નવી વસ્તુ અતિથિઓને આપવી જોઈએ; આપણો માત્ર અવશેષ ઉપરજ અધિકાર છે. અતિથિઓ ઈશ્વરના પ્રતિનિધિઓ છે. પ્રત્યેક દુઃખી માણસ ઈશ્વરનો પ્રતિનિધિ છે. જે અન્યને આપ્યા વિના જમે છે તે પાપકર્મ કરે છે. પંચમ યજ્ઞ નિકૃષ્ટ કોટિનાં પશુઓ પ્રત્યેનો આપણો ધર્મ છે. સમસ્ત પશુઓ મનુષ્યોને માટેજ ઉત્પન્ન કરવામાં આવ્યાં છે અને મનુષ્યો તેમને મારી શકે અને તેમનો ફાવે તેવો ઉપયોગ કરી શકે એમ કહેવું અતિ દુષ્ટતા ભરેલું છે. આ આસુરી ઉદ્ગાર છે,

રહે. જે થોડા સંતાનોના મોહમાં બદ્ધ થઈને દાન કરી શકતા
નથી તેઓને તે માટે સહન કરવું પડશે. શું જગતમાં પૂરતા બાળકો
નથી? આમ સ્વાર્થી માણસ કહે છે કે "મને પોતાને સંતાન હોય
તો સારું." ત્યારપછી અનવસાદ (એનો શાબ્દિક અર્થ બેસી ન
રહેવું. નિરાશ-હતાશ ન થવું એ છે.) અર્થાત્ આનંદીપણું છે.
નિરાશા ધારણ કરવી એ ઈતર ગમે તે હો; પરંતુ ધાર્મિક કૃત્ય
નથી. નિરંતર આનંદીપણું એ કોઈ પણ પ્રાર્થના કરતાં આપણને
ઈશ્વરની વધુ નિકટ લઈ જાય છે. જે માણસો નિરંતર ઉદાસ અને
મંદ હોય છે તેઓ પ્રેમ શી રીતે કરી શકે! જો તેઓ પ્રેમની
વાત કરતા હોય તો તે અસત્ય છે; તેઓ અન્યોને હાનિ કરવા
ચાહે છે. ધર્માંધોનો વિચાર કરો; તેઓ ચઢેલાં મુખ રાખે છે અને
જગતમાં અન્યોની સામે લડવું અને વઢવું એજ કેવળ તેમનો ધર્મ
હોય છે! ભૂતકાળમાં તેમણે શું કર્યું છે અને વર્તમાનકાળમાં જો
તેમને છૂટા મૂકી દેવામાં આવે તો તેઓ શું કરે તેનો વિચાર કરો.
જો તેમને સમગ્ર જગતને રક્તના સાગરમાં ડૂબાડી દેવાથી સત્તા
મળતી હોય તો તેઓ કાલે તેમ કરે. સત્તાની પૂજા કરી અને મોઢાં
ચઢાવીને તેઓ પોતાનાં અન્તઃકરણમાંથી પ્રેમનો પ્રત્યેક અંશ
ગુમાવી દે છે. એટલા માટે જે માણસ સદા ઉદાસ રહે છે તે કદિ
પણ ઈશ્વર પ્રાપ્તિ કરશે નહિ. "હું મહા દુઃખી છું" એમ કહેવું
એ ધર્મકૃત્ય નથી, પરંતુ પાપી કૃત્ય છે. પ્રત્યેક મનુષ્યને તેનો
પોતાનો બોજો ઉપાડવાનો હોય છે. જો તમે દુઃખી હો તો સુખી
થવાનો પ્રયત્ન કરો, દુઃખને જીતી લેવાનો પ્રયત્ન કરો.

દુર્બળને કદિ પણ ઈશ્વર પ્રાપ્ત થતો નથી. કદિ પણ દુર્બળ
થશો નહિ. તમારે મજબુત થવું જોઈએ. તમારામાં અપાર બળ
રહેલું છે. વળી તેની સાથેજ તમારે ઉદ્દર્ષ અર્થાત્ આનંદાતિરેકનો

પ્રત્યક્ષ હોય છે અને વસ્તુતઃ આપણને ઇન્દ્રિયદ્વારા મળતા બોધ પૈકી એક બોધ આ છે કે એક પ્રજા જેમ સુધરતી જાય છે તેમ તેના દાંતતંતુઓની રચના સૂક્ષ્મતર થતી જાય છે અને તે શરીરે દુર્બલ બનતી જાય છે. એક જંગલી જાતિને સુધારો એટલે આજ ઘરના તમામ ભેગામાં આવ્યો; બીજી જંગલી જાતિ આવી અને તેને હરાવી ગઈ. આમ હમેશાં જંગલી જાતિનોજ વિજય થયો છે. માટે આપણે જોઈએ છીએ કે જો આપણું સઘળો વખત કેવળ ઇન્દ્રિય વિલાસ ભોગવવાનીજ ઇચ્છા રાખીએ તો આપણે પતિત સ્થિતિ પામી રિબાઈને પ્રાણ ખોઈએ છીએ. એક માણસ જ્યારે એમ કહે કે જ્યાં તેને ઇન્દ્રિય વિલાસનો ખૂબ મળી શકે એવા સ્થાને તે જવા માગે છે, ત્યારે તે શાની માગણી કરે છે તે તે જાણતો નથી, ઇન્દ્રિયોપભોગનું ખરૂં સુખ તેને પ્રાપ્ત પણ અનશ્વર મળી શકશે.

ઇન્દ્રિયગ્રામાથી પરિપૂર્ણ એવા સ્વર્ગની ઇચ્છા રાખનાર માણસોની પણ આજ સ્થિતિ છે. તેઓ ઇન્દ્રિયોના કાદવમાં પડેલાં અને તેનાથી અતીત એવી કોઈ પણ વસ્તુ જોવાને અશક્ત એવા ડુક્કરો સમાન છે. તેઓ ઇન્દ્રિય વિલાસ ઇચ્છે છે અને તેમને મન તે સુખવાળો એ સ્વર્ગ સુખાવહ સમાન છે! આ માણસ કદિ પણ સાચા જ્ઞાની બની શકતા નથી. તેઓ કદિ પણ ઈશ્વરની સાચી ભક્તિ કરી શકતા નથી. તે જ્યાં જો કોઈ સ્વર્ગદર્શન આ નિરૂપ આદર્શનું અનુકરણ કરવામાં આવે તો તે પણ વખત જતાં પરિવર્તિત થઈ જશે. પ્રત્યેક મનુષ્યને પ્રતીત થશે કે તેનાથી મહાન એવી કોઈક ઉચ્ચતર વસ્તુ છે અને તેથી આ જીવન તથા ઇન્દ્રિયોના વિષયે પ્રત્યેનો અનુરાગ ધીમે ધીમે નષ્ટ થઈ જશે. જ્યારે હું નાનો બાળક હતો અને શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે મારે કોઈ વિદ્યાર્થીને મારે એક બીજા વિદ્યાર્થીની સાથે કજીયો થઈ હતો અને તે વિદ્યા-

ઈશ્વર કરતાં ઉચ્ચતર એવી કોઈ વસ્તુની આપણે કદિ પણ કલ્પના કરી શકતા નથી; કારણ કે ઈશ્વર પૂર્ણ છે. પ્રેમાનંદ કરતાં ઉચ્ચતર એવા કોઈ આનંદની આપણે કલ્પના કરી શકતા નથી. પરંતુ આ પ્રેમ શબ્દના અર્થો ભિન્ન ભિન્ન છે. સંસારનો સાધારણ સ્વાર્થી પ્રેમ એ એનો અર્થ થતો નથી. એને એ પ્રેમની સંજ્ઞા આપવી એ એની નિંદા કરવા સમાન છે. આપણાં સંતાનો અને આપણી પત્નીઓ પ્રત્યેનો પ્રેમ એ કેવલ પાશવ પ્રેમ છે; જે પ્રેમ સંપૂર્ણતઃ નિઃસ્વાર્થ હોય તેજ માત્ર સત્ય પ્રેમ છે અને ઈશ્વર પ્રેમ એજ તેવો પ્રેમ છે. એ પ્રેમ પ્રાપ્ત કરવો અતિ કઠિન છે. આ સમસ્ત ભિન્ન ભિન્ન પ્રકારના પ્રેમમાંથી સંતાન પ્રેમ, પિતૃપ્રેમ, માતૃપ્રેમ આદિમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. આપણે પ્રેમની શક્તિનો ધીમેથી ઉપયોગ કરીએ છીએ; પરંતુ આપણામાંના ઘણા કદિ પણ તે દ્વારા કાંઈ બોધ લેતા નથી. આપણે એક કમને, એક વ્યક્તિને વળગી રહીએ છીએ. કેટલાક માણસો આ બંધનમાંથી બહાર નીકળે છે. મનુષ્યો આ જગતમાં હમેશાં કામિની, કાંચન અને કીર્તિની પાછળ દોડયા કરે છે. કેટલીકવાર તેમનાં મસ્તકપર અતિ સખ્ત પ્રહાર થાય છે અને વસ્તુતઃ આ જગત્ શું છે તેની તેમને પ્રતીતિ થાય છે. આ જગતમાં કોઈ માણસ વસ્તુતઃ ઈશ્વર અતિરિક્ત કોઈ વસ્તુને ચાહી શકતો નથી. મનુષ્યને પ્રતીત થાય છે કે માનવપ્રેમ સંપૂર્ણતઃ પોકળ છે. મનુષ્યો જો કે પ્રેમની વાતો કરે છે તો પણ તેઓ પ્રેમ કરી શકતા નથી. પત્ની કહે છે કે તે પોતાના પતિને ચાહે છે અને તેને ચુંબન કરે છે; પરંતુ તે મરણ પામે છે કે તરતજ તેની સંપત્તિ કેટલી છે અને બીજે દિવસે પોતે શું કરવું એજ વિચાર તેના મનમાં પ્રથમ આવીને ઉભો રહે છે! પતિ પત્નીને ચાહે છે, પરંતુ જ્યારે તે રોગગ્રસ્ત થાય છે અને પોતાનું સૌંદર્ય ગુમાવી દે છે

આપણે સર્વ પ્રયાસ કરનારાં બાળકો છીએ. ઘણાખરા મનુષ્યો જે અર્થનો વ્યાપાર કરે છે. આ વાત સત્ય છે કે એક અનાદિમાં પ્રથમ જગતમાં આવા બાળકો થોડા જન્મે છે; પરંતુ સર્વ જણે તે પ્રકારની ઈશ્વર ભક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. કદાચ તમે કે હું આવા ભક્ત નિવડવાના હોઈએ તેની કોને ખબર છે? માટે આપણે પ્રયાસ કરવો જોઈએ. આપણે કહીએ છીએ કે એક પત્ની તેના પતિને ચાહે છે, તે ધારે છે કે તેનો પ્રથમ આત્મા તેનામાં નિમગ્ન હતો છે. એક સંતાનની પ્રાપ્તિ થાય છે અને તેનો અર્ધો ભાગ કિંવા તેથી વિશેષ તે સંતાનાર્પિત થાય છે. સ્વયં તે બાઈને પ્રતીત થશે કે તે હવે પૂર્વવત પતિને ચાહતી નથી. પિતાના સંબંધમાં પણ આમજ બને છે. આપણને હમેશાં પ્રતીત થાય છે કે આપણને જ્યારે પ્રેમના વિશેષ સારા વિષયો પ્રાપ્ત થાય ત્યારે આપણો પૂર્વીય પ્રેમ ધીમે ધીમે અદ્રશ્ય થઈ જાય છે. શાળામાં અભ્યાસ કરતા બાળકો ધારે છે કે તેમના કેટલાક સહાધ્યાયીઓ તેમના જીવનના પ્રિયમાં પ્રિય મિત્રો છે અથવા તેમનાં માતા પિતા તેમને સૌથી વિશેષ પ્રિય છે. ત્યાર પછી તેઓ પતિ અથવા પત્ની બને છે અને તરતજ જૂની લાગણી અદ્રશ્ય થઈ જાય છે અને નવીન પ્રેમ સૌથી વિશેષ પ્રબલ બને છે. એક નક્ષત્રનો ઉદય થાય છે, પછી તે કરતાં મોટું એવું બીજું નક્ષત્ર ઉદિત થાય છે અને ત્યાર પછી તેથી પણ મોટા નક્ષત્રનો ઉદય થાય છે; અને અંતે સૂર્યોદય થાય છે અને સમસ્ત મંદ પ્રકાશવાળા ગ્રહો અદ્રશ્ય થઈ જાય છે. તે સૂર્ય ઈશ્વર છે. નક્ષત્રો એ નાના નાના પ્રેમો છે. મનુષ્ય જ્યારે આ સૂર્ય પ્રકાશ જુએ છે ત્યારે તે ઉન્મત્ત બની જાય છે. ઇમર્સન જેને "ઈશ્વરોન્મત્ત મનુષ્ય (a God-intoxicated man)" કહે છે તેવો તે પોતે બની જાય છે. મનુષ્ય પરિવર્તિત

આપણે સર્વ પ્રયાસ કરવો જ જોઈએ. અજ્ઞાની મનુષ્યો જે ધર્મનો આરંભ કરે છે, આ વાત સત્ય છે કે એક ઉચ્ચબિન્દુમાં પ્રથમ જગતમાં આવતા ઘણી પીડા ભોગવે છે; પરંતુ સર્વ જીવે તે પ્રકારની ઈશ્વર ભક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. કદાચ તમે કહો કે હું આવા બાળ નિવારવાના દૃષ્ટિએ તેવી રીતે ભજતા છે! માટે આપણે પ્રયાસ કરવો જોઈએ. આપણે કહીએ છીએ કે જે પત્ની તેના પતિને ચાહે છે, તે પ્યારે છે કે તેનો પ્રથમ આત્મા તેનામાં નિયમ ધરે છે, એ સંતાનની પ્રાપ્તિ થાય છે અને તેને પછી આમ કિયા તેથી વિશેષ તે સંતાનપ્રતિ જાય છે. સ્વર્ગ તે જાઈને પ્રતીત થશે કે તે હવે પૂર્વવત્ પતિને ચાહતી નથી. પિતાના સંબંધમાં પણ આમજ બને છે. આપણને કમીઠાં પ્રતીત થાય છે કે આપણને જ્યારે તેમના વિશેષ સારા વિષયો પ્રાપ્ત થાય ત્યારે આપણો પૂર્વેનો પ્રેમ ધીમે ધીમે અદૃશ્ય થઇ જાય છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકો ધારે છે કે તેમના કેટલાક સહાધ્યાયીઓ તેમના જીવનના પ્રથમ પ્રિય મિત્રો છે અથવા તેમનાં માતા પિતા તેમને સૌથી વિશેષ પ્રિય છે. ત્યાર પછી તેઓ પતિ અથવા પત્ની બને છે અને તરતજ જૂની લાગણી અદૃશ્ય થઇ જાય છે અને નવીન પ્રેમ સૌથી વિશેષ પ્રબળ બને છે. એક નક્ષત્રનો ઉદય થાય છે, પછી તે કરતાં મોટું એવું બીજું નક્ષત્ર ઉદિત થાય છે અને ત્યાર પછી તેથી પણ મોટા નક્ષત્રનો ઉદય થાય છે; અને અંતે સૂર્યોદય થાય છે અને સમસ્ત મંદ પ્રકાશવાળા ગ્રહો અદૃશ્ય થઇ જાય છે. તે સૂર્ય ઈશ્વર છે. નક્ષત્રો એ નાના નાના પ્રેમો છે મનુષ્ય જ્યારે આ સૂર્ય પ્રકાશ જુએ છે ત્યારે તે ઉન્મત્ત બની જાય છે; ઇમર્સન જેને “ઈશ્વરોન્મત્ત મનુષ્ય (a God-intoxicated man)” કહે છે તેવો તે પોતે બની જાય છે. મનુષ્ય પરિવર્તિ

છે હું, અને હું કહેતો છું. મનુષ્ય જે સ્થિતિમાં હોય તે સ્થિતિ-
માંજ આપણે તેને ગ્રહણ કરવો જોઈએ મનુષ્યો જીવન વસ્તુઓમાં
ઘણી પછી રહેલા છે. તમે અને હું જીવનવાદીઓ છીએ આપણે
ઈશ્વર અને આત્મા વિષે બધી કલ્પના કરીએ તેમ સારી વાત છે.
પરંતુ એવી બધી કરવી એ કેવળ આપણી સગવડનો વિચાર છે.
આપણે ન પચાવતા પેટ ઠાંસ્યા કરીએ અને પચાવતી થકે ખોરાકે
જોઈએ. આપણે જીવંત સ્થિતિમાં રહેવું જોઈએ, જીવન વ્યવ-
હારોના સહાય થતા જેમકે આપ ધીમે ધીમે પ્રગતિ કરી અને આ
આધ્યાત્મકતાની ભાવના જેમકે આપણે ઊંચા જઈએ અને માનવ
જોઈએ, આત્માને ઓળખવો જોઈએ અને એવા પ્રગતિ કરવી
જોઈએ કે આ જગત કે જેને આપણે અનુભવ કરીએ છીએ તે તો
માત્ર તેનું સ્થૂલ આવરણરૂપ છે.

વળી તે સિવાય પણ કોઈક વસ્તુની આવશ્યકતા છે પરંતુ-
પરના બોધમાં તમે વાંચ્યું હશે કે "માગો અને તમને આપવામાં
આવશે, ઠોકો અને તમને ઉઘડશે, ખખડાવો અને તમારે માટે ઉઘ-
ડવામાં આવશે" પરંતુ મુશ્કેલી એ છે કે કોણે ઠોકવું, કોને માગવું!
આપણે સર્વ કહીએ છીએ કે આપણે ઈશ્વરને ઓળખીએ છીએ.
એક માણસ ઈશ્વરનું અસ્તિત્વ નથી એમ સિદ્ધ કરવાને એક ગ્રંથ
લખે છે અને બીજો તેનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરવાને
ગ્રંથ લખે છે. એક માણસ ધારે છે કે તેનું અસ્તિત્વ સિદ્ધ [illegible]
એજ તેનો ધર્મ છે અને બીજો માણસ માને છે [illegible]
અસ્તિત્વ [illegible] તેનું કામ છે [illegible]
એવો બોધ આપવો કરે છે પરંતુ [illegible]
[illegible] સંબંધ હોતો નથી [illegible]
[illegible] કરે છે. તેમને ઈશ્વરનો [illegible].

જોઈએ, કારણ કે આપણી સાધારણ આવશ્યકતાઓ આ જગત્
કાંઇ પૂરી પડે છે. જ્યારે આપણી આવશ્યકતાઓ આ જગતથી
આગળ જાય છે ત્યારેજ માત્ર આપણી અંદર જણાય. ઉપર-
કની તેમની પૂર્તિ થાય એવી અપેક્ષા રાખીએ છીએ. જેમ અને
તેમ શીઘ્ર સંસારના અનુભવોમાંથી પ્રેમનો નિર્વેદ આવ્યો. એટલે
ત્યારે તમને સંસારથી અતીત એવી કોઇક વસ્તુની આવશ્યકતા પ્રતીત
થશે અને તમને ધર્મનો પ્રથમ ક્રમ હસ્તગત થશે.

ધર્મનો એક પ્રકાર ઔપચારિક છે. મારી સાથે મિત્રતા ધરા-
વનાર એક ભાઈના દિવાનખાનામાં પુષ્કળ સરસામાન છે. જમાનાનો
ચાક રાખવાનો રિવાજ છે, માટે તેના ઉપર ડેકર આપવા પડે
તો પણ મારે તે રાખવું જોઈએ, તેની પેઠે હું જરાક ધાર્મિક પણ
અમીર અને એક પંથમાં જોડાઉં! પરંતુ એવા આવા માણસોને
ભારે નથી ઔપચારિક ધર્મ એ કાંઈ 'આવશ્યકતા' નથી. 'આવ-
શ્યકતા' તે છે કે જેના વિના આપણે જીવી શકતા નથી. આપણને
શ્વાસની આવશ્યકતા છે, આહારની આવશ્યકતા છે, વસ્ત્રની
આવશ્યકતા છે; કેમકે તેમના વિના આપણે જીવી શકતા નથી.
આ જગતમાં જ્યારે એક પુરુષ એક સ્ત્રીને ચાહે છે ત્યારે
કેટલીકવાર તેને લાગે છે કે તેના વિના પોતે જીવી શકશે નહિ. જો
કે તે ભ્રમ છે. જ્યારે પતિ મરણ પામે છે ત્યારે પત્નીને લાગે છે કે
તે તેના વિના જીવી શકશે નહિ; પરંતુ તે જતાં તે જીવે છે. આવ-
શ્યકતાનું રહસ્ય એ છે કે તેના વિના આપણે જીવી શકતા નથી.
તો આપણને પ્રભુ વિના જોઇએ. જો તેમ નહિ થાય તો આપણું
જીવવું થશે. જ્યારે આપણને ઈશ્વરના સંબંધમાં પણ એમજ લાગે
અથવા ધર્મવિષયમાં કહીએ તો જ્યારે આપણને આ જગતથી પર
એવી કોઇક વસ્તુની અનિવાર્ય આવશ્યકતા જણાય ત્યારેજ આપણે
ભક્ત બની શકીએ. જ્યારે એક ક્ષણપર્યંત અભ્ર ખસી જાય

છીએ ત્યારે આપણે આપણી જાતને એજ પ્રશ્ન પુછવો જોઇએ. ઘણીવાર અને પ્રતીત થાય છે કે મને ઇશ્વરની અપેક્ષા નથી, મને રોટલાની વિશેષ અપેક્ષા છે. જો મને રોટલાનો એક કટકો ન મળે તો હું ઉન્મત્ત થઇ જાઉં. ઘણી બાઇઓ એવી હોય છે કે તેમને જો હીરાની ટાંકણી ન મળે તો તેઓ ગાંડી થઇ જાય; પરંતુ તેઓ ઇશ્વર માટે તેવી આકાંક્ષા ધરાવતી નથી. જગતમાં જે કેવળ એકજ સત્ય વસ્તુ છે તેને તેઓ ઓળખતી નથી. અમારી ભાષામાં એક એવી કહેવત છે કે, મારવો તો હાથી અને લુટવો તો રાજભંડાર. ભિક્ષુકોને લુંટવાથી અથવા કીડીઓને મારવાથી શો લાભ ! માટે તમે પણ જો પ્રેમજ કરવા માગતા હો તો પછી ઇશ્વરપર પ્રેમ કરો. આ પાર્થિવ પદાર્થો પાછળજ જીવન બરબાદ ન કરો. આ જગત્ સંપૂર્ણતઃ મિથ્યા છે. જગતના સમસ્ત મહાન આચાર્યોને આ વાતની પ્રતીતિ થઇ છે. ઇશ્વર શિવાય એમાંથી આપણો ઉદ્ધાર કરે એવું કોઇ નથી. તેજ આપણા જીવનનું લક્ષ્ય હોવું જોઇએ. સંસાર આપણા જીવનનું લક્ષ્ય હોવાના સમસ્ત વિચારો હાનિકારક છે. આ સંસાર આ શરીર—તેમની પોતાની ભૂમિકામાં કિંમતી છે; પરંતુ તેમની ગૌણ કિમ્મત છે. સાધ્યના સાધન તરીકેજ તેઓ કિંમતી છે. સંસાર એ આપણું સાધન હોવું જોઇએ. દુર્ભાગ્યવશાત્ ઘણીવાર આપણે સંસારનેજ સાધ્ય અને ઇશ્વરને સાધન બનાવીએ છીએ ! લોકોને આપણે દેવાલયમાં જતા અને એવી પ્રાર્થના કરતા જોઇએ છીએ કે, પ્રભુ મને ફલાણી ફલાણી વસ્તુઓ આપો; પ્રભુ મારો રોગ નિવૃત્ત કરો. તેમને સુંદર નિરોગી શરીરની અપેક્ષા હોય છે અને કોઇક તેમને તેવું શરીર આપશે એમ તેઓ સાંભળે છે; તેથી તેઓ તેની પાસે જાય છે અને તેને પ્રાર્થના કરે છે। ધર્મસંબંધી આવો વિચાર ધરાવવા કરતાં નાસ્તિક

અને આપણને એકવાર અગ્નિનું દર્શન થાય, અને તે [illegible]
આ સમસ્ત વિશ્વ બ્રહ્માંડો મહાસાગરમાં એક બિંદુ સમાન જણાય
ત્યારે આપણાં ક્ષુદ્ર જીવો શા હિસાબમાં રહે? ત્યારે આત્મા
વિકાસ પામે છે તેમ ઈશ્વરની અપેક્ષા જણાય છે, અને તે તેને
આકર્ષનાર થાય છે.

પ્રથમ પ્રશ્ન એ છે કે આપણને શાની અપેક્ષા છે? આ પ્રશ્ન
આપણે [illegible] કરવા જઈએ. આપણને ઈશ્વરની અપેક્ષા છે!
[illegible] આવશ્યકતા [illegible] તેને જ ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત
થાય છે [illegible] પ્રેમ હમેશાં પરસ્પરિક
હોય છે તે હમેશાં પ્રતિબિંબિત થાય છે. તમે મને ધિક્કારો
છો અને હું તમારા પર પ્રેમ કરવા જઉં તો તમે મને પાછો
[illegible] મારો આગ્રહ હોય તો અમુક મહિનામાં
[illegible] અને આખરે [illegible]. આ એક
સુપ્રસિદ્ધ [illegible] બીજી રીતે પ્રકારે [illegible]
[illegible] કે [illegible] આપણે ઈશ્વરની
[illegible] અને ત્યારેજ તે આપણને પ્રાપ્ત થશે. હજુ
છે કે [illegible]. પતિત થયા ન હોય, ઉત્તમ પ્રકારે
[illegible] આપણા [illegible] સામાન્ય અને
[illegible]. પરંતુ જ્યારે પતિત કે [illegible]
[illegible] છે કે [illegible] આપણામાં જણે છે. માટે
આપણને [illegible] આવશ્યકતા [illegible]
છે [illegible] આપણને કે [illegible]
[illegible] ઈશ્વર [illegible]. માટે [illegible]
[illegible] અને [illegible] માટે [illegible]
[illegible] અને [illegible] પ્રભુ [illegible]

ત્યાં આપણા જોવામાં આવે છે કે એમાં આત્માના મોમેજ
ઉર્દ્ધનો ઉચ્ચ પ્રકારનો વિકાસ થયેલો હોય છે.

આજ કારણથી ઘણા ખરા લોકો આધ્યાત્મિક વિષયો પર અત્યંત
અદ્ભુત રીતે બોલી શકે છે, પરંતુ કૃતિનો સમય આવતાં અતિ
હાસ્યજનક રીતે કર્તવ્ય વિમુખ બની જાય છે. આનું કારણ એ છે
કે ગ્રંથો આપણને તે બળ આપી શકતા નથી. આત્માને
શક્તિ અર્પિત કરવાને માટે તે બળ અન્ય આત્માઓથી આવવું
જોઈએ. જે આત્માઓથી આ બળ આવે છે તે ગુરુ-આચાર્ય
કહેવાય છે અને જે આત્માને તે બળ મળે છે તે શિષ્ય કહેવાય
છે. પ્રથમ તો આ બળ અન્ય આત્માને આપવાને માટે ગુરૂમાં તે
બળ અન્ય આત્મામાં દાખલ કરવાની શક્તિ હોવી જોઈએ અને
બીજું શિષ્ય તે ગ્રહણ કરવાને લાયક હોવો જોઈએ બીજ જીવંત
બીજ હોવું જોઈએ અને ક્ષેત્ર ખેડાઈને તૈયાર હોવું જોઈએ.
જ્યારે આ ઉભય શરતો પરિપૂર્ણ થાય છે ત્યારેજ ધર્મનો અદ્ભુત
વિકાસ થાય છે. "ધર્મનો વક્તા અદ્ભુત હોવો જોઈએ અને શ્રોતા
પણ તેવોજ હોવો જોઈએ." જ્યારે આ ઉભય અદ્ભુત અને
અસાધારણ હોય ત્યારે આત્મિક વિકાસ પણ અદ્ભુત અને અસા-
ધારણજ થાય છે. ખરા ગુરૂ અને ખરા શિષ્ય સિવાયના બીજાઓ
તો માત્ર આધ્યાત્મ જ્ઞાનની સાથે રમતજ રમે છે. તેઓ સ્હેજ
માનસિક પ્રયાસ કરે છે, જરાક જિજ્ઞાસા પરિતૃપ્ત કરે છે; પરંતુ માત્ર
જોતાં તો તેઓ માત્ર ધર્મની બાહ્ય ઉપરની મર્યાદાપર ઉભેલા હોય
છે. અલબત, આમ બનવું પણ તેમના કોઈક હિતમાં તો છેજ; કેમકે
સત્ય ધર્મની પિપાસા જાગ્રત કરતે કરતે પણ વખત જતાં પ્રાપ્ત
થાય છે; આ એક પ્રકૃતિનો ગુઢ નિયમ છે કે ક્ષેત્ર તૈયાર થાય છે
કે તરતજ બીજ અવશ્ય આવે છે. આત્માને ધર્મની આવશ્યકતા

બનવું સારૂં છે. મેં તમને જણાવ્યું તે પ્રમાણે પ્રભુભક્તિજ આપણો ઉચ્ચતમ આદર્શ બની શકે તેમ છે. આપણે પ્રભુનેજ આપણો ઉચ્ચતમ આદર્શ બનાવવો જોઇએ. આપણી ઇંદ્રિયોનું [illegible] તેમ કરીને ઉચ્ચતમ બનાવવું જોઇએ.

અધ્યાત્મજ્ઞાનનો આચાર્ય.

પ્રત્યેક આત્મા સંપૂર્ણ બનવાને સરજેલો છે અને પ્રત્યેક પ્રાણી અંતે તે સ્થિતિને પ્રાપ્ત થશે. હમણાં આપણે જે સ્થિતિમાં છીએ તે આપણાં ભૂતકાળનાં કર્મો અને વિચારોનું પરિણામ છે, ભવિષ્યમાં આપણી જે [illegible] થશે તે આપણાં વર્તમાનનાં કર્મો અને વિચારોનું પરિણામ હશે. પરન્તુ આ વસ્તુસ્થિતિ આપણને બહારની સહાય લેતાં અટકાવતી નથી. બહારની સહાયથી આત્માની શક્તિઓ [illegible] છે, અને તે એટલી હદ સુધી [illegible] બહારની મદદ [illegible] [illegible] આવે છે [illegible] [illegible] જેવી આધ્યાત્મિક [illegible] [illegible] અને [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible]

આચાર્યને માટે એથી પણ વિશેષ મુશ્કેલીઓ છે. ઘણા લોકો એવા હોય છે કે તેઓ જો કે અજ્ઞાનમાં નિમગ્ન હોય છે તો પણ તેઓ પોતાના હૃદયમાં રહેલા અભિમાનથી ધારે છે કે તેઓ પ્રત્યેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે. વળી તેઓ એટલેથીજ અટકતા નથી; પરંતુ અન્યોને પણ પોતાની સ્કંધપર લેવાને તત્પર થાય છે અને આ પ્રકારે "અંધ અંધને દોરવતા હોવાથી ઉભય ખાડામાં પડે છે." કહ્યું છે કે;—

ગુરૂ લોભી શિષ્ય લાલચી, દોનોં ખેલે દાવ;
દોનોં બુડે બાપડે, ચડ પત્થરકી નાવ.

જગત્ આવા માણસોથી ભરપૂર છે. પ્રત્યેક જણ ગુરૂ બનવા માગે છે! પ્રત્યેક ભિક્ષુક દશ લાખ ડૉલરનું દાન કરવા માગે છે! જે પ્રકારે આવા ભિક્ષુકો ઉપહાસ પાત્ર છે તે પ્રકારે આવા ગુરૂઓ પણ ઉપહાસ પાત્રજ છે.

ત્યારે આપણે ગુરૂને ઓળખવો કેવી રીતે! સૂર્યને દૃષ્ટિગોચર કરવાને માટે કોઈ મશાલ કે મિણબત્તી આપણે સળગાવતા નથી. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે આપણે આપો આપજ તેના ઉદયથી જ્ઞાત થઈએ છીએ, અને જ્યારે જગતનો એક મહાન આચાર્ય આપણને સહાય કરવાને ખડો થાય છે ત્યારે આત્મા આપો આપજ જાણી જાય છે કે તેને સત્યની પ્રતીત થઈ છે. સત્ય તેનાં પોતાનાં પ્રમાણોપરજ સ્થિત હોય છે. તેને સિદ્ધ કરવાને માટે કોઈ પ્રકાર પ્રમાણની આવશ્યકતા હોતી નથી; તે સ્વયં પ્રકાશિત હોય છે. તે આપણી પ્રકૃતિના ઉંડામાં ઉંડા ભાગમાં પ્રવેશ કરી જાય છે અને સમગ્ર વિશ્વ ઉભું થાય છે અને કહે છે કે "આ સત્ય છે."

આ તો મહાન આચાર્યોની વાત થઈ; પરંતુ આપણે નાના આચાર્યોની તરફથી પણ સારી પેઠે મદદ મેળવી શકીએ છીએ;

અને તેના હૃદયનો લેશ પણ વિકાસ થયેલો હોતો નથી; પરંતુ અધ્યાત્મજ્ઞાનની બાબતમાં આદિથી અંત પર્યંત જે આત્મા અપવિત્ર હોય છે તેમાં કોઈ પણ આધ્યાત્મિક પ્રકાશ હોઈ શકતો નથી. આવો આત્મા શું બોધ આપી શકશે! તે પોતેજ કાંઇ જાણતો નથી. પવિત્રતા એ આધ્યાત્મિક સત્ય છે. "જે લોકો અંતઃકરણમાં પવિત્ર હોય તેમને ભાગ્યશાળી સમજવા; કારણ કે તેઓ પ્રભુ દર્શન કરશે." આ એકજ વાક્યમાં સર્વ ધર્મોનો સાર રહેલો છે. જો તમે શીખ્યા હો કે ભૂતકાળમાં જે કહેવામાં આવ્યું છે અને ભવિષ્યમાં જે કહેવાનું શક્ય છે તે સર્વ તમે જાણવું છે તો તમને ઇતર કોઈ વસ્તુની તપાસ કરવાની આવશ્યકતા નથી, કારણ કે તે એકજ વાક્યમાં તમને સર્વ આવશ્યક વસ્તુ પ્રાપ્ત થઇ ગઇ છે. ઇતર સમસ્ત શાસ્ત્રો ગુમાઇ જાય તોપણ તે વાક્ય જગતનો ઉદ્ધાર કરી શકશે. જ્યાં સુધી આત્મા પવિત્ર ન હોય ત્યાં સુધી કદિ પણ ઈશ્વર દર્શન, અતીતનું દર્શન થઈ શકતું નથી. એટલા માટે અધ્યાત્મજ્ઞાનના આચાર્યના સંબંધમાં પવિત્રતા એ એક અનિવાર્ય વસ્તુ છે. આપણે પ્રથમ તે કોણ છે તે જોવું જોઇએ, અને ત્યારપછી તે શું કહે છે તે જોવું જોઇએ. લૌકિકશાસ્ત્રોના શિક્ષકોના સંબંધમાં આમ નથી. તેમના સંબંધમાં તેઓ કોણ છે તે કરતાં તેઓ શું કહે છે તેની આપણે વિશેષ સ્પૃહા રાખીએ; પરંતુ ધર્માચાર્યના સંબંધમાં તે કોણ છે તે આપણે સૌથી પ્રથમ અને સૌથી અગાઉ જોવું જોઇએ અને ત્યાર પછીજ તેના શબ્દોની કિંમત—અસર થાય છે, કારણ કે તે આધ્યાત્મિક બળનો આપનાર હોય છે. જો તેનામાં તે શક્તિ નહિ હોય તો તે બીજાને શું આપશે! અમે એક ઉદાહરણ આપીશું. જો અત્રેનું આ ઉષ્ણતાદાયક યંત્ર (beater) ઉષ્ણ હશે તોજ તે ઉષ્ણતાનાં આંદોલનો ફેલાવશે; પરંતુ જો તે ઠંડું હશે તો તે તેમ કરી શકશે નહિ. ધર્મા-

માનવસ્વરૂપ રૂપ બાગનાં સુંદર ખીલેલાં પુષ્પો છે અને તેઓજ ઈશ્વરીય આવૃત થયે છે. તેમનાં મહાન ઉપદેશો જે અનુપમ નિ-ર્મલ બના થાય છે તેમ સમાજમાંથી ઉત્તમ વ્યક્તિને ઉપકારક મુખારવિંદને નષ્ટ ન થવા દેતાં સહેલ થાય છે.

ઉપર કહ્યા જેવા ગુરૂઓ સિવાય બીજા પ્રકારના આચાર્યો જગતના પયગમ્બરો હોય છે. સર્વ ગુરૂઓમાંથી આ ગુરૂઓ મનુષ્યના સ્વરૂપમાં સ્વયં પ્રભુ જેવાજ હોય છે. તેઓ બહુ ઉચ્ચતર હોય છે. તેઓ પોતાના અસામાન્ય પ્રભાવથી આખા દેશના દેશ અને પ્રજાઓના જીવન પ્રવાહને ઉલટાવી નાખે છે.

ઉપર મેં જે કહ્યું છે તે એવા ગુરૂઓના સંબંધમાં નથી કહ્યું. તેઓ તો સર્વ ગુરૂઓના ગુરૂ છે. તેઓ ઈશ્વરના મહાનમાં મહાન સ્વરૂપો છે. આપણે તેમની આરાધના કર્યા વિના રહી શકતા નથી.

કોઇ પણ માણસે ઈશ્વરને "જોયો" નથી. આપણે ઈશ્વરને જોઈ શકતા નથી. જો આપણે તેને જોવાનો પ્રયત્ન કરીએ તો આપણે તેને ભયંકર રીતે વિકૃત બનાવી મૂકીએ છીએ. હિંદમાં એક એવી વાત પ્રચલિત છે કે એક અજ્ઞાન મનુષ્યને શિવની એક પ્રતિમા બનાવવાને કહેવામાં આવ્યું. તેણે દિવસોના દિવસો પર્યંત શ્રમ કરીને એક વાંદરાની મૂર્તિ બનાવી! આમ આપણે પણ જ્યારે જ્યારે ઈશ્વરની પ્રતિમા બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે ત્યારે તેને મર્યાદિત બનાવી દઈએ છીએ, કારણ કે જ્યાં સુધી આપણે મનુષ્ય છીએ ત્યાં સુધી તે મનુષ્ય કરતાં કંઇ પણ ઉચ્ચતર છે એ વાત સામાન્ય મનુષ્યોના ધ્યાનમાં ઉતરી શકતી નથી. આપણો ઉત્કર્ષ થશે તો તે સમય પણ આવશેજ કે જ્યારે આપણે આપણી માનવ પ્રકૃતિથી પર થઈશું અને તેને સત્યસ્વરૂપમાં ઓળખીશું. આપણે મહાન બુદ્ધિમત્તાથી ભરેલા વ્યાખ્યાનો ભલે આપીએ, આપણે મહાન

સ્વીકાર થાઓ. આપણે આપણા પ્રસ્તુત બંધારણથી મર્યાદિત છીએ અને આપણે—સામાન્ય માનવો પ્રભુને અવશ્ય મનુષ્ય તરિકેજ જોવાના. જો ભેંસો ઈશ્વરની પૂજા કરવા માગતી હોય તો તેઓ તેને એક પ્રચંડ ભેંસ તરિકે જોશે. જો એક માછલી ઈશ્વરની આરાધના કરવા માગતી હોય તો તેનો એક મોટી માછલી તરિકે વિચાર કરવો પડશે. તમે અને હું, ભેંસ અને માછલી, એ સર્વ ભિન્ન ભિન્ન પાત્રો છે. એ સર્વ સમુદ્રમાં પોતપોતાના આકાર પ્રમાણે પાણીથી ભરાવાને જાય છે. આમાંના પ્રત્યેક પાત્રમાં પાણી સિવાય કાંઈ પણ નથી. ઈશ્વરના સંબંધમાં પણ એમજ છે. જ્યારે માણસો તેને જુએ છે ત્યારે તેઓ તેને મનુષ્ય તરિકે જુએ છે અને પશુઓ તેને પશુ તરિકે જુએ છે. પ્રત્યેક જણ તેના પોતાના આદર્શ અનુસાર તેનું દર્શન કરે છે. માત્ર એજ રીતે તમે તેનું દર્શન કરી શકો છો. બે પ્રકારના માણસો ઈશ્વરની પ્રતિમાદ્વારા આરાધના કરતા નથી. જે બિલકુલ ધર્મને ઓળખતો નથી એવો માનવ પશુ અને જે મનુષ્યતાથી પર થયો છે, જેણે શરીર અને મનને ફેંકી દીધાં છે અને જે પ્રકૃતિની મર્યાદા બહાર ગયો છે એવો પરમહંસ. સમગ્ર પ્રકૃતિ પરમહંસનું સ્વરૂપ બની ગયેલી હોય છે. તેને શરીર પણ નથી અને મન પણ નથી. વળી તેજ જિસસ અથવા બુદ્ધની પેઠે ઈશ્વરની ઈશ્વર તરિકે પૂજા કરી શકે છે. જિસસે અથવા બુદ્ધે ઈશ્વરને મનુષ્ય તરિકે પૂજ્યો નહોતો. માનવ પશુ એ બીજો છેડો છે. એ છેડાઓ સમાન જણાય છે એ વાત તમે જાણો છો. અજ્ઞાનનો છેડો અને બીજો જ્ઞાનનો છેડો, એ બેના સંબંધમાં પણ આમજ છે. અત્યંત અજ્ઞાન એવા માણસો ઈશ્વરની પૂજા કરતા નથી, કારણ કે તેઓ એટલા વિકાસને પ્રાપ્ત થયેલા હોતા નથી કે તેમને તેમ કરવાની આવશ્યકતા જણાય. તેમજ જેમણે ઉચ્ચતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું

અને લક્ષ્ય એકજ હોય છે, તોપણ પ્રત્યેક મનુષ્યને પોતાની મનો-
વૃત્તિઓ અનુસાર ભિન્ન પથ ગ્રહણ કરવા પડે છે. જો કે આ
માર્ગો અનેક હોય છે તોપણ તે સર્વ સત્ય હોય છે, કારણ કે તેઓ
એકજ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે. એક સત્ય હોય અને બીજો સત્ય
ન હોય એ બની શકે નહિ. પોતાનો પસંદ કરેલો માર્ગ ભક્તિની
ભાષામાં ઇષ્ટ કહેવાય છે

ત્યાર પછી શબ્દો છે. શબ્દો કેટલા અદ્ભુત હોય છે તે વિષે
તમે સાંભળ્યું છે; પ્રત્યેક ધર્મ-બાઇબલ, કુરાન, વેદ, શબ્દોની શક્તિથી
પરિપૂર્ણ હોય છે. કેટલાક શબ્દો માનવ જાતિ ઉપર અદ્ભુત
સત્તા ધરાવે છે.

ત્યાર પછી પ્રતિમાઓના નામથી ઓળખાતી અન્ય વિધિઓ છે.
પ્રતિમાઓનો માનવ મસ્તિષ્ક ઉપર મહાન પ્રભાવ હોય છે. પરંતુ
ધર્મમાં મોટી પ્રતિમાઓ અનંત હોતી નથી. આપણને પ્રતીત થાય
છે કે તેઓ વિચારના સ્વાભાવિક પ્રદર્શનો હોય છે. આપણે પ્રતિમા
સ્વરૂપે વિચાર કરીએ છીએ. આપણા સમસ્ત શબ્દો માત્ર પાછળ
રહેલા વિચારની મૂર્તિઓ હોય છે. ભિન્ન ભિન્ન પ્રજાઓ ભિન્ન
ભિન્ન પ્રકારની પ્રતિમાઓનો પ્રયોગ કરે છે, જો કે તે તેનું કારણ
જાણતી નથી. આ પ્રતિમાઓ વિચારોની સાથે સંયુક્ત હોય છે અને
જે પ્રકારે વિચાર પ્રતિમાને બહાર આણે છે તે પ્રકારે, વિરુદ્ધપક્ષે
પ્રતિમા વિચારને અંદર લઇ જઇ શકે છે. માટે ભક્તિના એક
ભાગમાં આ પ્રતિમાઓ, શબ્દો અને પ્રાર્થનાઓના ભિન્ન ભિન્ન
વિષયોની ચર્ચા કરેલી છે. પ્રત્યેક ધર્મમાં પ્રાર્થનાઓ હોય છે, પરંતુ
એક વાત તમારે લક્ષ્યમાં રાખવી જોઇએ કે આરોગ્ય અથવા દ્રવ્યને
માટે પ્રાર્થના કરવી એ ભક્તિ નથી, એ કર્મ છે. સ્વર્ગ પ્રાપ્તિ આદિ
ભૌતિક લાભોને માટે પ્રાર્થના કરવી એ પણ કર્મ છે. જે માણસ

કરીએ. કુદરતરીતિને-સાધનરહિતપણાઓને તો કોઈપણ દાખલ કરવામાં આવતાં નથી. ખોરાક અને પહેરવાને તો અવકાશ નથી. આપણે એવી હદે આવ્યા છે કે કેટલાક ખરેખરમાંથી વ્યાપારીઓને શોધી કાઢ્યા હતા. કુદરત વસ્તુઓને માટે આવેલા કરીએ નહિ તેને તમને પણ સાહિત્ય પુસ્તકોની અપેક્ષા હોય તો મનુષ્યો અને પશુઓની વચ્ચે ભેદ શો ? તમારી જાતને તે કાર્ય ક્યા ઉત્તમતર ગણો.

મારે કહેવાની આવશ્યકતા નથી કે આપ જાણવામાં પ્રથમ સર્વ શ્રમાદિ વસ્તુઓની સમસ્ત વાંચ્છનાઓનો પરિત્યાગ કરવો જ છે. પ્રશ્ન એ છે કે આ કામનાઓનો પરિત્યાગ શી રીતે કરવો ? મનુષ્ય દુઃખી શાથી થાય છે ? તેઓ દુઃખી થાય છે તેનું કારણ એ છે કે તેઓ ભુખ્યા હોય છે. તેઓ નિર્ધન હોય છે. તેઓ મુશ્કેલ વખતમાં પડેલા હોય છે. તેઓ ટોપલીની પેઠે આમ તેમ ભટકાય છે. એને કોઈ પણ વસ્તુ શેડી ખાતી શી ? જોયા આ શરીરની આપણે નિરંતર સંભાળ રાખીએ છીએ અને તેથી આપણે ઇંદ્રિયો અને ચામાં રહીએ છીએ. આપ વાંચવામાં આવ્યું છે કે ઘણુને અવશ્ય પ્રતિદિન વિશ્રામ થાય છે. ઘોડાને ઘાસ દેવું પડે છે ! આપણે જાણવું જોઈએ કે આપણે ઘણું કરતાં પણ વિશેષ શ્રમ લેતાં છીએ. ઘણુ તો કાંઈક વિશ્રાંતિ ભોગવે છે, પરંતુ આપણને તો એક પણ વિશ્રાંતિ મળતી નથી. જો ઘણુને પૂરતું ખાવા મળે તો તે સંતુષ્ટ થાય છે, પરંતુ આપણે તો નિરંતર આપણી આવશ્યકતાઓ વધારતાજ રહીએ છીએ ! આપણે આપણી આવશ્યકતાઓ વધારવાની અસ્વાભાવિક ટેવ પાડતાં છીએ. આપણે એટલા અસ્વસ્થ અને અસ્વાભાવિક બની ગયા છીએ કે કોઈ પણ સ્વાભાવિક વસ્તુ આપણને સંતોષ આપતી નથી. આપણે

કોઈક બીજી વસ્તુની અપેક્ષા રાખે છે । તેને કદિ પણ શાંતિ હોતી નથી. આ કામનાની પરિતૃપ્તિ આપણે શી રીતે કરવી । જો અન્ય-પુણ્ય કર્મની પ્રાપ્તિ થઈ તો તેથી માત્ર આપણી કામનાઓ વૃદ્ધિ જ થશે. એ ઘીકે હોમ સમાન બને છે. તેથી તેની કામ-નાઓ તૃપ્ત થતી નથી, તેથી તો માત્ર અગ્નિમાં ઘી હોમાય છે અને અધુરી આશાની અભિલાષાઓ વૃદ્ધિગત થાય છે. સ્વર્ગમાં પણ એવો અર્થ અત્યંત કીમત ભાગ્યે જ છે, અને સ્વર્ગ પ્રાપ્તિ થયા પછી પણ અધિકાધિક કામનાઓ ઉત્પન્ન થાય છે. આપણે જગતના ભિન્ન ભિન્ન ધર્મગ્રંથોમાં અપ્સરાઓની ઘણી વાતો સ્વર્ગમાં હોય છે એવી વાત વાંચીએ છીએ. સ્વર્ગમાં વસતા લોકો દમ્પતીઓ બહુ સારા હોતા નથી, અને એકંદરે આ સ્વર્ગ પ્રાપ્તિની પ્રથા એ પણ સુખોપભોગની જ પ્રથા છે. એ ઇચ્છાનો પરિ-ત્યાગ કરવો જોઈએ. સ્વર્ગમાં જવાનો વિચાર કરવો એ અત્યંત નાનું-અત્યંત ક્ષુદ્ર કાર્ય છે. કોટ્યધિપતિ બનવાના અને લોકોપર સત્તા ચલાવવાના વિચાર જેવો જ આ વિચાર છે. સ્વર્ગો ઘણાં છે, પરંતુ તેમના દ્વારા તમને સત સુખનાં અને પ્રેમનાં દ્વારોમાં પ્રવેશ કરવાનો અધિકાર પ્રાપ્ત થઈ શકતો નથી.

મુખ્ય મૂર્તિઓ.

સંસ્કૃતમાં પ્રતીક અને પ્રતિમા એવા બે શબ્દો છે. પ્રતી-કનો અર્થ તરફ આવવું-નિકટ આવવું એ થાય છે. સમસ્ત દેશોમાં તમે આરાધનાના ભિન્ન ભિન્ન ક્રમો જુઓ છો. ઉદાહર-ણાર્થ, આ દેશમાં કેટલાક લોકો સંતોની પ્રતિમાઓની પૂજા કરે છે અને કેટલાક લોકો અમુક પ્રતિમાઓ અને મૂર્તિઓની પૂજા કરે છે. વળી કેટલાક લોકો મનુષ્યોથી ઉચ્ચતર એવાં ભિન્ન ભિન્ન પ્રાણી-ઓની પૂજા કરે છે, અને તેમની સંખ્યા બહુ શીઘ્રતાથી વધતી

ભરે છે. જો માણસ કોઇ ઈશ્વર વસ્તુ સમજતો નથી તેને આ પ્રતિમાઓની પૂજાથી ઝાંખી થશે, ઊંચા આકાર ભાવના પ્રગટ થાય છે, અને પછી, અનુભવ પ્રાપ્ત થયા પછી જ્યારે તે મુક્તિ મેળવવાને લાયક થઇ જાય તે સાંપ્રદાયિક પ્રતિમાઓનો ત્યાગ કરશે.

આ સમસ્ત ભિન્ન ભિન્ન પ્રકારની પ્રતિમાપૂજનમાં સૌથી વિશેષ પ્રચલિત પ્રકાર મૃત મિત્રોની પૂજાનો છે. આપણામાં માનવ પ્રકૃતિ, અંગત પ્રેમ, મિત્ર પ્રેમ એટલો બધો પ્રબળ હોય છે કે જ્યારે આપણા મિત્રો મરણ પામે છે ત્યારે આપણે તેમને પુન: આકાર જોવા ઇચ્છીએ છીએ. આપણે તેમના દેહોને વળગી રહેવા ઇચ્છીએ. આ વાત આપણે ભૂલી જઇએ છીએ કે જ્યારે તેઓ જીવતા હતા ત્યારે તેમના દેહોમાં નિરંતર પરિવર્તન થયા કરતું હતું અને જ્યારે તેઓ મરણ પામે છે ત્યારે આપણે ધારીએ છીએ કે તેઓ પરિવર્તન રહિત બને છે અને આપણે તેમને તેવીજ દશામાં રહેલું ' એટલું જ નહિ પરંતુ એકાદ મિત્ર વા પુત્ર ખરાબ હોય તો પણ જ્યારે તે મરણ પામે ત્યારે આપણને એમજ લાગે છે કે તે જગતમાં પવિત્રમાં પવિત્ર મનુષ્ય છે ' હિંદમાં કેટલાક એવા લોકો છે કે જે એક બાળક મરી જાય તો તેને બાળતા નથી, પરંતુ દાટે છે; અને તેની ઉપર એક મંદિર બંધાવે છે, અને તે નાનું બાળક તે મંદિરનો દેવ બને છે ' ઘણા દેશોમાં આ પ્રકારનો ધર્મ બહુ પ્રચલિત હોય છે અને આ ધર્મજ સર્વ ધર્મોનું મૂળ છે એમ માનનારા દાર્શનિકોની પણ કંઇ ખોટ નથી. અલબત્ત, તેઓ આ વાત સિદ્ધ કરી શકતા નથી. જો કે આ વાત આપણે સ્મરણમાં રાખવી જોઇએ કે આ પ્રતિમાપૂજન કદિ પણ આપણને ઉદ્ધાર વા મુક્તિ આપી શકતી નથી. વળી એ બહુ ભયકારક છે. આ

અને જો તેના ચોપડા વિદ્વત્તાયુક્ત ન હોય ! તો તેઓ તેને માનશે નહિ
હિંદુઓ જુદું પુછે છે. પરંતુ જો તમે તેમને કહો કે " તમે જુદુંજ
પુછો છો તો તમે તેના ચોપડા શા માટે ગ્રહણ કરતા નથી ? " તો
તેઓ કહેશે " બૌદ્ધો વેદને માનતા નથી એટલા માટે ! " પ્રશ્નનો
આ અર્થ છે. એક ધાર્મિક પુસ્તકના નામે તમે અમે તેટલા મત જો
લઈએ તો કોઈ વાંધો હેતુ નથી. ભારતવર્ષમાં જો મારે કાંઈક નવીન
બોધ આપવો હોય અને તે હું માત્ર મારા પોતાના પ્રમાણથીજ આપું
તો કોઈપણ મને શરણ કરશે નહિ; પરંતુ જો હું વેદમાંથી કેટલાક વચનો
ગ્રહણ કરું અને તેનો અતિશય કલ્પિત અર્થ કરું, તેમાં રહેલી
અલૌકિક ગૂઢ ગુપ્ત વાતનું ખુન કરું અને વેદના વિચારો નામે મારા
પોતાના વિચારો બહાર પાડું તો આ સઘળા લોકો વ્યવસાય મારા
અનુયાયી થશે ! કેટલાક માણસો ખ્રિસ્તી ધર્મનો એવા પ્રકારનો
ઉપદેશ આપે છે કે તે સાધારણ ખ્રિસ્તીને તો સમજાતો
બુદ્ધિગમ્યજ બનાતો નથી. તેઓ કહે છે કે " જિસસ ક્રાઈસ્ટના
કહેવાનો આ અર્થ હતો ! " અને ઘણા માણસો તેમની આસ
પાસ એકત્ર થાય છે. જો કોઈ નવીન [illegible]
આપણામાં ન હોય તો તે લોકોને ગમતી નથી. [illegible]
નથી અને ચોંકાવનારી વાત સાંભળો છો ત્યારે તમે ગભરાઈ
જતા જાઓ છો, અથવા જ્યારે તમે એક નવીન [illegible] જુઓ
ત્યારે તમે ચોંકી જાઓ છો. આપણા દેહનું બંધારણજ એ પ્રકા
રનું છે. વિચારોના સંબંધમાં એજ પણ વિશેષ કરીને તેમ
બને છે. મન અમુક ચીલામાંજ ચાલતું આવ્યું હોય છે, અને નવીન
વિચાર ગ્રહણ કરતાં તેને બહુ શ્રમ પડે છે. પ્રથમ તો નવિન વિચાર-
ને એ ચીલાની બહાર આપણે મુકવો પડે છે અને પછીથી આપણે
તેને ધીમે ધીમે ગ્રહણ કરી શકીએ છીએ. આ સારી યુક્તિ છે,

યાહુદી માણસો પોતાના ગ્રંથ સહિત અત્યાચારીઓના હાથમાંથી નાસી છૂટયા અને તેમનો ગ્રંથ અદ્યાપિ તેમનું સંરક્ષણ કરી રહ્યો છે. ગ્રંથ એ ઇશ્વરનું સૌથી વિશેષ અનુભાવ્ય સ્વરૂપ છે. યાહુદીઓનો વિચાર કરો. જો તેમનો ગ્રંથ ન હોત તો જગતમાંથી સદંતર તેમનું અસ્તિત્વ મટી ગયું હોત. પરંતુ ગ્રંથજ તેમનું સંરક્ષણ કરી રહ્યો છે. તેમની ઉપર ભયંકરમાં ભયંકર અત્યાચાર કરવામાં આવ્યો છે, પરંતુ ગ્રંથે તેમને સંરક્ષિત રાખ્યા છે. ગ્રંથના મહાન લાભો પૈકી એક એ છે કે તે પ્રત્યેક વસ્તુને અનુભાવ્ય અને અનુકૂળ સ્વરૂપ આપે છે અને તે તરેહમાં સરલ પ્રતિમા છે. વેદિ ઉપર એક ગ્રંથને મૂકો અને પ્રત્યેક જણ તેને જોશે. સારો ગ્રંથ પ્રત્યેક જણ રાખે છે.

પરંતુ બીજી તરફ જોતાં ગ્રંથોને લીધેજ જગતમાં અનેક પ્રકારના મતપંથો ઉભા થયા છે અને ધર્મના અનર્થ કરી કરીનેજ જગતમાં અત્યાચાર અને ધર્માધતા ફેલાતાં આવ્યાં છે. સાંપ્રત સમયમાં ગ્રંથોને લીધેજ પ્રત્યેક સ્થળે અસત્યવાદીઓ ઉત્પન્ન થઈ રહ્યા છે. પ્રત્યેક દેશમાં આવા અસત્યવાદીઓની સંખ્યા જોઈને હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું.

એ પછી પ્રતિમા અને પ્રતિમાના ઉપયોગ વિષે વિચાર કરવાનો છે. સમગ્ર જગતમાં તમે એક વા બીજા રૂપમાં પ્રતિમાઓ જોશો. કેટલાક દેશોમાં મનુષ્યના ઉત્તમોત્તમ આકારમાં પ્રતિમા હોય છે. જો હું પ્રતિમા પૂજા કરવા માગતો હોઉં તો હું પશુ અથવા મકાનના સ્વરૂપમાં કિંવા કોઈ ઇતર સ્વરૂપમાં તેની પ્રતિમા બનાવવાને બદલે મનુષ્યના સ્વરૂપમાંજ બનાવું. એક પંથના લોકો માને છે કે અમુક પ્રકારની પ્રતિમા યોગ્ય છે તો બીજા પંથના લોકો માને છે કે તે ખરાબ છે. ખ્રિસ્તીઓ ધારે છે કે ઇશ્વર કબુતરના રૂપમાં આવ્યો હતો એ વાત યથાર્થ છે; પરંતુ તે મત્સ્યના રૂપમાં આવ્યો હતો

માટે મારો પ્રકાશ દીપથી કાઢવો જોઈએ. તમારું બાઈબલ તમારેજ જાણવાનું છે. માર્ગમાંના દીપક તરીકે, માર્ગદર્શક સ્તંભ તરીકે, માર્ગદર્શક ચિન્હ તરીકે, તમારે બીજાના અનુભવ પ્રત્યે પૂજ્યભાવ રાખવાનો છે; પરંતુ તમારે તેનું વગર સમજ્યે અનુકરણ કરવાનું નથી. આ પ્રતિમાઓ વગેરે પણ આવશ્યક છે. તમે તમારું મન એકાગ્ર કરવાનો અથવા કોઈ વિચાર કરવાનો પ્રયત્ન કરો એટલે તમને પ્રતીત થશે કે તમારા મનમાં સ્વાભાવિક રીતેજ મૂર્તિઓ ઉપસ્થિત થાય છે અને એ ઘટનાને તમે અટકાવી શકતા નથી.

બે પ્રકારના માણસોને પ્રતિમાઓની આવશ્યકતા હોતી નથી. માનવ પશુ કે જેને ધર્મનો કાંઇ વિચારજ હોતો નથી તેને અને આ દુનિયામાંથી પસાર થઇ ગયેલા પૂર્ણ આત્માને. આ બે છેડાઓની વચ્ચેની દશામાંજ આપણ સર્વને બહાર તેમજ અંદર કોઈક પ્રકારનો આદર્શ જોઇએ છે. તે આદર્શ એક માનવ પ્રાણીના રૂપમાં હો કિંવા ઉત્તમ પુરુષ યા સ્ત્રીના રૂપમાં હો. આદિ (ઇન્દ્રિયગોચર) મનેની આસક્તિ અનુભવમાં સ્વાભાવિકપણેજ રહેલી છે. સ્થૂળના ધારણ કરવાની આપણી વૃત્તિ સ્વાભાવિક હોય છે. જો આપણે સ્થૂળના ધારણ ન કરી હોત તો આપણે અહીંમાં શી રીતે હોત. આપણું સ્થૂળતાને પ્રાપ્ત થયેલા આત્મા છીએ અને તેથીજ આપણે આ પૃથ્વીપર આવેલા છીએ. સ્થૂળતાજ આપણને અત્ર લાવી છે અને એજ આપણને અહીંથી લઈ જશે. ઇંદ્રિયોના વિષયોની પાછળ ભટકવાથીજ આપણે મનુષ્ય જન્મ લીધો અને આપણે અન્યથા ગમે તે કહીએ તો પણ આપણે સાકાર પ્રાણીઓનીજ પૂજા કરવાના. "મનુષ્ય જડ પૂજક નહિ" એમ કહેવું બહુ સહેલું છે; પરંતુ સાધારણ રીતે જે આગ્રહ એમ કહે છે તેજ બીજાના કરતાં "મનુષ્ય જડ" હોય છે. કિંબહુ

અને આપણું ધ્યાન જ્યારે તેની ઉપર સ્થિર થાય ત્યારે આપણને અરુન્ધતી દેખાડવામાં આવે છે. આવી રીતે આ સર્વ ભિન્ન ભિન્ન પ્રતિકાએ અને પ્રતિમાઓ પણ આપણને ઇશ્વર સન્નિધ લઇ જાય છે. ક્રુસ અને ક્રાઈસ્ટની પૂજા એ પ્રતિકા પૂજા છે અને એ પણ આપણને ઇશ્વર પૂજાની નિકટ લઈ જાય છે. પરંતુ આ ક્રુસ અને ક્રાઇસ્ટની પૂજાથી પણ આપણે આગળ વધવું જોઇએ. કેવલ ઇશ્વરજ આપણો ઉદ્ધાર કરી શકે છે. કેટલાક દાર્શનિકો એવા પણ છે કે જેઓ કહે છે કે "ક્રાઇસ્ટ આદિને ઈશ્વર ગણવા જોઇએ. તેઓ પ્રતિકાએ નથી, પરંતુ સ્વયં ઈશ્વર છે." જો કે આપણે આ સમસ્ત ભિન્ન ભિન્ન પ્રતિકાઓને-ઇશ્વર પ્રાપ્તિના આ ભિન્ન ભિન્ન ક્રમોને મદદ કરીએ તેથી આપણને હાનિ નથી; પરંતુ જો આપણે એમ-જ ધારીએ કે "તેમની પૂજા કરવાથી આપણે ખુદ ઇશ્વરની પૂજાજ કરીએ છીએ" તો આપણે ભૂલજ કરીએ છીએ. જો એક માણસ એમ ધારે કે માત્ર પ્રતિમાની પૂજા કરવાથીજ અથવા મુનાત્માઓની પૂજા કરવાથીજ તેનો ઉદ્ધાર થશે તો તેને સંપૂર્ણતઃ ભ્રમમાં પડેલો સમજવો. જો આપણે પ્રતિમાનુ વિસ્મરણ કરી શકતા હોઇએ અને તેમાં ઈશ્વરનુ દર્શન કરી શકતા હોઇએ તો આપણે કોઇ પણ વસ્તુમાં ઈશ્વરનું દર્શન કરીને તેની પૂજા કરી શકીએ. આપણે ઈશ્વરની કોઇ મૂર્તિ કલ્પવી ન જોઇએ; પરંતુ તે જીવન કે જે ઈશ્વર છે તેને આપણે કોઇ પણ મૂર્તિમાં પૂરી શકીએ. માત્ર પ્રતિમાને વિસરી જાઓ, એટલે તમારૂં કાર્ય યથાવત્ છે, કારણ કે "ઈશ્વરમાંથીજ પ્રત્યેક વસ્તુની ઉત્પત્તિ થાય છે." તેજ પ્રત્યેક વસ્તુ છે. આપણે એક ચિત્રની ઈશ્વર તરિકે પૂજા કરી શકીએ; પરંતુ આપણે ઈશ્વરની ચિત્ર તરિકે પૂજા ન કરી શકીએ. ચિત્રમાં ઈશ્વરનું દર્શન કરવું યથોચિત છે, પરંતુ ચિત્રની ઈશ્વર તરિકે પૂજા કરવી અનુચિત છે. પ્રતિમામાં

આ ઉત્તમોત્તમ માર્ગ છે. જગતને માટે સંસ્કૃતમાં ' સૃષ્ટિ ' (સર્જના) શબ્દ છે. " ઈશ્વરે શૂન્યમાંથી પદાર્થોની ઉત્પત્તિ કરી " એનો અર્થ એજ કે વિશ્વની ઈશ્વરમાંથી ઉત્પત્તિ થઇ-ઇશ્વરજ વિશ્વ બન્યો. સમગ્ર વિશ્વ તેમાંજ પાછું લય પામે છે અને વળી પાછું તેમાંથીજ ઉત્પન્ન થઇને પાછું તેમાં લીન થાય છે. અનંતકાળ પર્યંત આજ પ્રકારે થયા કરશે. આપણે જોઇ ગયા કે મનમાં કોઇ પણ વસ્તુનો વિચાર નામ અને રૂપ વિના ઉત્પન્ન થઇ શકતો નથી. ધારો કે મન સંપૂર્ણતઃ શાંત છે, તેમાં એક પણ વિચાર નથી; છતાં તેમાં જ્યારે પણ વિચાર ઉત્પન્ન થવા લાગશે કે તરતજ તે નામ અને રૂપને ગ્રહણ કરશે. પ્રત્યેક વિચારને અમુક નામ અને અમુક રૂપ હોય છે. તેજ પ્રકારે સૃષ્ટિ ઉત્પત્તિને નામ અને રૂપની સાથે શાશ્વત સબંધ રહેલો છે. આ રીતે આપણને પ્રતીત થાય છે કે મનુષ્યના મનમાં હોય અને હોઇ શકે એવા પ્રત્યેક વિચારની સાથે અમુક નામ અથવા શબ્દ તેના એક અંગ તરીકે જોડાયેલો હોવો જોઇએ. વસ્તુસ્થિતિ આવી હોવાથી એમ ધારવું સંપૂર્ણતઃ સ્વાભાવિક છે કે જેવી રીતે આપણું શરીર એ આપણા વિચારનું પરિણામ છે-આપણું શરીર એ સ્થૂલરૂપ અને આવિષ્કરણ પામેલો આપણો વિચાર છે, તેવી રીતે આ વિશ્વ પણ મનનુંજ-વિચારનુંજ પરિણામ છે. વળી આ વાત જો સત્ય હોય કે સમગ્ર વિશ્વની રચના આજ યોજના અનુસાર થયેલી છે તો એક પરમાણુની ઘટનાની રીત તમારા ધ્યાનમાં આવતાં સમગ્ર વિશ્વની ઘટના કેવી રીતે થાય છે તે તમે સમજી શકશો. અર્થાત શરીર એ તમારો બાહ્ય સ્થૂલ ભાગ છે અને મન એ તમારો આંતરિક સૂક્ષ્મ ભાગ છે, અને એ બન્ને આપણા [illegible] કદિ પણ એક બીજાથી જુદાં થઇ શકતાં નથી. મનુષ્યનું મન અથવા શરીર જ્યારે આરંભ થાય છે ત્યારે તેના

પણ અસ્વસ્થ થાય છે, કારણ કે તેઓ મૂળમાં એક જ વસ્તુ છે, એક જ વસ્તુનાં સૂક્ષ્મ અને સ્થૂલ અંગો હોય છે. ભૌતિક અને મન એવી કોઇ બે વસ્તુઓ હોતી જ નથી. જે પ્રકારે એક મોટા સમુચ્ચયમાં એક જ તત્ત્વનાં અર્થાત્ પવનનાં ઘન સૂક્ષ્મ સ્તરો હોય છે તેજ પ્રકારે શરીરમાં સ્થૂલ અને સૂક્ષ્મ હોય છે. સમગ્ર શરીરમાં મૂળ વસ્તુ એક જ રહેલી હોય છે, તેમાં સ્થૂલથી સૂક્ષ્મપર્યંત અનેક સ્તરો હોય છે. બીજી રીતે સ્થૂલ શરીર એ આંગળીના નખ સમાન છે. નખને કાપી નાખવામાં આવે ત્યાર પછી પણ તે વૃદ્ધિંગત થયાજ રહે છે, તે [illegible] સૂક્ષ્મ વિચારોમાંથી એક પછી એક શરીરની ઉત્પત્તિ જ કરે છે. એક વસ્તુ જેમ વિશેષ સૂક્ષ્મ હોય છે તેમ તે [illegible] હોય છે; અને તે જેમ વિશેષ સ્થૂલ હોય છે તેમ [illegible] હોય છે. આ રીતે નામ અને રૂપ એ વિચારોના [illegible] એક જ શક્તિની સ્થૂલ અને સૂક્ષ્મ સ્થિતિઓ છે. [illegible] પણ છે અને નથી પણ છે, એ એક જ વસ્તુના [illegible] સૂક્ષ્મ તેથી વિશેષ સ્થૂલ અને તેથી વિશેષ સ્થૂલ [illegible] છે ત્યાં બીજાં બે પણ હોય છે. જ્યાં નામ હોય [illegible] વિચાર પણ હોય છેજ. માટે સ્વાભાવિક રીતે [illegible] જો વિશ્વની રચના શરીર રચનાના જેવી જ હોય [illegible] નામ અને વિચાર એવા વિભાગો હોવા જ [illegible] નાખીને થાય છે કે 'વિચાર' એ વિશ્વે [illegible] સૂક્ષ્મ ભાગ છે અને તેજ આ વિશ્વની મૂળ તથા વનિતાકાર [illegible] ઉપરના ગ્રંથમાં જે 'વિચાર' કહેલો છે તેનું [illegible] કહેલ છે, અને વિશ્વની અન્દર રહેલા 'વિચાર' [illegible]

તે નામ છે; અને જ્યારે સ્થૂલભાવને પામેલી [illegible] કે આ પણ જેને જોઈએ અને અનુભવીએ છીએ તે રૂપ છે "ઉદાહરણાર્થ નર્ક આ વિશ્વમાંનું એક વિશિષ્ટ આકારવાળું શરીર છે." ત્યાર પછી તેની પાછળ જેમ અથવા [illegible] એક નામ છે, અને પુન: તેની પાછળ 'વિચાર' છે તેજ પ્રકારે આ સંપૂર્ણ વિશ્વની રચના પણ છે. તેનું પણ 'નામ' છે કે જે નામને સમસ્ત ધર્મોમાં "શબ્દ" કહે છે અને તે નામ અથવા શબ્દનું [illegible] છે.

હવે એ નામ શું છે? એ નામ પણ કાંઈક હોવું તો જોઈએ. એમ, આધુનિક વિજ્ઞાન નિશ્ચિત રીતે જણાવે છે કે આ સમગ્ર વિશ્વ જે પંચ તત્ત્વનું બનેલું છે તેજ પંચ તત્ત્વો અનેક પરમાણુ બનેલો છે. જો તમે માટીના એક ઢેફાનું સંપૂર્ણ જ્ઞાન મેળવો તો તમને સંપૂર્ણ વિશ્વનું જ્ઞાન થશે. આ પ્રમાણે જોતાં મનુષ્ય કે જે આ વિશ્વમાંનું સર્વથી વધારે ઉન્નત પ્રાણી છે, તે સ્વયં એક નાનું વિશ્વ છે. આપણે જોઈએ છીએ કે મનુષ્યમાં રૂપ છે, તેની પાછળ નામ છે અને તેની પાછળ વિચાર અર્થાત્ વિચાર કરનાર જીવાત્મા છે. માટે આ વિશ્વની યોજના પણ બરાબર તેવીજ હોવી જોઈએ. પ્રશ્ન એ છે કે તે નામ શું છે? હિંદુઓની માન્યતા પ્રમાણે તે શબ્દ "ૐ" અથવા "ઓમ્." છે. પ્રાચીન મિસરવાસીઓ પણ એમજ માનતા હતા. કઠોપનિષદમાં જણાવવામાં આવ્યું છે કે "જે પ્રાપ્ત કરવાને માટે મનુષ્ય બ્રહ્મચર્ય વગેરે સાધનોનું પાલન કરે છે તે શું છે તે હું તમને સંક્ષેપમાં કહીશ; તે 'ઓમ્' છે." આ પદ છે, અવિનાશી પ્રભુ છે અને સર્વોચ્ચ છે; આ અવિનાશી પ્રભુને ઓળખવાથીજ આપણને આ જગતની તમામ વસ્તુસ્થિતિઓ કરતાં અતિશય ઉત્તમ એવી વસ્તુસ્થિતિ પ્રાપ્ત થાય છે.

આ ઓરૂમ્ સમગ્ર વિશ્વ અથવા બ્રહ્મનું નામ છે. તે જાણે જગત્ અને ઈશ્વરની વચ્ચે સ્થિત છે અને ઉભયનો પ્રતિનિધિ છે. આપણે આ વિશ્વને ભિન્ન ભિન્ન ઇંદ્રિયોવડે સ્પર્શ, વર્ણ, રસ અને ઇતર ભિન્ન ભિન્ન પ્રકારે પૃથક્ પૃથક્ ગ્રહણ કરી શકીએ પ્રત્યેક દાખલામાં આપણે પૃથક્ પૃથક્ દષ્ટિબિંદુઓથી આ વિશ્વમાંથી કોટયવધિ વિશ્વો બનાવી શકીએ, પરંતુ તેમાંનું પ્રત્યેક વિશ્વ સ્વત એક સંપૂર્ણ વિશ્વ હશે અને પ્રત્યેક વિશ્વને તેની પાછળ નામ, રૂપ અને વિચાર રહેલાં જ હશે. આ પ્રમાણે પ્રત્યેક પ્રાણી પદાર્થની પાછળ અથવા તો તેના મૂળમાં જે વિચાર ભાવે રહેલો છે તે પણ એક પ્રકારની "પ્રતિમા" જ છે. આ પ્રત્યેક પ્રતિમાને નામ હોય છે. પવિત્ર પ્રતિમાઓનાં નામો ભક્તિયોગમાં વાપરવામાં આવે છે આ નામોમાં પુષ્કળ શક્તિ રહેલી હોય છે. આવાં નામોના જપવડે આપણે ઈષ્ટ વસ્તુસ્થિતિને પ્રાપ્ત કરી શકીએ છીએ અને પૂર્ણ બની શકીએ છીએ. પરંતુ બે વસ્તુઓ એવી ખાસ આવશ્યક છે કે ઉપનિષદ જણાવે છે કે "ગુરૂ પુરેપુરો આપ્ત હોવો જોઈએ અને શિષ્ય પણ યોગ્ય હોવો જોઈએ." આવું નામ એવા માણસ પાસેથી પ્રાપ્ત થવું જોઈએ કે જેને તે વંશપરંપરાથી ઉત્તરાધિકારથી મળ્યું હોય અને જેણે ઈષ્ટ વસ્તુસ્થિતિ પ્રાપ્ત કરેલી હોય. પ્રાચીનકાળથી આધ્યાત્મિક પ્રવાહ તેની શક્તિ અને વિધિપૂર્વક ગુરૂદ્વારા શિષ્યને પ્રાપ્ત થતો આવ્યો છે જે વ્યક્તિ તરફથી આવેલ નામ પ્રાપ્ત થાય છે તે મંત્રગુરૂ કહેવાય છે આ મંત્ર જેને મંત્ર [illegible] જેને ગુરૂમંત્ર કહે છે. તે વારસિદ્ધિ અને શિષ્યત્વ અધિકારે [illegible] પ્રાપ્ત થયો હોય અને જ્યારે આપણા અભ્યાસ [illegible] જ અર્થ-ભાવ રહેલ હોય તેનો અભ્યાસ (માળાવડે) જપ કરો

અને ઉચ્ચરે તો એ શબ્દના શ્રવણ વા ઉચ્ચાર માત્રથી પણ ભક્તિની ઉચ્ચતમ સ્થિતિ અનુભવી શકાય છે. "હે પરમાત્મન્ ! તારાં ઘણાં નામો છે. તેમનો સંપૂર્ણ અર્થ તો તુંજ સમજે છે. આ જગતમાંનાં સર્વ નામો તારાંજ છે અને પ્રત્યેક નામમાં તારી અનંત શક્તિ રહેલી છે. તારાં પવિત્ર નામોનો ઉચ્ચાર કરવાને માટે કોઈ વિશિષ્ટ સમય-વસ્થાન હોવુંજ જોઈએ એમ નથી, કારણ કે સર્વ સમય અને સર્વ સ્થાનો તારાંજ છે—તુંજ છે અને તેથી તે સર્વ પવિત્ર છે. તું એટલો બધો સુલભ છે અને એટલો બધો દયાળુ છે, છતાં હું તારી ભક્તિ નથી કરતો એ મારૂં મહાદુર્ભાગ્ય છે. હે સર્વશક્તિમાન પ્રભુ ! એ દુર્ભાગ્ય દૂર કરી તારી ભક્તિનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરવાને મને શક્તિમાન કર."

૬૯.

ઇષ્ટનો સિદ્ધાંત કે જેના સંબંધમાં પૂર્વે મેં સંક્ષિપ્ત નિર્દેશ કર્યો છે તે એક એવો વિષય છે કે જેની ઉપર સંભાળપૂર્વક લક્ષ્ય આપવું જોઈએ, કારણ કે આ વિષય જો આપણે યથાર્થરીતે સમજીશું તો જગતના સમસ્ત ભિન્ન ભિન્ન ધર્મો આપણા સમજવામાં આવશે. ઈષ્ટ શબ્દની ઉત્પત્તિ ઇષ્ અર્થાત્ ઇચ્છવું—પસંદ કરવું એ ધાતુમાંથી થયેલી છે. સમસ્ત ધર્મો, સમસ્ત પંથોનો આદર્શ એકજ હોય છે—પરમ (સર્વથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ) પદની પ્રાપ્તિ કરવી અને દુઃખ માત્રનો સદાને માટે અંત આણવો એજ હોય છે. જ્યાં જ્યાં તમે ધર્મ જુઓ છો ત્યાં ત્યાં તમને એક વા બીજા રૂપમાં આ આદર્શનીજ પ્રાપ્તિને માટે પ્રયત્ન થતો જણાશે. અલબત્ત, ધર્મના નિકૃષ્ટ ક્રમોમાં તે હેતુ બહુ સારી રીતે સ્ફુટ થયેલો હોતો નથી, પરંતુ તે સારી રીતે સ્ફુટ થએલો હો વા ન હો, તોપણ પ્રત્યેક ધર્મ કેવળ એજ ઉદ્દેશને અનુસરે છે. આપણે સર્વ

નાશ કરવા માગીએ છીએ; આપણે સર્વ જાણતાં કે અજાણ શારીરિક, માનસિક અને આત્મિક મોક્ષ પ્રાપ્ત કરવાનેજ ફરી રહ્યા છીએ. આ મૂળ એકજ આશયને ખાતર આખું પ્રત્યેક ક્રિયા કરી રહ્યું છે. પરંતુ ધ્યેય એકજ છે અને તેને કરવાના માર્ગજ માત્ર જુદા છે. આ વિવિધ માર્ગો આપણી વિવિધતાને લીધેજ બનેલા છે એ નક્કી થએલાં છે. એક ની પ્રકૃતિ લાગણી પ્રધાન હોય છે, બીજા માણસની પ્રકૃતિ પ્રધાન હોય છે, ત્રીજો મનુષ્ય પ્રવૃત્તિશાળી હોય છે, આવી નાઓ આપણામાં રહેલી હોય છે. વળી એકજ પ્રકૃતિમાં એવા વિભાગો રહેલા હોય છે. ઉદાહરણાર્થ પ્રેમ કે જેની સાથે ને આ ભક્તિના વિષયમાં ખાસ સંબંધ છે તેને લઇએ. મનુષ્યમાં સંતતિ પ્રેમ વિશેષ પ્રબળ હોય છે, બીજામાં પત્ની પ્રબળ હોય છે, ત્રીજામાં માતૃપ્રેમ, ચોથામાં પિતૃપ્રેમ, મનુષ્ય તો કોઇમાં સ્વદેશપ્રેમ પ્રબળપણે રહેલો હોય કો સમગ્ર મનુષ્યજાતિને પણ ચાહે છે, પરંતુ આવા મનુષ્યો વાજ હોય છે પુષ્કળ માણસો જાણે કે સમગ્ર વિશ્વના પ્રેમી હોય તેમ વાત કરે છે, પરંતુ ખરું કહેતાં માત્ર થોડાક સંતોનેજ અનુભવ હોય છે માનવજાતિમાં થોડાક મહાત્માઓજ આવો પ્રેમ ધરાવતા હોય છે. આપણે આશા રાખીએ કે આ કોઇ પણ આવા માણસોથી રહિત બનશે નહિ.

આપણું જાણવું જોઇએ કે એકજ ધ્યેયમાં પણ તેની પ્રાપ્તિના ભિન્ન ભિન્ન માર્ગ હોય છે. સમગ્ર ખ્રિસ્તીઓ ઇશુ ખ્રિસ્તને છે, પરંતુ તેમાં તેની કેટલી ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ કરે છે વિચાર કરો. પ્રત્યેક પંથ તેને ભિન્ન પ્રકારમાં, ભિન્ન દૃષ્ટિથી જુએ છે. પ્રેસ્બીટેરિયનોની આંખ ઇશુના જીવનના તે

કારણ કે અમુક માણસનો બોધ ઉત્તમોત્તમ છે અને તે તમને અનુકૂળ આવે છે ... ભિન્ન તમે તમારા એક મિત્રને કહેશો કે “ તમે ... એ માર્ગ ... પણ કરો તો સારું પરંતુ તે મિત્ર કદાચ એવી માન્યતાવાળો ... તેના ઉપદેશ અનુસાર આચરણ કરે તેની એ વાત ... નથી અને તે ... તકરાર કરવામાં કોઇ સાર નથી. ઉપદેશ યથાર્થ હતો, પરંતુ તે માણસને માટે અનુકૂળ નહોતો. હવે આપણે આ વાતને જરા આગળ લંબાવીએ. આપણે તપાસવું જોઇએ કે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી જોયેલું સત્ય ભિન્ન દેખાય છે અને તે છતાં એકજ સત્ય હોઇ શકતું નથી. પ્રથમ આમાં વદતોવ્યાઘાત જણાશે પરંતુ આપણે આ વાત સ્મરણમાં રાખવી જોઇએ કે નિરપેક્ષ સત્ય કેવલ એકજ હોય છે, જ્યારે સાપેક્ષ સત્યો આવશ્યકતા વશ ઘણાં હોય છે. ઉદાહરણાર્થ, તમારી આ વિશ્વની કલ્પના ગ્રહણ કરો. આ વિશ્વ નિરપેક્ષ પદાર્થ તરીકે અપરિવર્તનીય અને અપરિવર્તિત છે અને સર્વત્ર એકજ પ્રકારનું છે. પરંતુ તમે અને હું અને બીજા પ્રત્યેક જણ પોતપોતાનાજ વિશ્વનું શ્રવણ અને દર્શન કરે છે. સવિતાને લો. સૂર્ય એક છે; પરંતુ તમે અને હું અથવા બીજા માણસો ભિન્ન ભિન્ન સ્થાને ઉભા રહે અને તેના પ્રતિ જુએ, ત્યારે આપણામાંનો પ્રત્યેક જણ ભિન્ન સૂર્ય જુએ છે. આ બાબતમાં આપણે નિરુપાય છીએ. આપણા સ્થાનમાં અતિ અલ્પ પણ પરિવર્તન થશે તો સૂર્યનું સમગ્ર દૃશ્ય પરિવર્તિત થઇ જશે. વળી વાતાવરણમાં સહેજ ફેરફાર થશે તો પણ ભિન્ન દૃશ્ય પ્રાપ્ત થશે. માટે સાપેક્ષ દર્શનમાં સત્ય હમેશાં અનેક જણાય છે; પરંતુ નિરપેક્ષ સત્ય તો કેવલ એકજ હોય છે. માટે આપણને જ્યારે અન્યોનું બોલવું આપણા મતથી વિરુદ્ધ જણાય ત્યારે આપણે

તો સાકાર ઈશ્વરની આરાધના ન કરી શકે, પરંતુ નિરાકાર ઈશ્વર તરીકે તેના ઉચ્ચતમ સ્વરૂપનેજ માત્ર આરાધી શકે. ધારો કે હું તેને તમારી વચ્ચે મૂકું અને તે તમને કહે કે ઈશ્વર સાકાર નથી, કિંતુ ઈશ્વર માત્ર તમારા કે મારા આત્મારૂપેજ છે. તમે ચોકી જશો. તેનો વિચાર વિશુદ્ધ છે પરંતુ ગુપ્ત નથી. કોઈ મોટા ધર્મે કિંવા કોઈ મહાન આચાર્યે કદિપણ ઈશ્વરનાં સત્યો પ્રબોધવાને માટે ગુપ્ત મંડળો સ્થાપન કર્યા નથી. ભારત વર્ષમાં આવાં ગુપ્ત મંડળો નથી. આવી વસ્તુઓ કેવળ પાશ્ચાત્ય મસ્તિષ્કોમાં ઉત્પન્ન થયેલી છે અને તેમને કેવળ ગુપ્ત રીતે ભારતવર્ષમાં ઘુસેડી દેવામાં આવી છે. અમે તેમને વિષે કદિ કોઈ પણ જાણતા નહોતા. વસ્તુતઃ ભારતવર્ષમાં ગુપ્ત મંડળો શા માટે હોવાં જોઈએ? યુરોપમાં સ્થાપિત ધર્મને અનુકુળ ન હોય એવો એક પણ ધર્મ સમ્બંધી શબ્દ લોકોને બોલવા દેવામાં આવતો નહોતો. એટલા માટે તેમને પોતાને અનુકુળ એવી આરાધના કરવાના ઉદ્દેશથી પર્વતોમાં જઈ ગુપ્ત નિવાસ કરવાની અને ગુપ્ત મંડળો સ્થાપિત કરવાની ફરજ પડી હતી. હિંદમાં એવો સમય કદિ પણ નહોતો કે જ્યારે માણસો પર સ્વતન્ત્ર ધાર્મિક વિચારો ધરાવવાને માટે અત્યાચાર કરવામાં આવ્યો હોય. હિંદમાં કદિ પણ ગુપ્ત ધાર્મિક મંડળો નહોતાં; માટે એ પ્રકારના કોઈ પણ વિચારનો તમારે એકદમ ત્યાગ કરવો જોઈએ. આ ગુપ્તમંડળો હમેશાં પતિત થઈને ભયંકરમાં ભયંકર વસ્તુઓ બની જાય છે. આ મંડળો કેટલી હાનિ કરે છે, તેઓ કેટલી સરલતાથી નિરંકુશ પ્રેમનાં મંડળો અને પ્રેતાવાહન મંડળો બની જાય છે, માણસો અન્ય પુરુષો અને સ્ત્રીઓના હાથમાં કેવી રીતે રમે છે, અને તેમની વિચાર-વિકાસ યા કાર્યવિકાસની ભાવી સંભવિતતાઓ કેવી રીતે નષ્ટ થાય છે તે બધું હું જાણું છું. હું આ પ્રકારે વાત કરૂં છું તે માટે તમા-

છીએ? તે દલીલ કરતી નથી, પરંતુ વિજળીવેગે વસ્તુઓને ઓળખણી લે છે. એ ઉચ્ચતમ કોટિનું જ્ઞાન છે. પરંતુ આપણે તેને શી રીતે જાણીએ! એ મહાન મુશ્કેલી છે. આજકાલ પ્રત્યેક જણ તમારી પાસે આવે છે અને તેને ઈશ્વરી પ્રેરણા પ્રાપ્ત થયેલી છે એમ કહે છે તથા અદ્ભુત દાવાઓ કરે છે. તોપછી આપણે ઈશ્વરી પ્રેરણા અને દગાબાજી શી રીતે ઓળખવી? પ્રથમ ઈશ્વરી પ્રેરણાએ સદ સદ્વિવેક બુદ્ધિનો વિરોધ ન કરવો જોઈએ. વૃદ્ધ મનુષ્ય બાળકનો વિરોધ કરતો નથી, તે બાળકમાંથીજ વિકાસ પામેલો છે. આપણે જે ઈશ્વરી પ્રેરણા કહીએ છીએ તે સદસદ્વિવેક બુદ્ધિમાંથી વિકાસ પામેલી છે. સદ સદ્વિવેક બુદ્ધિ એજ ઈશ્વરી પ્રેરણા પ્રાપ્ત કરવાનું સાધન છે. તમારા શરીરના પ્રેરણાત્મક આંદોલનો સદ સદ્વિવેક બુદ્ધિનો વિરોધ કરતાં નથી. જ્યારે તમે માર્ગની એક બાજુથી બીજી બાજુપર દોડી જાઓ છો ત્યારે તમે ગાડીઓથી તમારી જાતનું સંરક્ષણ કરવાને કેવા આપોઆપ તમારા શરીરને આંદોલિત કરો છો! શું એ વખતે તમારું મન તમને એમ કહે છે કે એ પ્રકારે તમારી જાતનું સંરક્ષણ કરવું એ મૂર્ખતા ભરેલું કાર્ય છે! તે તમને એમ કહેતું નથી. કોઈપણ સાચી ઈશ્વરી પ્રેરણા કદિ પણ સદસદ્વિવેક બુદ્ધિનો વિરોધ કરતી નથી જ્યાં તે વિરોધ કરે છે ત્યાં તે ઈશ્વરી પ્રેરણા હોતી નથી. બીજું, ઈશ્વર પ્રેરણા સર્વ જનોના કલ્યાણને માટે હોવી જોઈએ. તે નામના, કીર્તિ અથવા અંગત લાભને માટે હોવી ન જોઈએ. તે હંમેશાં જગતના કલ્યાણને માટે હોવી જોઈએ અને સંપૂર્ણ નિસ્વાર્થી હોવી જોઈએ. જ્યારે આ કસોટીઓમાંથી ઉત્તીર્ણ થવાય ત્યારે તેને ઈશ્વરી પ્રેરણા તરિકે ગ્રહણ કરવામાં તમે સુરક્ષિત છો. તમારે આ વાત સ્મરણમાં રાખવી જોઈએ કે જગતની આધુનિક સ્થિતિમાં દશ લાખમાંથી એક માણસને પણ ઈશ્વરી

છીએ.' એ એક રોગ છે, ફક્ત અનૈસર્ગિક ઉત્પન્ન છે. જૂઠોનો આશ્રય અનૈસર્ગિક રૂપ ધારણ કરવાથી અથવા ચમત્કારિ આદિની ક્ષુધાને ઉત્તેજિત કરવાથી માનવજાતિ પતિત થાય છે. એથી આપણા જ્ઞાનતંતુઓ અને આપણું મસ્તિષ્ક નિર્બળ બને છે. તેમના વિષેની આ સમસ્ત ઉત્તેજક વાતો જ્ઞાનતંતુઓને અસ્વાભાવિક રીતે ઉશ્કેરાયેલા રાખે છે. આથી ધીમે ધીમે પરંતુ નિશ્ચયપૂર્વક માનવજાતિનું પતન થાય છે. આ સમસ્ત અર્થશૂન્ય વાતોની પાછળ ભટકવાને માટે ઈશ્વર, વિશુદ્ધતા, પવિત્રતા અને આધ્યાત્મિકતાનો ત્યાગ કરવો એ અસ્વાભાવિક છે. અન્ય મનુષ્યોના વિચારો જાણવાનું પ્રયોજન શું? હું જો કોઈ અન્ય માણસના વિચાર સતત પાંચ મિનિટ પર્યંત જાણવાનો પ્રયત્ન કરું તો હું દિવાનોજ બની જાઉં. દૃઢ બનીને ઉભા રહો અને પ્રેમ સ્વરૂપ ઇશ્વરનેજ ભજો. આ ઉપાયમાં ઉચ્ચ બળ છે. વિશુદ્ધતાની શક્તિ કરતાં કઈ શક્તિ ઉચ્ચતર છે ? પ્રેમ અને વિશુદ્ધતા સમસ્ત જગતપર સત્તા ચલાવી શકે છે. દુર્બલ મનુષ્યને આ ઈશ્વર ભક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી; માટે શરીર, મન, નીતિ અથવા બુદ્ધિથી દુર્બલ બનશો નહિ. માત્ર પ્રભુજ સત્ય છે; ઇતર પ્રત્યેક વસ્તુ મિથ્યા છે. પ્રભુને માટે ઇતર પ્રત્યેકની આસક્તિનો ત્યાગ કરવો જોઈએ. મિથ્યા, મિથ્યા, સર્વ મિથ્યા છે. કેવલ પ્રભુનીજ ઉપાસના કરો.



વખતો વખત પ્રત્યેક ધર્મમાં એવા સુધારકો ઉત્પન્ન થયા છે કે જેમણે સમસ્ત પ્રતિમાઓ અને ક્રિયાઓનો વિરોધ કર્યો છે. પરંતુ તેમનો વિરોધ છેવટે વ્યર્થજ થયો છે, કારણકે જ્યાંસુધી મનુષ્ય જાતિ પોતાની બહિર્મુખ સ્થિતિમાં રહેશે ત્યાંસુધી ઘણાખરા માણસોને સદાસર્વદા અવલંબનને માટે આવી સ્થૂલ વસ્તુઓની અપેક્ષા રહેશેજ. તેમને કોઈ એવી વસ્તુની અપેક્ષા રહેશેજ કે જેની આસપાસ તેઓ પોતાના વિચારો મૂકી શકે અને જે તેમના મનમાંના સમસ્ત વિચાર સ્વરૂપોનું કેન્દ્ર બને. સમસ્ત કર્મકાંડ અને સાકાર ઉપાસનાઓને જગતમાંથી દૂર કરવા માટે મુસલમાનો અને પ્રોટેસ્ટન્ટોએ મહાન પ્રયત્નો કર્યા છે, અને તે છતાં આપણે જોઈએ છીએ કે તેમના પોતાનામાં પણ એ ક્રિયાઓ અને ઉપાસના ઘુસી ગઈ છે! એ ક્રિયાઓને દૂર રાખી શકાય તેમ છેજ નહિ. બહુ બહુ પ્રયાસ કરવામાં આવે તો જનસમૂહ માત્ર એક પ્રતીક કે ક્રિયાને મૂકીને બીજીને વળગે છે. મુસલમાન એમ માને છે કે તેમના સિવાયના બીજા જે લોકો જે પણ ક્રિયા, વિધિ, પ્રતિમા પૂજા અથવા કર્મ કરે છે તે સર્વ પાપકર્મ છે. પરંતુ એક મુસલમાન પોતેજ જ્યારે કાબા આગળ તેની પોતાની મસ્જીદમાં આવે છે ત્યારે તે એમ માનતો નથી. પ્રત્યેક ધાર્મિક મુસલમાન જ્યારે જ્યારે નમાજ પડે ત્યારે ત્યારે તેણે એવી કલ્પના કરવી જોઈએ છે કે તે કાબાનીજ મસ્જીદમાં ઉભેલો છે. જ્યારે તે ત્યાંની હજ કરે ત્યારે તો તેણે તે મસ્જીદની દિવાલમાંના કાળા પાષાણને ચુંબન પણ કરવુંજ જોઈએ. તેમની એવી માન્યતા છે કે જે જે કોટ્યવધિ હાજીઓએ તે પાષાણને ચુંબનો કર્યા છે તે સર્વ કયામતને દિવસે તેમના લાભને માટે સાક્ષી તરીકે ઉભા રહેશે. એ નિવાબ ઝમઝમના કૂપને માટે મુસલમાનો માને છે કે "જે માણસ તે કૂપમાંથી થોડુંક પાણી

આપણે પરિત્યાગ કરવો જોઈએ અને આગળ વધવું જોઈએ. માનવજાતિને ધીમે ધીમે પ્રકાશ તરફ આવતા એક વિશાળ દેહ તરીકે—ઈશ્વરના નામથી ઓળખાતા અદ્ભુત સત્યને ધીમે ધીમે પિછાનતા અદ્ભુત છોડ તરીકે—આપણે જોવી જોઈએ અને આના તરફનો પ્રથમ આવેગ-ધક્કો-પ્રયત્ન હંમેશાં ભૌતિક પદાર્થ અને ક્રિયા દ્વારાજ થાય છે.

આ સમસ્ત ક્રિયાઓના હાર્દમાં સઘળી આગળ પડતો એક વિચાર રહેલો છે અને તે નામની ઉપાસનાનો છે. તમારામાંના જેમણે ખ્રિસ્તી ધર્મના પ્રાચીન પ્રકારોનો અભ્યાસ કર્યો છે, તમારા પૈકી જેમણે જગતના ઈતર ધર્મોનો અભ્યાસ કર્યો છે તેમનું લક્ષ્ય કદાચ આ વાત તરફ ખેંચાયુંજ હશે કે તે સર્વમાં નામસ્મરણનો પ્રકાર રહેલો છે. નામ બહુ પવિત્ર ગણાય છે. બાઈબલમાં પણ આપણે વાંચીએ છીએ કે ઈશ્વરનું નામ અનુપમ રીતે પવિત્ર, સૌથી પવિત્ર ગણાતું હતું અને એમ ધારવામાં આવતું હતું કે સ્વયં એ શબ્દજ ઈશ્વર હતો. વાત ખરી છે કે નામ અને રૂપ સિવાય આ વિશ્વ બીજું શું છે? પણ શું તમે શબ્દો વિના વિચાર કરી શકો છો? શબ્દ અને વિચારને એક બીજાથી જુદા નજ કરી શકાય. જ્યારે જ્યારે પણ તમે વિચાર કરો છો ત્યારે ત્યારે તમે શબ્દો અને રૂપો દ્વારાજ તેમ કરો છો. વિચાર શબ્દને લાવે છે અને શબ્દ વિચારને લાવે છે. આ પ્રકારે સમગ્ર વિશ્વ ઈશ્વરની બાહ્ય પ્રતિકૃતિજ છે અને તેની પાછળ તેનું મહાન નામ ઉભેલું છે. પ્રત્યેક વિશિષ્ટ શરીર એક રૂપ છે, અને તે વિશિષ્ટ શરીરની પાછળ તેનું નામ છે. તમે તમારા અમુક મિત્રનો વિચાર કરો છો કે તરતજ તેના શરીરનો વિચાર આવે છે, અને તમે તમારા મિત્રના શરીરનો વિચાર કરો છો કે તરતજ તમને તેના નામનો વિચાર આવે છે. માનવ પ્રકૃતિજ

જ્યાં તમે જુઓ છો કે તેઓ પરસ્પર લડવા માગે છે! એક કહે છે કે "મારૂં નામ એજ કેવળ ખરૂં નામ છે; મારી વિધિ એજ કેવળ સત્ય વિધિ છે અને મારા પેગંબર યા ઇશ્વરાવતારો એજ માત્ર જગતમાં સત્ય પેગંબર યા ઇશ્વરાવતારો છે. તમારા કેવળ ખોટા છે! તે પોતાનાં નામ, વિધિ, પેગંબરો વગેરેને ખરાં કહેવા માગે છે. અલબત્ત, હાલના સમયમાં ખ્રિસ્તી ધર્માચાર્યો લગાર વિશેષ માયાળુ બન્યા છે, અને તેઓ સ્વીકારે છે કે પ્રાચીન ધર્મોમાં આરાધનાની જે ભિન્ન ભિન્ન વિધિઓ છે તે ખ્રિસ્તી ધર્મની પૂર્વ છાયાઓ છે. ધર્મ અને ઉપાસનાનું ખરૂં સ્વરૂપ તો તેમણે જે માનેલાં છે તેનેજ તેઓ માને છે. ઇશ્વરે પ્રાચીન સમયમાં આ સર્વ વસ્તુઓને મૂર્ત સ્વરૂપ આપીને પોતાની શક્તિઓની કસોટી-અજમાયશ લીધી હતી અને તેનું તે કાર્ય ખ્રિસ્તી ધર્મમાં પરિણમ્યું હતું. નિઃશંક તેમની આટલી ઉદારતા પણ તેમની પ્રગતિનીજ સૂચક છે. પચાસ વર્ષ પૂર્વે તેમણે આટલું પણ કહ્યું ન હોત અને પોતાના ધર્મ સિવાયનો બીજો કોઇ પણ ધર્મ નથી એમજ તેમણે કહ્યું હોત. આ પ્રકાર કાંઇ ખ્રિસ્તીઓમાંજ રહેલો હોય એમ નથી. લગભગ દરેક ધર્મ અને પંથવાળાઓમાં એ પ્રકાર રહેલો હોય છે. તેઓ એવોજ વિચાર ધરાવે છે કે અન્યોનું કર્તવ્ય માત્ર એટલુંજ છે કે તેઓ સ્વયં જે કરતા હોય તે તેમણે કરવું. ભિન્ન ભિન્ન ધર્મોનો અભ્યાસ આપણને આજ કેટલી મોટી મદદ કરે છે. તે અભ્યાસ આપણને દર્શાવી આપે છે કે જે વિચારોને આપણે કેવલ આપણાજ જણાવતા આવ્યા છીએ તે વિચારો અન્ય ધર્મોમાં પણ રહેલા છે અને કેટલીકવાર તો તે આપણી પોતાની ભાષા કરતાં પણ અધિક સારી ભાષામાં શતાવધિ વર્ષો પૂર્વે વિદ્યમાન હતા.

"તમે શિવનાં દર્શન કર્યાં છે ? તમને તેનો સાક્ષાત્ [illegible] છે ? જો, તમને તેનો સાક્ષાત્કાર કર્યો ન હોય તો તમે કેવી [illegible] કે તે સર્વોત્તમ દેવ છે." ત્યારપછી વિષ્ણુના ભક્ત [illegible] તેવું પૂછ્યું "નહિ વિષ્ણુને જોયા છે." આવા ક્રમ [illegible] પ્રમાણે તેને પ્રશ્ન પુછ્યું કે તેમાંનો કોઈ પણ સાક્ષાત્ [illegible] [illegible] પણ ઓળખતો નહોતો. તેઓ આશ્ચર્ય [illegible] કરવા જતા તેવું શાંતિથી આનંદમાં રહ્યું. જો તેમને [illegible] રસ્તે પરિશ્રમ હોત તો તેમનું એવું [illegible] [illegible] હોત. જગતમાં સર્વ [illegible] [illegible] [illegible] [illegible] કર્યાં કરે છે. ત્યારે તે સંપૂર્ણ [illegible] [illegible] ને શોધ—ખોળ [illegible] તેમાં [illegible] [illegible] [illegible] [illegible] બીજાને ઓળખવું પણ નથી. પોતે પોતે [illegible] [illegible] અને [illegible] કરે છે તેમ [illegible] [illegible] સામાન્ય [illegible] થવાના નથી. તેમને મન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ ઉપરાંત ન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે અને એ પ્રમાણે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] શકે છે પરંતુ આમ [illegible] [illegible] [illegible] તો તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વૃદ્ધિ કરે છે.

જગતમાં [illegible] [illegible] [illegible] પણ હોય છે અને [illegible] [illegible] [illegible] છે કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કોઇ વસ્તુદ્વારાજ ઉત્પન્ન થઇ છે. પૂર્ણતા પ્રાપ્ત કરવાની, લક્ષ્ય પ્રાપ્ત કરવાની, પ્રકૃતિથી અતીત થવાની મુમુક્ષુની ઇચ્છાને પણ એજ પ્રમાણે જો કોઇ વસ્તુએ ઉત્પન્ન કરી ન હોય અને તેને અભ્યાસદ્વારા મનુષ્યના આત્મામાં ઉતારી દીધી ન હોય તથા તેને સો જીવંત રાખવામાં આવતી ન હોય તો તે ત્યાં શી રીતે હોઇ શકે ? માટે જેનામાં આ ઇશ્વરપિપાસા જાગૃત થઇ હોય તેને તેના લક્ષ્યની પ્રાપ્તિ પણ અવશ્ય થશેજ. આપણે સામાન્ય મનુષ્યો ઇશ્વર સિવાયની બીજી પ્રત્યેક વસ્તુની અપેક્ષા રાખીએ છીએ; પરંતુ જે જે વસ્તુસ્થિતિઓને તમે તમારી આસપાસ સર્વત્ર જુઓ છો તે કોઇ સત્ય સુખરૂપ ઇશ્વર નથી અને તેની પાછળ દોડવા કરવું એ ધર્મ નથી. એક બાઇના દિવાનખાનામાં જગતના સર્વ ભાગોનું રાચરચીલું છે અને હાલમાં જાપાની વાસણ રાખવાની ફૅશન પડેલી હોવાથી તે એક વાસણ ખરીદે છે અને તેને પોતાના ઓરડામાં મૂકે છે. ઘણા માણસો ધર્મના સંબંધમાં આવાજ ભાવથી વર્તતા જણાય છે. તેમની પાસે ઉપભોગને માટે સર્વ પ્રકારની વસ્તુઓ હોય છે અને તેઓ તેમાં લગાર ધર્મનો રસ નહિ ઉમેરે તો તેમને જીવન યથાવત્ લાગતું નથી; કારણ કે સમાજ તેમની ટીકા કરે અને તેમને નાસ્તિક કહે. એટલા માટે તેમની પાસે કાંઇક ધર્મ હોવો જોઇએ એમ તેમને લાગે છે. ઘણાખરા માણસો શરીરપર ધાર્મિક ચિન્હો ધારણ કરે છે તેમજ દેવાલયોમાં જાય છે તે માત્ર આટલાજ માટે હોય છે. જગતમાં ધર્મની વર્તમાન સ્થિતિ આ છે.

એક શિષ્ય તેના ગુરૂની પાસે ગયો અને તેને કહ્યું: "મહારાજ, મને ધર્મની અપેક્ષા છે." ગુરૂએ શિષ્યપ્રતિ દૃષ્ટિપાત કર્યો અને કાંઇ પણ કહ્યું નહિ, પરંતુ માત્ર સ્મિતજ કર્યું. આ પ્રમાણે રોજ તરુણ પુરુષ પ્રતિદિન આવતો અને આગ્રહપૂર્વક ધર્મની અપેક્ષા

ધ્યાન કે સ્મરણું પ્રાપ્ત કરવા મરજ ભોકામ થઈ. શું તમે એમ કહેવા માગો છો કે જો આ સર્વ લોકો વસ્તુત એમજ માનતા હોય કે સુખ, આનંદ અને મહત્તાનો ભંડાર આહીંજ છે, તો તેઓ પોતાની પ્રસ્તુત સ્થિતિ પ્રમાણે ઈશ્વરને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યા વિના તેઓ રહી શકે? " "ઈશ્વર છે" એમ જ્યારે માણસ ખાત્રીપૂર્વક માનવા લાગે છે કે તરતજ તે તેને પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી ઉન્મત્ત બની જાય છે. અન્ય પ્રાણીઓ ભલે પોતપોતાને માર્ગે જાય, પરતુ એક મનુષ્યને તો તે જે પ્રકારનું જીવન વ્યતીત કરતો હોય, તેના કરતાં બહુ ઉચ્ચતર પ્રકારનું જીવન અસ્તિત્વ ધરાવતું હોવાની ખાત્રી થાય કે તરતજ—આ ઇંદ્રિયો અને તેના ભોગો એજ સર્વસ્વ નથી, એવી તેની ખાત્રી થાય કે તરતજ—આત્માના અવિનાશી, શાશ્વત અને અમર્યાદ આનંદના પ્રમાણમાં, આ મર્યાદિત ભૌતિક શરીર અને અન્ય સર્વ વસ્તુસ્થિતિઓ કંઈજ વિસાતમાં નથી એવી તેની ખાત્રી થાય કે તરતજ તે માણસ ઉન્મત્ત બની જાય છે; અને તેને તે અનુપમ આનંદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે ઉન્મત્ત સ્થિતિમાંજ રહે છે. આ ઉન્માદ, આ પિપાસા, આ ધખધખાટજ ખરી ધર્મજાગૃતિ કહેવાય છે. અને તે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારેજ મનુષ્ય ખરો ધાર્મિક થવા લાગે છે. આવી સત્ય જાગૃતિ આવતાં દીર્ઘ સમય લાગે છે, અને તે દરમીયાન આ સમસ્ત બાહ્ય વિધિઓ અને ક્રિયાઓ, આ પ્રાર્થનાઓ અને યાત્રાઓ, આ ગ્રંથો, ઘંટો, મીણબત્તીઓ અને ધર્માચાર્યો એ સર્વ પ્રાથમિક સાધનો છે. તેઓ જીવાત્માની અનેક અશુદ્ધિઓ દૂર કરવાનાં સાધનો છે. જ્યારે જીવાત્મા વિશુદ્ધ બને છે ત્યારે તે સ્વાભાવિક રીતેજ સંપૂર્ણ વિશુદ્ધતાના ભંડારરૂપ સ્વયં ઈશ્વરને પ્રાપ્ત કરવાને ઇચ્છે છે.

(બદલો લેવાનું) જાણતો નથી. જ્યાં સુધી તમે એક મનુષ્યને બીજાની પાસેથી કાંઈક પ્રાપ્તિ કરવાને માટે ચાહતો જુઓ ત્યાં સુધી તમે જાણો છો કે તે સત્ય પ્રેમ નથી; તે દુકાનદારી છે. જ્યાં જ્યાં ખરીદી અને વેચાણનો કાંઈ પણ પ્રશ્ન હોય છે ત્યાં ત્યાં ખરો પ્રેમ હોતો જ નથી. માટે એક મનુષ્ય જ્યારે ઈશ્વરને એવી પ્રાર્થના કરે છે કે "મને આ આપ અને પેલું આપ." ત્યારે તે ભક્તિ ખરી ભક્તિ નથી. તે ભક્તિ શી રીતે હોય શકે ! હું તમને પ્રાર્થના કરું અને તમે મને બદલામાં કાંઈક આપો; આ તો માત્ર દુકાનદારી જ છે.

એક મહાન રાજા અરણ્યમાં મૃગયા રમવાને ગયો અને ત્યાં તેને દૈવયોગે એક સંત મળ્યો. તેણે તેની સાથે કિંચિત્ વાર્તાલાપ કર્યો અને તે તેના પ્રત્યે એટલો પ્રસન્ન થયો કે તેણે તેને તેની પાસેથી એક ભેટ સ્વિકારવાને કહ્યું. યોગી બોલ્યો: "ના, હું મારી સ્થિતિથી સંપૂર્ણ સંતુષ્ટ છું. આ વૃક્ષો મને આહારને માટે પૂરતાં ફળો આપે છે; આ સુંદર વિશુદ્ધ નાળાઓ મને જોઈએ તેટલું પાણી પૂરું પાડે છે; આ ગુફાઓમાં હું શયન કરું છું. કેવળ આથી વિશેષ મને કોઈપણ વસ્તુ યા સમ્રાટની જરૂર નથી." સમ્રાટે મને શુદ્ધ કરવાને માટે, મને સંતુષ્ટ કરવાને માટે કાંઈક ભેટ ગ્રહણ કરો અને મારી સાથે નગરમાં આવો." અંતે તે યોગી સમ્રાટની સાથે જવાને સમ્મત થયો અને તેને સમ્રાટના મહાલયમાં લઈ જવામાં આવ્યો. મહાલયમાં સુવર્ણ, રત્નો, સંગેમરમર અને પરમ અદ્ભુત વસ્તુઓ હતી. દ્રવ્ય, વૈભવ અને સત્તા પ્રત્યેક સ્થાનમાં દ્રષ્ટિગોચર થતાં હતાં. ત્યાં પહોંચ્યા પછી પોતાનો પ્રાર્થનાનો સમય થએલો હોવાથી પોતે પ્રાર્થના કરે ત્યાં સુધી સમ્રાટે યોગીને દીવાનખાનામાં બેસાડી પોતે એક

ખૂણામાં જઈને પ્રાર્થના કરવા માંડી કે "હે પ્રભો, મને વિશેષ સંપત્તિ, વિશેષ સંતતિ વિશેષ ભૂમિ આપ." આટલા શબ્દો સાંભળતાં જ પેલો યોગી તે ઊઠીને ચાલવા લાગ્યો. સમ્રાટે તેને જતા જોયો અને તેની પૂઠ પકડી તે બોલ્યો કે "મહારાજ, યોગી આપે હજી મારી ભેટ લીધી નથી અને ચાલ્યા જાઓ છો?" યોગી બોલ્યો 'હું ભિખારીઓનો ભિક્ષુ નથી તારી પાસેથી કાંઈ પણ લેવા ઇચ્છતો નથી.' આવી પ્રાર્થના એ ભક્તિ નથી. એ ભક્તની દશા નથી જો તમે ઈશ્વરની પાસે જગતની આ વસ્તુ અને પેલી વસ્તુ માગો તો પછી ભક્તિ અને દુકાનદારી વચ્ચે ભેદ શો? ભક્તિનું પ્રથમ લક્ષણ એ છે કે ભક્ત સાટાને ઓળખતો નથી. ભક્ત તો સદા આપ્યા જ કરે છે, તે કદિ માગણી કરતો નથી. ભક્તરૂપી પ્રભુનું બાળક તો ઉલટું એમ કહે છે કે હે પ્રભો! હું મારી જાત અને મારૂં સર્વસ્વ તારા ચરણમાં અર્પણ કરૂં છું અને મને કોઈ પણ સાંસારિક ઇચ્છા થાઓ નહિ હું માત્ર એક તને જ ઇચ્છવા અને ચાહવા માગું છું તું જ મારૂં સર્વસ્વ છે*

બીજી વાત એ છે કે ભક્તિ ભયને ઓળખતી નથી. જ્યાં સુધી મનુષ્ય ઈશ્વરના સંબંધમાં એવો વિચાર ધરાવે છે કે તે વાદળાંઓની ઉપર એક હાથમાં ઈનામો અને બીજા હાથમાં શિક્ષાઓ

* તેની એજ ભાવના હોય છે કે,

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव॥ —

"મેરા મુઝમેં કછુ નહિ જો કછુ હૈ સો તેરા
તેરા તુઝકો સોંપતે, ક્યા લાગત હૈ મોરા." ગુરૂ નાનક

ઝાડોને પૂજ્યાં છે, એ સુધી [illegible] [illegible] [illegible]
[illegible] ઉત્પન્ન કરી લીધી છે. શું [illegible]
જિંદગી માટે છે? શું [illegible] ને માટે છે? [illegible]
પોતાના વ્યક્તિને [illegible] છે? [illegible]
[illegible] હોય છે [illegible]
[illegible] હોય [illegible]
કિમતી ચીજ હોય પણ આવો વિચાર હોતો નથી. જ્યારે કે [illegible]
ત્યાંથી એક [illegible] રહે છે. [illegible] આત્મા [illegible]
[illegible] તે [illegible] શોધી [illegible]
[illegible] પોતાના [illegible]
પસાર થાય છે, અને જ્યારે એક [illegible] તેના [illegible] પછી
આવે, [illegible] તેના [illegible] સ્થિતિ પછી [illegible] પોતાના [illegible]
[illegible] કરતી કરતી [illegible] ખૂબ આગળ વધી ગઈ. તેનો
ક્રમ તેના સાધન [illegible] છે. ઈશ્વરભક્તિના સંબંધમાં
પણ આમજ છે. ઈશ્વર [illegible] આપનારો છે કે શિક્ષા કરનારો
છે તે વાતનો [illegible] વિચાર હોતો નથી. એક ન્યાયધીશ
ઘેર આવે ત્યારે તેની [illegible] તેનામાં શું જુએ છે? તે તેને એક
ન્યાયધીશ તરીકે, એક [illegible] આપનાર તરીકે, એક શિક્ષા કરનાર
તરીકે જોતી નથી, પરંતુ પોતાના પતિ તરીકે, પોતાના પ્રિયતમ તરીકે
જ જુએ છે, તેનાં સંતાનો પણ તેને પ્રેમાળ પિતા તરીકે જ
જુએ છે; શિક્ષા કરનાર કે ન્યાય આપનાર તરીકે જોતાં નથી. તેજ
પ્રમાણે ઈશ્વરના ભક્ત તેને-ઈશ્વરને કદિ પણ શિક્ષા કરનાર કિંવા
ઇનામો આપનાર તરીકે જોતા નથી. માત્ર જે લોકોએ કદિ પણ સાચ્ચા
પ્રેમનો આસ્વાદ લીધો નથી તેઓજ ભય પામે છે અને ડરે છે. સર્વ
[illegible] આમ કહો, જે કે ઈશ્વર શિક્ષા કરનાર કે ઇનામો આપનાર

[illegible] અને [illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] છે.

[illegible] અને [illegible] નથી અને [illegible]
અને [illegible] નથી, અને [illegible] નથી અને [illegible]
[illegible] છે [illegible]
[illegible] અને [illegible]
[illegible]
[illegible]
[illegible]
અને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] અને [illegible] છે.

ધ્યાયો તૈયાર કર્યો છે, જેની અંદર તેમણે પોતાના હૃદયનું રસ રેડ્યું છે અને જેમાં પારિતોષિકની અપેક્ષા રાખ્યા વિના ઈશ્વરની ભક્તિ કરનાર—ભક્ત ભક્તિને ખાતરજ ભક્તિ કરનાર—મનુષ્યોની સઘ આશાઓ એકત્ર થઈ છે તે ધ્યાયો તેઓ ગીતા ગાએ છે. ભક્તિનું પારિતોષિક ભક્તિજ છે અને તે કેવળ પારિતોષિક જ કેવળ એજ રસનું સર [illegible] દરજ્જુ કરે છે, કેવળ એજ [illegible] પીવાથી આ સંસારનો રોગ [illegible] થઈ જાય છે. ભક્તિથી મનુષ્ય ઉન્મત્ત બની જાય છે અને તે મનુષ્ય છે એ વાત પણ ભૂલી જાય છે.

[illegible] ભિન્ન પયો અંતમાં તો એકજ રસ [illegible] અને પૂર્ણ એકતા. બની રહે છે. આપણે સદા આરંભમાં [illegible] હોઇએ છીએ. [illegible] જુદાં અને ઉપાસક પણ જુદો હોય છે. પ્રેમ આ બન્નેની વચમાં પુરુષ [illegible] અને મનુષ્ય [illegible] લાગે છે તથા ઈશ્વર મનુષ્યની તરફ [illegible] ભિન્ન ભિન્ન સંબંધો—પિતા, માતા, મિત્ર અથવા [illegible] વગેરેના સંબંધોને મનુષ્ય પ્રથમ ગ્રહણ કરે છે, અને [illegible] જ્યારે [illegible] સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરે [illegible] ત્યારે તેને અંતિમ ભૂમિકા પ્રાપ્ત થાય છે [illegible] મનુષ્ય [illegible] તમારી [illegible] કરતા હું [illegible] અને [illegible] ની પૂજા [illegible] તમારી [illegible] " મનુષ્ય જો સુખ [illegible] પ્રેમથી પ્રારંભ કરે છે [illegible] ભક્તિનું [illegible] જોવામાં આવે છે. [illegible] પ્રેમ [illegible] પણ પોતાની [illegible] ના સ્વરૂપ [illegible] સંપૂર્ણ [illegible] અને [illegible] ગઈ. પ્રથમ જે [illegible] કહ્યું તે [illegible]

વ્યાવહારિક અધ્યાત્મજ્ઞાન વિષે સૂચનાઓ.

ધાર્મિક મેળવવા માટે કરવાને માટે વર્ષોના વર્ષો ખર્ચ પોતાના હાથ ઉંચા રાખે છે. આવા સન્યાસિ સાધુઓ કે જેઓ [illegible] અને આ પ્રમાણે કમકમાટી ઉપજાવે એવા કષ્ટ સાધુઓ કોઈ અજ્ઞાની કે જંગલી હોતા નથી. પરંતુ તેમાના કેટલાક એવા હોય છે કે જેઓ તમને પોતાની મુંઝવણ ઉકેલવા અને વિશ્વ[illegible] આશ્ચર્યચકિત કરે.

આપણું અજ્ઞાનોની તુલના કરવામાં જ્યારે મેં [illegible] લઈએ છીએ કે આપણે આપણું ભાષા સાથે [illegible] ઘણાક અગત્ય નહિ માનીએ છીએ. આપણે પોતે માનેલા નહિ અને કારણ આપણાંને તેમજ ઉન્નતિના વિષેની આપણી [illegible] આપણું સર્વોપરી માનીએ છીએ અને આમ [illegible] પણ ઘરે એમ કલ્પીએ છીએ. ધર્મ વિષયમાં યુરોપ હતો હું માનું છું ઓગણીસ પસાર થઈ હતી ત્યારે ત્યાં એક એમના ઈલાજ આવતી હતી. [illegible] તે [illegible] બહુ ક્રમથી [illegible] હતા, પરંતુ રહીમ રમાના [illegible] અમને [illegible] અત્યંત ઉશ્કેરાઈ જતા હતા. કેમકે તેઓ એવા તમાશાઓને નિંદા તથા દૂર મનાતા હતા. હવે હું જ્યારે ઉન્નતિ પહોંચ્યો ત્યારે આવા સાક્ષાત્કારમાં આવ્યું કે ધનાઢ્ય માટે ક્રુરતી કરનારા મનુષ્યોની એક ટોળી [illegible] થઈ હતી અને કેવા કે જેઓ એ મારેની ક્રુરતીને અતિ પાપ તમાશો માનતા હતા તેમણે તેને ત્યાં આપ્યું હતું. હવે વિચારો કે અમેરિકાએ ધિક્કાર પાત્ર માનેલી ગાયાઓની ક્રુરતી કરતાં મનુષ્યોની ક્રુરતી વધારે ખરાબ નથી ।

આપણે જેમ જેમ અધિક જ્ઞાન મેળવતા જઈએ છીએ તેમ તેમ આપણે સમજતા જઈએ છીએ કે આપણે કેટલા અજ્ઞાન છીએ અને મનુષ્યના મનનાં કેટલાં વિવિધ સ્વરૂપો તથા કેટલાં વિવિધ અંશો છે. મારી [illegible] હું મારા સ્વદેશ બાંધવોની યોગ-

જ્યારે પુરુષ અને સ્ત્રીનાં કાર્યોની ચર્ચા કરે છે ત્યારે આવીજ ભૂલ કરવામાં આવે છે. તેઓ ધારે છે કે પુરુષ યુદ્ધ કરી શકે છે અને પ્રચંડ શારીરિક ઉદ્યોગ કરી શકે છે, તેથી તે સ્ત્રી કરતાં ઉચ્ચતર છે; તેના આ ગુણોને આ પ્રમાણે સ્ત્રીના શારીરિક દૌર્બલ્ય અને 'યુદ્ધબળ શૂન્યતા'ની સામે મૂકવામાં આવે છે તે અન્યાયજ છે. ખરી વાત એ છે કે સ્ત્રી પણ પુરુષના જેટલીજ સાહસિક છે. બંનેમાંનું પ્રત્યેક જણ તેના પોતાના ક્ષેત્રમાં એક સરખી રીતે સારું છે. કયો પુરુષ સ્ત્રીના જેટલાં ધૈર્ય, સહનશીલતા અને પ્રેમથી બાલકને ઉછેરી શકશે ! એકે કાર્યશક્તિનો વિકાસ કર્યો છે તો અન્યે સહનશક્તિનો વિકાસ કર્યો છે. જો સ્ત્રી કાર્ય કરી શકતી નથી તો પુરુષ સહન કરી શકતો નથી. આ પ્રમાણે સમગ્ર વિશ્વમાં પૂર્ણ સમતા રહેલી છે. હું જાણતો નથી, પરંતુ કોઈક દિવસ આપણને આ વાતની પણ અવશ્ય પ્રતીતિ થશે કે ક્ષુલ્લક જંતુમાં પણ કોઈક એવી વસ્તુ રહેલી છે કે જે આપણા પુરુષત્વની બરાબરી કરે છે. દુષ્ટમાં દુષ્ટ મનુષ્યમાં પણ કદાચ કોઈ એવા સારા ગુણો રહેલા હશે કે જે મારામાં બિલકુલ નહિ હોય. મારા જીવનમાં પ્રતિદિન હું આવી વસ્તુસ્થિતિ રહેલી જોઉં છું. એકાદ જંગલી મનુષ્યપ્રતિ દૃષ્ટિપાત કરો. હું ઈચ્છું છું કે મારું શરીર તેના જેવું મજબુત હોય. તે ધરાઈને ખાય છે અને પીએ છે અને કદાચ બિમારી શું છે, તે બાબત તે જાણતો હોતો નથી, જ્યારે હું સદાકાળ રોગી જેવોજ રહ્યા કરતો હોઉં છું ! કેટલાએ પ્રસંગો મારાપર એવા વીત્યા હોય છે કે જ્યારે મેં ખુશીની સાથે તેને મારું વિદ્વાન મસ્તિષ્ક અર્પીને તેનું આરોગ્ય શરીર લીધું હોત. મતલબ એજ કે તમારામાં એક મહાન વસ્તુ રહેલી છે તો તમારા પાડોશીમાં બીજી મહાન વસ્તુ રહેલી હોય છે. માટે જ્યારે તમે પુરુષ અને સ્ત્રીની તુલના કરો

માનસશાસ્ત્ર સબંધી શોધખોળ કરનારાઓ. પ્રમાણો અને અન્વેષણ એકઠાં કરી અને જ્ઞાનપૂર્વક સંગ્રહિત કરેલા સમસ્ત અનુભવોનો લાભ લીધો. અહીંઆ પાશ્ચાત્ય દેશોમાં એમ શીખવવામાં આવે છે કે જગતનો પ્રારંભ ખ્રિસ્તના જન્મથી આશરે ૪૦૦૦ વર્ષો પૂર્વે થયો હતો. પાશ્ચાત્ય દેશોના લોકોમાં આ વાત સત્ય હશે, પરંતુ સમગ્ર જગતના સંબંધમાં આ વાત સત્ય નથી. હું જ્યારે લંડનમાં વ્યાખ્યાન આપતો હતો ત્યારે એક દિવસ મારો એક અતિ બુદ્ધિમાન અને વિદ્યાવ્યાસંગી મિત્ર મારી સાથે વાદવિવાદ કરતો, અને એક દિવસ મારી સામેના તેના સમસ્ત શસ્ત્રો વાપરી રહ્યા પછી તે એકાએક પોકારી ઉઠ્યો કે "પરંતુ તમારા ઋષિઓ અમને બોધ કરવાને ઇંગ્લાંડ કેમ ના આવ્યા?" મેં પ્રત્યુત્તર આપ્યો "કારણકે આવવાને જેમાં આવે એવું ઇંગ્લાંડ એ વખતે નહોતું. એટલે ઝાડીએ શું તેઓ જંગલોને બોધ આપે?"

ઇન્ગરસોલે મને કહ્યું હતું કે "જો પચાસ વર્ષો પૂર્વે તમે આ દેશમાં બોધ આપવાને આવ્યા હોત તો તમને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા હોત; જીવતા બાળી મૂકવામાં આવ્યા હોત અથવા તો પથરો મારીને ગામ બહાર કાઢવામાં આવ્યા હોત." માટે ખ્રિસ્તની પૂર્વે ૧૪૦૦ વર્ષ પહેલાં પણ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી એમ ધારવું એ બુદ્ધિ વિરુદ્ધ નથી. વળી સંસ્કૃતિ સદા નિકૃષ્ટ સ્થિતિમાંથીજ ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત થઇ છે એ વાત પણ હજી સુધી નિર્ણિત થઇ નથી. આ પ્રસ્તાવ સિદ્ધ કરવાને જે દલીલો અને પ્રમાણો આગળ ધરવામાં આવ્યાં છે તેમનો ઉપયોગ એમ પણ સિદ્ધ કરવાને કરી શકાય કે જંગલી મનુષ્ય એ કેવળ પતિત સંસ્કૃત મનુષ્ય છે. ઉદાહરણાર્થ ચીનના લોકો કદાપિ એમ માની શકશે નહિ કે સંસ્કૃતિનો ઉદ્ભવ જંગલી સ્થિતિમાંથી થયો છે, કારણકે તેમનો એથી ભિન્ન અનુભવ છે.

પદાર્થોની સાબિત કરેલું જોઈએ તેવી રીતે આપણે વૈજ્ઞાનિકોથી પણ સાબિત કરેલું જોઈએ. અજ્ઞાતથી પ્રારંભ કરો. પ્રત્યેક વસ્તુનું અન્વેષણ અને પરીક્ષા કરો. પ્રત્યેક વસ્તુને સિદ્ધ કરો અને પછીજ તેને ગ્રહણ કરો. આધુનિક વિજ્ઞાનની રીતથી વિશેષ પ્રચલિત માન્યતાઓ પૈકીની કેટલીક હજી સુધી સિદ્ધ થઈ નથી. ગણિતશાસ્ત્ર જેવા શાસ્ત્રના પણ મુખ્ય સિદ્ધાંતો કેવળ કામચલાઉ સિદ્ધાંતો છે અને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થતાં તેમને નિશ્ચયથી બદલવાનો સંભવ છે

હવે આપણે મૂળ મુદ્દાપર આવીએ. ક્રાઈસ્ટ પૂર્વે ૧૪૦૦ વર્ષો પર મહર્ષિ પતંજલિએ કેટલીક માનસિક ઘટનાઓ અવલોકન કરવાનો, તેમનું પૃથક્કરણ કરવાનો અને તેમાંથી સામાન્ય નિયમો તારવી કાઢવાનો પ્રયત્ન કર્યો. અન્ય ઘણા માણસોએ તેનું અનુકરણ કર્યું; તેઓએ જે શોધ કરી હતી તેના અંશો તેમણે ગ્રહણ કર્યા અને તેમનો વિશિષ્ટ અભ્યાસ કર્યો. સમસ્ત પ્રાચીન પ્રજાઓ પૈકી એકલા હિંદુઓએજ આ પ્રમાણે ખરી આતુરતાથી જ્ઞાનની આ શાખાનો અભ્યાસ ઉંડાણથી લીધો હતો. હમણાં હું તમને તેજ બાબત સમસ્તનું શું; પરંતુ તમારામાંના કેટલા થોડાઓ તેને આચારમાં મૂકશે! જ્યારે ભારતવર્ષના લોકો યુગોના યુગો પર્યંત તેમાં આગ્રહી રહેશે. તમે સાંભળીને આશ્ચર્યચકિત થશો કે તેઓ તમારા જેવા વ્યવસ્થિત સાર્વજનિક પ્રાર્થનાનાં સ્થાનો ધરાવતા નથી, છતાં પણ તેઓ પ્રતિદિન પ્રાણાયામ કરે છે મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરે છે અને આ બાબતો તેમની ભક્તિનો મુખ્ય ભાગ હોય છે. પ્રત્યેક હિંદુએ આ ક્રિયાઓ કરવીજ જોઈએ. વિશિષ્ટતા માત્ર એટલીજ છે કે પ્રત્યેક જણની પ્રાણાયામ પદ્ધતિમાં ફેર હોય છે. ધ્યાનની પણ પ્રત્યેકની વિશિષ્ટ પદ્ધતિ હોય છે અને એક માણસની જે વિશિષ્ટ પદ્ધતિ હોય છે તે તેની પત્નીને પણ ખબર નથી હોતી;

તેમ કુદરતી વિશિષ્ટ પદ્ધતિને પિતા જાણતો નથી. આ પ્રમાણે [illegible] પોતપોતાની ક્રિયાઓ કરવાની હોય છે; જ્યાં તેના સમ્બંધમાં ગુપ્તતા જેવું કંઈ છેજ નહિ. "ગુપ્ત" શબ્દને તેમની સાથે કંઈ સંબંધજ નથી. ભારતમાં નિત્ય સહસ્રાવધિ માણસો જરા જરા [illegible] છેટા બેસીને પ્રાણાયામ કરતા તથા જપ, ધ્યાન, વગેરે [illegible] સાધના જણાય છે. અમુક ક્રિયાઓ સાધારણ [illegible] થઈ તેનાં બે કારણો હોઈ શકે. એક એ કે આચાર્યો [illegible] આવે છે કે સાધારણ માણસો તેને માટે લાયક હોતા [illegible] કાંઈક સત્ય હશે, પરંતુ એમ માનવાનું કારણ મુખ્ય [illegible] અભિમાનજ હોય છે. બીજું કારણ સામાન્યની [illegible] ઉદાહરણાર્થ, આ દેશમાં એક મનુષ્ય જાહેર [illegible] પ્રાણાયામ કરવાનું પસંદ કરશે નહિ, કારણ કે અહીંઆં [illegible] પ્રવૃત્તિ નથી અને તેને બહુ વિચિત્ર ધારવામાં આવશે. અન્ય પક્ષે ભારતવર્ષમાં જો એક માણસ એમ કહી પ્રાર્થના કરે કે "હે પ્રભો ! આજે અમને અમારો નિત્યનો રોટલો આપ," ના લોકો તેનો ઉપહાસજ કરશે. "અમારા સ્વર્ગમાં રહેલા પિતા" એ શબ્દો હિંદુને જેટલા મૂર્ખતા ભરેલા લાગે છે તેટલી બીજી [illegible] તેને મન બીજા કોઈ હોઈ ન શકે. હિંદુ જ્યારે [illegible] ત્યારે તે ધારે છે કે ઈશ્વર તેના હૃદયમાં છે.

[illegible] પ્રમાણે ત્રણ મુખ્ય નાડીઓ છે, એક [illegible] કહે છે [illegible] તેઓ પિંગલા કહે છે, અને મધ્યમાં [illegible] કહે છે આ સર્વ નાડીઓ. કરોડની અંદર આવેલી [illegible] સમજી [illegible] જમણી અને ડાબી ઇડા અને પિંગલા તે તે [illegible] ના સમૂહો છે અને મધ્યમાં [illegible] [illegible] તે [illegible] અમુક નહિ આ [illegible]

હોય છે અને સાધારણ મનુષ્યને માટે બેઠ પણ ઉપયોગી નથી. કારણ કે તે માત્ર ઇડા અને પિંગળાદ્વારાજ કામ કરે છે. આ જ્ઞાનતંતુઓમાંથી પ્રવાહો નિરંતર આવજા કરે છે અને શરીરના ભિન્ન ભિન્ન અવયવો તરફ બીજા ઇતર જ્ઞાનતંતુઓદ્વારા સમગ્ર શરીર પર આજ્ઞાઓ થઈ જાય છે.

ઇડા અને પિંગળાને નિયમિત અને અવલંબિત કરવી એ પ્રાણાયામનો પ્રધાન ઉદ્દેશ છે; પરંતુ તે પોતે તો કાંઈજ નથી—એ તો માત્ર ફેફસાંમાં હવા ભરવાની ક્રિયાજ છે. તે માત્ર રક્તશુદ્ધિ કરે છે, તે સિવાય તેનો વિશેષ ઉપયોગ નથી. રક્તશુદ્ધિ કરવા માટે આપણે આપણા શ્વાસ સાથે હવા લઇએ અને તેને પચાવી દઇએ તેમાં કાંઇ પણ ગુહ્યતા નથી. આ ક્રિયા કેવળ એક પ્રકારની ગતિરૂપજ છે. આ ગતિને એવા પ્રકારની બનાવી શકાય છે કે જેને આપણે પ્રાણાયામ કહીએ છીએ; અને પ્રત્યેક સ્થળે સેવન થતી આવી જુદી જુદા પ્રકારની ગતિઓ આ પ્રાણનાંજ ભિન્ન ભિન્ન સ્વરૂપો હોય છે. આ પ્રાણજ વિદ્યુત છે અને આકર્ષણ શક્તિ પણ એજ છે. મસ્તિષ્ક એનેજ વિચારના રૂપમાં બહાર ફેંકે છે. સઘળું પ્રાણમયની પ્રત્યેક વસ્તુ પ્રાણમયજ છે. સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો આ પ્રાણને ગતિ આપે છે.

અને કહીએ છીએ કે આ વિશ્વમાં જો જે વસ્તુ છે તે પ્રાણનાંજ અસ્તિત્વથી ઉત્પન્ન થઇ છે. વિચાર પણ એના સર્વનું ઉચ્ચતમ પરિણામ છે. ઇડા અને પિંગળા એ નાડી પ્રાણદ્વારાજ કાર્ય કરે છે. પ્રાણજ શરીરના પ્રત્યેક ભાગને [illegible] છે અને એનાંજ ભિન્ન ભિન્ન બળો બને છે. [illegible] તેમાંની સર્વ વસ્તુસ્થિતિઓરૂપ પરિણ[illegible] તે ભિન્નભિન્ન [illegible] તેમના [illegible]

[illegible]
[illegible] છે.

[illegible]

તે સાંભળીને [illegible] પ્રસન્ન થાય છે, પરંતુ મને લાગે [illegible] છે કે માત્ર પોતાની [illegible] શી રીતે ઉતારી શકું.

એવી કલ્પના શી રીતે કરી શકું કે હું પ્રભુ પામ્યો છું [illegible] માન્યતા [illegible] ?

છે. એનું અસ્તિત્વ પણ નથી અને અસ્તિત્વ શૂન્યતા પણ નથી. એને તમે જ્ઞાન અથવા અસ્તિત્વ પણ કહી શકો નહિ, કારણકે અસ્તિત્વ તો માત્ર તેજ વસ્તુ ધરાવે છે કે જે વસ્તુ સ્થળ અને કાળથી પર છે—અતીત છે અને જે વસ્તુ બીજી કોઇ વસ્તુમાંથી બનેલી નથી, પણ સ્વયંભુ છે. "વસ્તુ" પણ આપણે ફક્ત એવી વસ્તુનેજ કહી શકીએ. અન્ય સર્વ વસ્તુઓ તે વસ્તુ નહિ, પણ "વસ્તુ-આભાસ" છે—પ્રતિતી માત્રજ છે. એજ પ્રમાણે આ સમગ્ર જગતનું નજરે પડતું અસ્તિત્વ પણ ઉપર આપેલી અસ્તિત્વની વ્યાખ્યા પ્રમાણે ખરેખરૂં અસ્તિત્વ નથી. ખરેખરૂં અસ્તિત્વ—સર્વવ્યાપી ને સ્વયંભૂ અસ્તિત્વ કે જે આ પ્રતીત થતા જગતમાં અને વસ્તુસ્થિતિઓમાં પણ છે તે પણ તેના પર સ્વરૂપમાં—અવિકૃત—અપરિણામી—સ્વરૂપમાંજ છે. જેમ માટી સિવાય ઘડો હોઈ શકે નહિ; જેમ જળ સિવાય સમુદ્ર, નદી, ધોધ, તરંગ, પરપોટા, બરફ એમાંના કશાનુંજ અસ્તિત્વ હોઇ શકે નહિ; તેમ એ અવિકૃત સત્ય વસ્તુના અસ્તિત્વ સિવાય આ જગત્ અને તેમાંની કોઈ પણ વસ્તુસ્થિતિ હોઇ શકે નહિ.

આટલા વિવેચનથી સમજાશે કે એ અનંત અને સત્ય અસ્તિત્વજ પ્રત્યેક વસ્તુમાં રહેલો સત્યાંશ છે. જગત્ અસ્તિત્વજ ધરાવતું નથી એમ નથી; પણ જે જે નામરૂપોના સમૂહ તરીકે આપણે તેને જોઇએ છીએ તે રૂપમાં તે સ્વયંભૂ, અપરિણામી અને ત્રિકાલાબાધિત નહિ હોવાથી તેનું ખરેખરૂં વસ્તુત્વ કે અસ્તિત્વ છે નહિ. એનું અસ્તિત્વ સાપેક્ષ, પરિણામી અને અશાશ્વત છે. ઇંદ્રિયોને તે વિષયો પુરા પાડે છે ખરૂં, પણ એ ઇંદ્રિયોનું કે વિષયોનું અને આખા જગતનું પણ સ્વતંત્ર અસ્તિત્વ નથી. દેશ, કાળ અને કારણથી અતીત એવી પૂર્ણ સત્યતાના અસ્તિત્વને લીધેજ એ અસ્તિત્વ ધરાવે છે. હું બહુ દૂર ગયો છું. હવે ચાલો, આપણે આપણા મુખ્ય

તમને જ્ઞાત નથી, તોપણ તેઓ આપણામાં છે અને અજ્ઞાત રીતે આપણાં શરીર અને મનને ગતિમાન-પ્રભાવિત કરે છે એ તો નક્કીજ છે. ઇચ્છાની કે મનની સહાય વિના શરીરના અંતરમાં કે બહાર કરવામાં આવતી પ્રત્યેક ક્રિયાઓ, પૂર્વે જ્ઞાન અને ઇચ્છાપૂર્વકજ કરવામાં આવતી હતી અને તે સમયે તેને એટલી બધી ગતિ (ચક્રવાળને ચાલી અપાય તેમ) આપી રાખવામાં આવી છે કે પછી તેના તરફ લક્ષ કે ઇચ્છા નહિ રહેવા છતાં પણ તે આપોઆપ કામ કર્યાંજ કરે.

સમસ્ત નૈતિક પંથોની મહાન ભૂલ એ છે કે તેઓ જે સાધનોદ્વારા મનુષ્ય દુષ્કૃત્ય કરતાં અટકી શકે તે સાધનો શીખવવામાં નિષ્ફળ થયા છે. સમસ્ત નૈતિક પંથો એકેજ ઉપદેશ આપે છે કે "ચોરી કરશો નહિ!" બહુ સારૂં. પરંતુ મનુષ્ય ચોરી શા માટે કરે છે? કારણ કે ચોરી, લૂટ અને ઇતર દુષ્કર્મો સાધારણ રીતે આપોઆપજ થાય છે. હમેશનો લૂટારો, ચોર, જૂઠો માણસ, અપ્રમાણિક પુરુષ અને સ્ત્રી, એ સર્વ પોતાની ઉંડી ઇચ્છાથી વિરુદ્ધ જન્મનેજ શું લૂંટારો, ચોર આદિ હોય છે! વસ્તુતઃ આ એક પ્રચંડ માનસિક પ્રશ્ન છે અને આપણે એવા મનુષ્યને પરમ ઉદાર દૃષ્ટિથી જોવો જોઇએ. સજ્જન થવું કાંઇ સ્હેલું નથી. જ્યાં સુધી તમે મુક્ત ન થાઓ ત્યાં સુધી તમે માત્ર યંત્ર નહિ તો કોણ છો! તમે સજ્જન હો એટલા માટે શું તમારે ગર્વિત થવું જોઇએ! નહિજ. તમે સજ્જન છો તેનું કારણ એ છે કે તમે સજ્જન થયા વિના રહી શકોજ નહિ, અને તેજ પ્રમાણે બીજો માણસ ખરાબ હોવાનું કારણ પણ એજ છે કે તેને ખરાબ થયા વિના ગત્યંતરજ નથી. જો તમે તેની સ્થિતિમાં હોત તો તમે કેવા થયા હોત તેની કોને ખબર છે! રસ્તામાં રખડતી ભિખારી સ્ત્રી અને કારાગૃ-

જરૂરી શો છે. વિચાર કરો; પુરુષો અને સ્ત્રીઓ ! તમારા
મનમાં આ પ્રશ્ન વિષે સારી પેઠે વિચાર કરો આ સત્ય છે ! પ્રાર.
ઉપસત્ય છે ! હું જેમ જગતનું વિવિધ દર્શન કરું છું, હું જેમ પુરુષો
અને સ્ત્રીઓનું વિવિધ અવલોકન કરું છું તેમ તેમ મારી આ
માન્યતા વિશેષ દૃઢીભૂત થાય છે. કોનો દોષ કાઢું અને કોની
પ્રશંસા કરું ? એકજ બાબતની ઉભય બાજુઓ છે અને નિર્ણય કરવા
પૂર્વે તે જોઈજ જોઈએ.

આપણી સમગ્ર મહાકારણ કામ પડેલું છે; અને સૌથી પૂર્વે
અને સૌથી પ્રથમ આપણે આપણા સંશય જની ગયેલા પુરાણ
વિચારોને અંકુશમાં રાખતાં શીખવું જોઈએ. પુરુષો ઘણું કરીને
જ્ઞાન અવસ્થામાંજ થાય છે, પરંતુ તેને જન્મ આપનારું જે
ખરેખરું કારણ તે તો આપણી જ્ઞાત અવસ્થાથી બહુ દૂર,
અજ્ઞાત અને અદૃષ્ટ પ્રદેશમાંજ રહેલું હોય છે; અને તેટલા માટે
તે વિશેષ બળવાન હોય છે. દૈવ, સ્વભાવ અને જન્મ પ્રકૃતિના
નામથી આપણે જેને ઓળખીએ છીએ, તે બીજું કાંઈજ નહિ, પણ
એ અજ્ઞાત અને ઉંડાણ પ્રદેશમાં રહેલા કારણરૂપી બળોનાંજ કાર્ય
ઘડેલો છે.

વ્યાવહારિક માનસશાસ્ત્રી સૌથી પ્રથમ પોતાની સર્વ શક્તિ-
ઓનો પ્રયોગ એ અજ્ઞાત કારણ ઉપર—એ ગુપ્ત અને અદૃષ્ટ કારણ
ઉપર કાબુ મેળવવા માટેજ કરે છે. અને આપણે જાણીએ છીએ
કે આપણે તેમ કરી શકીએ નહિ. આપણે જાણીએ છીએ
કે એ અજ્ઞાનનું કારણ પણ જાણીતું છે. આપણા સર્વ ધાર્મિક
વિચારો, આપણા દૃઢ સ્વભાવો, આપણી પ્રકૃતિમાં જન્મથીજ સ્થાપિત
ગએલા ગુણ દોષ, તેમજ આપણા પૂર્વજોના અનુભવોના આપણી
સમક્ષ નિશ્ચય ગાયા કરતા અનેક વિધ વિચારો, એ સર્વ બીજું

જેથી તમે એટલા અને સર્વ બાહ્ય ચિંતનોથી વિમુક્ત રહી શકો. જે મનુષ્યો બહારની સુખ સગવડોયુક્ત જીવન ગાળવા ઇચ્છે છે અને તેની સાથેજ આત્માની પ્રતીતિ કરવા માગે છે એ તો "ફરતાં ફરતાં રામ કહી મળે તો મને પણ કહેજો" એના જેવો છે. નદી ઓળંગવા જતાં મગરને ભૂલથી કાષ્ટ ધારીને તેને પકડી લેનારના જેવો પણ તેને કહી શકાય. માટે સર્વ બાહ્ય વસ્તુસ્થિતિઓની આસક્તિઓ અને ઇચ્છાઓ તથા દોડધામોને પડતી મૂકીને પ્રથમ તમે ઇશ્વરનું સામ્રાજ્ય પ્રાપ્ત કરો; એટલે વધારામાં તમને પ્રત્યેક વસ્તુ આપવામાં આવશે. પ્રથમ વસ્તુને મેળવા એટલે હાથ લો એની મેળેજ એની પાછળ ચાલી આવશે. બાહ્ય વસ્તુસ્થિતિઓ રૂપી છાયા પાછળ ગમે તેટલાં ફાંફાં મારવા છતાં મૂળ આત્મવસ્તુથી દૂર રહેવાશે ત્યાંસુધી દુઃખ સિવાય બીજું કાંઇજ મળનાર નથી. હા, ઘણું દુઃખ અને સ્વલ્પ સુખ હોવા છતાં પણ જેમને દુઃખમાંજ સુખબુદ્ધિ થઇ ગએલી હોય તેમને તો અનેક યુગ પર્યંતના દુઃખાનુભવોજ જગાડે નહિ ત્યાંસુધી કશા પણ સમજાવી શકે તેમ નથી. અમારૂં કહેવું તો જેઓ સારાસાર વિવેક બુદ્ધિ ધરાવતા હોય તેમને માટે છે. આત્મ-સ્થિતિ પ્રાપ્ત કરવી અને તેને ખાતર બાહ્ય શોખો અને ચિન્તનોને દૂર કરવાં, એ તેમને માટે એક સર્વથી મહાન અને સૌથી વધારે જરૂરનું તેમજ સર્વથી પ્રથમ કરવા જેવું કર્તવ્ય છે. એનુંજ નામ મહાન ત્યાગ છે. એક સર્વોત્તમ આદર્શને માટેજ જીવો અને અંતઃ-કરણમાં અંતર કોઇ વસ્તુને માટે સ્થાનજ રહેવા ન દો. એકવાર પ્રાપ્ત કર્યા પછી જે વસ્તુ કદિ પણ ખોવાતી નથી અને જે વસ્તુ આગળ મોટું સાર્વભૌમ રાજ્ય પણ કોડી જેટલી કિંમત ધરાવતું નથી એવી આત્મવસ્તુ પ્રાપ્ત કરવાને માટે—આપણી આધ્યાત્મિક પૂર્ણતા

પરમાત્મામાં ઐક્ય પામવું એજ ધર્મનું લક્ષ્ય છે.

(ઈ. સ. ૧૮૯૬ માં ન્યૂયોર્કમાં અપાયલું વ્યાખ્યાન)

ધર્મના વિષયમાં આ જગતમાં અનેક પ્રશ્નો, અનેક બનાવો, અનેક વિધિઓ અને શોધખોળો ચાલી રહેલી છે; પરંતુ તત્વતઃ ખરેખરો ધર્મ એ કાંઇ ઇંદ્રિયોનો વિષય બની શકે તેમ નથી. એ તો ઇંદ્રિયાતીત ભૂમિકાનો વિષય છે. એ સર્વ વાદથી પર છે અને બુદ્ધિની ભૂમિકાનો પણ વિષય નથી. એ એક દર્શન છે. એ એક ઈશ્વરી પ્રેરણા છે. ઇંદ્રિયોથી અજ્ઞાન અને અજ્ઞેય એ પરાત્પર પ્રદેશમાં એ એક ભૂસકો છે, કે જે ભૂસકો અદૃશ્યનો અનુભવ કરાવે છે; એટલુંજ નહિ પણ એમાં તન્મય-તદ્રૂપ બનાવીને પછી ઉત્થાન દશામાં પણ કૃતકૃત્યતાનાં અને સર્વાત્મભાવનાં તથા પરાત્પરભાવનાં સ્ફૂરણો આપ્યા કરે છે. આ પરાત્પરજીવનને એ સિવાય બીજી કોઈપણ રીતે જાણી શકાતું નથી. મારી માન્યતા પ્રમાણે એની શોધ માનવ મસ્તિષ્કમાં એક માનવ જાતિના આરંભ કાળથી ચાલી રહેલી છે. જગતના ઇતિહાસના કોઈપણ યુગમાં આ પ્રયત્ન વિના, આ અતીતની શોધ વિના માનવ વિચાર અને બુદ્ધિ હયાતીમાં પણ હોઈ શક્યાં નહોત. આપણાં આ માનવ મસ્તિષ્કરૂપી નાના વિશ્વમાં આપણે એક વિચાર ઉદ્ભવતો જોઈએ છીએ. પરંતુ તે ક્યાંથી ઉદ્ભવે છે તે આપણે જાણતા નથી, તેમજ તે ક્યારે અદૃશ્ય થાય છે અને તે ક્યાં જાય છે તે પણ આપણે જાણતા નથી. આજ પ્રમાણે સર્વ બાબતોમાં પિંડના જેવીજ સ્થિતિમાં બ્રહ્માંડ પણ છે. તેઓ

આપણને જગતની સેવા કરવાને કહે છે. તેઓ જણાવે છે કે સંપૂર્ણ ધર્મ એમાંજ સમાવિષ્ટ થયેલો છે અને અતીતના પ્રશ્નો વિષે માથાફોડ કરવી વ્યર્થજ છે. એટલા બધા લોકોની આવી માન્યતા થઇ ગઇ છે કે તે સત્ય બની ગઇ છે, પરંતુ સદ્ભાગ્યવશાત્ આપણે સમજવાજ માગતા હોઇએ તો આપણને અતીતની તપાસ કરવાની જરૂર ખુલ્લે ખુલ્લી સમજાઇ રહે તેમ છે. આપણે આટલું તો હવે સહેલાઇથી સમજી ગયાં છીએ કે આ દશ્યમાન જગત્ આ વ્યક્ત જગત્ એ તો અવ્યક્ત જગતનો માત્ર એકજ ભાગ છે. આ ઇંદ્રિયોનું વિશ્વ તો તે અનંત અને આધ્યાત્મિક વિશ્વનો કેવલ એક નાનોજ ભાગ છે, કેવલ એક ટુકડો છે. ત્યારે એમજ છે તો પછી એ અતીતને જાણ્યા વિના આ નાના ટુકડાનો વાસ્તવિક ખુલાસો શી રીતે મળી શકે અને તેને શી રીતે સમજી શકાય?

સોક્રેટિસના સબંધમાં એમ કહેવામાં આવે છે કે એક દિવસ એથેન્સમાં વ્યાખ્યાન આપતી વખતે તેને ગ્રીસની યાત્રાએ આવેલો એક બ્રાહ્મણ મળ્યો અને સોક્રેટિસે તે બ્રાહ્મણને કહ્યું કે, મનુષ્ય જાતિને માટે મહાનમાં મહાન અભ્યાસ મનુષ્યનો છે. તે બ્રાહ્મણે તરતજ પ્રત્યુત્તર આપ્યો કે "જ્યાં સુધી તમે ઇશ્વરને ન ઓળખો ત્યાં સુધી તમે મનુષ્યને શી રીતે ઓળખી શકશો!" ઇશ્વર સદા અજ્ઞેય, અનંત, અનામી અથવા તમને ગમે તે નામ તેને આપો; પરંતુ તેજ એક માત્ર એ જ્ઞાત અને જ્ઞેયનો અને આ વર્તમાન માનવ જીવનનો વિવેકયુક્ત ખુલાસો છે. તમારી સામેની કોઇ પણ વસ્તુ લો; ભૌતિકમાં ભૌતિક વસ્તુ લો; રસાયનશાસ્ત્ર અથવા પદાર્થવિજ્ઞાન, ખગોળવિદ્યા અથવા જીવનશાસ્ત્ર જેવાં ભૌતિકમાં ભૌતિક શાસ્ત્રો પૈકીનું એક પસંદ કરો. તેનો અભ્યાસ કરો, અભ્યાસ આગળ અને આગળ વધારતા રહો; એટલે પછી

અચલ સ્વરૂપજ રહેલું છે, તે વસ્તુનું નામજ મોક્ષ અથવા મુક્તિ છે; કે જેને મેળવતાં સુધી માનવ સ્વભાવ કદી પણ તૃપ્ત થાય કે જંપીને બેસે તેમ નથી. મનુષ્ય જેમ શીઘ્ર ઉંચે જવા લાગે છે તેમ તે આ મુક્તિની તરફ શીઘ્ર પ્રગતિ કરે છે. આ મોક્ષને અચલ સ્વરૂપી ધર્મ અથવા સ્વભાવ કોઇ તમારા દેહમાં રહેલો નથી, તેમ તે તમારાં વસ્ત્રોમાં કે તમારા ઘરમાં પણ રહેલો નથી, પરંતુ તમારા અસ્તિત્વમાંના આધ્યાત્મિક વિચાર ભંડારમાંજ રહેલો છે. એ વિચાર અંતરજ પ્રત્યેક માનવની પ્રગતિ કરે છે. સમસ્ત લૌકિક અને માનસિક પ્રવૃતિનું તેજ મૂળ છે. તેજ ન વિચારો, ઇચ્છાઓ અને ક્રિયાઓની પાછળ રહેલી અંતર [illegible] છે. તેજ માનવ જાતિને આગળ ધકેલનારો ઉત્સાહ છે.

એ સત્યધર્મનો નિવાસ દેવળમાં પણ નથી અને મસીદમાં પણ નથી. છતાં વારંવાર તમે આવો વિરોધ પ્રદર્શિત થતો સાંભળો છો કે "ધર્મ અમને શું લાભ કરી શકે? શું એ રોટીની કિંમત નક્કી કરી શકે છે!" ખરેખર એ રોટીની કિંમત ઠરાવી શકતો નથી, તોપણ તેટલા ઉપરથી શું ધર્મની અસત્યતા પ્રમાણિત થઇ શકે? જ્યારે કે જ્યારે તમે એક ભૂમિતિવિદ્યા સંબંધી સિદ્ધાંત સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતા હો ત્યારે એક બાળક ઉભું થઇને કહે કે "શું એથી ભાખરી મળશે!" તમે પ્રત્યુત્તર આપો કે "ના." તો બાળક તરતજ કહેવાનું કે "ત્યારે તો એ નિરુપયોગી છે." કારણ કે સઘળાં લોકો બાળકો પણ તેમજ પોતાનાજ દ્રષ્ટિબિંદુથી સર્વ બાબતોની તુલના કરે છે. હવે એક બાળક જેમ ભાખરી મેળવવાના દ્રષ્ટિબિંદુથીજ વિશ્વની તુલના કરે છે, તેમ આ જગતમાં ઘણાની મનુષ્યોરૂપ મોટા કદનાં બાળકો પણ તેમજ કરે છે. ખરી વાત એ છે કે નિમ્નપણે ઉપજનાર વસ્તુઓની તુલના ઉચ્ચ દ્રષ્ટિબિંદુથી નજ કરી

આખું ચક્કરમાં આવે તો તે વર્તુળ બને છે; તે આધારસ્થાને પાછી આવે છે. જ્યાંથી તમે પ્રારંભ કર્યો ત્યાંજ તમારો અંત આવવો જોઇએ અને તમે ઈશ્વરમાં પ્રારંભ કર્યો માટે તમે ઈશ્વર પાસેજ પુનઃ જશો. પરંતુ આપણે જેમ આગળ જઈએ તેમ આપણે ધર્મનાં નવાં સત્યો શોધવાનાં છે કે નહિ? હા અને ના. પ્રથમ પક્ષે તો આપણે ધર્મસંબંધી કોઈ વિશેષ જ્ઞાન મેળવી શકતાજ નથી; કેમકે તે સર્વ પ્રકટ થઇ ચૂકેલું છે. જગતના અનેક ધર્મોમાં તમને એવો દાવો કરેલો પ્રતીત થશે કે ઈશ્વર અને આપણી વચ્ચે મૂળથીજ એકતા રહેલી છે. અને આપણે ઈશ્વર સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરેલું હોય તો પછી તે અર્થમાં કોઈ વિશેષ પ્રગતિ કરવાની હોઈ પણ શકે નહિ અને થઇ પણ શકે નહિ. જ્ઞાનનો અર્થજ એ છે કે આ એકતાને આપણે શોધી કાઢવી અને અનુભવવી. હું તમને પુરુષો અને સ્ત્રીઓ તરીકે જોઉં છું અને એજ અનેકતા છે જ્યારે હું તમને એકત્ર કરું અને તમને મનુષ્ય પ્રાણીઓ કહું ત્યારે તે શાસ્ત્રીયજ્ઞાન બને છે. ઉદાહરણાર્થ, રસાયનશાસ્ત્ર લ્યો. રસાયનશાસ્ત્રીઓ સમસ્ત જ્ઞાતતત્વોનાં મૂળતત્વો શોધી કાઢવાને અને બને તો જે એક તત્વમાંથી તે સર્વની ઉત્પત્તિ થઇ હોય તેને શોધી કાઢવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરિણામે એવો સમય પણ આવશે કે જ્યારે જે એક તત્વ ખરેખર સમસ્ત તત્વોનું મૂળ છે તેને તેઓ શોધી કાઢશે અને ત્યાર પછી તેઓ એ વિષયમાં આગળ વધી શકશે નહિ અને આ રસાયનશાસ્ત્ર પૂર્ણ બન્યું ગણો. ધર્મશાસ્ત્રના સંબંધમાં પણ તેમજ છે. જો આપણે આ પૂર્ણ એકતાને શોધી કાઢી શકીએ તો એથી આગળ કોઈજ વિશેષ પ્રગતિ કરવાની હોઈ શકે નહિ.

હવે પ્રશ્ન એ છે કે આવી એકતા જડી શકે તેમ છે? ભારતવર્ષમાં ધર્મ અને તત્વજ્ઞાનનું એક શાસ્ત્ર બનાવવાનો પ્રયત્ન અતિ

વૈદિક ધર્મના આદર્શો.

[illegible]

વૈદિક ધર્મના આદર્શો.

આપણો સૌથી વિશેષ સંબંધ આત્મા, ઈશ્વર અને ધર્મ સાથે સંબંધ ધરાવતી સર્વ વસ્તુઓ સંબંધી વિચારની સાથે રહેલો છે. ભારતવર્ષમાં વેદ સંહિતાઓ એ પ્રાચીનમાં પ્રાચીન આર્ય-સાહિત્ય છે. સત્ય કહીએ તો જગતનું સૌથી વિશેષ પ્રાચીન સાહિત્ય પણ એજ છે. કદાચ તે કરતાં પણ પ્રાચીન સાહિત્યના કેટલાક ટુકડાઓ અહીં તહીં પડેલા હશે, પરંતુ તે ગ્રંથો અથવા ખંડ સાહિત્ય નથી. સંગ્રહિત ગ્રંથ તરીકે તો એજ જગતનો પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ છે. તેમાં આર્યોની પ્રારંભમાં પ્રારંભિક ભાવના, તેમની આકાંક્ષાઓ, તેમની રીતભાતો અને પ્રણાલિકાઓ વિગેરે ઉપ-સ્થિત થયેલા પ્રશ્નો વગેરેનું ચિત્ર આલેખવામાં આવ્યું છે. પ્રાર-ભમાંજ આપણને એક અતિ વિચિત્ર વિચાર એમાં જણાય છે. એમાં આવેલા સ્તોત્રો ભિન્ન ભિન્ન દેવો અને પ્રકાશિત વસ્તુઓની સ્તુ-તિ રૂપે આપવામાં આવેલા છે. આ દેવો સામાન્ય છે. ઇંદ્ર, વરુણ, મિત્ર, પર્જન્ય, વગેરે કેટલાક પૌરાણિક અને અલૌકિક દેવતા-ઓને લગતી હકીકત એક પછી એક એમાં આવે છે. ઉદાહરણાર્થ, ગર્જનાનો સ્વામી ઇંદ્ર માનવજાતને વરસાદથી વંચિત રાખનાર સર્પને મારે છે, તે પોતાનું વજ્ર ફેંકે છે, સર્પ મરણ પામે છે અને વર્ષાદનાં ઝાપટાંપર ઝાપટાં જગતમાં તૂટી પડે છે. લોકો પ્રસન્ન થાય છે અને તેઓ યજ્ઞદાનોદ્વારા ઇંદ્રનો પૂજન કરે છે. તેઓ ચિતા ખડકે છે, કેટલાક પશુઓનો વધ કરે છે, તેમનું માંસ સગ-ડી ઉપર શેકે છે અને તે માંસ ઇંદ્રને અર્પણ કરે છે. તેમનો સોમ નામનો એક લોકપ્રિય છોડ હતો. તે કયો છોડ હતો તે હજુ કોઈ જાણતું નથી; પરંતુ ઋગ્વેદદ્વારા આપણને પ્રતીત થાય છે . તેને શુદ્ધ-

તમ સ્થિતિના વર્ણનવાળા કેટલાક શ્લોકો હું વાંચીશ. એટલે માગ કહેવાનો અર્થ શું છે તે તમે સમજશો. આ શ્લોકોનું અંગ્રેજી કાવ્યમાં ભાષાંતર કરવામાં આવ્યું છે; માટે હું તેને તે સ્વરૂપમાં કહીશ તો વધારે સારું થઈ પડશે.

" The mighty Lord on high our deeds,
As if at hand, espies:
The gods know all men do,
Though men would fain
Their acts disguese;
Whoever stands, whoever moves;
Or steals from plac to place;
Or hides him in his secret cell—
The gods his movements trace.
Wherever two to-gether plot,
And deem they are alone,
King Varuna is there a third,
And all their schemes are known.
This earth is his, to him belong
Those vast and boundless skies:
Both seas within him rest,
And yet in that small pool he lies.
Whoever far beyond the sky
Should think his way to wing,
He could not there elude
The grasp of Varuna the King.
He spies, descending from the skies,

ભાસનાર્નો હોય છે. વળી વરુણના સંબંધમાં એક બીજો પણ
વિચાર ઉત્પન્ન થયો હતો; પરંતુ આર્યમસ્તકે તેને તત્કાલ દાબી
દીધો હતો. તે ભયનો વિચાર હતો. અન્યસ્થાનમાં આપણે વાંચીએ
છીએ કે લોકોને એવો ભય ઉત્પન્ન થયો કે તેમણે પાપ કર્યું છે
અને તેઓ ક્ષમાને માટે વરુણને પ્રાર્થના કરે છે. આવા વિચારોને
ભારતવર્ષની ભૂમિ પર શા માટે વિકાસ પામવા દીધા નહિ: તેનાં
કારણો તમે પાછળથી સમજશો, પરંતુ ભયના અને પાપના વિચા-
રનાં બીજો તો ત્યાં અંકુરિત થતાંજ રહ્યાં. આપણે જાણીએ છીએ
કે એકેશ્વરવાદ પણ ભારતવર્ષમાં અતિ પ્રાચીન કાળમાં આવ્યો
હતો. સર્વ સંહિતાઓમાં પ્રથમ અને પ્રાચીનમાં પ્રાચીન ભાગમાં
આ એકેશ્વરવાદનો વિચાર રહેલો છે. પરંતુ આપણે આગળ ઉપર
જોઈશું કે તે વિચાર આર્યોને માટે પુરતો સિદ્ધ થયો નહિ. તેમણે
તેને અતિ સ્થૂલ પ્રકારનો વિચાર ગણી ફેંકી દીધો અને તેઓ
આગળ ચાલ્યા. હિંદુઓનો આવો અભિપ્રાય છે. અલબત, વેદપર
યુરોપિયનોએ લખેલા ગ્રંથો અને ટીકાઓ વાંચતાં હિંદુ જ્યારે એમ
વાંચે છે કે અમારા લેખકોના લખાણો માત્ર આ પૂર્વીય વિલક્ષણથી
જ ભરપુર હતાં ત્યારે તેને હાસ્ય ઉત્પન્ન થયા વિના રહેતું નથી.
જે પાશ્ચાત્ય માણસોએ પોતાની માતાના દૂધમાંથીજ એવો વિચાર
ગ્રહણ કર્યો છે કે સાકાર ઈશ્વરનો વિચારજ ઈશ્વર સંબંધી ઉચ્ચ-
તમ વિચાર છે, તેમને જ્યારે પ્રતીત થાય છે કે સંહિતાના જે
ભાગમાં એકેશ્વરવાદ ભરપૂર હતો તે ભાગને પાછળથી આર્યોએ
નિરુપયોગી તથા દાર્શનિકો અને વિચારકોને માટે અપાત્ર ગણી
કાઢેલો હતો અને વિશેષ દાર્શનિક તથા સર્વોત્તમ વિચાર શોધી
કાઢવાને માટે સખ્ત પ્રયત્ન કર્યો હતો; ત્યારે તેઓ સ્વાભાવિક રીતેજ
ભારતવર્ષના આ પ્રાચીન વિચારકોની આગળ વધેલી વિચારવૃદ્ધિ
ગ્રહણ કરવાનું સાહસ કરી શકતા નથી. જો કે સંહિતાઓમાં તેમણે

છીએ ત્યાંથી થોડાં પત્રમાં પરજ આપણે એજ ગ્રંથમાં તેનું સ્પષ્ટીકરણ પણ જોઈએ છીએ.

એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઇતર સમસ્ત પુરાણોથી હિંદુ પુરાણો આટલાં પૃથક્, આટલાં ભિન્ન કેમ ? એંગ્લોસેનિયન અથવા ગ્રીક પુરાણોમાં આપણે એક દેવને ઉન્નતિને માટે પ્રયત્ન કરતો જોઈએ છીએ, તે એક દરજ્જો પ્રાપ્ત કરે છે અને ત્યાંજ રહે છે, જ્યારે અન્ય દેવો નષ્ટ થાય છે. સમસ્ત મૉલૉકોમાં જેહોવાહ શ્રેષ્ઠતમ બને છે અને ઇતર મૉલૉકોને વિસરી જવામાં આવે છે. તેઓ સદાને માટે નષ્ટ થાય છે; અને જેહોવાહ દેવોનો દેવ બને છે. તેજ પ્રકારે સમસ્ત ગ્રીક દેવોમાંથી ઝ્યુસ આગળ આવે છે. પરમ ઉન્નતિ પ્રાપ્ત કરે છે અને વિશ્વનો પ્રભુ બને છે, અને ઇતર સમસ્ત દેવો પતિત થઈને ગૌણ દરજ્જાના બને છે. પાછળના સમયોમાં બૌદ્ધો અને જૈનોએ પણ તેમના દેવો પૈકી એકને ઉન્નત કરીને ઇશ્વર પદ આપ્યું અને ઇતર સમસ્ત દેવોને બુદ્ધ અથવા જિનના હાથ નીચેના બનાવ્યા હતા. આ પ્રમાણે સમગ્ર જગતમાં આ ક્રિયા પ્રચલિત છે, પરંતુ હિંદુઓના સંબંધમાં આપણે અપવાદ જોઈએ છીએ. એક દેવની સ્તુતિ કરવામાં આવે છે અને તત્કાલને માટે કહેવામાં આવે છે કે ઇતર સમસ્ત દેવો તેની આજ્ઞાઓનું પાલન કરે છે. અને આ પ્રમાણે જે દેવને વરુણે ઉન્નત કરેલો કહેવામાં આવે છે તેનેજ બીજા ગ્રંથમાં ઉન્નત કરીને ઉચ્ચતમ સ્થાન આપવામાં આવે છે. આ પ્રમાણે તેઓ અનુક્રમે સાકાર ઇશ્વરનું સ્થાન ગ્રહણ કરે છે. પરંતુ એનાએ ગ્રંથમાંજ તેનું સ્પષ્ટીકરણ પણ હોય છે અને તે મહાન સ્પષ્ટીકરણ છે. તે એવું સ્પષ્ટીકરણ છે કે જેણે ભારતવર્ષના સમસ્ત પાછળના વિચારોને વિષય અર્પણ કર્યો છે, અને જે સમગ્ર ધાર્મિક જગતનો પણ વિષય બની રહેશે. તે સ્પષ્ટીકરણ આ છે

કમનસીબે પણ ખ્રિસ્તી દેશોએ ભારતમાં હિંદુઓએ કેટલી મહાન કરી છે તે સુપ્રસિદ્ધ વાત છે. જો ખ્રિસ્તી ભારતવર્ષની અંદર દેખાય છે તેમની ઉપર પણ તેટલો અમર ધર્મ બૌદ્ધ-ધર્મ બૌદ્ધ ધર્મ. બૌદ્ધ ધર્મ કેટલીક બાબતોમાં એક મહાન ધર્મ છે, પરંતુ બૌદ્ધધર્મને વેદની સાથે સરખાવી ન શકાય એ સત્ય વાત છે. ખ્રિસ્તી ધર્મ અને મુસ્લિમ ધર્મ જે છે તે તેમના સમાન એવા છે. બૌદ્ધ ધર્મમાં મહાન અને સારા મુદ્દાઓ છે, પરંતુ આ મહાન મુદ્દાઓ એવા માણસોના હાથમાં પડ્યા કે જેઓ તેમને સુરક્ષિત રાખી શકવા નહિ શક્તિશાળી હતા જે રત્નો તીક્ષ્ણ હતાં તે સાધારણ જનસમૂહના હાથમાં પડ્યાં અને તેમના વિચારો ગ્રહણ કર્યા તેનામાં ઘણો ઉન્માદ હતો. કેટલાક અદ્ભુત વિચારો બુદ્ધધર્મની પાસે હતા. મહાન અને સમભાવયુક્ત વિચારો તેની પાસે હતા, પરંતુ એકંદરે પ્રત્યેક વસ્તુને સુરક્ષિત રાખવાને માટે કોઈક બીજી વસ્તુ—વિચાર અને બુદ્ધિ—આવશ્યક હોય છે. જ્યાં જ્યાં તમે સૌથી વિશેષ સમભાવયુક્ત વિચારોને સાધારણ જનસમૂહના હાથમાં પડતા જુઓ છો ત્યાં ત્યાં તમને જણાશે કે તેનું પ્રથમ પરિણામ દુરુપયોગમાં અને અધઃપાતમાં આવે છે. જ્ઞાન અને બુદ્ધિજ એવી વસ્તુઓને સદુપયોગમાં રાખી શકે છે. બૌદ્ધધર્મ પ્રથમ ધર્મ પ્રચારક સંસ્થા તરીકે બહાર પડ્યો અને પછી તે સમગ્ર સુધરેલ સંસ્કારી જગતમાં ફરી વળ્યો. તે છતાં તે ધર્મને માટે રક્તનું એક બિંદુ પણ પડ્યું નહતું. આપણે વાંચીએ છીએ કે ચીનમાં બૌદ્ધ ધર્મોપદેશકોપર અત્યાચાર કરવામાં આવ્યો હતો અને એક પછી એક બે કે ત્રણ સમ્રાટોએ સહસ્રાવધિ ધર્મ પ્રચારકોનો વધ કર્યો હતો. પરંતુ ત્યારપછી બૌદ્ધોના ઉપર ભાગ્યદેવીની કૃપા થઈ અને એક સમ્રાટ અત્યાચારીઓ ઉપર વેર લેવાને તત્પર થયો, પરંતુ ધર્મે

આય નિર્મૂળ ઉપર પ્રાચીન આર્યો આવ્યા હતા. પરંતુ હું ઉપર કહી ગયો તેમ આ પ્રાચીન એકેશ્વરવાદના વિચારથી હિંદુ મસ્તિષ્ક સંતુષ્ટ થયું નહિ; કેમકે એ વિચાર પૂરતો આનંદ જતો નહોતો; તે આ દૃશ્ય જગતનો ખુલાસો આપતો નહોતો; માત્ર જગતના શાસનકર્તાનોજ નિર્દેશ કરવાથી જગતનો ખુલાસો મળતો નથી. વળી તેમાં પણ જગતની બહારના એક શાસનકર્તાનો નિર્દેશ કરવાથી તો તે ખુલાસાનો સંભવ બહુજ થઈ જાય છે. તે એક નૈતિક નેતા હશે કે વિશ્વની મહાનમાં મહાન સત્તા હશે, એટલુંજ તે પરથી સમજી શકાય; પરંતુ તેથી વિશ્વનો ખુલાસો મળતો નથી. હવે આપણી જે પહેલોજ પ્રશ્ન ઉપસ્થિત થતો અને મહાન બનતો જોઈએ છીએ તે વિશ્વ વિષેનોજ પ્રશ્ન છે. "વિશ્વ શામાંથી ઉત્પન્ન થયું?" "તે ક્યારે અને કી રીતે ઉત્પન્ન થયું?" "તે શા રીતે અસ્તિત્વ ધરાવી રહ્યું છે?" આ પ્રશ્નપર ઘણાં સ્તોત્ર રચાયેલ છે અને નીચલા સ્તોત્રમાં તે પ્રશ્ન જેટલી સુંદર અને અદ્ભુત રીતે પ્રદર્શિત થયેલો છે તેટલી સુંદર અને અદ્ભુત રીતે તે ક્યાંય પણ પ્રદર્શિત થયેલો નથી. આવાં સ્તોત્રોનો ભાવ મૂળ સંસ્કૃત વાણીમાં તો સંગીતમયજ હોય છે અને અનુવાદ કરવામાં કાવ્યનું ઘણું સૌંદર્ય નષ્ટ થાય છે.

"ત્યારે સત્ કે અસત્ નહતાં; તેમજ હવા કે આકાશ નહતાં; તેમજ કોઈ પણ વસ્તુ નહતી. શેમાં એ બધાં છુપાઈ રહ્યાં હતાં? સર્વ ક્યાં રહેતાં હતાં? ત્યારે મૃત્યુ કે અમરતા નહતાં કે રાત્રિ દિવસનો ફેરફાર નહતો. તે શ્વાસ જાણે ઈશ્વરના અસ્તિત્વને આચ્છાદિત કરીને રહ્યો હતો; પરંતુ તે ચાલવા લાગ્યો નહિ."*

તે ગતિ રહિત રહ્યો હતો એ એક વિચાર સ્મરણમાં રાખવો

* અહિં જે શ્લોક છે તે "નાસદીય સ્તોત્ર" નામથી વેદમાં પ્રસિદ્ધ છે.

તે ઈશ્વરાઇને મન થયું અને એ મન ઇચ્છારૂપે વ્યક્ત થવા લાગ્યું કે, જે ઇચ્છાજ આપણી સમસ્ત સંપત્તિનું કારણ હતું. મત વિષેનો આ વિચારજ બૌદ્ધમત અને વેદાંત મત એ ઉભયનો પાયો છે અને પાછળથી તે જર્મન તત્વજ્ઞાનમાં પ્રવિષ્ટ થયો છે. શોપનહોરના તત્વજ્ઞાનનો આધાર પણ તેજ છે; પરંતુ વેદ સંહિતામાંજ સર્વથી પ્રથમ આપણે તેના વિષે સાંભળીએ છીએ.

"હવે ઇચ્છા કે જે મનનું મૂળ બીજ છે તે પ્રથમ ઉદ્ભુત થઇ. જે સંતો બુદ્ધિદ્વારા પોતાનાં હૃદયોમાં તપાસ કરતા હતા તેમને સત્ અને અસત્ વચ્ચેની સંધિ પ્રાપ્ત થઇ.'

આ બહુ વિચિત્ર વર્ણન છે અને કવિ અંતે જણાવે છે કે "કદાચ ઈશ્વર પણ જાણતો નથી.' આ સ્તોત્રમાં આપણને તેના કાવ્ય તત્વોના ગુણો ઉપરાંત જણાય છે કે વિશ્વ વિષેનો આ પ્રશ્ન સંપૂર્ણ નિશ્ચિત થયો નહતો અને આ ઋષિઓનાં મન ઉન્નત થઇને એવી સ્થિતિને પ્રાપ્ત થયાં હોવાં જોઇએ કે સાધારણ પ્રત્યુત્તરો તેમને સંતોષ આપે નહિ. તેના આ ઉપરથી આપણને પણ સંતુષ્ટ થયા નહોતા એવી બીના જણાય [illegible] છે કે જેથી આ સર્વની ઉત્પત્તિ શી રીતે થઇ? [illegible] વિચાર આવે છે અને આપણે આગળ [illegible] જ્યારે તેઓ વિશ્વનો સામાન્ય—સાકાર ઈશ્વર [illegible] કલ્પના કરતા ત્યારે જેમ તેઓ એક પક્ષી એક દેવને ઘડ્યું કહેતા અને તેને [illegible] વતા તેમ હવે આપણને પ્રતીત થાય છે કે [illegible] રીતે ગોળ એવી આગળ વધીને એક અથવા [illegible] ઘડ્યું કરવાને આવતો, તેનો અનંત વિસ્તાર કરવામાં આવ્યો અને તે વિચાર જ વિશ્વમાંની પ્રત્યેક વસ્તુને માટે [illegible] આપવામાં [illegible] એક વિશિષ્ટ વિચાર જેમાં પ્રત્યેક વસ્તુ રહેલી છે એવા આધાર

વામાં આવે છે, પરંતુ હું હમણાં જ તમને જણાવી ગયો તેમ આ
વિચારે પણ તેમને સંતોષ આપ્યો નહોતો.

અને આપણે અતિ વિચિત્ર સ્થિતિ જોઈએ છીએ. અત્યાર
સુધી આર્ય ચિંતક આ પ્રશ્નનો ઉત્તર બહારથી શોધતું હતું અને
તેઓ જે જે વસ્તુઓને જોઈ શકતા તે સર્વ વિષે પ્રશ્ન ઉઠાવતા;
તેઓ સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો વિષે પ્રશ્ન ઉઠાવતા અને આ રીત
મારફતે તેમને જે જે સમાધાન મળી શક્યું તે સર્વ તેમણે શોધી
કાઢ્યું. પરંતુ એમાંની સમગ્ર પ્રકૃતિ તેમને બહુ બહુ તો એટલોજ
બોધ આપી શકતી હતી કે કોઈ એક સાકાર ઈશ્વર વિશ્વનો
સ્રષ્ટા છે. એથી વિશેષ બોધ તે આપી શકતી નહોતી. સંક્ષેપમાં
બાહ્ય જગતમાંથીજ આપણે તે વિષેનો ખુલાસો શોધવા
માગીએ તો તેમાંથી આપણે માત્ર એક સાકાર કર્તાનોજ વિચાર
પ્રાપ્ત કરી શકીએ છીએ; આપણે માત્ર આ જગતનો કોઈ કર્તા
હોવો જોઈએ એ સિદ્ધાંતનોજ વિચાર મેળવી શકીએ છીએ. પરંતુ
આપણે સર્વ જાણીએ છીએ તેમ આ કાંઈ બહુ યોગ્ય દલીલ નથી.
તેમાં કાંઈક બાલીશતા રહેલી છે. છતાં બાહ્ય જગતદ્વારા આપણે
ઈશ્વર સંબંધી જે કાંઈ અલ્પ જ્ઞાન મેળવી શકીએ તે માત્ર એજ
છે કે આ જગતને વિધાતાની આવશ્યકતા હતી. પણ વિશ્વરચનાનો
આ કાંઈ ખરો ખુલાસો નથી.

આ જગતની સામગ્રી એ ઈશ્વરની પૂર્વે હતી અને આ
ઈશ્વરને આ સર્વ સામગ્રીની આવશ્યકતા હતી, એમ માનતા જતાં
મોટામાં મોટો વાંધો એ આવે છે કે તે સામગ્રીથી મર્યાદિત બને
છે. જે સામગ્રીથી ઘર બને છે તેના વિના એક ઘર બાંધનાર કદિ
પણ ઘર બાંધી શકે નહિ. એટલા માટે એવી માન્યતાદ્વારા માન-
વાનો ઈશ્વર સામગ્રીદ્વારા મર્યાદિત હતો; કેમકે સામગ્રીએ તેને જે

પ્રયત્ન કરી રહ્યો છું તેની સાથે એ વિકાસના એક બીજા અંગ વિષે પણ હું તમને સહેજ સૂચના કરું છું. એ અંગ તે કર્મકાંડનો વિકાસ છે. એ બાબતને આપણા વિષયની સાથે કોઈ પણ સંબંધ નથી, માટે તે વિષે બહુ બોલવાની મને જરૂર નથી. આધ્યાત્મિક વિચારોએ ઉત્ક્રાંતિના નિયમે પ્રગતિ કરી તો કર્મકાંડ સંબંધી વિચારોએ ભૂમિતિ શાસ્ત્રના નિયમે પ્રગતિ કરી. જૂના વ્હેમો આગળ જતાં વિકાસ પામી પામીને ક્રિયાઓના એવા તો પ્રચંડ સમૂહ રૂપે બની ગયા કે તે સમૂહે હિંદુ જીવનનો સમગ્રાંશ નાશ જ કરી નાખ્યો. અને તે દશા અદ્યાપિ ચાલુ છે. તેણે હિંદુ જીવનના પ્રત્યેક ભાગને પકડીને વાસ કર્યો છે અને અમને જન્મથી જ દાસ-ગુલામ બનાવી દીધા છે. છતાં આ વાત પણ ખરી છે કે કર્મકાંડની આ પ્રગતિની સાથે સાથે જ તેની વિરુદ્ધમાં પણ અતિ પ્રાચીનકાળથી આપણે લડાઈ ચાલતી આવેલી જોઈએ છીએ.

એ લડાઈમાં એક વધિ. એ ઉપદેશમાં આવ્યો છે કે ક્રિયાઓ પ્રત્યેનો પ્રેમ, અમુક સમયે અમુક વસ્ત્રો પરિધાન કરવાં, અમુક પ્રકારે ભોજન કરવું, ઇત્યાદિ તમાશાઓ નકા. આડંબરો એ બાહ્ય દેખાડવાનો જ ધર્મ છે, અને એનો અર્થ એજ કે તમે બહારના વિષયોમાં જ પડયા રહો છો અને તેની અંદર જતા માગતા નથી. પ્રત્યેક માનવ પ્રાણીના સંબંધમાં આ પ્રચંડ મુશ્કેલી છે. એક માણસ તત્ત્વજ્ઞાન, ઈશ્વર અને આધ્યાત્મિક બાબતો વિષેની વાતો સાંભળે છે અને કેટલાક દિવસો સુધી સાંભળ્યા પછી તે પૂછે છે કે " અને એ વસ્તુઓ કેટલું દ્રવ્ય પેદા કરશે! કેટલું ઇંદ્રિય સુખ આપશે ? " કારણ કે સ્વાભાવિક રીતે જ તેનું સુખ માત્ર ઇંદ્રિયોમાં જ હોય છે. પરંતુ અમારા ગુરૂ કહે

થાય છે કે તેમની સર્વ તપાસો આંતર જીવનમાં જ ચાલેલી છે. પ્રારંભથીજ તેઓ એમ જણાવતા હતા કે: "સત્યને માટે બીજે કોઈ પણ સ્થળે તપાસ કરશો નહિ; તે અહીંઆં-મહાનમાં મહાન ચમત્કારરૂપ માનવ આત્મામાં-સર્વ જ્ઞાનના ભંડારરૂપ, સર્વ જીવનના નિધિરૂપ માનવ આત્મામાં જ રહેલું છે. તેને અહીંઆંજ શોધો. જે અહીંઆં નથી તે ત્યાં-બાહ્યજગતમાં હોઈ શકે નહિ." તેમણે ક્રમશ: શોધી કાઢ્યું કે જે બહાર છે તે બહુ બહુ તો જે અંદર છે તેનું માત્ર ઝાંખું પ્રતિબિંબ જ છે. વિશ્વથી બહાર રહેલા વિશ્વના શાસકને લગતા આરંભના પ્રાચીન વિચારને તેમણે કેવી રીતે ગ્રહણ કર્યો અને પછી તેમણે તે શાસકને કેવી રીતે વિશ્વની બહારથી વિશ્વની અંદર મુકી દીધો; તેમણે તેને બહારથી ઉંચકીને તેમનાં પોતાનાં અંતઃકરણોમાં કેવી રીતે મુકી દીધો; તે અહીંઆં, મનુષ્યના હૃદયમાં, આપણા આત્મામાં જ છે અને ફક્ત તેજ આપણામાં રહેલી સત્ય વસ્તુ છે. એ સત્ય તેમણે કેવી રીતે શોધ્યું અને અનુભવ્યું એ વિષય પણ બહુ જાણવા જેવો છે.

પરંતુ વેદાંતદર્શનને યોગ્ય રીતે સમજવાને માટે પ્રથમ કેટલાક મહાન વિચારોને સમજવાની જરૂર છે. પ્રથમ તો આપણે કાન્ટ અને હેગલના તત્ત્વજ્ઞાન વિષે જે અર્થમાં બોલીએ છીએ તે અર્થમાં એ વેદાંતજ્ઞાન નથી એ એક ગ્રંથ નથી અથવા એક માણસની કૃતિ નથી. વેદાંત એ ભિન્ન ભિન્ન સમયે લખાયેલા અનેક ગ્રંથોની સંજ્ઞા છે. આવા એકાદ ગ્રંથમાં કદાચિત્ જુદી જુદી પચાસ વાતો આવેલી હોય છે. વળી તે ગ્રંથોને યોગ્ય રીતે વ્યવસ્થિત પણ કરેલા નથી; વિચારો-અંત:કરણના સાક્ષાત્-માત્ર એમાં નોંધીજ લેવામાં આવ્યા છે. છતાં એક વાત લક્ષમાં રાખવા યોગ્ય છે કે ઉપનિષદોમાંના આ વિચારો હંમેશાં ક્રમિક હોય છે.

આર્યાવર્તીય ધર્મસંબંધી વિચાર

તે સ્થૂલ-પ્રાણી [illegible]માં પ્રત્યેક વ્યક્તિના મસ્તિષ્કની ક્રિયા જેવી [illegible] [illegible]માં ચિત્રિત થઈ છે. એ વિચારો પ્રથમ બહુ [illegible] છે, પછી તેઓ અધિકાધિક સૂક્ષ્મ થતા જાય છે અને અને તેઓ વેદાન્તનું [illegible] પ્રાપ્ત કરે છે અને એ સત્ય દાર્શનિક [illegible] કે પ્રથમ [illegible] શોધ કરવામાં આવી, પછી [illegible] કરવામાં આવી અને તેજ શોધને અધિક [illegible] કહેવામાં આવ્યું છે, [illegible] પ્રત્યેક [illegible] રહે છે [illegible] નિરન્તર પૂર્ણ પરમાનંદની [illegible] ભોગી બની [illegible] થાય છે." [illegible] શોધને [illegible] જેના કોઈ [illegible] આ સમસ્ત બ્રહ્માંડમાં બીજું કોઈજ [illegible] પ્રાપ્ત થાય છે।

છે કે પ્રકૃતિ એ સ્વતંત્રતા અને પરતંત્રતાનું-સત્તા અને તરંગનું મિશ્રણ છે. આપણાં મન અને શરીરો બાહ્ય જગત ઉપર અવલંબિત છે અને આ અવલંબન તેની સાથેના તેના સંબંધના પ્રકાર અનુસાર ભિન્ન ભિન્ન છે. પરંતુ અંતરાત્મા તો જેવી રીતે ઇશ્વર સ્વતંત્ર છે તેવીજ રીતે સ્વતંત્ર છે અને આપણાં મન તથા શરીરોની ક્રિયાઓને તેમના વિકાસના પ્રમાણમાં ઘણે કે થોડે અંશે દોરવાને શક્તિમાન છે.

મૃત્યુ એ તો માત્ર સ્થિતિનો ફેરફારજ છે. આપણે સર્વ એક જ વિશ્વમાં રહીએ છીએ અને પૂર્વેના નિયમોનેજ આધીન હોઇએ છીએ. જેઓ જીવનમુક્ત થયા છે અને જેઓ સૌંદર્ય તથા બુદ્ધિમાં વિકાસની ઉચ્ચ ભૂમિકાઓને પ્રાપ્ત થયા છે, તેઓ માત્ર તેમનું અનુસરણ કરતી સાર્વજનિક સેનાની મોખરાની-આગલી-પંક્તિ છે. જેમ એક મોટા સૈન્યમાંના નાના મોટા સર્વ સૈનિકો એક બીજાની સાથે જોડાયેલા હોય છે, તેમ નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રાણીનો આત્મા પણ ઉત્તમમાં ઉત્તમ પ્રાણીના આત્માની સાથે જોડાયેલો છે અને અનંત પરિપૂર્ણતાનું બીજ તે સર્વમાં રહેલું છે. આપણે આશામય સ્વભાવનો વિકાસ કરવો જોઇએ અને પ્રત્યેક વસ્તુમાં રહેલું ષ્ટિ જોવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો આપણે માથે હાથ દઇને બેસીએ અને આપણાં શરીરો તથા મનોની અપૂર્ણતા વિષે વિલાપ કર્યા કરીએ તો આપણને કાંઇ પણ લાભ ન થાય. પ્રતિકૂલ સંયોગોને જીતી લેવાનો પરાક્રમી પ્રયત્નજ આપણા આત્માને ઉન્નત કરે છે.

આત્મિક પ્રકૃતિના નિયમો જાણવા એ પણ આપણું મુખ્ય કર્તવ્ય છે. તમારાં શાસ્ત્રોનાં મનપર ભાર મૂકો કે સત્ય ધર્મ નિષેધાત્મક છે, નિષેધાત્મક નથી. આ અનિષ્ટનો ત્યાગ કરવામાંજ તે

વિકાસમાં મહાન નિયમને આધીન હોઇ તેના અનેક સ્વરૂપો થયાં છે અને આ કારણથી, પણ અંતે તે પૂર્ણતાને પ્રાપ્ત થઇ તેનામાં કોઇ પણ પરિવર્તન થશે નહિ.

પ્રતિવાર એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે જો વસ્તુસ્થિતિ આવી હોય તો આપણાં ગત જીવનોની કોઇ પણ વાતનું આપણને સ્મરણ કેમ રહેતું નથી અમારો ખુલાસો આ છે સ્મૃતિ એ તો માત્ર આપણા માનસિક મહાસાગરની સપાટીનું જ નામ છે અને [illegible] આપણા સમસ્ત સુખ અને દુઃખમય અનુભવો સંચિત થયેલા છે કોઇક સ્થાયી અવિનાશી-વસ્તુને શોધી કાઢવી એજ માનવ આત્માની મુખ્ય ઇચ્છા હોય છે મન, શરીર અને સત્ય કદાચ તો ભિન્ન ભિન્ન સમસ્ત પ્રાકૃતિક વસ્તુઓ નિરંતર પરિવર્તન થયા કરે છે પરંતુ જે પરિવર્તિત ન થાય અને જે [illegible] પ્રાપ્ત થઇ હોય એવી કોઇક વસ્તુને શોધી કાઢવી તે મનુષ્યની મહાનમાં મહાન આકાંક્ષા હોય છે. મનપ્રાણ કે અનંતતેજ શોધી કાઢવાની માનવ માત્રની સ્પષ્ટ કે અસ્પષ્ટ આકાંક્ષા હોય છે આપણો નૈતિક અને માનસિક વિકાસ જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ શાશ્વત પરમાત્મા કે જે પરિવર્તનને પ્રાપ્ત થતો નથી તેને પ્રાપ્ત કરવાની આપણી આકાંક્ષા અધિક દૃઢ અને સ્પષ્ટ થતી જાય છે

આધુનિક [illegible] એવા મત આપે છે કે પંચેન્દ્રિયો દ્વારા જાણી ન શકાય એવી પ્રત્યેક વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી અને મનુષ્ય સ્વતંત્ર (કર્તા) એમ ધારવું એ ભ્રમ છે અન્ય પક્ષે વિચાર વાદીઓ (idealists) એવો દાવો કરે છે કે પ્રત્યેક મનુષ્ય સ્વતંત્ર વ્યક્તિ છે અને બાહ્ય જગત તેની મન કલ્પનાની બહાર અસ્તિત્વજ ધરાવતું નથી પરંતુ આ પ્રશ્નનો નિશ્ચયાત્મક નિર્ણય એ

છે કે પ્રકૃતિ એ સ્વતંત્રતા અને પરતંત્રતા—બંધન અને તરંગનું મિશ્રણ છે. આપણાં મન અને શરીરો બાહ્ય જગત ઉપર અવલંબિત છે અને આ અવલંબન તેની સાથેના તેના સંબંધના પ્રકાર અનુસાર ભિન્ન ભિન્ન છે. પરંતુ અંતરાત્મા તો જેવી રીતે ઈશ્વર સ્વતંત્ર છે તેવીજ રીતે સ્વતંત્ર છે અને આપણાં મન તથા શરીરોની ક્રિયાઓને તેમના વિકાસના પ્રમાણમાં ઘણે કે થોડે અંશે દોરવાને શક્તિમાન છે.

મૃત્યુ એ તો માત્ર સ્થિતિનો ફેરફારજ છે. આપણે સર્વ એક જ વિશ્વમાં રહીએ છીએ અને પૂર્વના નિયમોનેજ આધીન હોઈએ છીએ. જેઓ જીવનમુક્ત થયા છે અને જેઓ સૌંદર્ય તથા પૂર્ણતામાં વિકાસની ઉચ્ચ ભૂમિકાઓને પ્રાપ્ત થયા છે, તેઓ માત્ર તેમનું અનુસરણ કરતી સાર્વજનિક સેનાની મોખરાની—આગલી—પલટણ છે. જેમ એક મોટા સૈન્યમાંના નાના મોટા સર્વ સૈનિકો એક બીજાની સાથે જોડાયેલા હોય છે, તેમ નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રાણીનો આત્મા પણ ઉત્તમમાં ઉત્તમ પ્રાણીના આત્માની સાથે જોડાયેલો છે અને અનંત પરિપૂર્ણતાનું બીજ તે સર્વમાં રહેલું છે. આપણે આશામય સ્વભાવનો વિકાસ કરવો જોઈએ અને પ્રત્યેક વસ્તુમાં રહેલું ઈષ્ટ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો આપણે માથે હાથ દઈને બેસીએ અને આપણાં શરીરો તથા મનોની અપૂર્ણતા વિષે વિલાપ કર્યા કરીએ તો આપણને કાંઈ પણ લાભ ન થાય. પ્રતિકૂલ સંયોગોને જીતી લેવાનો પરાક્રમી પ્રયત્નજ આપણા આત્માને ઉન્નત કરે છે.

આત્મિક પ્રગતિના નિયમો જાણવા એ પણ આપણું મુખ્ય કર્તવ્ય છે. તમારાં બાળકોના મનપર આ વાત ઠસાવો કે સત્ય ધર્મ નિશ્ચયાત્મક છે, નિષેધાત્મક નથી. માત્ર અનિષ્ટનો ત્યાગ [illegible]

છે; ઇશ્વર અમારામાં રહેલો છે અને અમે ઇશ્વરમાં રહેલા છીએ. અમે માનીએ છીએ કે સર્વ ધર્મોમાં સત્યનું બીજ રહેલું છે અને હિંદુ તે સર્વને નમસ્કાર કરે છે. આ જગતમાં સત્ય કોઈ ભાગ્યશાળીઓથી પ્રાપ્ત થતું નથી, પરંતુ સર્વોમાંજ પ્રાપ્ત થાય છે. અમે સમસ્ત ભિન્ન ભિન્ન ધર્મોમાં રહેલાં સુંદરમાં સુંદર પુષ્પોની માળા પ્રભુને સમર્પણ કરીએ છીએ. આપણે ભક્તિને ખાતરજ ઇશ્વરની ભક્તિ કરવી જોઇએ, બદલાની આશાથી ભક્તિ ન કરવી જોઇએ. આપણે પારિતોષિકની આશાથી નહિ, પરંતુ કર્તવ્યને ખાતરજ આપણું કર્તવ્ય બજાવવું જોઇએ. આપણે પારિતોષિકની આશાથી નહિ, પરંતુ સૌંદર્યને ખાતરજ સુંદરની પૂજા કરવી જોઇએ. આ પ્રકારે આપણાં હૃદય વિશુદ્ધ થતાં આપણે ઇશ્વરદર્શન અવશ્ય કરીશું. બદલો મેળવવાના હેતુથી થતા યજ્ઞો, કંઠગત પ્રાર્થનાઓ અને મંત્રોચ્ચારો એ ધર્મ નથી, પણ વ્યાપાર છે. જો તેઓ નિષ્કામ ભાવે કરાય અને આપણને સાહસપૂર્વક સારાં અને પરાક્રમી કાર્યો કરવાને ઉત્તેજિત કરે તથા આપણા વિચારોને ઉન્નત કરીને આપણને પૂર્ણ બ્રહ્મનું જ્ઞાન મેળવવાને શક્તિમાન કરે તોજ માત્ર તેઓ ધર્મરૂપ છે અને લાભદાયક છે.

જો આપણે આપણી પ્રાર્થનાઓમાં એવો સ્વીકાર કરીએ કે ઇશ્વર આપણો સર્વનો પિતા છે અને બીજા દિવસથી આપણા નિત્યજીવનમાં પ્રત્યેક મનુષ્યની સાથે બંધુ તરીકે ન વર્તીએ તો તે શા કામનું ! પ્રાર્થનાની રચના માત્ર એટલાજ માટે થઈ છે કે તેઓ ઉચ્ચતર જીવનનો માર્ગ પ્રદર્શિત કરે; પરંતુ તે માર્ગનું અનુસરણ દૃઢતાપૂર્વક કરવામાં ન આવે તો સારાં ફળ નજ મળે. પ્રત્યેક માનવધર્મને એકજ ક્રમમાં ગોઠવેલાં કાચના જુદા જુદા કટકા અથવા ચીમનીઓની ઉપમા આપી શકાય. એ સર્વના કેન્દ્રમાં

થિયોસોફી વિષે થોડાક વિચારો.

થિયોસોફીસ્ટો આ વર્ષે બહુ આનંદોત્સવ કરી રહ્યા છે, અને ગત પચ્ચીસ વર્ષો દરમ્યાન તેમણે કરેલાં કામો અને પ્રગતિ સંબંધી કેટલાક વર્તમાનપત્રોમાં આવેલાં વિવેચનો અમારી સમક્ષ પડેલાં છે.

હવે કોઈને પણ એમ કહેવાનો અધિકાર નથી કે હિંદુઓ દીક્ષિત થતાં સુધી ઉદ્ધાર કરી શકતા નથી. અમેરિકન પ્રેતવિદ્યાના આ વિલાયતી છોકરાંનો અને મહાત્મીક ગોળમાળના કડાકા ભડાકાનો પણ કેટલાક તરુણ હિંદુઓ હવે સત્કાર કરતા જણાયા છે.

સાવિત્રીએ પિતાની આજ્ઞા માથે ચઢાવી અને પિતાએ સાથે મોકલેલા સંરક્ષકો તથા વૃદ્ધ દરબારીઓ સહિત સુવર્ણમય રથમાં બેસી દૂર દૂરના પ્રદેશોમાં પ્રવાસ કર્યો. તે ભિન્ન ભિન્ન દરબારોમાં ગઇ અને ભિન્ન ભિન્ન રાજકુમારો જોયા; પરંતુ તેમનો એક પણ તેનું હૃદય જીતી શકયો નહિ. અંતે તે એક પવિત્ર ઋષીના આશ્રમમાં આવી. આ આશ્રમ એક એવા અરણ્યમાં આવેલો હતો કે જે પ્રાચીન ભારતમાં કેવળ પશુઓનેજ માટે રાખવામાં આવતો હતો અને જેમાં પશુવધ થવા દેવામાં આવતો નહોતો. એ પશુઓ પણ મનુષ્યથી ડરતા નહોતાં અને સરોવરમાંની માછલીઓ પણ મનુષ્યના હાથમાંથી ખોરાક લેતી હતી. સહસ્ત્રાવધિ વર્ષોથી ત્યાં કોઇએ કોઇપણ પ્રાણીનો વધ કર્યો નહોતો. ઋષીઓ અને વૃદ્ધો ત્યાં મૃગો અને પક્ષીઓની વચ્ચે રહેવાને જતા. અપરાધીઓ સુદ્ધાં ત્યાં સુરક્ષિત હતા. એક માણસ જ્યારે જીવનથી ઉપરામ થતો ત્યારે તે અરણ્યમાં જતો અને ઋષીઓની સંગતમાં ધર્મચર્ચા તથા ધર્મધ્યાન કરતાં પોતાનું શેષ જીવન વ્યતીત કરતો.

હવે દ્યુમત્સેન નામનો એક રાજા જ્યારે વૃદ્ધ થયો અને અંધ બન્યો ત્યારે તેના શત્રુઓએ તેનો પરાભવ કર્યો અને તેનું રાજ્ય લઇ લીધું. આ રંક, વૃદ્ધ, અંધ રાજાએ પોતાની રાણી અને પુત્ર સહિત ઉપર્યુક્ત અરણ્યમાં નિવાસ કર્યો હતો. તેઓ સખત તપશ્ચર્યામાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા. તેના પુત્રનું નામ સત્યવાન હતું.

હવે એમ બન્યું કે સમસ્ત ભિન્ન ભિન્ન રાજ દરબારોની

મુલાકાત લીધી પછી સાવિત્રી અંતે આ પવિત્ર ઋષી ય
આવી. મહાનમાં મહાન રાજા પણ આવા આશ્રમોની પાસે
વસતા ઋષીઓને નમન કર્યા વિના જતો નહિ કારણ કે ત
પુરુષોને પરમ પૂજ્ય અને સન્માન્ય ગણવામાં આવતા.
વર્ષનો મહાનમાં મહાન સમ્રાટ પણ ઘણી ખુશીથી પોતાને
અરણ્ય નિવાસી, કંદમૂળ અને ફળોદ્વારા નિર્વાહ ચ
ઋષીનો વંશજ જણાવવામાં ગૌરવ લેતો, કેમકે અમે સર્વ
વાસીઓ ઋષીનાજ સંતાનો છીએ, ધર્મને આ પ્રકારે
આપવામાં આવતું હોવાથી રાજાઓ પણ જ્યારે ઋષી-આ
પાસેથી જાય ત્યારે તેઓ તેમાં જઇ ઋષીઓને નમન કરવાન
સમજે છે જો તેઓ અશ્વારૂઢ હોય તો તેઓ આશ્રમની
આવતાં નીચે ઉતરીને ચાલે છે. જો તેઓ રથમાં બેસીને આ
રથ અને શસ્ત્રો બહાર રાખીનેજ આશ્રમમાં પ્રવેશ કરે
યોદ્ધો આ પ્રમાણે ધાર્મિક, શાંત અને નમ્ર મનુષ્ય તરીકે
નથી તે ઋષી-આશ્રમમાં પ્રવેશ કરી શકતો નથી.

સાવિત્રી આ આશ્રમમાં આવી અને ત્યાં તેણે ઋષી
ગાળતા રાજાના પુત્ર સત્યવાનને જોયો અને તેનું હૃદય ઝુંટાઇ
મહાલયો અને દરબારોના સમસ્ત રાજકુમારો તેની ઉપર
પાડી શક્યા નહોતા પરંતુ અહીંઆ-રાજા દ્યુમત્સેનના અર
આશ્રમમાં તેના પુત્ર સત્યવાને તેનું હૃદય જીતી લીધું

સાવિત્રી જ્યારે પિતૃગૃહે પાછી ફરી ત્યારે તેના પિતાએ
પૂછ્યું કે, "તું જેને પરણવાનું પસંદ કરે એવો કોઇ માણસ
જોવામાં આવ્યો?" ત્યારે મૃદુતાથી શરમાતી શરમાતી સાવિ
બોલી "હા, પિતાજી." "તે રાજકુમારનું નામ શું?"
રાજકુમાર નથી; પરંતુ રાજા દ્યુમત્સેન કે જેણે પોતાનું રા

ધુમાનુ છે તેનો તે પુત્ર છે—તે વારસા વિનાનો રાજકુમાર છે. તે અરણ્યમાં રહી કંદમૂળ તથા વનસ્પતિ એકત્ર કરીને તેના પર્ણકુટિ નિવાસી વૃદ્ધ માત પિતાનું પોષણ કરે છે તથા તેમની સેવા ચાકરી કરે છે."

આ વાત સાંભળી પિતાએ નારદ જેઓ કે જંગમો દૈવયોગે ત્યાં આવી ચઢયા હતા તેમની સલાહ લીધી. તેમણે જણાવ્યું કે આ પસંદગી સૌથી વિશેષ અમાંગલિક હતી. રાજાએ તેમને તેનું સ્પષ્ટી- કરણ પૂછતાં નારદે કહ્યું કે, "આજથી બાર મહિનાની અંદર એ તરુણ મરણ પામશે." આ સાંભળી રાજા ભયથી ધ્રૂજી ઉઠ્યો અને બોલ્યો: "સાવિત્રી, એ તરુણ બાર માસની અંદર મૃત્યુ પામવાનો છે અને તું વિધવા બનશે. માટે પુત્રી, તારી એ પસંદગી રદ કર." સાવિત્રી બોલી: "પિતાજી, કાંઈ ચિંતા નહિ. અન્ય પુરુષને પરણી મનની પવિત્રતાનો ભોગ આપવાને મને કહેશો મા; હું તો વીર સત્યવાનનેજ ચાહું છું અને મનથી હું તેમનેજ વરી ચૂકી છું. એક કુમારિકા માત્ર એકજવાર વર પસંદ કરે છે અને તે કદિ પણ પોતાની સત્યયુક્ત કરેલી પસંદગીને તિલાંજલિ આપતી નથી." રાજાને જ્યારે પ્રતીત થયું કે સાવિત્રી મન અને હૃદયથી દૃઢ નિશ્ચયવાન હતી ત્યારે તે સમ્મત થયો. પછી સાવિત્રી રાજકુમાર સત્યવાનને પરણી અને તે પોતાના પસંદ કરેલા પતિની સાથે રહે- વાને અને પોતાના પતિના માત પિતાને મદદ કરવાને શાંતિપૂર્વક પોતાના પિતાના મહાલયનો ત્યાગ કરી અરણ્યમાં ગઈ. સાવિત્રી જો કે સત્યવાનના મરણની ચોક્કસ તિથી જાણતી હતી, તોપણ તેણે તે તેનાથી ગુપ્ત રાખી. સત્યવાન નિત્ય ઘોર અરણ્યમાં જતો, ફળો અને પુષ્પો અને બળતણ એકત્ર કરતો અને પછી તે પર્ણકુટિમાં પાછો આવતો. સાવિત્રી આશ્રમમાં રસોઈ કરતી અને વૃદ્ધોની

યમરાજાની પાસે ગયા અને આ માણસના પ્રાણ શા માટે મેળવી ન શક્યા તે વિદિત કર્યું.

ત્યારપછી મૃત્યુનો દેવ અને મૃતોનો ન્યાયાધીશ યમ આવ્યો. તે પૃથ્વીપર મૃત્યુ પામેલાં સર્વ માણસોમાં પ્રથમ હતો અને તેથી તે સર્વ મૃતોનો દેવ બન્યો હતો. એક માણસ મૃત્યુ પામ્યા પશ્ચાત તેને શિક્ષા કરવી કે પારિતોષિક આપવું તેની તુલના તે કરે છે. આ પ્રસંગે તે સ્વયં આવ્યો. અલબત્ત, તે દેવ હોવાથી એ પ્રતિબાધિત વર્તુલમાં જઇ શકતો હતો. સાવિત્રીની પાસે જઇને તે બોલ્યોઃ "પુત્રી, હવે આ મૃત શરીરનો ત્યાગ કર: કારણકે મર્ત્ય લોકનાં સમસ્ત મનુષ્યો મૃત્યુને આધીન છે અને તેવા માણસો પૈકી હું સૌથી પ્રથમ મરણ પામ્યો હતો, ત્યારપછી પ્રત્યેક જણને મરવું પડ્યું છે. માણસ માત્ર મરણને વશ છે." તેના આ શબ્દો સાંભળી સાવિત્રી વર્તુલમાંથી બહાર નીકળી અને યમે પ્રાણને હરણ કર્યો. યમ તે તરૂણના પ્રાણ લઇને થોડે દૂર ગયો એવામાં તેણે શુષ્ક પત્રો પર પગલાં સાંભળ્યાં. તે પાછો ફર્યો અને બોલ્યોઃ "પુત્રી સાવિત્રી, તું મારી પાછળ શા માટે આવે છે! મર્ત્યલોકનાં સમસ્ત માનવીઓની આજ દશા થવાની છે." સાવિત્રીએ પ્રત્યુત્તર આપ્યોઃ "પિતાજી, હું આપની પાછળ આવતી નથી; પરંતુ મ્હારી પણ આજ સ્થિતિ થવાની છે. તેનો પ્રેમ જ્યાં તેને ખેંચી જાય છે ત્યાં તે જાય છે અને જગતનો અચળ નિયમ પ્રેમી પતિ અને પતિવ્રતા પત્નીને પૃથક્ કરતો નથી." ત્યારે યમરાજ તેના ઉત્તરથી ખુશ થઇને બોલ્યોઃ "તારા પતિના જીવન અતિરિક્ત કોઇપણ વરદાન માગ." સાવિત્રી બોલીઃ "હે મૃત્યુદેવ! જો આપ પ્રસન્ન થઇ વરદાન આપતા હો તો હું માગું છું કે મારા સસરાની અંધતા નિવૃત્ત કરો અને તેમને સુખી બનાવો." યમરાજાએ કહ્યુંઃ "હે ધર્મ પરાયણ

પુત્રી, તારી પવિત્ર [illegible] પુણ્ય પામો.' ત્યારપછી મૃત્યુનો દેવ મત્યવાનના [illegible] સાથે આગળ વધ્યો. [illegible] પાછળથી [illegible] માં પગલાં સંભળાયાં. તેણે ફરીને જોયું અને તે બોલ્યો: "મારી પુત્રી સાવિત્રી! હજી પણ તું મારી પાછળ શાથી આવે છે?' સાવિત્રીએ કહ્યું "હે પિતાજી, [illegible] તેમ કર્યા વિના રહી શકતી નથી. મારું સમગ્ર ધ્યાન મારા પતિમાં છે અને તેથી હું પણ તેની અનુસરું છું. મારા [illegible] લઈ જવા [illegible] છો. કારણ કે મારા શરીરમાં [illegible] મારું [illegible] ત્યારે મારું [illegible] "સુંદર સાવિત્રી, તારા શબ્દોથી હું પ્રસન્ન થયો છું. [illegible] પાસે બીજું વરદાન માગ; પરંતુ તે તારા પતિનું જીવન ન હોવું જોઈએ." "પિતાજી, જો આપ પ્રસન્ન થઈ બીજું વરદાન આપવા માગતા હો તો મારા [illegible] અને [illegible] પાછું આપો." [illegible] [illegible] [illegible] [illegible] સાથે [illegible] નથી." [illegible] [illegible] સાવિત્રી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી.' "[illegible] સાવિત્રી, [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]?"

[illegible] [illegible] છે કે [illegible] [illegible] [illegible] છે કે [illegible] [illegible] છે. [illegible]

તેમનું અનુસરણ કરીશ." "મમ પુત્રી, તારા કાર્યો કલ્યાણમય છે. હું તારાથી પ્રસન્ન થયો છું. હજી બીજું પણ કંઈ વરદાન માગ; પરંતુ મૃત પુનઃ જીવંત થતાં નથી." "જ્યારે આપ મને વરદાન માગવાનું કહો છો ત્યારે હું માગું છું કે મારા સસરાનું રાજકુલ નષ્ટ ન થવા દો. તેનું રાજ્ય સત્યવાનના પુત્રોને મળો." મૃત્યુદેવ સસ્મિત બોલ્યો: "મમ પુત્રી, તારી ઇચ્છા પરિપૂર્ણ થશે. આ રહ્યા તારા પતિના પ્રાણ; એને પુનઃ જીવન પ્રાપ્ત થશે. એ જીવીને પિતા બનશે અને તારાં સંતાનો પણ યોગ્ય સમયે રાજ્ય કરશે. હવે ઘેર પાછી ફર. પ્રેમે મૃત્યુ પર પણ વિજય મેળવ્યો છે! કોઈ પણ સ્ત્રીએ કદિ પણ તારા જેવો પ્રેમ કર્યો નથી અને તું આ વાતનું પ્રમાણ છે કે મૃત્યુનો દેવ એવો હું પણ સત્ય પ્રેમના સામર્થ્યની આગળ બલહીન છું!"

આ પ્રમાણે સાવિત્રીની વાર્તા છે અને સાવિત્રી કે જેના પ્રેમને મૃત્યુ પણ જીતી ન શક્યું અને જે આ અગાધ પ્રેમદ્વારા યમની પાસેથી પણ પોતાના પતિના પ્રાણને પુંચવી લાવી તેના સમાન થવું એ આર્યાવર્તની પ્રત્યેક બાલાની મહત્વાકાંક્ષા હોય છે.

પ્રસ્તુત ગ્રંથ આના જેવી શતાવધિ સુંદર વાર્તાઓથી પરિપૂર્ણ છે. હું પ્રારંભમાંજ જણાવી ગયો કે મહાભારત એ જગતના મહાનમાં મહાન ગ્રંથો પૈકી એક છે અને તેમાં અઢાર પર્વો તથા પ્રાયઃ એક લાખ શ્લોકોનો સમાવેશ છે.

હવે આપણે આપણી મુખ્ય વાર્તા તરફ પાછા આવીશું. આપણે પાંડવ બંધુઓને દેશનિકાલની સ્થિતિમાં મૂકી બીજી વાત પર ગયા હતા. એ દશામાં પણ તેઓ દુર્યોધનનાં દુષ્ટ પડયંત્રોથી મુક્ત નહોતા; પરંતુ તેનાં સર્વ પડયંત્રો નિષ્ફળ થયાં.

અને હું તેમના અરણ્ય જીવનની એક વાત કહીશ. એક

એ રાજા [illegible] ના [illegible] જેવી થાય કે તેમના [illegible] [illegible] પ્રતી [illegible] [illegible] [illegible] [illegible] ને કરતા [illegible] ધાર્મિક અને [illegible] હતા

પાંડવોને હવે દેશનિકાલનું [illegible] [illegible] [illegible] [illegible] તેમને વિરાટના રાજ્યમાં [illegible] [illegible] [illegible] માં રહેવાની આજ્ઞા કરી

દેશનિકાલના [illegible] [illegible] [illegible] [illegible] એક [illegible] વામાં [illegible] [illegible] વિરાટના રાજ્યમાં [illegible] [illegible] [illegible] યુધિષ્ઠિર [illegible] [illegible] [illegible] [illegible] અર્જુન [illegible] સ્વામી [illegible] [illegible] [illegible] સંગીતના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ની અપેક્ષા [illegible] [illegible] [illegible] દ્રૌપદીએ [illegible] [illegible] [illegible] રાખવામાં આવી. આ પ્રકાર [illegible] [illegible] એક વર્ષ ગાળ્યું અને દુર્યોધને તેમને શોધી કાઢવાના કરેલા પ્રબળ નિષ્ફળ ગયેલ ત્યારે [illegible] [illegible] [illegible] ત્યારેજ બાર [illegible] [illegible] ના સત્ય સ્વરૂપમાં પ્રકટ થયા

ત્યાર પછી યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની પાસે એક પ્રતિનિધિ મોકલ્યો અને એવી માગણી કરી કે તેમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ દુર્યોધન પોતાના પિતાશ્રીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દુર્યોધને [illegible] કહ્યું કે તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વારંવાર [illegible]

બોધ આપ્યો; પરંતુ તે પત્થરપર પાણી જેવો નિરર્થક. શ્રીકૃષ્ણ પણ ગયા અને તેમણે મધ્યે ગમુખી રહેલું યુદ્ધ અને આપ્તોનો મૃત્યુ અટકાવવાનો પ્રયત્ન કર્યો. દરબારના બુદ્ધિમાન વૃદ્ધોએ પણ તેવો પ્રયાસ કર્યો. પરંતુ રાજ્યના શાંતિમય વિભાગ માટેની સમસ્ત મમતનો નિષ્ફળ થઈ. અને ઉભય પક્ષે યુદ્ધની તૈયારી કરી અને સમસ્ત સૈનિક જાતિઓએ તેમાં ભાગ લીધો.

ભારતીય ક્ષત્રિયોની પ્રાચીન રીતિઓ પ્રમાણે યુદ્ધનો આરંભ થયો. એક તરફ દુર્યોધનનો પક્ષ હતો અને બીજી તરફ યુધિષ્ઠિરનો પક્ષ હતો. યુધિષ્ઠિરે આસપાસના સમસ્ત રાજાઓ પાસે પોતાના દૂતો મોકલીને તેમની મિત્રતાની યાચના કરી. ક્ષત્રિયોની રૂઢી એવી હતી કે બે પક્ષમાંથી જે પ્રથમ તેમની પાસે પહોંચે તેની માગણી સ્વિકારે. આ રીતે સર્વ ભાગોના યોદ્ધાઓ જેણે પ્રથમ માગણી કરી તેની માગણી સ્વિકારીને ગમે પાંડવોને તો કોઈ કૌરવોને સહાય કરવાને એકત્ર થયા. આ પ્રકારે એક બંધુ આ પક્ષમાં જોડાયો તો બીજો બંધુ પેલા પક્ષમાં ભળ્યો; પિતા એક પક્ષમાં રહ્યો અને પુત્ર બીજા પક્ષમાં રહ્યો. તે સમયની યુદ્ધ નીતિ હાલના કરતાં જુદાજ પ્રકારની હતી. દિવસ પુરો થઈ સાયંકાળ થયો કે તરતજ યુદ્ધ બંધ પડતું અને રાત્રે વિરોધી પણ સન્મિત્રો બની જતા અને એક બીજાના તંબુઓમાં પણ જતા. પ્રાતઃકાળ થતાંજ પાછા પુનઃ તેઓ એક બીજાની સામે લડવાને કટિબદ્ધ થતા. આ વિચિત્ર ગુણ હિંદુઓમાં મુસલમાન આક્રમણના સમય પર્યંત રહ્યો હતો. વળી અશ્વારોહીને પદાતિ પર પ્રહાર કરવાની આજ્ઞા નહોતી. કોઈને વિષમય શસ્ત્રો બનાવવાની આજ્ઞા નહોતી; કોઈએ શત્રુને અસમાન યુદ્ધમાં પરાસ્ત કરવો નહિ અથવા અપ્રમાણિકતાથી પરાસ્ત કરવો નહિ, અને

સામાની ખરાબ અવસ્થાનો અયોગ્ય લાભ લેવો નહિ, આવી આવી આજ્ઞાઓ હતી જો કોઈ આ નિયમોનો ભંગ કરતો તો તે માનભંગ થતો અને તેનો ત્યાગ કરવામાં આવતો. ક્ષત્રિયોને આ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું. જ્યારે મધ્ય એશિયામાંથી આક્રમણ થયું ત્યારે હિંદુઓએ આક્રમણકારીઓ પ્રત્યે તેજ પ્રકારનું વર્તન કર્યું હતું. તેમણે તેમને અનેકવાર પરાસ્ત કર્યા અને દરેક વખતે ભેટ આદિ આપીને તેમની માતૃભૂમિમાં પાછા વિદાય કર્યા હતા. નિયમ એવો રાખેલો હતો કે તેમણે કોઈનો દેશ ખુંચવી લેવો ન જોઈએ અને એક માણસને જ્યારે પરાસ્ત કરવામાં આવે ત્યારે તેને તેની પ્રતિષ્ઠા અનુસાર માનપૂર્વક તેના દેશમાં પાછો વિદાય કરવો જોઈએ. મુસલમાન વિજેતાઓએ હિંદુ રાજાઓ પ્રત્યે આથી વિરુદ્ધ વર્તન ચલાવ્યું અને જો એકવાર તેમના કબજામાં તેઓ આવ્યા તો તેઓ સહેજ પણ સંકોચ કર્યા વિના તેમનો વધ કરતા.

આ વાત ધ્યાનમાં રાખજો કે તે સમયમાં—આપણી જાતીય સમયમાં—ઐતિહાસિકકાળની પુસ્તકો કેવળ ધનુષ્ય અને બાણના પ્રયોગ ઉપર આવીને અટકતી નહોતી; પરંતુ તેમાં મંત્ર, ધ્યાન પ્રવૃત્તિના બાહુબળવાળા શુદ્ધ બાણવિદ્યાનો પણ સમાવેશ થતો હતો. એ વિદ્યાના જ્ઞાનથી એક મનુષ્ય યથાર્થ મનુષ્યોની સામે યુદ્ધ કરી શકતો તે એક બાણ છોડતો તો તેમાંથી સહસ્ત્રાવધિ બાણોની વૃષ્ટિ થતી અને વજના પણ થતી તે કોઈપણ વસ્તુને બાળીને ભસ્મીભૂત કરી શકતો. તે આવાં આવાં અનેક કાર્યો કરી શકતો અને તે સર્વ દિવ્ય શુદ્ધ વિદ્યાનું પરિણામ હતું. આ કેવળ કલ્પનામાં રામાયણ અને મહાભારતમાં એક વસ્તુ શીખી વિચિત્ર છે અને તે એ છે કે તમે આ શુદ્ધબાણની પ્રવૃત્તિની સાથે તોપનો પણ ઉપયોગ થતો જુઓ છો. હિંદુઓ અને ચીનાઓ અતિ પ્રાચીન-

કાણથી તોપનો ઉપયોગ કરતા આવ્યા છે. નગરોના કોટોપર સેંકડની નળીઓનાં બનાવેલાં કદાચિત વિવિધ હથિયારો રાખવામાં આવતાં હતાં અને તેમાંના કિલ્લામાં જામગી (એક ઉગ્ર તરાપથી સળગી ઉઠેલી દોરડી) બાળવામાં આવતાંજ તેમાંથી ગોળા ભયંકર અવાજ કરીને નીકળતા અને ઘણા લોકોને મારી નાખતા.

તે પ્રાચીન સમયમાં ચાર પ્રકારની સેના રહેતી. તેમની પાયદળ પલટણો 'પદાતિ'ના નામથી ઓળખાતી અને અશ્વારોહી પલટણો 'તુરંગ'ના નામથી ઓળખાતી. અન્ય જે બે પ્રકારની શ્રેણીઓનો આધુનિક સમયના યોદ્ધાઓએ ત્યાગ કર્યો છે તેમાંની એક હાથીઓની શ્રેણી હતી. પીઠપર માણસો બેઠા હોય એવા કદાચિત હાથીઓની એ શ્રેણી બનાવવામાં આવતી. રસ્તાને માટે ઘોડાનું પ્રચંડ બખ્તર પહેરાવીને શત્રુ પક્ષપર તેમનો ધસારો કઈ જવામાં આવતો. ચોથી રથોની શ્રેણી હતી.

ભારતીય યુદ્ધમાંના બન્ને પક્ષો શ્રીકૃષ્ણની મિત્રતા સંપાદન કરવાની ઈચ્છા રાખતા હતા; પરંતુ તેમણે આ યુદ્ધમાં સક્રિય ભાગ લેવાની અને લડવાની ના પાડી. ઉપરે અર્જુનની ઇચ્છા પ્રમાણે તેના સારથી અને પાંડવોના મિત્ર તથા સલાહકાર તરિકે કામ કરવાને તેઓ સમ્મત થયા અને દુર્યોધનને તેની ઇચ્છા પ્રમાણે તેમણે પોતાની બળવાન સેના આપી.

ત્યાર પછી કુરુક્ષેત્રના વિશાળ મેદાનમાં મહાન યુદ્ધ ચાલુ થયું. જેમાં ભીષ્મ, દ્રોણ, કર્ણ, દુર્યોધનના બંધુઓ, ઉભય પક્ષના આપ્તો અને ઈતર સંખ્યાબંધ વીર પુરુષો મરણ પામ્યા. યુદ્ધ અઢાર દિવસ પર્યંત ચાલ્યું. અઢાર અક્ષૌહિણી યોદ્ધાઓમાંથી ઘણા થોડાજ બચ્યા. દુર્યોધનનું મરણ થતાં યુદ્ધનો અંત આવ્યો અને પાંડવોનો વિજય થયો. ત્યાર પછી મહારાણી ગાંધારી અને વિધવા થયેલી સ્ત્રીઓની

રડાપીટ શરૂ થઈ અને [illegible]

યુદ્ધની મેદાનમાં મહાન [illegible] અને અમર ગીતાનું કાવ્ય રચાયેલ ગીત છે [illegible] છે અને એમાં સર્વોચ્ચ ઉપદેશનો સમાવેશ થયો [illegible] રણક્ષેત્રમાં યુદ્ધારંભ થયો તે પૂર્વે [illegible] સંવાદ આવેલો છે [illegible] તેમને હું તે વાંચવાની સલાહ [illegible] પણ કેટલો બધો [illegible] જો તમે [illegible] તો તે આ 'ગીતા' [illegible] અને કાવ્યશૈલી તેને ગીતા [illegible] પ્રથમ [illegible] મહાન [illegible] છે.

ગીતાનું પ્રધાનપદ [illegible] રૂપમાં [illegible] છે. તેઓ માને છે કે ધર્મનું [illegible] અને અધર્મનો નાશ કરવાને માટે [illegible] નથી, પરંતુ [illegible] થાય છે. [illegible] અનુસાર [illegible] કરી છે. [illegible] છે અને [illegible] છે. [illegible] છે તે [illegible] એમ માનવાનું [illegible] તેઓ [illegible] છે કે [illegible] [illegible] હતા. પરંતુ કૃષ્ણે [illegible]

દરે પુત્ર, બાળ, મંત્ર, મહર્ષિ, પિતા, મિત્ર, સ્ત્રી ઇત્યાદિ તરીકે તેમણે
તેના સમય જીવનમાં પોતાના અદ્‌ભુત વિચારોને આચારમાં
મૂક્યા હતા." "જે કર્મમાં અકર્મને અને અકર્મમાં કર્મને દેખે
છે તે જ મનુષ્યોમાં ખરો બુદ્ધિમાન છે અને તે જ યોગી છે."
પણ આ કર્મયોગને સિદ્ધ કરવાનો માર્ગ કયો? એ—અનાસક્તિ.
થી આ કાર્ય સિદ્ધ થાય છે. પ્રત્યેક કાર્ય કરો, પરંતુ તેમાં
તેની આસક્તિ રાખો નહિ. તમે સદા સર્વદા વિશુદ્ધ, વિમુક્ત
આત્મા છો; તમે સાક્ષી છો. કાર્ય એ આપણા દુઃખનું કારણ
નથી; પરંતુ ફળની આસક્તિ જ દુઃખનું કારણ છે. કૃષ્ણ કહે છે કે
તમને દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તે પ્રાપ્ત કરો; પરંતુ
તેના પર મોહ ન રાખો. સંતતિ, પત્ની, પતિ, આપ્તજનો, કીર્તિ અને
એવી વસ્તુના સંબંધમાં પણ આમ જ સમજવું. તમારે તેમનો
ત્યાગ કરવો જોઈએ એમ નથી; પરંતુ તેમના પર આસક્તિ ન
રાખો. આસક્તિ તો માત્ર એક જ ઠેકાણે રાખવાની છે અને તે
અન્ય કોઈ પ્રત્યે નહિ, પરંતુ પ્રભુ પ્રત્યે જ રાખવાની છે. સંતતિ,
પત્ની, મિત્ર, દેશ, સમાજ આદિને માટે કાર્ય કરો, તેમને ચાહો,
તેનું કલ્યાણ કરો અને આવશ્યકતા હોય તો તેમને માટે તમારું
બલિદાન પણ આપો: પરંતુ તેમના પર મોહ ન રાખો અને
ફળની આશા તેમજ કલ્યાણની આસક્તિ ન રાખો. શ્રી કૃષ્ણનું
પોતાનું જીવન આનું સંપૂર્ણ ઉદાહરણ હતું.

સ્મરણમાં રાખજો કે જે ગ્રંથમાં કૃષ્ણનું જીવન ચરિત્ર આપેલું
છે તે કેટલાક હજાર વર્ષનો જૂનો છે અને તેમના જીવનના કેટલાક
અંશો નઠારેવાળા જીવનના જીવનના કેટલાક અંશોને બહુ મળતા
આવે છે. કૃષ્ણ રાજકુળમાં ઉત્પન્ન થયા હતા. કંસ નામનો એક
જુલમી રાજા હતો અને એવું ભવિષ્ય કથન પ્રચલિત થયું હતું કે

ભયંકર રક્તપાત તથા ખેદ અને આપ્ત જનોના વિધ્વંસથી તેમને ભારે ખેદ થયો; અને ત્યાર પછી વ્યાસની સલાહથી તેમણે અશ્વમેધ યજ્ઞ કર્યો.

યુદ્ધ પછી પંદર વર્ષ પર્યંત ધૃતરાષ્ટ્ર શાંતિ અને માનપૂર્વક રહ્યા. યુધિષ્ઠિર અને તેમના બંધુઓ તેની આજ્ઞાનું પાલન કરતા. ત્યાર પછી તે વૃદ્ધ રાજા પોતાના અંતિમ દિવસો તપશ્ચર્યામાં વ્યતીત કરવાને માટે યુધિષ્ઠિરને રાજ્ય સોંપીને પોતાની પતિવ્રતા પત્ની અને પાંડવ બંધુઓની માતા કુંતી સહિત અરણ્યમાં ચાલ્યો ગયો.

યુધિષ્ઠિરને રાજ્ય મળ્યાને છત્રીસ વર્ષો થયાં ત્યારપછી તેમને એવા સમાચાર મળ્યા કે શ્રી કૃષ્ણ આ લોકનો ત્યાગ કરી ગયા છે. તેમના સખા, તેમના મિત્ર, તેમના માર્ગદર્શક અને તેમના સલાહકાર શ્રી કૃષ્ણ પંચત્વને પ્રાપ્ત થયા. અર્જુન તરતજ દ્વારકા તરફ ઉપડી ગયો અને પાછા આવીને તેણે કૃષ્ણ તથા સર્વ યાદવોના શોક સમાચાર સત્ય છે એમ જણાવ્યું. ત્યાર પછી રાજા અને તેમના બંધુઓએ શોકને વશ થઈ જાહેર કર્યું કે તેમનો પણ જવાનો સમય હવે આવી પહોંચ્યો છે. તેમણે રાજ્યનો ભાર ફેંકી દીધો. અર્જુનના પૌત્ર પરીક્ષિતને તેમણે રાજ્યાસનપર આરૂઢ કર્યો અને મહાપ્રસ્થાન કરવાને હિમાલયપર ગયા. આ એક વિશિષ્ટ પ્રકારનો સંન્યાસ હતો. જે 'વીર સંન્યાસ' ના નામથી ઓળખાય છે. વૃદ્ધ રાજાઓએ પણ સંન્યસ્ત ગ્રહણ કરવું એવી રીત ભારતવર્ષમાં પ્રચલિત હતી. ભારતવર્ષમાં પ્રાચીનકાળમાં માણસો જ્યારે બહુ વૃદ્ધ થતા ત્યારે તેઓ પ્રત્યેક વસ્તુનો ત્યાગ કરતા. રાજાઓ પણ તેમ કરતા. તેમાં પણ જે માણસ વિશેષ જીવવા માગતો ન હોય તે અન્ન જળનો ત્યાગ કરી હિમાલય તરફ જતો અને શરીર પડે ત્યાં સુધી ચાલવાની ક્રિયા ચાલુ રાખતો. તે સઘળો વખત પ્રભુનું ધ્યાન ધરતો

પરંતુ રાજા એકલા દેવા છતાં લેશ પણ ચલિત થયા વિના આગળ અને આગળ ચાલતા રહ્યા. પાછળ દૃષ્ટિપાત કરતાં તેમણે જોયું કે નિમકહલાલ કૂતરો અદ્યાપિ તેમનું અનુસરણ કરી રહ્યો હતો. રાજા અને કૂતરો હિમ અને બરફમય પહાડ અને ખીણોમાં થઇ આગળ ચાલ્યા. ઉંચે અને ઉંચે ચઢતા ગયા. અંતે તેઓ મેરુ પર્વતપર પહોંચ્યા. ત્યાં તેમને સ્વર્ગનું સંગીત કર્ણગોચર થવા લાગ્યું અને દેવોએ સદાચારી રાજા ઉપર સ્વર્ગીય પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યાર પછી દેવોનો રથ નીચે ઉતર્યો અને ઇંદ્રે તેમને પ્રાર્થના કરી કે, "મર્ત્યલોકના સૌથી મહાન પુરુષ, આ રથમાં આરૂઢ થાઓ. માત્ર આપને એકલાનેજ પવિત્ર શરીર ત્યજ્યા સિવાય સ્વર્ગમાં પ્રવેશ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે." પરંતુ ના, યુધિષ્ઠિર પોતાના એ કનિષ્ઠ બંધુઓ અને પોતાની રાણી સિવાય સ્વર્ગમાં જવાને રાજી નહોતા. ત્યારે ઇંદ્રે ખુલાસો કર્યો કે તેમના બંધુઓ તેમની પૂર્વે સ્વર્ગમાં જઈ ચૂક્યા હતા.

પછી યુધિષ્ઠિરે આસપાસ જોયું અને પોતાના શ્વાનને કહ્યું: "બેટા, રથપર ચઢી જા." આ શબ્દો સાંભળી ઇંદ્ર તો દિગ્મૂઢ જ બની ગયો. તે બોલ્યો:"શું ? કૂતરો પણ આવશે ! આપ આ કૂતરાનો ત્યાગ કરો ! કૂતરાથી સ્વર્ગમાં ન જવાય ! મહારાજા, માનવજાતિમાં સૌથી વિશેષ સદાચારી એવા માત્ર આપજ સદેહે સ્વર્ગમાં જઇ શકો." યુધિષ્ઠિરે કહ્યું: "પરંતુ બરફ અને હિમમાં એ મારો એકનિષ્ઠ સાથી રહ્યો છે. જ્યારે મારા સમસ્ત બંધુઓ મરણ પામ્યા—મારી રાણી મૃત્યુ પામી ત્યારે એણે એકલાએ કદિપણ મારો ત્યાગ ન કર્યો. હવે હું એનો ત્યાગ શી રીતે કરી શકું ? " ઇંદ્રે કહ્યું: "સ્વર્ગમાં જેમની પાસે કૂતરા હોય એવા માણસોને સ્થાન નથી. એને પાછળ મૂકવો પડશે. આમાં કાંઈ

અન્યાય નથી " રાજાએ ઉત્તર આપ્યોઃ કૂતરા વિના હું સ્વર્ગમાં જનાર નથી જેણે મારો આશ્રય ગ્રહણ કર્યો છે તેનો જ્યાં સુધી મારા પોતાના જીવનનો અંત ન આવે ત્યાં સુધી હું કદિપણ ત્યાગ કરીશ નહિ. સ્વર્ગના આનંદોને માટે કે એકાદ દેવની વિનતિથી પણ હું કદિ ધર્મથી ચ્યૂત થઈશ નહિ." ઈંદ્રે કહ્યુંઃ "ત્યારે એક શરતે આપ શ્વાનને સ્વર્ગમાં લઈ શકશો. આપ મર્ત્ય લોકનાં માનવીઓમાં સૌથી વિશેષ સદાચારી છો અને એ પશુઓને ... થા આહાર કરનાર કૂતરો છે. એણે પાપ કર્મ કર્યા છે, એણે અન્ય જીવોનો શિકાર કર્યો છે, અન્ય જીવોનો નાશ કર્યો છે આપ એને આપને બદલે સ્વર્ગમાં મોકલી શકશો." રાજા ... "આપની શરત મને માન્ય છે. કૂતરાને સ્વર્ગમાં લઈ જાઓ અને તેને બદલે મને નર્કમાં લઈ જાઓ."

... એકદમ દૃશ્ય બદલાઈ ગયું. યુધિષ્ઠિરના આ ઉદાત્ત શબ્દો સાંભળી કૂતરો યમના સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયો. કૂતરો અન્ય કોઈ નહિ, પરતુ ખુદ યમ, મૃત્યુ અને ન્યાયનો દેવતા હતો. તે બોલ્યો "હે રાજા, કદિ કોઈ પણ માણસ આપના જેવો નિઃસ્વાર્થ નહોતો. આપ એક ક્ષુલ્લક કૂતરાને આપને બદલે સ્વર્ગમાં મોકલતા। અને તેને ખાતર પોતે નરકમાં પણ જવાને તૈયાર થયા છો, માટે હે રાજાઓના રાજા ! આપ કુલીન છો હે ભારત! આપ સર્વ પ્રાણીઓ પ્રત્યે આત્મભાવ રાખો છો અને તેનું આ ઉજ્જ્વલ ઉદાહરણ છે માટે આ સર્વ શાશ્વત સ્વર્ગીય સુખના પ્રદેશો આપનાજ છે હે રાજા ! આપે તેમને જીતી લીધા છે અને આપનું લક્ષ્ય અતિશય ઉચ્ચ છે."

ત્યાર પછી યુધિષ્ઠિર ઈંદ્ર, ધર્મ તથા અન્ય દેવો સહિત એક સ્વર્ગીય રથમાં બેસી સ્વર્ગ તરફ ગયા. ત્યાં તેમણે સ્વર્ગ ગંગામાં

સ્નાન કર્યું અને સ્વર્ગીય શરીર ધારણ કર્યું. તેમના ભાઈઓ કે જેઓ હવે અમર થયા હતા તેમને તેઓ મળ્યા અને સર્વ આનંદમાં નિમગ્ન થયા.

પુણ્યનો જય અને પાપનો ક્ષય દર્શાવનાર જગતમાંના સર્વોત્તમ કાવ્ય મહાભારતની વાર્તા આ રીતે સમાપ્ત થાય છે.

મહાભારતમાં વ્યાસની સમર્થ બુદ્ધિએ જે અનંત મહાવીરોનાં કાવ્ય અને તેજસ્વી પાત્રો વર્ણવ્યાં છે તે સર્વ આપની સમક્ષ સાદર કરવાં એ મારે માટે કેવળ અશક્ય છે. ઈશ્વરની ભીતિ રાખનાર છતાં અજ્ઞાન, વૃદ્ધ અને અંધ એવા રાજા ધૃતરાષ્ટ્રના મનમાં સત્ય અને પુત્ર પ્રેમ વચ્ચે ચાલતાં આંતરિક યુદ્ધો; વડીલ ભીષ્મનું ભવ્ય પાત્ર; રાજા યુધિષ્ઠિરનો ઉદાત્ત અને સદાચારી સ્વભાવ; તેમજ મહાવીર, એકનિષ્ઠ તથા શ્રદ્ધાનિષ્ઠ એવા તેમના ચાર ભાઈઓનો તેવોજ સ્વભાવ; જગતમાં સૌથી બુદ્ધિમાન અને અનાસક્ત એવા શ્રી કૃષ્ણનું અનન્ય પાત્ર; અને પુરુષ પાત્રોથી લેશ પણ ઓછાં ઉતરશે નહિ એવાં સ્ત્રી પાત્રો મહાન રાણી ગાંધારી, પ્રેમાળ માતા કુંતી, સદા એકનિષ્ઠ અને સર્વ સંકટો સહન કરનારી દ્રૌપદી; આ વીરરસ પ્રધાન કાવ્યનાં આ અને ઇતર શતાવધિ પાત્રો તથા રામાયણનાં પાત્રો; એ દેશમાં કેટલાક સહસ્ર વર્ષોથી ચાલ્યો આવતો સમગ્ર હિંદુ પ્રજાનો પ્રિય વારસો છે અને એજ તેમના વિચારો તથા તેમની નૈતિક કલ્પનાઓનો પાયો છે. વસ્તુતઃ રામાયણ તથા મહાભારત એ પ્રાચીન આર્ય જીવન તથા આર્ય બુદ્ધિ વિષે માહિતી આપનાર બે જ્ઞાન કોષો છે અને તેમાં એવી આદર્શભૂત સંસ્કૃતિ આલેખી છે કે જેને માટે માનવ જાતિને હવે પછી આકાંક્ષા ઉત્પન્ન થશે.

———:०:———

જડભરતની વાતા.

[illegible] ભાગ [illegible]પાયું હતું)

ભરત [illegible] હતો [illegible] રાજાના નામ ઉપ- [illegible] પડેલું છે ભારતવર્ષમાં [illegible] કે શરીર વૃદ્ધાવસ્થા તરફ [illegible] સાંસારિક કાર્યોનો પરિત્યાગ કરી [illegible] એ સત્ર પુત્રને સોં[illegible] હતું અને [illegible] આત્મા કે જે એક [illegible] છે તેનું ધ્યાન ધરીને સંસાર [illegible] કરતું કે ગૃહસ્થાશ્રમનાં સમરાંગણ [illegible], પુત્રો, માતા, કામિની, એ સર્વ પ્રાણના [illegible] તેને સ્વપ્ન- નરૂપે સમજાવનારૂ અને જગ[illegible]ની સર્વ વસ્તુસ્થિતિઓની અસારતા અને નિરર્થક[illegible] [illegible] જગાડનારૂ પણ થયુંજ ?

મહારાજા ભરતે પણ [illegible] આવતાંજ પોતાનું રાજ્ય પુત્રને સોંપ્યું અને [illegible] માણસો [illegible]ર રાજ્ય ચલાવ્યું હતું, જે સોના રૂપાથી મઢેલા સંગેમરમરના દીવાનખાનામાં રહેતા હતા, જેણે રત્નજડિત પ્યાલાથી પાણી પીધું હતું ને જેણે સર્વ રાજા મહારાજાઓને પોતાના અપાર બળપરાક્રમથી માન્યા હતા, એવા આ રાજાએ હિમાલયના અરણ્યમય પ્રદે- માં એક નદીના તટપર ભરૂ અને ઘાસની એક નાની પર્ણકુટિ

પોતાના હાથથી બાંધી. ત્યાં તેઓ પોતાની જાતેજ કંદમૂળ વગેરે લઈ આવી ઉદર પોષણ કરતા અને મનુષ્યના આત્મામાં સદા વસનાર પરમાત્મદેવનું નિરંતર ચિંતન કરતા. આ રીતે દિવસોના દિવસો, મહિનાના મહિના અને વર્ષોના વર્ષો વીત્યા પછી એક દિવસ જ્યાં તે રાજર્ષિ ધ્યાન ધરતા હતા ત્યાં આગળ એક હરિણી જલપાન કરવાને આવી અને બીજી તરફ તેજ ક્ષણે થોડે દૂર એક સિંહે ગર્જના કરી. આ ગર્જના સાંભળી હરિણી એટલી બધી ભયભીત બની ગઈ કે તેણે પાણી પીધા વિનાજ નદી કૂદી જવાને માટે એક મોટો કૂદકો માર્યો. તે હરિણી સગર્ભા હતી અને આ અત્યંત પરિશ્રમ તથા આકસ્મિક ભયને લીધે તેણે એક બચ્ચાને જન્મ આપી દીધો, અને ત્યાર પછી તરતજ તે મરણ પામી. બચ્ચું પાણીમાં પડીને તણાઈ જતું હતું. એટલામાંજ રાજાની દૃષ્ટિ તેની ઉપર પડી. રાજા ધ્યાન છોડીને ઉઠ્યો અને હરિણીના બચ્ચાને જલમાંથી બચાવી પોતાની પર્ણકુટિમાં લઈ આવ્યો અને શેક વગેરે ઉપચારો કરીને તેનામાં ચૈતન્ય આવ્યું. ત્યાર પછી તે ભાગ્યશાળી ઋષીએ એ બચ્ચાને નિરાધાર સમજીને પોતાની પાસે રાખ્યું અને તેને મૃદુ ઘાસ તથા ફળો ખવરાવી ઉછેરવા માંડ્યું. આમ કરતાં કરતાં એ બચ્ચું નિવૃત્તિ પરાયણ રાજાની કાળજી ભરી સંભાળ નીચે મોટું થયું અને સુંદર હરિણ બન્યું. જેણે સત્તા, પ્રતિષ્ઠા અને કુટુંબ પ્રેમની આખા જીવનની આસક્તિનો ત્યાગ કર્યો હતો એવા આ વિરક્ત પુરુષનો પ્રેમ સ્વભાવે બચાવેલા આ મૃગબચ્ચા ઉપર જેમ જેમ વધતો ગયો તેમ તેમ તે ઈશ્વર ઉપર પોતાનું મન ઓછું અને ઓછું એકાગ્ર કરી શક્યો. મૃગને ચરીને પાછા ફરતાં મોડું થતું તો રાજર્ષિનું મન ચિંતાતુર થતું.

આ પ્રકારે કેટલાંક વર્ષો વીત્યા પછી એક દિવસ રાજર્ષિનો

અંતકાળ આવ્યો; પરંતુ તેમનું મન ઈશ્વરનું ચિંતન કરવાને બદલે મૃગ વિશેજ ચિંતન કરતું હતું અને એવામાંજ તેમના પ્રાણ નીકળી ગયા. આના પરિણામે તેઓ બીજે જન્મે મૃગ તરિકે જન્મ્યા. પરંતુ કોઈ પણ કર્મ નિષ્ફળ થતું નથી અને તેમણે રાજા તથા ઋષી તરિકે જે મહાન તથા સત્કર્મો કર્યાં હતાં તે સર્વ ફળીભૂત થયાં. આ મૃગને જો કે વાચા નહોતી અને તે પશુના શરીરમાં હતો તો પણ તેને પોતાના ગત જન્મનું સ્મરણ હતું તે સદા પોતાના સાથીઓનો ત્યાગ કરી જતો અને ઋષી આશ્રમો કે જ્યાં બાલદાનો આપવામાં આવતા અને ઉપનિષદોના પ્રવચનો થતાં તે તરફજ તે ચરવા જતો. મૃગનું સામાન્ય આયુષ ભોગવ્યા પછી તે મરણ પામ્યો અને ત્યાર પછી તે એક શ્રીમંત બ્રાહ્મણના સર્વથી નાના પુત્ર તરિકે જન્મ્યો. તે જીવનમાં પણ તેને તેના સર્વ ગત-જન્મોનું સ્મરણ રહ્યું અને તેણે પોતાની બાલ્યાવસ્થાથીજ જીવનના ઇષ્ટાનિષ્ટમાં પુનઃ નહિ ફસાવાનો નિશ્ચય કર્યો. તે છોકરો જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ સુદૃઢ અને નિરોગી બનતો ગયો; પરંતુ તે એક શબ્દ પણ બોલતો નહિ અને સાંસારિક કાર્યોમાં ગુંચવાઈ પડવાના ભયથી જડ તથા ઉન્મત્ત મનુષ્યની પેઠે રહેતો. તે નિરંતર અનંતનુંજ ચિંતન કરતો અને પોતાનું પ્રારબ્ધ ખુટાડી નાંખવાના આશયથીજ જીવતો. વખત જતાં પિતા મરણ પામ્યો અને પુત્રોએ સંપત્તિ માંહોમાંહે વ્હેંચી લીધી અને પોતાના કનિષ્ટ બંધુને મુક તથા સત્વરહિત ધારીને તેમણે તેનો ભાગ પણ લઈ લીધો. તેમણે માત્ર એટલી ઉદારતા દર્શાવી કે તેને જીવન નિર્વાહને માટે પૂરતું અન્ન પૂરૂં પાડયું. તેના બંધુઓની પત્નીઓ ઘણીવાર તેના પ્રત્યે બહુ કઠોર વર્તન કરતી અને તેની પાસે સઘળાં કઠિન કામ કરાવતી અને જો તેમનાં સોંપેલાં સર્વ કામ કરી નહિ શકતો

યો. તેઓ તેના પ્રત્યે બહુ ક્રૂર રીતે વર્તતી. તે જડો કે બપ-
ડતો નહિ અને કોઈ બોલતો પણ નહિ. જ્યારે તેઓ તેની
ઉપર બહુ અત્યાચાર કરતી ત્યારે તે તત્કાળને માટે ઘર બહાર નીકળી
એક વૃક્ષની નીચે બેસતો અને જ્યારે તેમનો ક્રોધ શાંત થતો ત્યારે
તે પાછો મૂંગો મૂંગો ઘરમાં આવતો.

એક દિવસ જ્યારે તેના ભાઈઓની સ્ત્રીઓએ તેનાપ્રત્યે હમેશ
કરતાં અધિક કઠોર વર્તન ચલાવ્યું ત્યારે તે ઘરમાંથી બહાર નીકળ્યો
અને એક વૃક્ષની છાયામાં બેસીને વિશ્રાંતિ લીધી. હવે એવામાંજ
એવી ઘટના બની કે ત્યાં આગળથી એક પાલખી નીકળી. દેશનો રાજા
'રહુગણ' પાલખીમાં બેઠો હતો અને ભોઈઓ તેને ઉંચકી જતા
હતા. આ રાજા કપિલ મુનિની પાસે અધ્યાત્મ વિદ્યા શ્રવણ કરવા
માટે જતો હતો. એવામાં એકાએક એક ભોઈ માંદો પડ્યો અને
તેથી રાજાના નોકરો તેના સ્થાનમાં કામ લાગે એવા એક માણ-
સની શોધમાં હતા. તેઓ વૃક્ષ નીચે બેઠેલા ભરતની પાસે આવ્યા
અને તે સુદૃઢ તથા તરુણ છે એવું જોઈ તેમણે તેને રાજાની
પાલખી ઉચકવામાં એ બિમાર માણસની જગ્યા પૂરશે કે કેમ એવો
પ્રશ્ન કર્યો; પરંતુ ભરતે ઉત્તર ન આપ્યો. તેનું સશક્ત શરીર
જોઈ રાજાના સેવકોએ તેને પકડ્યો અને પાલખીનો દાંડો તેની
કાંધ ઉપર મૂક્યો. એક પણ શબ્દ બોલ્યા વિના ભરત ચાલવા
લાગ્યો; પણ એવો ભાર ઉંચકી ચાલવાનો તેને મહાવરો નહિ
હોવાથી અલ્પ સમયમાંજ રાજાએ કહ્યું કે, પાલખી સરલ રીતે ચાલતી
નથી. પાલખી બહાર દૃષ્ટિ કરીને તેણે આ નવીન વાહકને કહ્યું કે
"અરે મૂર્ખ, જો તારી કાંધ દુઃખતી હોય તો થોડીવાર વિશ્રાંતિ
લે." ત્યાર પછી ભરતે પાલખીનો દાંડો નીચે મૂકી દઈને પોતાના
જન્મમાં પહેલીજવાર ઉચ્ચાર કરીને કહ્યું કે, "હે રાજા, તું કોને

મૂર્ખ કહે છે ? પાલખીની નીચે મૂકવાનું તું કોને કહે છે ? તું શ્રમિત કોને કહે છે ? તું 'તું' કહીને કોને બોલાવે છે ? હે રાજા, તું 'તું' શબ્દનો અર્થ જો આ માંસનો લોચો કરતો હોય તો તારું શરીર જે પદાર્થનું બનેલું છે તેજ પદાર્થનો એ બનેલો છે. એ જડ છે અને એ શ્રમને ઓળખતો નથી, એ દુઃખને જાણતો નથી. જો 'તું' શબ્દનો અર્થ તું મન કરતો હોય તો મારું મન અને તારું મન બંને એકજ વસ્તુનાં છે અને જો 'તું' શબ્દનો અર્થ તું શરીરને મનથી પર એવી કોઈક વસ્તુ કરતો હોય તો તે આત્મા પણ જેમ મારામાં છે તેમ તારામાં પણ છે. વિશ્વમાં કેવળ તેજ એક વસ્તુ છે. પરંતુ હે રાજા, શું તું એમ કહેવા માગે છે કે એ આત્મા કદિ પણ શ્રમિત થઈ શકે છે ? તે કદિ પણ થાકી શકે છે ? તેને કદિ પણ ઇજા થઈ શકે છે ? હે રાજા, માર્ગમાં ફરી રહેલાં અનેક રંક જીવ-જંતુઓ રસ્તામાં ચાલતે ચાલતે પગ નીચે ચગદાઈ જાય એટલા માટે હું વારંવાર ચાલવામાં ખચકાતો અને તેથી પાલખીને આંચકા લાગતા હતા એ વાત ખરી પરંતુ આત્મા તો એથી જરા પણ શ્રમિત કે દુર્બળ થયો નહોતો અને તેણે કદિ પણ પાલખીનો ભાર વહન કર્યો નહોતો; કારણકે તે તો સર્વ શક્તિમાન અને સર્વ-વ્યાપક છે." આ પ્રકારે તેણે આત્માનું સ્વરૂપ, ઉચ્ચતમ જ્ઞાન, વગેરે વિષે સારી રીતે વિવેચન કર્યું એ સાંભળીને રાજા કે જે પોતાની વિદ્યા, જ્ઞાન અને તત્ત્વજ્ઞાન વિષે અભિમાન ધરાવતો હતો તે તરતજ પાલખીમાંથી નીચે ઉતર્યો અને ભરતને ચરણે પડીને બોલ્યો: "હે સમર્થ પુરુષ, હું આપની ક્ષમા માગું છું. જ્યારે આપે મારી પાલખી ઉંચકી ત્યારે હું જાણતો નહોતો કે આપ મહાત્મા છો." ભરતે તેને આશીર્વાદ આપી ઘેર તરફ પ્રયાણ કર્યું. ત્યાર પછી તેણે પૂર્વવત્ સમતાવાળું જીવન ગાળવા માંડ્યું અને આયુષ્યપૂર્ણ થતાં પંચત્વને પામી સદાને માટે જન્મ મરણના બંધનમાંથી મુક્ત થઈ પરમાનંદ પદને પ્રાપ્ત થયો.

પ્રહ્લાદની વાર્તા.

(આ આખ્યાન [illegible])

આ કલ્પમાં પૂર્વકાળે હિરણ્યકશિપુ નામે દૈત્યોનો એક મહાન રાજા હતો. દૈત્યો અને દેવો બંને કે જે કશ્યપ ઋષિના દીકરા હતા તેઓ એકબીજા સાથે સદા પરસ્પર લડતા રહેતા હતા. દેવો આધ્યાત્મિકતાની અભિરુચિઓ વાળા હોવાથી હિંસા અધમતા કામનામાં કે તેના ભાગમાં ક્યાંઈ પણ ભાગ લેતા નહોતા ખરું કોઈ કોઈ વાર તેઓ ભગવાન ભજતા અને સ્વર્ગમાંથી અસુર દૈત્યોને હાંકી કાઢતા અને દેવોનું સિંહાસન બળજબરી કરી લીધેલું સ્થાન હાંસલ કરતા. આ પછી દેવો વિશ્વનિયંતાના સર્વવ્યાપક પ્રભુને પ્રાર્થના કરતા અને તેઓ દૈત્યોને હાંકી કાઢી પુનઃ દેવોનું રાજ્ય સ્થાપિત કરતા. દૈત્યોનો રાજા હિરણ્યકશિપુ પોતાના સિવાય દેવોને હરાવીને ત્રણે ભુવનનું (મનુષ્યો અને પશુઓથી વસાયેલું મધ્ય ભુવન: દેવો અને દેવ સમાન પ્રાણીઓથી વસાયેલું સ્વર્ગ અને દૈત્યોથી વસાયેલું પાતાળ) રાજ્ય કરવા લાગ્યો. હવે હિરણ્યકશિપુએ એમ જાહેર કર્યું કે તે પોતેજ સમગ્ર વિશ્વનો ઈશ્વર છે અને તેના સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તેણે સખત આજ્ઞા કરી કે સર્વવ્યાપક વિષ્ણુની કોઈએ ક્યાંઈ પણ સ્થળે પૂજા કરવી નહિ અને હવે પછી માત્ર તેનીજ સર્વે જણે પૂજા કરવી.

હિરણ્યકશિપુને પ્રહ્લાદ નામનો પુત્ર હતો. આ પ્રહ્લાદે તેની બાલ્યાવસ્થાથીજ પ્રભુ ઉપર ભક્તિના ચિન્હો દર્શાવવા માંડ્યાં હતાં. દૈત્યોના રાજાએ જોયું કે જગતમાંથી જે અનિષ્ટને દૂર કરવા માગે છે તે વસ્તુને તેના પોતાના કુટુંબમાંજ ઉગી નીકળે

ધ્યાન ધરતાં તેને પ્રતીત થવા લાગ્યું કે વિષ્ણુ તેની નિકટ હતા; કિંબહુના તેઓ તેના પોતાના આત્મામાંજ હતા અને તેને પ્રતીત થવા લાગ્યું કે તે સ્વયં વિષ્ણુ હતો અને પ્રત્યેક વસ્તુ તથા પ્રત્યેક સ્થાન તેનાથી પરિપૂર્ણ હતું.

તેને આવી પ્રતીતિ થઈ કે તરતજ સમસ્ત સર્પ બંધનો છિન્ન ભિન્ન થઈ ગયા, પર્વતો પિગળી ગયા, સમુદ્રમાં ભરતી આવી, તે ધીમેથી તરંગોપર ઉંચકાઈ આવ્યો અને સુરક્ષિત રીતે કિનારે પહોંચ્યો. પ્રહ્લાદ જ્યારે સમુદ્ર તટપર ઉભો ત્યારે તે દૈત્ય હતો અને તેનું ભૌતિક શરીર હતું એ વાતનું તેને સ્મરણ નહોતું. તેને પ્રતીત થયું કે તે વિશ્વ હતો અને વિશ્વની સમસ્ત શક્તિઓ તેનામાંથી નીકળતી હતી. પ્રકૃતિમાં એવી કોઈપણ વસ્તુ નથી કે જે તેને ઈજા કરી શકે; તે સ્વયં પ્રકૃતિનો શાસક હતો. આ પ્રકારે અખંડ આનંદમાં તેનો સમય વ્યતીત થયો અને ધીમે ધીમે તેને સ્મરણ થવા લાગ્યું કે તેને શરીર હતું અને તે પ્રહ્લાદ હતો. તેને પુનઃ શરીરની પ્રતીતિ થઈ કે તરતજ તેને [illegible] કે ઈશ્વર અંદર પણ હતો અને બહાર પણ હતો; અને પ્રત્યેક વસ્તુ તેને વિષ્ણુ રૂપે જણાઈ.

રાજા હિરણ્યકશિપુએ જ્યારે જાણ્યું કે પોતાના શત્રુ વિષ્ણુના ભક્ત એવા પ્રહ્લાદનો પ્રાણ લેવાના સમસ્ત લૌકિક ઉપાયો નિષ્ફળ નિવડ્યા છે ત્યારે તે હતાશ બની ગયો. રાજાએ તે બાળકને પુનઃ પોતાની સમક્ષ તેડાવ્યો અને તેને નમ્રતા પૂર્વક પુનઃ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પ્રહ્લાદે તેનો તેજ ઉત્તર વાળ્યો. ત્યાં બાળકના આ [illegible] ક્રોધે ભરાઈ તથા વિશેષ શિક્ષણ મળતાં [illegible] નહિ એમ ધારી તેણે તેને પુનઃ [illegible] અને [illegible] કિલ્લાના ભોંયરામાં મોકલ્યો અને

તેને રાજાના કર્ણપોતું શિક્ષણ આપવાની તેમને આજ્ઞા કરી; પરંતુ તે શિક્ષણ પર પણ પ્રહ્‌લાદનું ચિત્ત ચોંટયું નહિ અને તેણે તો પોતાનો સમય પોતાના સહાધ્યાયીઓને વિષ્ણુ ભક્તિનો માર્ગ દર્શાવવામાંજ વ્યતીત કર્યો.

તેના પિતાએ જ્યારે આ વાત જાણી ત્યારે વળી પાછો તેને અત્યંત ક્રોધ ચઢયો અને બાળકને પોતાની પાસે બોલાવીને તેનો વધ કરવાની ધમકી આપી તેમજ વિષ્ણુને ખરાબમાં ખરાબ ગાળો દીધી; પરંતુ પ્રહ્‌લાદે પુનઃ આગ્રહપૂર્વક જણાવ્યું કે વિષ્ણુજ વિશ્વનો પ્રભુ છે. તે અનાદિ, અનંત, સર્વશક્તિમાન અને સર્વવ્યાપક છે અને એટલા માટે માત્ર તેનીજ પૂજા કરવી જોઇએ. રાજા ક્રોધથી ગર્જના કરીને બોલ્યોઃ " દુષ્ટ, જો તારો વિષ્ણુ સર્વવ્યાપક હોય તો તે પેલા સ્તંભમાં કેમ નથી ! " પ્રહ્‌લાદે નમ્રતાપૂર્વક કહ્યું કે " તેમાં પણ તે અવશ્ય છે. " રાજા ઉચ્ચ સ્વરે બોલ્યોઃ " જો તેમ હોય તો તે તારૂં રક્ષણ કરશે. હું તારો આ તલવારથી વધ કરીશ. " એમ કહીને રાજા હાથમાં તલવાર લઇ તેની તરફ ધસ્યો અને તેના પર એક ભયંકર પ્રહાર કર્યો. તત્ક્ષણ એક મહા ગર્જના સંભળાઇ અને સ્તંભમાંથી વિષ્ણુ પોતાના નૃસિંહ સ્વરૂપમાં-અર્ધ સિંહ-અર્ધ મનુષ્ય એવા સ્વરૂપમાં બહાર નીકળ્યા. દૈત્યો ભય પામીને પલાયન કરી ગયા; પરંતુ હિરણ્યકશિપુ ઉપર આવીને તેમની સાથે લડયો. અંતે વિષ્ણુએ તેનો પરાભવ કરી વધ કર્યો.

ત્યાર પછી દેવો સ્વર્ગમાંથી ઉતર્યા અને વિષ્ણુની સ્તુતિ કરી તેમજ પ્રહ્‌લાદ પણ તેમને શરણે પડયો અને ઉત્તમોત્તમ સ્તોત્રોદ્વારા તેમની સ્તુતિ તથા ગુણાનુવાદ ગાવા લાગ્યો. પ્રભુનાં આ વચનો તેના સાંભળવામાં આવ્યાંઃ " પ્રહ્‌લાદ ! જે વસ્તુની તને ઇચ્છા હોય તે તું માગ; તું મારો માનીતો પુત્ર છે, માટે જે વસ્તુની તને

કામના હોય તે માગ." પ્રહ્લાદે લાગણીઓથી રૂંધાયેલા સ્વરે પ્રત્યુત્તર આપ્યો "હે પ્રભો ! મે આપનાં દર્શન કર્યાં. બીજું હું શું માગી શકું ? ઇહલૌકિક વા પારલૌકિક કોઇ પણ સુખોથી હવે મને પ્રલોભિત કરશો મા." પુન: પ્રભુનો સ્વર સંભળાયો "વત્સ પુત્ર, કાંઇક માગ." ત્યારે પ્રહ્લાદે કહ્યું "હે પ્રભો ! અજ્ઞાન માણસો પાર્થિવ વસ્તુઓ પ્રત્યે જે ગાઢ પ્રેમ ધરાવે છે તેવો ગાઢ પ્રેમ મારો આપના પર હો, અને તે માત્ર પ્રેમને ખાતર હો !"

ત્યારે પ્રભુએ કહ્યું "પ્રહ્લાદ, યદ્યપિ મારા પરમ ભક્તો ઇહલોકમાં વા પરલોકમાં કોઇ પણ વસ્તુની વાંચ્છના રાખતા નથી, તથાપિ મારી આજ્ઞાથી તું ઇહલોકનાં સુખો વર્તમાનયુગના અંતપર્યંત ભોગવ અને અંત:કરણપૂર્વક મારા પર ધ્યાન રાખી ધાર્મિક કાર્યો કર. એમ કરવાથી વખત જતાં તારા દેહનો નાશ થયા પશ્ચાત્ તું મનેજ પ્રાપ્ત થશે" પ્રહ્લાદને આવો આશિર્વાદ આપી વિષ્ણુ ભગવાન અદ્રશ્ય થઇ ગયા. તત્પશ્ચાત્ બ્રહ્માના નેતૃત્વ નીચે દેવોએ પ્રહ્લાદને દૈત્યોના સિંહાસનપર અધિષ્ઠિત કર્યો અને પછી પોતપોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

જગતના મહાન આચાર્યો.

(આ વ્યાખ્યાન પાસેડેના-કૅલિફોર્નિયાની શેક્સપીયર ક્લબમાં અપાયું હતું.)

હિંદુઓનાં સિદ્ધાંત અનુસાર આ વિશ્વ ભરતી અને ઓટના નિયમની પેઠે ઉત્પત્તિ, સ્થિતિ અને લયના આંદોલનો કરે છે. તે ઉદિત થાય છે, તેના શિખરે પહોંચે છે, પછી નીચે પડે છે અને થોડો કેટલોક સમવર્ધન અવસ્થામાં રહે છે, વળી પાછું ઉદિત થાય છે અને એમ ક્રિયાઓ કરે છે. જેવું વિશ્વના સંબંધમાં બને છે તેવુંજ તેના પ્રત્યેક અંગના સંબંધમાં પણ બને છે. માનવ જીવનના સંબંધમાં પણ એજ નિયમ પ્રવર્તિ રહ્યો છે. પ્રજાઓનો ઇતિહાસ પણ આવોજ હોય છે. તેમનો અભ્યુદય થાય છે અને અધઃપાત થાય છે. ઉદયની પછી અસ્ત આવે છે, અને અસ્તમાંથી પુનઃ વિશેષ બળ સહિત ઉદય થાય છે. આ ક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. ધાર્મિક જગતમાં પણ આવુંજ પરિવર્તન અસ્તિત્વ ધરાવે છે. પ્રજાનું આધ્યાત્મિક જીવન નષ્ટ થતાં બીજી દરેક બાબતમાં તેનું પતન થાય છે. ત્યાર પછી પુનઃ તે આધ્યાત્મિક સામર્થ્ય પ્રાપ્ત કરે છે અને તેનો ઉદય થવા માંડે છે. ઉન્નતિનો જ્યારે સર્વથી પ્રચંડ તરંગ એક પ્રજામાં ફરી વળે છે ત્યારે તે મોજાના શિખર ઉપર એક પ્રકાશિત આત્મા-પયગમ્બર હોય છે. તે સ્રષ્ટા પણ હોય છે અને સૃષ્ટ પણ હોય છે. રાષ્ટ્ર તેને સરજે છે અને તે રાષ્ટ્રનો ઉદય કરે છે. સમાજ તેને ઉત્પન્ન કરે છે અને તે સમાજને પોતાની પ્રચંડશક્તિ સમર્પણ કરે છે અને સમાજ પાછો તેને પોષે છે. આવા પુરુષોજ આ જગતના મહાન વિચારકો હોય છે; આ જગતના પયગમ્બરો હોય છે; જીવનના દિવ્ય સંદેશવાહકો હોય છે. ઈશ્વર-

[illegible], આ [illegible], મોટો ભાગ હિંદુસ્તાનના
[illegible] આપણું [illegible] છે. [illegible]
[illegible] કરી [illegible] કર્યું હતું. [illegible]
[illegible] ને [illegible] નથી અથવા તેમને [illegible] નથી
[illegible]. [illegible] પણ [illegible]
[illegible] આવે છે. આપણું [illegible]
[illegible] આપણને [illegible]
[illegible] છે [illegible] છે." કે [illegible]
[illegible]." એ [illegible] અનુભવો [illegible]
[illegible] છે તેનું [illegible]
છે." આપણું [illegible] અને [illegible] તેનું દર્શન
કરી શકીએ તેમ હોઈએ. [illegible]
[illegible] છે. પરંતુ આપણું તે [illegible] નથી।
[illegible] છે. [illegible]
[illegible] છે. પરંતુ [illegible]
છે કે આપણે [illegible] તેનું દર્શન કરી
શકીએ તેમ હોઈએ આ જગતમાં [illegible] આપણા
[illegible] આવે છે [illegible] નહિ [illegible]
[illegible] અને [illegible] છે [illegible] નહિ
[illegible] આપણું [illegible]
[illegible] આપણું [illegible] છે [illegible]
[illegible] આપણું [illegible] તેથી [illegible] આપણું
[illegible]
[illegible] તેમ [illegible] આપણું
[illegible]

મેં એવી સુધી અનુમાન કરવાનું કર્યું છું; પરંતુ હવે હું મારી
ભૂલ કબૂલ કરું છું અને ક્રમમાં બહુ બનાવોના અભ્યાસ ઉપરથી
નિશ્ચિત કર્યું છે કે આ એક જ છે કે હું ઇશ્વરની કલ્પના કરવાનું
જેટલું મનુષ્ય તેની સમીપ ઉત્પન્ન હોય છે એક માણસ જે આ
ઈશ્વર વિષે એમ તે તેવી જ રીતે છે અને તેને ઇશ્વરમાં રહેલું
આવો માણસ જે ઇશ્વરની ધારણા કરવા માગે છે ! અને ઇશ્વરને મારી
ઇચ્છામાં ઉત્પન્ન કરવા શક્તિ હોય તો ! મારી ભાષામાં ઇશ્વરના જેવી
કલ્પના કરવાનો અને દેખાવ નહિ નમાવવાનું હોવું હોવાથી તેના
પોતાના શરીરની બહાર નીકળવું તેમ છે ! નમાવવાનું હોવું હોવાથી
તેના પોતાના મનની બહાર નીકળવું કઠણ છે ! એક પણ મનુષ્ય
એમ કરી શકે નહિ. તમારામાં પ્રભુતા જે પ્રેમ હોય તે અતિરિક્ત
કેમ કોઇની બીજી રીતે કલ્પના તમે કરી શકો ? જે વસ્તુનો આપ-
ણને કદી અનુભવ થયો નથી તેની કલ્પના પણ કરવાનો આપણે
ન કરી શકીએ. મારે ઉપરથી કલ્પના કરવાના બાબત ઇશ્વરનું
અસ્તિત્વ પણ નિરૂપણ થશે. પરંતુ મહાન આચાર્યો અને પયગં-
બરોમાં તે સ્પષ્ટ પ્રકટ હોય છે, ત્યાંપણ નથી હોતા. પ્રેમ, દયા
અને પવિત્રતા કે જેનો હું ખ્યાલ સુધાં કરી શકતો નથી તેવી
અસ્પષ્ટ પડતા હોય છે. આવી સ્થિતિમાં હું આ મનુષ્યોને અરજે
જું અને તેમને ઇશ્વર તરીકે આપવું તેમાં શું આશ્ચર્ય ! અને કોઇ
પણ માણસ બીજું શું કરી શકે ! જે માણસ બીજું કાંઇ કરી
શકે તેમ હોય–પછી તે વાત અમે જેટલી કરતો હોય તેનું મને કામ
નથી–તેને હું જોવા માગું છું. વાત કરવી એ કાંઇ સાક્ષાત્ કાર્ય
નથી. ઇશ્વરની વાત કરવી અને નિરાકાર ઇશ્વરની વાત કરવી અને
આ તથા એવી વાત કરવી એ સૌ સારી વાત છે; પરંતુ આ માનવ
પ્રભુઓ તો સમસ્ત રાષ્ટ્રો અને સમસ્ત મનુષ્યોના ખરા ઇશ્વર

કહે છે કે જ્યાં જ્યાં પ્રેમરૂપી પ્રકાશ હોય છે ત્યાં ત્યાં આનંદરૂપી પ્રકાશ હોય છે ત્યાં ત્યાં ઇશ્વરની ઉપસ્થિતિની નિશાની રહેલી જ હોય છે. કારણ કે તેજ માત્ર સર્વ આનંદ, મગન અને પ્રેમનો આધારરૂપ છે. તેનાજ પ્રકાશથી સર્વ પ્રકાશિત વસ્તુઓ પ્રકાશી રહી છે. શ્રી કૃષ્ણના ઉપદેશનું સદા આતુર વલણ હોય છે તેણે તે પોતાની પ્રજા ઉપર અંકિત કરી દીધું છે આથી એક ભક્તિમાન હિંદુ કોઈ પણ કાર્ય કરે છે—જ્યારે તે પાણી પીએ છે—ત્યારે પણ તે બોલે છે "જો આ સત્કાર્ય હોય તો તે શ્રીકૃષ્ણને સમર્પણ થાઓ." (करोमि यघत सर्व परस्मै, परात्परायेति समर्पयामि।) બૌદ્ધ જો કોઈ સત્કાર્ય કરે તો તે કહે છે કે "આ સત્કર્મ જગતને સમર્પણ થાઓ અને જગતના અતિ(?) મને પ્રાપ્ત થાઓ." હિંદુ કહે છે કે તે મહાન ઇશ્વર અજર અમર છે. તે સર્વ શક્તિમાન છે અને પ્રત્યેક સ્થળે રહે છે. હોઈ તે સર્વ આત્માઓનો આત્મા છે, અને તેથી હું મારાં સમગ્ર કર્મો ઇશ્વરને સમર્પિત કરું છું. તેજ મારો મહાન યજ્ઞ છે કેમકે તે દ્વારા તે સત્કર્મો સમગ્ર વિશ્વને પ્રાપ્ત થાય છે.

અને કૃષ્ણનો બીજો સંદેશો શું છે? "સંસારમાં રહીને જે મનુષ્ય પોતાનાં સર્વ કર્મફલ ઇશ્વરને અર્પણ કરે છે તેને જગતનાં અનિષ્ટો કદિ પણ સ્પર્શ કરતાં નથી જે માણસ સાંસારિક કાર્યોમાં રત રહે છે અને પોતાના કર્મનાં સર્વ ફળો ઇશ્વરને સમર્પણ કરે છે, તે પાણીમાં પેદા થઇ પાણીની ઉપર આવી વિકાસ પામનાર કમળ સમાન છે."

વળી કૃષ્ણ બીજો ઉપદેશ સતત કાર્યપરાયણ રહેવાનો આપે છે. ગીતા કહે છે કે રાત્રિ દિવસ કામ કરો, કામ કરો, કામ કરો. તમે પ્રશ્ન કરશો "ત્યારે શાંતિ—વિશ્રાંતિ—ક્યાં છે? જો મારે

સમય જીવનમાં ઘેટાની પેઠે કામ કરવાનું હોય અને કામ કરતાં કરતાંજ મરણ પામવાનું હોય તો હું જગતમાં શા માટે ઉત્પન્ન થયો છું ?" કૃષ્ણ કહે છે: "હા, તમને શાંતિ પ્રાપ્ત થશે; પરંતુ કર્મનો ત્યાગ કરવો એ કંઈ પણ શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ નથી." તમે કર્મનો ત્યાગ કરીને જંગલમાં યા પર્વતપર જશો તો પણ તમારે મન તો ક્રિયા કર્યાજ કરવાનું. અહીં એક ચોરની વાત તમને કહીશ. કેટલાક ચોરોએ એક વાડામાંથી એક ઘેટાને ચોરી જવાનો વિચાર કર્યો. રાતને વખતે તેમનો એક ચોર વાડામાં પેઠો. એક વરૂ પણ એ રાત્રે એ વાડામાં ઘુસી ગયો હતો. અને એકાદ નાનકડા ઘેટાને પકડી જવાની તક શોધી રહ્યો હતો. અંધારાને લીધે આ ચોરે પેલા વરૂનેજ ઘેટું સમજીને પકડી લીધો. એટલે વરૂ પણ પોતાને આપોઆપ શિકાર આવી મળેલો સમજીને એનો તો બાઝી પડ્યો. પેલો ચોર છુટવાને પ્રયત્ન કર્યો, છતાં વરૂ તેને છોડે નહિ. વાર થવાથી બહારના ચોરે તેને હાંક મારી ત્યારે તેણે કહ્યું કે: ઘેટું તો પકડાયું છે, પણ તે એવું વિચિત્ર છે કે ઉલટું મનેજ દુઃખ દે છે અને ચસકવા દેતું નથી !

આપણે પણ એ ચોરની પેઠે મનરૂપી ઘેટાને પકડ્યું છે અને મને આપણને પકડ્યા છે. હવે નથી આપણે તેને છોડી શકતા અને નથી તે આપણને છોડી શકતું. આપણે સર્વ મનુષ્યોએ મન-રૂપી ઘેટાને પકડ્યું છે અને તેમ કરવા જતાં આપણેજ પકડાઇ ગયા છીએ. આપણે બીજાઓને કહીએ છીએ કે શાંત થાઓ, સ્વસ્થ થાઓ, બહાર નીકળી આવો; પરંતુ એમ તો બાળકો પણ બોલ્યા કરે. છોડવું ને છુટવું એ બહુ કઠિન વાત છે. ધર્મગ્રંથોના કેવળ પાઠ કર્યા કરવાથી, માત્ર કથાવાર્તાઓ કહ્યા કરવાથી કે સાંભળ્યા કરવાથી અથવા તો માત્ર જંગલમાં જઇ વસવાથી શો લાભ ? આપણે

ગમે ત્યાં જઇએ અને કશું પણ કર્મ વિના બેસી રહીએ તોપણ આપણું મન તો આપણી માવનું સાથે જ હોય છે જ્યારે તેને આપણે કોઇ અંતરના અભ્યાસમાં કે મોક્ષ ત્યમાં જોડેલું નથી હોતું ત્યારે તો એક મૂર્ખ બાળકની પેઠે આમતેમ જ ને જ્યાં ત્યાં ભમણું કરવા મંડી પડીને ઉત હેરાનજ થાય છે અને શરીરને પણ હેરાન કરે છે. જ્યાંસુધી આ આપણા મનરૂપી બાળકને આપણે સમજણપૂર્વક યોગ્ય કાર્યમાં ન જોડી શકીએ– ત્યાં સુધી આપણે એ મનરૂપી વરૂથી ન છૂટી શકીએ ત્યાંસુધી બીજાઓના દોષ જોવાનો અને તેમને ઉપદેશ આપવાનો આપણને કોઇજ અધિકાર નથી.

એટલા માટે કૃષ્ણ આપણને એવો બોધ આપે છે કે કર્તવ્યનો ત્યાગ ન કરો, પરંતુ વીરતાપૂર્વક કર્તવ્ય બજાવો અને ફળની સ્પૃહા ન રાખો. દાસને શંકા કરવાનો અધિકાર નથી, સૈનિકને વાદવિવાદ કરવાનો હક્ક નથી આગળ ધસો અને તમારી પ્રકૃતિના ભાગે કયા પ્રકારનું કામ કરવાનું આવ્યું છે તે જુઓ એટલુંજ ધ્યાન રાખો કે તમે સર્વભાવે તે કામ બજાવો છો કે નહિ અને તમે નિઃસ્વાર્થ-પણે તે કાર્ય બજાવો છો કે નહિ? જો તમે નિઃસ્વાર્થ અને એકનિષ્ઠ હશો તો કોઇ પણ વસ્તુ તમારો અવરોધ કરી શકશે નહિ. કૂદી પડો–દૃષ્ટિ સમીપનું કર્તવ્ય કરો! જ્યારે તમે એ કર્તવ્ય કરશો ત્યારે ધીમે ધીમે તમને આ સત્યની પ્રતીતિ થશે કે 'જે માણસને અત્યંત પ્રવૃત્તિની વચ્ચે શાંતિ પ્રાપ્ત થાય છે, જે માણસ મહાનમાં મહાન શાંતિની વચ્ચે મહાનમાં મહાન પ્રવૃત્તિ કરી શકે છે તે યોગી છે, તે મહાત્મા છે, તે પૂર્ણતાને પ્રાપ્ત થયો છે."

હવે તમે જુઓ છો કે આ ઉપદેશનું પરિણામ એ આવ્યું છે કે સમસ્ત સાંસારિક કર્મો મનુષ્યોને માટે પવિત્ર બની ગયાં છે અને આ જગતમાં કોઇ પણ કર્મ એવું નથી કે જેને હલકું કહેવાનો આપણને લેશ પણ અધિકાર હોય.

ભગવાન બુદ્ધ કહે છે કે તમારી અહંતા મમતાનો અને તેને ટેકો આપનાર વૈભવ વધારનાર પ્રત્યેક વસ્તુનો ત્યાગ કરો. વળી, બાળક કે કુટુંબ પણ તમને લેવું લાગે તો આસક્ત ન બનો, સંપૂર્ણતઃ નિઃસ્વાર્થ બનો. એક સંસારી માણસ માને છે કે તે નિઃસ્વાર્થ બનશે, પરંતુ જ્યારે તે પોતાની પત્નીના મુખ પ્રત્યે દૃષ્ટિપાત કરે છે ત્યારે તે સ્વાર્થી બની જાય છે. માતા માને છે કે તે સંપૂર્ણતઃ નિઃસ્વાર્થ બનશે, પરંતુ તે પોતાના બાળક પ્રત્યે દૃષ્ટિપાત કરે છે કે તરતજ સ્વાર્થી બની જાય છે. આ જગતની પ્રત્યેક વસ્તુના સંબંધમાં આમજ બને છે. સ્વાર્થી કામનાઓ ઉદિત થાય છે કે તરતજ કોઈ સ્વાર્થી કાર્યનો આરંભ થાય છે અને તરતજ ખરો મનુષ્ય નષ્ટ થઈને પશુ સમાન બની જાય છે. તે કર્મોનો અને પરિસ્થિતિઓનો ગુલામ બની જાય છે અને ઉચ્ચ આદર્શને વિસરી જાય છે. "હું તો મારૂંજ સંભાળવાનો, બીજા પોતપોતાનું ફોડી લેશે!" આ તેનું જીવનસૂત્ર બની જાય છે.

હે પુરુષો અને સ્ત્રીઓ! તમે ઉત્તમ આહાર કરો છો, સુંદર વસ્ત્રો પહેરો છો અને વૈભવશાળી મકાનમાં રહો છો: પરંતુ ભૂખ્યા પીડિત અને મૃત્યુના મુખમાં સપડાયેલાં સહસ્રાવધિ માણસોનો તમે કદિ પણ વિચાર કરો છો? આ જગત્ દુઃખથી પરિપૂર્ણ છે એ મહાન સત્યનો વિચાર કરો. બાળક જ્યારે જગતમાં પ્રવેશ કરે છે ત્યારે તે સૌથી પ્રથમ રોદનજ કરે છે અને તે દર્શાવે છે કે આ જગત્ રોવાનું સ્થાન છે! જો આપણે દિવ્ય સંદેશવાહક શ્રીકૃષ્ણના વચનોપર લક્ષ આપીએ તો આપણે સ્વાર્થી બનવું ન જોઈએ.

બીજા એક દિવ્ય સંદેશવાહક પ્રત્યે—નઝરેથવાળા ક્રાઈસ્ટ પ્રત્યે લક્ષ્ય આપો. તે એવો બોધ આપે છે કે; "કદિ ભદ્ર થાઓ, કારણ કે સ્વર્ગનું રાજ્ય સમીપમાં છે." મેં કૃષ્ણના સંદેશાપર વિચાર કર્યો છે

સાર તેમના પોતાના વિચારોને અનુકૂળ આવે એવાં ભાષ્યો તેમજ સ્પષ્ટીકરણો રજુ કરીને તેને આ મહાન આચાર્યોની ઉપર આરોપિત કરે છે; પરંતુ ખરું જોતાં તો પ્રત્યેક મહાન પયગમ્બરનું જીવન એ જ માત્ર તેના ઉપદેશની ટીકા હોય છે. તેના જીવન પ્રત્યે દૃષ્ટિપાત કરો; તેનાં કર્મ જ તેના ઉપદેશોનું સમર્થન કરશે. ગીતા વાંચો એટલે પ્રતીત થશે કે શ્રી કૃષ્ણભગવાનનું જીવન તેનું સંપૂર્ણતઃ સમર્થન કરે છે.

મહમદે પોતાના જીવનદ્વારા દર્શાવી આપ્યું કે મુસલમાનોમાં સંપૂર્ણ સમાનતા અને બંધુત્વ હોવાં જોઇએ. જાત, નાત, પંથ, વર્ણ કે લિંગનો પ્રશ્ન જ નહોતો. તુર્કસ્તાનનો સુલતાન આફ્રિકાના બજારમાંથી એક સીદીને ખરીદશે અને તેને શૃંખલાબદ્ધ કરીને તુર્કસ્તાનમાં આણશે; પરંતુ જો તે મુસલમાન બનશે તો તરતજ તેની ગુલામીનો અંત આવી જશે અને તેનામાં પૂરતી યોગ્યતા અને શક્તિ હશે તો તે સુલતાનની પુત્રીને સુદ્ધાં પરણશે. આની સાથે સીદીઓ અને અમેરિકન ઇન્ડીયનો પ્રત્યે આ દેશમાં (અમેરિકામાં) કેવી રીતે વર્તવામાં આવે છે તેની તુલના કરો ' અને હિંદુઓ શું કરે છે ' જો દૈવયોગે તમારો એકાદ પાદરી જૂના વિચારની એકાદ વ્યક્તિના ભોજનને સ્પર્શ કરે તો તે તેને ફેંકી દેશે! અમારૂં તત્ત્વજ્ઞાન મહાન હોવા છતાં આચારમાં અમારી દુર્બલતા જુઓ.


અન્ય અને વિશેષ મહાન પયગમ્બરો હવે આવશે ' નિઃશંક તેઓ આ જગતમાં આવશે; પરંતુ તેમની અપેક્ષા ન રાખો. એના કરતાં તો તમારામાંનો પ્રત્યેક જણ પયગમ્બર બને અને આ સત્ય નવીનશાસ્ત્ર કે જે સમસ્ત જૂનાં શાસ્ત્રનું બનેલું છે તે પ્રબોધે. એને હું અધિક પસંદ કરૂં છું. સમસ્ત પ્રાચીન સંદેશાઓને મહણ કરો, તેમાં તમારી પોતાની પ્રતીતિનો ઉમેરો કરો અને અન્યોને

અને ઇશ્વર પ્રાપ્તિને આ મ[illegible] એ પ્રમાણે મૌએ પોત
પોતાનો મ[illegible] મ[illegible]ર કયે[illegible] તેમણે ર[illegible] કે તેમની વાત શ્રવણ
કરી અને પછી અનુક્રમે [illegible] તમ[illegible] [illegible] મધ એમ
જણાવ છે કે [illegible]શ્વર ક્રોધ કરે છે [illegible] [illegible] [illegible] કરે છે
અને તે અપવિત્ર છે [illegible] મહ[illegible] [illegible] [illegible] છે
કે ઇશ્વર પવિત્ર અને [illegible] છે [illegible] [illegible], તમે
પ્રથમ પવિત્ર અને [illegible] થા [illegible] [illegible] કે જેથી ઇશ્વર
કેવો છે તે તમે પોતે આપ[illegible] [illegible]

[illegible], તેમણે [illegible] [illegible] અને [illegible] તથા-બીજી
બાબતોમાં હું મતભેદ ધરાવું છું [illegible] પરંતુ એટલા
માટે શું મારે તે મહાન પુરુષની સુંદર [illegible] [illegible] મા[illegible]
વાથી તમારો ઉદ્ધાર થશે એવું તેમણે [illegible] [illegible] કહ્યું નથી [illegible]
પોતાના મૃત્યુ શય્યાપર શું કહ્યું હતું ' [illegible] [illegible] પણ સહન
કરી શકશે નહિ તમારે [illegible] [illegible] [illegible]
તમેજ કરો. ' તેમણે પોતાની [illegible] [illegible] [illegible] છે.
" બુદ્ધ એ અનંત જ્ઞાન-આકાશ સમાન અનંત જ્ઞાનનું નામ છે
અને-ગૌતમને તે સ્થિતિ પ્રાપ્ત થઇ છે [illegible] તમે પણ પ્રયાસ
કરશો તો તમે સર્વે પણ તે સ્થિતિને [illegible] કરશો [illegible]
હેતુથી રહિત થયેલા હોવાથી તેઓ સ્વર્ગે જવા માગતા નહોતા તેઓ
દ્રવ્ય માગતા નહોતા, તેમણે પોતાના સિંહાસનનો અને [illegible] પ્રત્યેક
વસ્તુનો ત્યાગ કર્યો હતો. તેઓ ભારત વર્ષની પોળોમાં ભિક્ષા
માગીને ઉદર નિર્વાહ કરતા અને સમુદ્ર જેટલા વિશાળ અંતઃકર-
ણથી મનુષ્યો તથા પશુઓના કલ્યાણને માટે ઉપદેશ કરતા. પશુ-
ઓને માટે પોતાનું જીવતર બલિદાન આપવાને તત્પર બનાર
મનુષ્ય તેઓજ હતા તેમણે એકવાર એક રાજાને કહ્યું હતું કે

" એવો એક પ્રકારનું ઔચિત્ય આપણને કહેવું પણ લાગશે પ્રકાર કેવું હોય તો મનુષ્યનું ઔચિત્ય વિશેષ પ્રકાશ કરી, માટે આ ઔચિત્ય આવે." શુદ્ધ આત્મસ્વરૂપ ધર્મ અને તે ઘણી આ મનુષ્ય કોઈ પણ દેહ ધારણ નહીં જેઓ કર્મની પૂર્ણતા રૂપ હતા અને તેઓ જે કર્મ કરનાર નહોતા સર્વ દેવ ચોપાસ ફેર વિરાજતા હતા તે કહેવાય છે કે જેમની સહાયતા આપણે પણ ઉત્તમ આત્મ પદને પ્રાપ્ત કરી શકીએ.

ઘણા માણસો કહે છે કે જેઓ એ ઈશ્વરને માને તો તેમને માટે કાંઈ અધિક કરવું ના પડે; પરંતુ શુદ્ધ ઉપયોગ રાખીએ તે કે જે માણસ ઈશ્વરને માનતો ન હોય, અધ્યાત્મ જ્ઞાન ધરાવતો ન હોય, કોઈ પંથનો અનુયાયી ન હોય, કે જે દેવળ કે મંદિરમાં જતો ન હોય અને તદન નાસ્તિકવાળો હોય તે પણ ઉત્તમ પદને પ્રાપ્ત કરી શકે છે તેમની તુલના કરવાનો આપણને કોઈ અધિકાર નથી. હું માનું છું કે આપણાં શુદ્ધતા લાવવા એક … પ્રમ… હોય, શુદ્ધ આસ્તિક હોય યા નાસ્તિક હો, તે પ્રત્યે ધ્યાન આપવાની અમને આવશ્યકતા નથી. જે પૂર્ણતાની સ્થિતિને બીજાઓ ઈશ્વરયોગ અથવા જ્ઞાનદ્વારા પ્રાપ્ત કરે છે તે સ્થિતિને તેઓ પ્રાપ્ત કરી શકે. માત્ર ઈશ્વરને હું માનું છું, એવી આસ્તિકતાથી તે સ્થિતિ પ્રાપ્ત થતી નથી અને વાદવિવાદ તો એ માર્ગમાં કાંઈ લેખામાં નથી. કર્મોપચાર તો લોપતો પણ કરી શકે છે. નિષ્કામ કર્મ કરવાથી એ પૂર્ણતા પ્રાપ્ત થાય છે.



દેવદૂત ક્રાઈસ્ટ.

વ્યાખ્યાન [illegible] નિંયામા [illegible]

સમા [illegible] સ [illegible] મ આ [illegible]

ભરતી સમરે [illegible] અને પડે છે, છતાં પા [illegible] પણ આગળ વધ્યા કરે છે ખરું પણ [illegible] ી અને પડતી બને જરૂરના છે [illegible] માં સમાજમાં અથવા આજ્ઞુ [illegible] રિવાજ માટે એ ઉદય અને અસ્ત એક [illegible] કે આ ચ્હડતી પડતીનાં મોજાં એટલા જ માટે આવે છે [illegible] કે લોકો તેમાંથી સ્થાયી ઉન્નતિના તત્વોને [illegible] અને પચાવતા જાશે તેઓ ભૂતકાળપર વિચાર કરે તેમના [illegible] ઉપયોગ કરે અને ઉદયને માટે–અધિક ઉદયને માટે [illegible]

પ્રજાઓનો ઇતિહાસ પણ હમેશાં [illegible] જે મહાત્મા, જે દિવ્ય સદેશવાહકનો અભ્યાસ કરવાને આપણે આજે અહીં મળ્યા છીએ તેઓ તેમની પ્રજાના ઇતિહાસના એવા સમરે આવ્યા હતા કે જેને જો આપણે મહાન પતનનો સમય કહીએ તો તે યથોચિતજ છે તેમનાં વચનો અને કાર્યોની જે છૂટી છવાઈ નોંધ રાખવામાં આવી છે તેની માત્ર છૂટી છવાઇ ઝાંખીજ આપણે કરીએ છીએ તેનું કારણ એ છે કે જો તે મહાત્માનાં સમસ્ત વચનો અને કાર્યોની નોંધ થઇ હોત તો તેથી જગત્ ભરાઇ ગયું હોત. તેમણે જે ત્રણ વર્ષ ધર્મોપદેશ આપ્યો તે ત્રણ વર્ષો તો જેમ કોઇક મુસાફરીની પેટીમાં એકાદ ઓરડીસ કે એ રડામાં પચ઼ ઇ જાય તેટલો સામાન ગોઠવી દીધો હોય તેમ હજારો વર્ષને

ભેગાં કરીને–તેને દબાવી દબાવીને ત્રણ વાર્તારૂપી નાનું બંડલ બનાવી લીધું હોય તેવાજ છે. ત્રણ વાર્તાના એ ઉપદેશરૂપી બંડલ અથવા પેટીને ખોલીને વ્યવસ્થિત કરતાં–એ ઉપદેશને યથાવત્ સમજવાં અને આચારમાં ઉતારતાં ઓગણીસેં વર્ષ ગયાં છે અને હજી કેટલાં જશે તે કોણ જાણે છે! તમારા અને મારા જેવા ક્ષુદ્ર મનુષ્યોને તો માત્ર થોડી શક્તિ પ્રાપ્ત થયેલી હોય છે અને તેથી તેને ખર્ચી નાખવાને માટે, તેને પૂરેપૂરી ફેલાવી દેવાને માટે થોડી સદીઓ, થોડા દસકાઓ કે બહુ બહુ તો થોડાંક વર્ષો પૂરતાં હોય છે; પરંતુ આ જે પ્રચંડ શક્તિશાળી પુરુષ આવ્યો હતો તેને તો શતાબ્દિઓ અને યુગો વ્યતીત થઇ ગયા, તોપણ તે જગતમાં જે શક્તિ મૂકી ગયો છે તે હજી પૂરેપૂરી ફેલાઇ રહી નથી. ઉલટું જેમ જેમ યુગો વ્યતીત થતા જાય છે તેમ તેમ તેમાં નવીન બળ ઉમેરાતું જાય છે. ક્રાઇસ્ટના જીવનમાં આપણે સમગ્ર ભૂતકાળના જીવનનું દર્શન કરીએ છીએ. એક પ્રકારે પ્રત્યેક મનુષ્યનું જીવન પણ એ ભૂતકાળનુંજ જીવન હોય છે. તેને તેના કુલનો તેમજ આગલા જન્મોનો ભૂતકાળ પરિસ્થિતિ, શિક્ષણ તથા તેના પોતાના પુનરાવતારદ્વારા પ્રાપ્ત થાય છે. પૃથ્વીનો ભૂતકાળ–સમગ્ર જગતનો ભૂતકાળ પ્રત્યેક આત્મા ઉપર અંકિત થયેલો હોય છે. જો આપણે તે અનંત ભૂતકાળના દાયમાનું માત્ર પરિણામ–માત્ર અસર ન હોઇએ તો આપણે શું છીએ? આ જગતમાં ઘટનાઓનો જે અનંત પ્રવાહ અબાધિત રીતે આગળ અને આગળ ધસ્યો જાય છે અને જે લેશ પણ વિશ્રાંતિ લેતો નથી તેમાંની થોડીક તરંગમાળાઓ સિવાય આપણે શું છીએ! પરંતુ તમે અને હું એ તો માત્ર આ અનંત મહાસાગરની નજીવી વસ્તુઓ–માત્ર વસ્તુઓના પરપોટાજ છીએ. જગતરૂપી મહાસાગરમાં હમેશાં કેટલાક પ્રચંડ તરંગો પણ હોય છે અને તમારામાં તથા

મારામાં ગત પ્રજાનું જીવન માત્ર થોડુંકજ ઉતરેલું છે; પરંતુ કેટલાક પ્રચંડ પુરૂષોમાં પ્રાય: સંપૂર્ણ ભૂતકાળ ઉતરેલો હોય છે અને તેઓ ભવિષ્યને માટે પણ પોતાના હાથો પ્રસારે છે. એ આ અનન્ત કાળ-રૂપી મહાસાગરમાં અત્રતત્ર આવેલા માર્ગદર્શક સ્તંભો છે, કે જે મનુષ્યોએ કેટલી ક્રૂચ કરી છે તે દર્શાવે છે. એ સ્તંભ એવા તો પ્રચંડ છે કે તેમની છાયાથી પૃથ્વી આવૃત થઇ ગયેલી હોય છે. તેઓ અમર અને અનંત હોય છે. એજ દિવ્યસંદેશવાહકે કહ્યું છે તેમ "કોઇપણ માણસને ઇશ્વર પુત્ર એટલે કે અવતારી પુરૂષ સિવાય ઇશ્વરનાં દર્શન થયાં નથી". અને જો આપણે તેનામાં ઇશ્વરદર્શન ન કરીએ તો પછી કયાં કરીશું ? આ વાત સત્ય છે કે આપણા પૈકી ક્ષુદ્રમાં ક્ષુદ્ર મનુષ્યમાં પણ ઇશ્વર રહેલો છે, અને આપણે સર્વ તેનેજ પ્રતિબિંબિત કરીએ છીએ; પ્રકાશનું અસ્તિત્વ પ્રત્યેક સ્થળે રહેલું હોય છે; છતાં આપણે પ્રકાશને જોવાને શક્તિમાન થઇએ તે પૂર્વે આપણે દીપક સળગાવવો જોઇએ. જ્યાં-સુધી જગતના આ પ્રચંડ દીપકો–આ પયગમ્બરો–મનુષ્યના સ્વરૂપમાં રહેલા ઇશ્વરો–ઇશ્વરાવતારો–ઇશ્વરનાં સ્વરૂપો–ઇશ્વરને પ્રતિબિંબિત ન કરે ત્યાંસુધી વિશ્વના સર્વવ્યાપક પ્રભુનાં દર્શન ન થઇ શકે. આપણે જાણીએ છીએ કે ઇશ્વર સર્વત્ર અસ્તિત્વ ધરાવે છે અને તે છતાં પણ આપણે તેનાં દર્શન કરી શકતા નથી. પરંતુ આ મહાન પ્રકાશમય અવતારો અથવા દિવ્ય સંદેશવાહકો પૈકી એકને ગ્રહણ કરો અને તેના ચારિત્ર્યની સાથે તમારા મનમાં ઇશ્વરનો જે ઉચ્ચતમ આદર્શ હોય તેની તુલના કરો. એટલે તમને પ્રતીત થશે કે તમારો ઇશ્વર ઉચ્ચતમ નથી અને તે દેવદૂત થાને અવતારનું ચારિત્ર્ય તમારી કલ્પનામાં રહેલા ઇશ્વર કરતાં આગળ વધી જાય છે. એવા અસામાન્ય મનુષ્યોએ ઇશ્વરનો જે આદર્શ મેળવ્યો હોય

